હરિ: ૐ આશ્રમ સંચાલિત
મોતીભાઈ અમીન
જીવનચરિત્રમાળા - ૭

# માતૃદર્શન



પાંચ મહાન
સન્નારીઓનાં
જીવનચરિત્રો










- મુકુલ કલાર્થી

હરિ:ૐ આશ્રમ પ્રકાશન



હરિઃ ૐ

હરિઃ ૐ આશ્રમ સંચાલિત મોતીભાઈ અમીન
જીવનચરિત્રમાળા–૭

# માતૃદર્શન

[પાંચ મહાન સન્નારીઓનાં જીવનચરિત્રો]

મુકુલ કલાર્થી

હરિઃ ૐ આશ્રમ પ્રકાશન

- પ્રકાશક :
  હરિઃ ૐ આશ્રમ, નડિયાદ-૩૮૭૦૦૧


- © મુકુલ કલાર્થી


- પ્રથમ આવૃત્તિ : ૧૯૮૨
- પ્રત : ૨૦૦૦
- પૃષ્ઠ : ૮ + ૨૧૫ = ૨૨૩
- કિંમત : રૂપિયા ૮=૦૦
- પ્રાપ્તિ સ્થાન :
  (૧) હરિઃ ૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧.
  (૨) હરિઃ ૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
- મુદ્રક :
  પ્રવીણચંદ્ર નટવરલાલ ગામી
  પ્રણવ પ્રિન્ટર્સ
  ૧૧-અ વિજય કોલોની
  સરદાર પટેલ કોલોની પાસે
  ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩
- મુખપૃષ્ઠ ડિઝાઇન
  શ્રી 'જય' પંચોલી
  'નીરજ'
  ૫-હેમધ્રુવ સોસાયટી
  અમદાવાદ-૩૮૦૦૦૭

હરિઃ ૐ

# સમર્પણાંજલિ

પૂજ્ય શ્રીમોટાનું ગોકુળિયું સમાન
નરોડાના અગ્રગણ્ય ભક્ત
અને
નિખાલસ મૂક દાતા

## શ્રી ઉમેદભાઈ ધનાભાઈ પટેલને

સદાય તેમના વદન પરથી
હાસ્ય વિલાતું નથી
એવા એમના
સહજ સરળતાભર્યા જીવનની
યાદમાં
અમારી તમામ શુભેચ્છા
સહિત
પ્રેમપૂર્વક અર્પણ.

— નંદુભાઈ

रमेश पटेल

૬–૭–૮૨
ગુરુપૂર્ણિમા
ત્રીચી

હરિઃ ૐ

# નિવેદન

હરિઃ ૐ આશ્રમે પોતાનાં કેટલાંક દાન ટ્રસ્ટો ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદને સુપરત કરેલાં. ૧૯૮૧ સુધી તેનું સંચાલન તેમણે કર્યું. તે દરમિયાન એમણે એ કાર્યમાં જે સાથ–સહકાર આપ્યો તે બદલ અમે તેમના ખૂબ ખૂબ આભારી છીએ. હવે એ વહીવટ હરિઃ ૐ આશ્રમ, નડિયાદને સંભાળવાનો આવે છે. તેમાં વિવિધ શ્રેણીઓ પ્રથમથી ચાલી આવી છે. એમાંની એક તે શ્રી મોતીભાઈ અમીન જીવનચરિત્ર માળા છે. એટલે અહીં હવે "હરિઃ ૐ આશ્રમ પ્રેરિત મોતીભાઈ અમીન જીવનચરિત્ર માળા મણકો–૭" તરીકે 'માતૃદર્શન' નામનું પુસ્તક પ્રકટ કરતાં અમને આનંદ થાય છે.

આ પુસ્તકના લેખક શ્રી મુકુલભાઈ કલાર્થીની ઓળખ હવે ગુજરાતને આપવાની હોય નહિ. કિશોર–કિશોરીઓ તથા નાની વયનાં બાળકો માટે નિર્મળ આનંદપ્રેરક તેમજ ચારિત્રઘડતર માટેનાં પ્રેરણાદાયી પુસ્તકોના લેખક તરીકે તેઓ હવે સિદ્ધહસ્ત ગણાય. સમાજરથનાં મુખ્ય બે અંગો સ્ત્રી અને પુરુષ. પુરુષો પ્રગતિ કર્યા કરે અને સ્ત્રીઓનો વિકાસ રૂંધાય તો સમાજ પાંગળો રહેશે. એટલે એમણે સહેતુક ગુજરાતના સ્ત્રીસમાજ સમક્ષ પ્રેરણાદાયક એવાં પાંચ સ્ત્રીચરિત્રો રજૂ કર્યાં છે. એ પાંચની પસંદગી પણ વૈવિધ્યપૂર્ણ છે. કોઈ સંતકોટિનાં, તો કોઈ ભક્તકોટિનાં, તો કોઈ સામાજિક સુધારક કોઈ દીનદલિતનાં તારણહાર સમાં છે. એક તો આંગ્લ યુવતી છે. ભારતીય સંસ્કૃતિથી આકર્ષાઈ, તેમણે ભારતને પોતાનો દેશ બનાવ્યો.

આવાં ચરિત્રો નવપેઢીનાં બાળકોને તો તદ્દન અજાણ્યાં છે. એ લખીને મુકુલભાઈએ ભારે સેવા બજાવી છે. અમે એમના ખૂબ ખૂબ આભારી છીએ. તાલુકા પંચાયતો દ્વારા ગ્રામબાળકો અને માતાઓ સુધી આ ચરિત્રો પહોંચશે એ આનંદદાયક ઘટના છે.

શ્રી 'જય' પંચોલીએ મુખપૃષ્ઠ ડિઝાઇન સારો એવો શ્રમ લઈ તૈયાર કરી આપી તે બદલ એમના આભારી છીએ. બે ત્રણ ફોટા માટે એમણે ઠીક ઠીક શ્રમ લીધો. આશ્રમ પ્રત્યેના ભાવથી એમણે હોંશે હોંશે કર્યું. એમના એવા ભાવનો આભાર કયા શબ્દોમાં માનવો ? પંકજ પ્રોસેસ સ્ટુડિયોના સંચાલક શ્રી રમેશ સરૈયા આશ્રમનું કામ સેવાભાવે કરવા ઉત્સુક રહે છે. એટલું જ નહિ પરંતુ પોતાના ઉપાર્જનના સમયનો ભોગ આપી અમારી તત્કાળ ઉઘરાણીને માન આપે-કામ કરી આપે છે તે ખરેખર પ્રસંશનીય છે. એમના ભક્તિભાવનું એ દ્યોતક છે. આવી ભક્તિનો આભાર શી રીતે માનવો ?

પ્રણવ પ્રિન્ટર્સવાળા શ્રી પ્રવીણભાઈ ગામીએ આ પુસ્તક ચોકસાઈપૂર્વક તૈયાર કરી આપ્યું તે બદલ અને દીપક પ્રિન્ટરીવાળા શ્રી કિરીટભાઈએ એનું જેકેટ વગેરે છાપી આપ્યું તે બદલ અમે એ બન્ને ભાઈઓના આભારી છીએ.

—નંદુભાઈ
મૅનેજિંગ ટ્રસ્ટી

તા. ૬-૭-૮૨
ગુરુપૂર્ણિમા
ત્રીચી

# અનુક્રમણિકા


| ક્રમ | નામ | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૧. | મા શારદામણિમા | ૧ |
| ૨. | રાણી રાસમણિ | ૪૬ |
| ૩. | ભગિની નિવેદિતા | ૮૮ |
| ૪. | મીઠુબહેન પીટીટ — 'માયજી' | ૧૨૭ |
| ૫. | અનસૂયાબહેન સારાભાઈ | ૧૭૦ |

# માતૃદર્શન

•

મુકુલ કલાર્થી

# મા શારદામણિમા

'શક્તિ સિવાય જગતનો પુનરુદ્ધાર નથી. આપણો દેશ બધા દેશોથી વધારે નબળો અને પાછળ શા માટે છે? કારણ કે અહીં શક્તિનું અપમાન થાય છે!

'ભારતમાં એ અદ્ભુત શક્તિને પુનર્જીવિત કરવા માટે માતાજીએ જન્મ ધારણ કર્યો છે. અને તેમને કેન્દ્ર બનાવવાથી જગતમાં ગાર્ગીઓ અને મૈત્રેયીઓ ફરી એક વખત જન્મશે.'

સ્વામી વિવેકાનંદના આ ઉદ્ગારો મા શારદામણિમા વિશે ઘણું બધું કહી જાય છે.

સ્વામીજીનાં અંગ્રેજ શિષ્યા ભગિની નિવેદિતાએ પણ યથાર્થ જ કહ્યું છે:

'મને હમેશાં લાગ્યું છે કે, માતાજી ભારતીય નારીના આદર્શ વિશે શ્રીરામકૃષ્ણની શેષ ઉક્તિ સમાં છે. શું તેઓ પ્રાચીન પરંપરાનું છેલ્લું દૃષ્ટાંત છે કે નવા યુગની આવતી પરંપરાની પ્રથમ અભિવ્યક્તિ છે?

'જે જ્ઞાન અને માધુર્યનો વિકાસ એમનામાં જોવા મળે છે તે કદાચ એક સાદામાં સાદી સ્ત્રીમાં પણ સંભવિત છે. તોપણ મારી દૃષ્ટિએ એમના સૌજન્યની ભવ્યતા અને

એમનું ઉદાર મન એમના સંતપણા જેટલું જ આશ્ચર્ય-ભર્યું છે.

'માતાજીનું જીવન એક અખંડ શાંતિમય પ્રાર્થનારૂપ છે. એમના સમગ્ર જીવનનો અનુભવ ધર્મ પર રચાયેલી સંસ્કૃતિ પર આધારિત છે.'

કામિની અને કાંચનના મોહથી સંપૂર્ણપણે અલિપ્ત એવા મહાન પરમહંસ શ્રીરામકૃષ્ણદેવનાં સહધર્મચારિણી થવાનું પરમ સદ્ભાગ્ય પ્રાપ્ત કરનાર શારદામણિમા ખરેખર માતાજીના મૂર્તસ્વરૂપ સમાં જ હતાં.

અને આ બે મહાન પવિત્ર આત્માના સુમંગળ લગ્નનો જોગ પણ કેવો અદ્ભુત છે! એ અંગેની ઘટના 'શ્રી શ્રીરામકૃષ્ણ પોથી'માં વર્ણવેલી છે.

એક વખત જયરામવાટી ગામથી ઘણા લોકો શિહડ નામે ગામમાં ઉત્સવ પ્રસંગે ગયા હતા.

નાનકડી બાલિકા શારદા ત્યારે એક સ્ત્રીના ખોળામાં બેસીને કથાકીર્તન સાંભળતી હતી. કીર્તન પૂરું થતાં એ સ્ત્રીએ આમ જ પૂછ્યું :

'અલી ઓ શારદા, આ બધા જે અહીં બેઠા છે એમાંથી તું કોની સાથે પરણવાની છે?'

નાનકડી શારદા એ વયે લગ્ન એટલે શું તે શાની સમજે? તોયે કોઈ દૈવી સંકેતની પ્રેરણાથી તેણે નાનકડા હાથ ઊંચા કરીને શ્રીરામકૃષ્ણ તરફ ચીંધ્યા! એ અવસરે શ્રીરામકૃષ્ણદેવ પણ ઉત્સવમાં ભાગ લેવા એમના ભાણેજ હૃદયરામને ત્યાં શિહડ આવ્યા હતા.

અને ખરેખર, બન્યું પણ એમ જ!

શારદામણિદેવી પાંચ વર્ષ પૂરાં કરી છઠ્ઠા વરસમાં પ્રવેશ્યાં હતાં. તે વખતે શ્રીરામકૃષ્ણ દક્ષિણેશ્વરમાં ઉત્કટ સાધનામાંથી પસાર થતા હતા. એમની ઉન્માદભરી ભાવાવસ્થા જોઈને લોકો એમ માનવા લાગ્યા કે, શ્રીરામકૃષ્ણ ગાંડા થઈ ગયા છે!

આ સમાચાર કામારપુકુરમાં રહેતાં તેમનાં માતુશ્રીએ સાંભળ્યા. એટલે તેમણે શ્રીરામકૃષ્ણને ઉપચાર માટે ઘેર બોલાવ્યા.

એમની ભાવમય અવસ્થા જોઈને ઘરનાં માણસોને થયું કે, એમને જો લગ્નના બંધનમાં બાંધવામાં આવે, તો એમનું ગાંડપણ ક્યાંનું ક્યાં જતું રહેશે. એટલે એ લોકોએ છાની રીતે કન્યાની શોધ કરવા માંડી. પણ ક્યાંય મેળ બેઠો નહિ!

આ વાતની કોણ જાણે કેમ શ્રીરામકૃષ્ણને ખબર પડી ગઈ. પરંતુ આવા સંસારી બંધનમાં જકડાવા પ્રત્યે અણગમો બતાવવાને બદલે બાળકના જેવા ઉમળકાથી તેમણે પોતાનાં માતુશ્રીને અને ભાઈને કહ્યું:

'જયરામવાટીમાં રામચંદ્ર મુખરજીને ત્યાં જઈને જુઓને! લગ્નની કન્યા ત્યાં નક્કી કરેલી જ છે.'

આ સૂચન પ્રમાણે ત્યાં જઈને જોયું તો કન્યા બહુ જ નાની વયની હતી!

હવે શું થાય?

પરંતુ વાતચીત કરતાં લગ્નનું ત્યાં ગોઠવાઈ ગયું.

અને ઈ. સ. ૧૮૫૯ના મે માસમાં લગ્ન થઈ ગયાં.

લગ્ન વખતે શ્રીરામકૃષ્ણ પરમહંસની ઉંમર ચોવીસ વર્ષની હતી અને શારદામણિદેવીની ઉંમર હતી છ વર્ષની !

આ રીતે જોતાં શ્રીરામકૃષ્ણ પરમહંસ જેવા મહાપુરુષની જીવનલીલા સમજવા માટે એમનાં સહધર્મચારિણી માતાજી શારદામણિમાના જીવનનો પણ પરિચય કરવો જરૂરી છે.

ચાલો, આપણે પુનિત ગંગા સમાં માતાજીના નિર્મળ જીવનમાં અવગાહન કરીને પાવન થઈએ.

## જન્મ અને લગ્નજીવન

મા શારદામણિદેવીનો જન્મ જયરામવાટી નામના નાનકડા ગામમાં ઈ. સ. ૧૮૫૩ના ડિસેમ્બરની ૨૨મી તારીખે થયો હતો.

જયરામવાટી ગામ બંગાળના બાંકુડા જિલ્લામાં, કલકત્તાથી સાઠેક માઈલ દૂર આવેલું છે.

શારદામણિદેવીના પિતાશ્રીનું નામ રામચંદ્ર મુખરજી હતું અને માતુશ્રીનું નામ શ્યામસુંદરીદેવી હતું.

પિતાશ્રી દેવપૂજા, યજન-યાજન અને યજમાનવૃત્તિ કરીને ગરીબાઈમાં જેમતેમ ઘર ચલાવતા. છતાં તે દિલના ઉદાર, સદાચારી, નિષ્ઠાવાન અને રામભક્ત હતા.

માતુશ્રી પતિપરાયણા, પતિથી વધારે ઉદાર, ઉદ્યમી,

પવિત્ર અને ભક્તિપરાયણ હતાં.

લગ્ન પછી નાની બાલિકા શારદામણિદેવી તરત જ પાછાં પિયેર ગયાં અને શ્રીરામકૃષ્ણ દક્ષિણેશ્વર ગયા ને કાલી માતાની સેવામાં મગ્ન બની ગયા. ત્યાં તેમની સાધના વધારે તીવ્ર બનતી ગઈ.

શારદામણિદેવી સમજણાં થયાં ત્યાં સુધી થોડો થોડો વખત જયરામવાટી અને કામારપુકુર રહી જતાં. દરમિયાન શ્રીરામકૃષ્ણ પણ વચ્ચે વચ્ચે કામારપુકુર આવતા.

તે વખતે ઠાકુર નાનકડાં શારદામાને જીવન-ઘડતર-ની ઝીણી ઝીણી બાબતોમાં કેવી શિખામણ આપતા એ જાણીને આપણને ભારે આશ્ચર્ય થાય છે. એ ઉપદેશ આપણને જીવનનો સામાન્ય વ્યવહાર ચલાવવામાં પ્રેરક થઈ પડે એવો છે.

## જીવન-વ્યવહારના પાઠ

એક બાજુથી ઠાકુરે માતાજીની સમક્ષ પોતાનો ત્યાગથી ઉન્નત બનેલો જીવન-આદર્શ ધર્યો અને ઉચ્ચ ધર્મજીવન જીવવા માટે કેવી રીતે ચરિત્ર ઘડવું એ શીખવ્યું; તેમ જ બીજી બાજુ સર્વ પ્રકારના રોજિંદા ગૃહજીવનની કેળવણી આપવાની ખાસ કાળજી રાખી.

દેવપૂજા, બ્રાહ્મણો તથા અતિથિઓની સેવા, વડીલો પ્રત્યે આદરભાવ, નાનાંઓ પ્રત્યે પ્રીતિ, કુટુંબીઓની સેવામાં આત્મસમર્પણ કરવા પણ તત્પર રહેવું વગેરે

બાબતોની તેમણે તાલીમ આપી.

જ્યારે, જ્યાં, જેની સાથે કેવું વર્તન રાખવું તેની સ્થળ, કાળ અને પાત્ર અનુસાર વર્તવાની નીતિ પર આધાર રાખીને લોકવ્યવહાર શીખવ્યો. પરિવારના દરેકની રુચિ, સ્વભાવ અને જરૂરિયાત પ્રમાણે તેમની સાથે લેવડ-દેવડ શીખવી.

હોડીમાં કે ગાડીમાં જતી વખતે પોતાની વસ્તુઓ બાબતમાં સાવચેતી રાખવી; દીવાની વાટ કેવી રીતે સંકોરવી; સળગેલી દીવાસળીને ખાલી બાકસમાં એકઠી કરવી જેથી એ ફરી વાર ઉપયોગમાં આવે; કચરો કાઢી રહ્યા પછી સાવરણી જ્યાં ત્યાં ન ફેંકતાં તેને સ્થાને મૂકવી; શાક-ફળ સમારી રહ્યા પછી છાલ-છોતરાં વગેરે ફેંકી ન દેતાં ગાયને નાખવાં; કંજૂસ તેમ જ ઉડાઉ બેમાંથી એકેય ન બનતાં કરકસરપૂર્વક જ્યાં જેટલી વસ્તુની કે પૈસાની જરૂર હોય ત્યાં તેટલાનો જ ઉપયોગ કરવો; બહાર જતી વખતે ઘરને તાળું મારીને પાછું ખેંચી જોઈને બરાબર દેવાયું છે કે નહિ તેની ખાતરી કરવી; કોઈને ઘેર બેસવા જવું હોય તો પૈસા લીધા વિના સાવ ખાલી ખીસે ન જવું; દેવદર્શને ખાલી હાથે ન જવું; સાધુબાવાઓનાં સ્થાનોમાં એકલાં ન જવું — આવી આવી કેટલીય વ્યવહારુ સૂચનાઓ શ્રીરામકૃષ્ણ શારદામાને આપતા હતા.

એ ગત દિવસોને યાદ કરીને માતાજી સ્ત્રી-ભક્તોને કહેતાં:

'ત્યારથી મને એમ અનુભવ થયો કે, મારા હૃદયમાં

જાણે કે આનંદનો એક પૂર્ણ કળશ સ્થાપિત થઈ રહેલ છે. તે ધીર, સ્થિર અને દિવ્ય ઉલ્લાસથી મારું અંતર કેટલે સુધી, કેવી રીતે સભર ભરેલું રહેતું એ શબ્દોમાં સમજાવી શકાય એમ નથી.'

ઉત્કટ સાધનાના સમયમાં પણ શ્રીરામકૃષ્ણ પરમહંસ કામારપુકુર આવીને રહેતા. તે વખતની તેમની રહેણીકરણી વિશે વાતો કરતાં માતાજી કહેતાં :

'એમને કદીય આનંદવિહોણા જોયા નથી. પાંચ વર્ષના બાળક સાથે કે વયોવૃદ્ધ સાથે, સૌ કોઈની સાથે મળીને આનંદમાં જ એ રહેતા. એમને કદી પણ નિરાનંદ નથી જોયા. આહા ! કામારપુકુરમાં સવારે ઊઠતાંવેંત કહેતા, "આજે આ શાક ખાઈશ. એ જ રાંધો." સાંભળીને અમે બધી વ્યવસ્થા કરીને રાંધતાં.

'કામારપુકુરમાં હું અને લક્ષ્મીની મા (ઠાકુરનાં ભાભી) રાંધતાં. એક દિવસ ઠાકુર અને હૃદય (ઠાકુરના ભાણેજ) જમવા બેઠા હતા. લક્ષ્મીની મા સરસ વાની પકવતાં. એવી સ્વાદિષ્ટ વાનગી ખાઈને કહે, "ઓ હૃદુ, આ જેણે રાંધેલું છે, તે છે રામદાસ વૈદ." અને મેં જે રાંધેલું હતું તે ખાઈને કહે, "અને આ છે શ્રીનાથ સેન !"

'શ્રીનાથ સેન ઊંટવૈદ હતા. લક્ષ્મીની મા થઈ રામદાસ વૈદ અને હું થઈ શ્રીનાથ સેન ઊંટવૈદ !

'એ સાંભળીને હૃદય કહે, "તે હોઈ શકે. પણ તમારા આ ઊંટવૈદને તમે હમેશાં મેળવી શકો; હાથપગ

દાળી આપવા સુધી. તમારે બોલાવવાની જ વાર. અને રામદાસ વૈદ ? તેમની તો ફી કેટલા બધા રૂપિયા ! તેમને તો તમે હમેશાં મેળવી નહિ શકો. અને લોકો પહેલાં ઊંટવૈદને જ બોલાવે. તે તો તમારા હરહમેશના સાથી છે.” ઠાકુર એ સાંભળીને હસતાં હસતાં કહે, “એ ખરું, એ ખરું ! એ તો હંમેશ માટે છે.”’

ઠાકુરને મરીમસાલા તરફ એક પ્રકારની પ્રીતિ હતી. માતાજીને ઠાકુર કહેતા :

‘પંચવટી દાળ બનાવો. અને એવો વઘાર કરો કે, સૂં...સૂં...અવાજ થાય.’

એક વાર ઠાકુરનાં ભાભીએ શારદાદેવીને કહ્યું :

‘ઘરમાં પાંચફોડન નથી. તેથી આજે એના વિના જ રાંધવું પડશે !’

પાંચફોડન એટલે ધાણા, જીરું, મેથી, કાળું જીરું તથા રાઈને પ્રમાણસર મેળવીને બનાવેલો વઘારનો મસાલો.

ભાભીની વાત સાંભળતાં ઠાકુર બોલી ઊઠ્યા :

‘એ વળી શું ? પાંચફોડન નથી તો એક પૈસાનું લાવોને ! જ્યાં જેની જરૂર પડે તે મેળવવું જોઈએ. તમારા એ ફોડનના વઘારની ગંધવાળી રસોઈ માટે તો દક્ષિણેશ્વરની જાતજાતની રસોઈ અને મિષ્ટાન્ન છોડીને અહીં આવ્યો અને તમે તેને જ બાદ કરવા માગો છો ?’

ભાભીસાહેબ એ સાંભળીને શરમાઈ જઈ તરત જ વઘારનો મસાલો મગાવ્યો.

આવા હતા શ્રીરામકૃષ્ણ પરમહંસ ! જાણે બાળક જ !

## ઠાકુર સાથે દક્ષિણેશ્વરમાં

આગળ જતાં દક્ષિણેશ્વરમાં ઠાકુર જગદંબામાં એવા તો મગ્ન બની ગયા કે તેઓ કામારપુકુરને ભૂલી ગયા, પોતાના ઘરને ભૂલી ગયા, ધર્મપત્નીને ભૂલી ગયા, પોતાના શરીરને પણ ભૂલી ગયા, આખા જગતને ભૂલી ગયા. સ્મરણ રહ્યું એક માત્ર જગન્માતાનું.

સંસારી લોકો એમની આ અતિઉત્કટ સ્થિતિ ક્યાંથી સમજી શકે ? તેઓ તો બધાં ઠાકુરને 'પાગલ' કહેવા લાગ્યાં !

આ વાત જયરામવાટી પહોંચી. હવે માતાજી ઉંમર-લાયક થઈ ગયાં હતાં. ઠાકુરની આવી ખબર સાંભળીને માતાજી બહુ દુઃખી થયાં. અધૂરામાં પૂરું ગામની સ્ત્રીઓ 'ગાંડાની વહુ' કહીને શારદામણિમાની તરફ આંગળી ચીંધવા લાગી! તેથી તેમને બહુ લાગી આવતું.

છેવટે માતાજીથી રહેવાયું નહિ અને પોતાના પિતાશ્રીને લઈને તે દક્ષિણેશ્વર ગયાં.

દક્ષિણેશ્વરમાં ઠાકુરે શારદામણિદેવીને ઉમળકાથી આવકાર્યાં. ઠાકુરને ખબર પડી કે, શારદામાને તાવ આવે છે. એટલે તેમણે એમને માટે ઓરડામાં પથારી કરાવી આપી.

શારદામાએ જોયું કે, કામારપુકુરમાં ઘેર જોયા હતા તે દેવતા એના એ જ છે. લોકો એમને 'ગાંડા' કહીને અમસ્તા વગોવી મારે છે !

આથી શારદામાનું હૃદય આનંદથી પુલકિત બની ગયું. આ બધું જોઈને એમના પિતાશ્રી પણ સંતોષ પામ્યા અને દીકરીને ત્યાં મૂકી ઘેર ગયા.

શારદામાનું દક્ષિણેશ્વરમાં આગમન અને એમનો શ્રીરામકૃષ્ણ પરમહંસ સાથે નિવાસ એ આધ્યાત્મિક સાધનાના ઇતિહાસમાં એક અપૂર્વ અને પાવનકારી અદ્ભુત ઘટના હતી.

શ્રીરામકૃષ્ણદેવના સંન્યાસી ગુરુ સ્વામી તોતારામજીએ એમને એક વાર કહ્યું હતું :

'સ્ત્રી પાસે હોવા છતાં જે પોતાના મનને નિર્વિકાર રાખી શકે અને સ્ત્રીને બ્રહ્મના એક સ્વરૂપ સિવાય બીજી વિકારી દેહદૃષ્ટિથી ન જુએ તે જ સાચો બ્રહ્મનિષ્ઠ છે. બીજા બધા સાધક ભલે હોય, પણ અદ્વૈત વિજ્ઞાનથી બહુ દૂર છે.'

હવે ઈશ્વરેચ્છાથી ધર્મપત્નીને આવી પહોંચેલી જોઈને ઠાકુરને થયું કે, ગુરુજીએ કહેલી આ કપરી કસોટીમાંથી પસાર થવાનો સમય આવી લાગ્યો છે.

આ અગ્નિ-પરીક્ષામાંથી ઠાકુર હેમખેમ પાર ઊતરી ગયા. ઠાકુરે પતિપત્નીના સામાન્ય સાંસારિક વ્યવહારમાં અટવાયા વિના બંનેની વચ્ચે ગુરુ-શિષ્યાનો અથવા તો પૂજ્ય-પૂજકનો આધ્યાત્મિક સંબંધ સ્થાપ્યો. એ રીતે આજના જગતમાં એક નવો આદર્શ ફેલાવ્યો.

ગામડાગામમાંથી આવેલાં સાવ અભણ શારદામણિમાને ઠાકુર બહુ સરળ ભાષામાં આધ્યાત્મિક માર્ગ-

દર્શન આપતા હતા. જેમ કે, એક દિવસ ઠાકુરે માતાજીને ઈશ્વરના સાક્ષાત્કાર વિશે સમજાવતાં કહ્યું :

'જેમ ચાંદામામા સૌના મામા છે, તેમ ઈશ્વર પણ સૌનો છે. એને ભજવાનો મનુષ્યમાત્રને સરખો અધિકાર છે. જેઓ એને આરાધે, તેમની સમક્ષ ઈશ્વર પ્રગટ થાય જ. તમે પણ જો ઈશ્વરને આરાધો, તો જરૂર એનાં દર્શન તમે પણ પ્રત્યક્ષ કરી શકશો.'

ઠાકુર ફક્ત ઉપદેશ આપીને બેસી નહોતા રહેતા. પરંતુ એમની સૂચનાઓનો અમલ માતાજીના રોજ-બ-રોજના જીવન-વ્યવહારમાં થાય છે કે નહિ એની પણ સંભાળ રાખતા.

## શારદામાની આદર્શ જીવનસાધના

આમ તો શારદામા આખો દિવસ દક્ષિણેશ્વર મંદિરના નોબતખાનામાં રહીને રોજનું કામકાજ, રસોઈ વગેરે કરતાં. પણ રાતે શ્રીરામકૃષ્ણદેવના ઓરડામાં તેમની જ પથારીમાં સૂવાની તેમને અનુમતિ મળી હતી.

એક રાતે ઠાકુરે માતાજીને પૂછ્યું :

'તમે શું મને સંસારને માર્ગે ખેંચી જવા માટે આવ્યાં છો ?'

નવયૌવનને ઉંબરે ઊભેલાં શારદામા જરા પણ ખમચાયા વિના તરત જ બોલ્યાં :

'ના રે, ના ! હું શા માટે તમને સંસારને માર્ગે

લઈ જાઉં ? હું તો તમને ઇષ્ટ માર્ગે સહાય કરવા માટે જ આવી છું.'

એ જ રીતે માતાજીએ પણ એક દિવસ એમના પગ દબાવતાં દબાવતાં પૂછી લીધું :

'તમે મને તમારી શું કહીને જાણો છો ?'

શ્રીરામકૃષ્ણ પરમહંસે સહજ ભાવે જવાબ આપ્યો :

'જે માતા સામે મંદિરમાં વિરાજે છે, તે જ માતાએ આ દેહને જન્મ આપ્યો છે અને એ જ માતા અત્યારે મારા પગ દાબી રહ્યાં છે. ખરેખર હું તમને સાક્ષાત્ આનંદમયી શ્રીજગદંબા તરીકે જાણું છું.'

એક દિવસ ઠાકુરે પોતાની પડખે સૂતેલાં શારદામાની તરફ જોઈને પોતાના મનને ઉદ્દેશીને કહ્યું :

'રે મન ! આનું નામ જ સ્ત્રીશરીર. દુનિયા આ શરીરને જ અત્યંત પ્રિય ગણે છે ને ભોગ કરવા માટે હમેશાં આકર્ષાય છે. પરંતુ આમાં આસક્ત થવાથી જ જીવ દેહમાં જ બંધાઈ રહે છે અને સચ્ચિદાનંદ ઈશ્વરનો સાક્ષાત્કાર પામી શકતો નથી.

'હે મન ! તને આ બધું જોઈએ છે કે ઈશ્વર જોઈએ છે ? — એ તું મને જરાય કપટ વગર કહી દે. જો તને પહેલી વસ્તુ જોઈતી હોય, તો એ અહીં જ પડી છે. એનો સ્વીકાર કર.'

આવી કડક આત્મપરીક્ષા કરવા જતાં જાણે કે એના જવાબમાં હોય એમ ઠાકુરનું વિશુદ્ધ મન તરત જ ઊંડી સમાધિમાં લીન થઈ ગયું.

આ રીતે શારદામા ઘણા મહિના ઠાકુર સાથે રહ્યાં હતાં. એ દિવસોમાં ઠાકુરનું મન જેમ ઊર્ધ્વ લોકમાં વિચરતું હતું, તેમ માતાજીનું મન પણ એમના આરાધ્ય દેવતાના ધ્યાનમાં નિમગ્ન રહેતું હતું. તેથી બેમાંથી કોઈનાય મનમાં સ્થૂળ ભોગવાસનાની છાયા સરખી પણ પડી નહિ.

આમાં શારદામાના પવિત્ર અને ભોગેચ્છારહિત મનનાં પણ દર્શન થાય છે. શારદામા હજી પૂર્ણ જુવાની-માં હતાં. દુનિયાદારીનું જ્ઞાન પણ ગામડાના વાતાવરણ પૂરતું મર્યાદિત હતું. છતાં એમનો આત્મા ગતજન્મોની સાધનાના બળે ઉચ્ચ અવસ્થાએ સ્થિત હતો.

ઠાકુરે એટલે જ આગળ જતાં એમના ભક્તોને માતાજી વિશે કહ્યું હતું:

'એ જો આટલાં સંયમી ન હોત અને એમણે જો મનનો સંયમ ગુમાવી મને પોતાના તરફ ખેંચ્યો હોત, તો કોણ જાણે છે કે હું પણ મારો સંયમ ગુમાવી ન બેસત ?

'લગ્ન થયા પછી મેં મા જગદંબાને આતુરતાપૂર્વક પ્રાર્થના કરી કે, "હે માતા ! મારી પત્નીના મનમાંથી સ્થૂળ ભોગોની વાસનાને તદ્દન નિર્મૂળ કરી દેજે."

'એમની સાથે રહ્યો ત્યારે મને ખબર પડી કે, માએ મારી એ પ્રાર્થના ખરેખર સાંભળી છે.'

શારદામા પણ ઠાકુરના ઉપદેશ અનુસાર પોતાના જીવનને આગળ ધપાવવા નીરવ સાધના ખંતથી કર્યા કરતાં હતાં.

શારદામા રોજ પરોઢિયે ત્રણ વાગ્યે ઊઠીને નોબત-ખાનાના પશ્ચિમના વરંડામાં દક્ષિણ તરફ મુખ રાખી ધ્યાનમાં બેસતાં. આ નિયમનો ભંગ કદી ન થાય એ બાબતમાં શારદામા ખૂબ સાવચેત રહેતાં.

તેમના જપની સંખ્યા પણ મોટી હતી. એક દિવસ વાત વાતમાં એક સ્ત્રી-ભક્તને તેમણે એ દિવસોની યાદ અપાવીને કહ્યું :

'હું તમારા લોકોની ઉંમરે કેટલું કામ કરતી ! એ બધું કામ પતાવીને પણ રોજ હું એક લાખ વાર જપ કરતી.'

ધ્યાનજપની સાથે સાથે શારદામા નિરંતર પ્રાર્થના પણ કરતાં. રાતે જ્યારે ચંદ્રમા ઊગતો, ત્યારે ગંગાનાં સ્થિર પાણીમાં એનું પ્રતિબિંબ જોઈને આંખોમાં આંસુ સાથે ભગવાન પાસે શારદામા પ્રાર્થના કરતાં કે —

'ચંદ્રમામાં પણ કલંક છે. મારા મનમાં, હે પ્રભુ ! કોઈ પણ ડાઘ ન રહે એવું કરો.'

સાધનાના એ દિવસોમાં ધ્યાનાભ્યાસને લીધે શારદા-માનું મન સ્વાભાવિક રીતે અંતર્મુખ રહેતું. શારદામા કહેતાં :

'દરેકે મહેનત કરવી જોઈએ. શું ખંત અને ચીવટ-થી મહેનત કર્યા વિના કાંઈ મળી શકે ખરું ? સંસારના કામકાજની સાથે પણ સાધના માટે વચ્ચે સમય કાઢવો જોઈએ.'

## ઠાકુરનો શારદામા પ્રત્યે ભાવ

શ્રીરામકૃષ્ણ પરમહંસ શારદામાને ખૂબ માનની દૃષ્ટિએ જોતા. શારદામા ઘણી વાર ઠાકુરની વાત નીકળતાં સ્ત્રી-ભક્તોને કહેતાં :

'હું એવા સ્વામીની સાથે જોડાઈ હતી કે, એમણે મને કદી "તું" કહીને બોલાવી નથી. ઠાકુરે મારા તરફ ફૂલ સરખોય ઘા કર્યો નથી. કદીયે "તમે" સિવાય બોલાવી નથી.'

એક દિવસની વાત છે. દક્ષિણેશ્વરમાં રાતે ઠાકુર માટે પૂરી અને ખીરનો વાટકો વગેરે થાળીમાં મૂકીને માતાજી ઠાકુરના ઓરડામાં મૂકવા ગયાં.

ઠાકુરનું એ બાજુ ધ્યાન ન હતું. તેમણે જાણ્યું કે તેમની ભત્રીજી લક્ષ્મી આવી હશે. એટલે ઠાકુરે એ તરફ જોયા વિના કહ્યું :

'કમાડ વાસતી જજે.'

શારદામાએ કહ્યું :

'હો, બારણું બંધ કર્યું છે.'

શારદામાનો અવાજ કાને પડતાં ઠાકુર સફાળા બેઠા થઈ ગયા અને સંકોચ પામતાં બોલી ઊઠ્યા :

'અરે, તમે છો ! મેં જાણ્યું કે લક્ષ્મી છે. તમે મનમાં કાંઈ લાવશો મા, હો ! અજાણ્યે મારાથી "વાસતી જજે" એમ બોલાઈ જવાયું !'

અજાણ્યે 'વાસતી જજે' બોલાઈ ગયું એમાંય

ઠાકુરને આટલો બધો સંકોચ!

બીજે દિવસે પણ નોબતખાનાની ઓરડી આગળ જઈને ઠાકુરે શારદામાને કહ્યું :

'જુઓ, કાલ આખી રાત મને ઊંઘ નથી આવી. એ જ ચિંતા થયા કરતી હતી કે, શા માટે એવું તોછડું વચન બોલી નાખ્યું?'

એટલું જ નહિ, પણ શારદામાએ એક દિવસ ભક્તોને કહ્યું હતું :

'ઠાકુરના પગ દાબવાનું હું પૂરું કરી રહું, એટલે ઠાકુર મને પ્રણામ કરતા!'

આવા હતા શ્રીરામકૃષ્ણ પરમહંસ!

આવા આવા કેટલાય પ્રસંગો જોતાં શારદામા અને શ્રીરામકૃષ્ણદેવનું દાંપત્યજીવન આપણને અલૌકિક દુનિયામાં લઈ જાય છે અને આપણે જાણે પાવનકારી ધર્મકથાનું શ્રવણ કરીને ધન્ય ધન્ય થઈ જઈએ છીએ. આપણું અંતર પ્રસન્ન બની બોલી ઊઠે છે :

'जगतः पितरौ वन्दे।'

## શારદામાની વિવેકદૃષ્ટિ

શારદામા ઠાકુર કરતાં ઘણાં નાનાં હતાં, કશું ભણ્યાં પણ ન હતાં, ગામડાગામનાં હતાં, છતાં તેમનામાં વિવેક-દૃષ્ટિ અદ્‌ભુત હતી.

એક દિવસ શારદામા બેઠાં બેઠાં પાન બનાવી રહ્યાં

હતાં. એવામાં યોગિનમા નામનાં એક મોટી ઉંમરનાં ભક્ત-સ્ત્રી ત્યાં આવી ચડયાં.

યોગિનમાએ જોયું કે, માતાજી કેટલાંક પાનમાં સારી પેઠે મસાલો વગેરે નાખતાં હતાં અને કેટલાંક પાન સાદી રીતે બનાવતાં હતાં.

આ જોઈ ને યોગિનમાએ પૂછ્યું :

'મા, તમે આ પાનમાં એલચી, સોપારી વગેરે કાં ન મૂકયાં? આ સાદાં પાન કોને માટે છે અને આ મસાલા-વાળાં પાન કોને માટે છે?'

ઠાકુરને ઘણા ભક્તો મળવા આવતા હતા. એ લોકોને ખ્યાલમાં રાખીને શારદામા બોલ્યાં :

'મસાલાવાળાં પાન એમને મળવા આવતા ભક્તો માટે છે. એ લોકોને પ્રેમ અને જતનથી પોતાના કરી લેવા જોઈએ ને? પેલાં સાદાં પાન 'એમને' માટે છે. 'એ' તો પોતાના જ છે ને!'

શારદામાના પક્ષપાતમાં પણ કેવી નિર્મળ વિવેક-દૃષ્ટિ રહેલી હતી એ જોઈને યોગિનમા મુગ્ધ બની ગયાં.

શારદામા રોજ ઠાકુરને જમાડવા માટે પીરસેલી થાળી લઈને એમની ઓરડીએ જતાં.

એક દિવસ હંમેશની માફક શારદામા સમયસર થાળી લઈને ઠાકુરના ઓરડાનાં પગથિયાં ચડતાં હતાં. એવામાં એક સ્ત્રી-ભકતે આવીને શારદામાને કહ્યું :

'લાવો, મા, થાળી મને આપો.'

એમ કહીને માતાજીના હાથમાંથી થાળી લઈ ને એ સ્ત્રી-ભક્તે ઠાકુર સામે મૂકી અને પછી તે ત્યાંથી બહાર ચાલી ગઈ.

ઠાકુર આસન પર બેઠા અને શારદામા પણ પાસે બેઠાં.

પરંતુ ઠાકુર જમ્યા વિના એમ જ બેસી રહ્યા.

થોડી વાર પછી ઠાકુર શારદામાને કહેવા લાગ્યા :

'આ તમે શું કર્યું ? એના હાથમાં થાળી શા માટે આપી ? એને તમે ઓળખતાં નથી ? એ તો અમુકની ભાભી, દિયરની સાથે રહે છે. એણે અડકેલું કેવી રીતે ખાઈ શકું ?'

શારદામાએ સ્વસ્થતાથી કહ્યું :

'બધું જાણું છું. આજે ખાઈ લો.'

તોપણ ઠાકુર એ થાળીને અડવા તૈયાર ના થયા.

માતાજીએ ખૂબ વિનંતી કરી, ત્યારે ઠાકુર કહે :

'વચન આપો કે, હવે પછી કોઈ પણ દિવસ કોઈના હાથમાં થાળી નહિ આપો.'

શારદામા વિનયપૂર્વક હાથ જોડીને બોલ્યાં :

'એ તો મારાથી નહિ બને, ઠાકુર! તમારું ભોજન હું પોતે જ લઈ આવીશ. પણ 'મા' કહીને મારી પાસેથી કોઈ માગી લે, તો હું ના નહિ કહી શકું. તમે કંઈ મારા એકલાના જ પ્રભુ નથી, બધાના જ છો.'

આ સાંભળીને શ્રીરામકૃષ્ણ પરમહંસ મનમાં પ્રસન્નતા અનુભવતા પ્રસન્ન ચિત્તે જમવા લાગ્યા.

## લૂંટારાં માબાપ !

એક વાર શારદામા કામારપુકુરથી ઠાકુર પાસે દક્ષિણેશ્વર જવા કલકત્તા આવવા નીકળ્યાં. સ્ત્રીઓ કલકત્તામાં ગંગાસ્નાન કરીને પાછી ફરવાની હતી. માતાજી દક્ષિણેશ્વર રોકાવાનાં હતાં.

સ્ત્રીઓનો સાથ હતો. એટલે શારદામા તૈયાર થયાં હતાં.

નીકળતી વખતે એમ નક્કી કરવામાં આવ્યું હતું કે, પાંચેક ગાઉ દૂર આરામબાગ ગામે પહોંચીને ધર્મશાળામાં રાતવાસો કરવો અને વહેલી સવારે આગળ જવું. કારણ કે આરામબાગ છોડ્યા પછી લગભગ પાંચેક ગાઉનું એક મોટું ઉજ્જડ મેદાન જેવું આવતું હતું. ત્યાં થઈને સાંજને સમયે નીકળતાં ઘણાય પ્રવાસીઓ લૂંટાતા હતા.

આ વખતે એવું બન્યું કે, આરામબાગ પહોંચતાં સ્ત્રીઓને લાગ્યું કે, દિવસ હજી ઘણો બાકી છે. માટે જો ઝડપ લગાવવામાં આવે, તો એ વેરાન પ્રદેશને પાર કરીને તારકેશ્વરની ધર્મશાળામાં સાંજ સુધીમાં પહોંચી જવાશે. એટલે એ સૌએ ઠરાવ્યું કે, આરામબાગમાં ન રોકાતાં આગળ ચાલ્યે રાખવું.

એ દિવસોમાં શારદામાની તબિયત બહુ નરમ હતી. એટલે તે ખૂબ થાકી ગયાં હતાં. પરંતુ બીજી બધી સ્ત્રીઓ આગળ જવા તૈયાર છે એ જોઈને શારદામાને પોતાની ખાતર એ સૌને રોકવાં ઠીક ન લાગ્યું. તેથી એમણે પણ

આગળ ચાલવા માંડ્યું.

પરંતુ શારદામા થાકેલાં અને અશક્ત હોવાથી એ સ્ત્રીઓની ખૂબ પાછળ રહી જતાં હતાં. એટલે તેઓ ઊભી રહીને એમની રાહ જોતી અને જરા ઝડપ કરવા કહેતી.

આમ ચાર-પાંચ વાર બન્યું. તેથી પેલી સ્ત્રીઓ તેમને કહેવા લાગી :

'આમ ધીરે ધીરે ચાલશો તો તો રાત સુધીમાંય તારકેશ્વર પહોંચાશે નહિ અને બધાંય લૂંટારાઓના હાથમાં પડી જઈશું!'

એટલે માતાજીએ એ લોકોને તકલીફ ન પડે એ માટે કહ્યું :

'તમે બધાં મારી વાટ ન જોતાં તારકેશ્વર પહોંચો. ત્યાં હું પણ તમારી પાછળ પાછળ આવી પહોંચું છું.'

એ સાંભળીને એ બધી સ્ત્રીઓ તેમને પાછળ એકલાં મૂકીને આગળ નીકળી ગઈ.

શારદામા પોતાનાથી બને તેટલું ઉતાવળે ચાલવા છતાંય એ વેરાન પ્રદેશની વચ્ચે આવી પહોંચ્યાં, ત્યાં તો સાંજ પડી ગઈ અને અંધારું જામવા લાગ્યું.

શારદામા અંધારામાં થોડેક દૂર ગયાં, એવામાં તેમણે એક કદાવર પુરુષને ખાંધે કડિયાળી ડાંગ મૂકીને આવતો જોયો!

કાળા સીસમના જેવો વાન, માથે કાળાં કાજળ જેવાં ઘુંઘરાળાં જુલફાં વગેરે જોઈને શારદામાને થયું કે, જરૂર લૂંટારો! હવે શું થાય?

નાસવું કે બૂમ પાડવી નકામી સમજીને માતાજી સ્થિર ઊભાં રહ્યાં.

બાઈમાણસને જોઈને પેલા લૂંટારાએ કર્કશ અવાજે બૂમ પાડી :

'અરે, કોણ છે તું ? અત્યારે અહીં કેમ ઊભી છે ? ક્યાં જાય છે ?'

શારદામાએ કહ્યું :

'ઊગમણી બાજુ તારકેશ્વર.'

લૂંટારો બોલ્યો :

'એ રસ્તો આ ક્યાં છે ? ત્યાંનો રસ્તો તો પેલો જાય છે.'

એટલામાં પેલો લૂંટારો નજીક આવી ગયો. તેણે શારદામાના મુખ તરફ તાકીને જોયું. બેએક ક્ષણ પછી તે સહેજ પાછો હઠ્યો અને નરમ અવાજે બોલ્યો :

'ડરો નહિ; મારી સાથે બાઈમાણસ છે, તે પાછળ ચાલી આવે છે.'

શારદામાએ એ તરફ જોયું તો એક સ્ત્રી આવી રહી હતી. એટલે તેમનામાં હિંમત આવી અને તેમણે આત્મીય ભાવે કહ્યું :

'બાપુ, મારાં સંગાથીઓ મને એકલી મૂકીને આગળ ચાલ્યાં ગયાં છે. હું પણ ભૂલી પડી ગઈ છું. તમે સાથે આવીને મને એમની પાસે પહોંચાડી દો ને ! તમારા જમાઈ દક્ષિણેશ્વરમાં રાણી રાસમણિની કાલીવાડીમાં રહે છે. એમની પાસે હું જાઉં છું. તમે જો ત્યાં સુધી મને પહોંચાડી દો,

તો એ તમારી ખૂબ આગતાસ્વાગતા કરશે.'

એટલી વારમાં તો લૂંટારાની પત્ની પણ ત્યાં આવી પહોંચી. શારદામાએ એનો હાથ વહાલથી પકડીને કહ્યું :

'મા, હું તમારી દીકરી શારદા. સંગાથવાળાં મને એકલી મૂકીને આગળ ચાલ્યાં ગયાં છે. તેથી હું તો મોટી આફતમાં આવી પડી હતી! સારા નસીબે બાપુ અને તમે આવી પહોંચ્યાં, તે બહુ સારું થયું. નહિતર મારું શું થાત ?'

અજાણી જુવાન દીકરી શારદાના આવા નિઃસંકોચ સરળ વર્તનથી, વિશ્વાસભર્યાં અને મધુર વચનોથી લૂંટારાનું અને તેની પત્નીનું હૈયું વાત્સલ્યભાવથી પ્લાવિત થઈ ગયું. લૂંટવાની વાત તો બાજુએ રહી, ઊલટું એ લોકોએ શારદામાને પોતાની દીકરીની માફક જાળવીને પેલી સ્ત્રીઓની મંડળી સુધી હેમખેમ પહોંચાડી દીધાં.

માતાજી આ પ્રસંગની વાત કરતાં કહેતાં :

'એ એક રાતમાં લૂંટારાં માબાપે અને મેં પરસ્પરને એટલાં બધાં પોતાનાં કરી લીધાં હતાં કે, વિદાય વેળાએ અમે ત્રણે ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યાં હતાં.'

એ લૂંટારાં માબાપ ત્યાર પછી દીકરીને મળવા દક્ષિણેશ્વર બેત્રણ વાર આવેલાં.

શ્રીરામકૃષ્ણદેવે પણ તેઓની સાથે જમાઈ જેવું જ વર્તન રાખેલું અને પ્રેમથી ખાતરબરદાસ્ત કરીને પ્રસન્ન કરેલાં.

આ પ્રસંગ વખતે શારદામાની, ઘણું કરીને, વીસેક

વરસની વય હશે. આટલી નાની વયે પણ માતાજીએ આવા વિકરાળ લૂંટારાના દિલને પિગળાવીને એનામાં રહેલા પિતૃહૃદયને જાગ્રત કર્યું એ કંઈ નાનીસૂની વાત ન કહેવાય.

ભક્તજનો પણ માતાજીના આ પ્રસંગથી મુગ્ધ બની જતા. તેઓને થતું કે, કદાચ માતાજીની અસાધારણ સરળતા અને પવિત્રતાએ જ એ લૂંટારાં માબાપનાં દિલને જીત્યાં હશે અથવા કોઈ દૈવી શક્તિએ માતાજીનું રક્ષણ કર્યું હશે ?

આ અંગે પૂછતાં માતાજીએ એક વાર ભક્તોને કહ્યું :

'મેં એક દિવસ એ લૂંટારાં માબાપને પૂછેલું કે, "તમે મારા પર આટલો બધો સ્નેહભાવ શા માટે રાખો છો ?'

'એના જવાબમાં તેઓ બોલેલાં, "તમે કાંઈ સાધારણ માણસ નથી ! અમે તમને काली રૂપે દેખ્યાં છે !'

'એ સાંભળીને મેં સંકોચ પામીને એ લૂંટારાં માબાપને કહ્યું હતું : કોણ જાણે ભાઈ, હું તો કશું જાણતી નથી !'

## 'રૂપિયા લેવાશે નહિ'

એક દિવસ શ્રીરામકૃષ્ણ પરમહંસનો એક મારવાડી શ્રીમંત ભક્ત લક્ષ્મીનારાયણજી ઠાકુર પાસે આવ્યો. તેણે ભક્તિભાવથી દસ હજાર રૂપિયાની થેલી ઠાકુરનાં ચરણ આગળ ધરીને કહ્યું :

'ઠાકુર, મારા તરફથી આટલી ફૂલપાંખડી સ્વીકારવા કૃપા કરો.'

શ્રીરામકૃષ્ણ પરમહંસ તો ધનનો સ્પર્શ પણ સહી શકતા ન હતા, આ ભક્તની વાત સાંભળીને તેમને જાણે કોઈ પોતાના માથા પર કરવત ફેરવતું હોય એટલી વ્યથા થઈ આવી. ઠાકુરે જગદંબાને મનોમન કહ્યું :

'મા ! મા ! આટલા સમય પછી મને લલચાવવા આવી ?'

પરંતુ ઠાકુરને થયું :

'આ બાબતમાં શારદામણિ શું વિચારે છે ? મારે એમનું મન પણ જાણવું જોઈએ.'

એટલે ઠાકુરે શારદામાના મનનું વલણ જાણવા માટે તેમને બોલાવ્યાં અને કહ્યું :

'જુઓ, આ રૂપિયા દેવા માગે છે. મારાથી તે ન લેવાય ! એમ કહ્યું, તો હવે તમારા નામે આપવા માગે છે. તમે લો તો શું વાંધો ? શું કહો છો ?'

એ સાંભળતાં જ શારદામા સહજ ભાવે બોલ્યાં :

'એ કેમ બને ? રૂપિયા લેવાશે નહિ. જો હું લઉં તો તમે જ લીધા ગણાય. કારણ કે જો હું રાખું, તો તેમાંથી તમારી સેવા અને બીજાં જરૂરી ખરચ કર્યા વગર રહી ન શકું. એટલે હકીકતે એ તમે જ લીધા ગણાય.

'લોકો તમારા ત્યાગને લીધે તમારા પર શ્રદ્ધા-ભક્તિ રાખે છે. એટલે કોઈ પણ રીતે એ રૂપિયા સ્વીકારાય નહિ.

શારદામાની આવી ઉચ્ચ સમજ જોઈને શ્રીરામકૃષ્ણ પરમહંસને નિરાંત થઈ.

પેલા મારવાડી ભક્તને રૂપિયા લઈને પાછા જવું પડ્યું.]

## મન જ શુચિ-અશુચિ

શ્રીરામકૃષ્ણ પરમહંસની પાચનક્રિયા નબળી હોવાથી માતાજી એમના શરીરની અવસ્થા મુજબ એમને રુચિકર અને પૌષ્ટિક ખાવાનું તૈયાર કરી આપતાં. એમને માટે સહેલાઈથી પાચન થાય એવાં જુદી જુદી જાતનાં સૂપ, શાકભાજી વગેરે બનાવતાં.

મહિનામાં શારદામાથી રસોઈ થાય એમ ન હોય ત્યારે એ દિવસોમાં તે રાંધતાં નહિ. એ વખતે ઠાકુરને માટે કાલી મંદિરમાંથી પ્રસાદ આવતો. એ ખાઈને ઠાકુરની તબિયત બગડતી.

એટલે એક દિવસે ઠાકુરે માતાજીને કહ્યું:

'જુઓ, ત્રણ દિવસ તમે મારે માટે રાંધ્યું નહિ, તેથી મારી તબિયત બગડી ગઈ. તમે એ દિવસોમાં શા માટે રાંધતાં નથી?'

શારદામાએ જવાબ આપ્યો:

'સ્ત્રીઓથી એ ત્રણ દિવસોમાં કોઈને રાંધી દેવાય નહિ.'

એ સાંભળતાં જ ઠાકુર કહે:

'કોણે કહ્યું? તમે મને રાંધી આપશો, એમાં કોઈ દોષ થશે નહિ. કહો તો, તમારા શરીરની કઈ અપવિત્ર વસ્તુ છે? ચામડી કે માંસ, હાડકાં કે મજ્જા?

'જુઓ, મન જ શુચિ-અશુચિ ધરાવે છે. બહાર અશુચિ જેવું કાંઈ નથી.'

આ પછી શારદામા હમેશાં રાંધી આપવા લાગ્યાં.

ઠાકુરે એથી તૃપ્ત થઈને એક દિવસ શારદામાને કહ્યું:

'જુઓ તો, તમારી રસોઈ જમીને મારી તબિયત કેવી સારી થઈ છે!'

## ઠાકુરની મહાસમાધિ

આમ દિવસો પસાર થતા હતા. શારદામા પણ દિવસે દિવસે જીવન-વિકાસ કર્યે જતાં હતાં.

ઈ. સ. ૧૮૮૫ની સાલ હતી. ઠાકુરને ગળામાં પીડા થવા લાગી. ભક્તોએ ઉપચાર કરવા માંડ્યા. નરેન — સ્વામી વિવેકાનંદ વગેરે યુવાન શિષ્યો ઠાકુરની સેવામાં લાગી ગયા.

છેવટે કેન્સર જાહેર થયું અને આખરે મહાસમાધિનો દિવસ નજીક આવી પહોંચ્યો.

ઈ. સ. ૧૮૮૬નો શ્રાવણ મહિનો લગભગ પૂરો થવા આવ્યો. છેલ્લે દિવસે ઠાકુરે શારદામાને કહ્યું:

'હવે જુઓ, બ્રહ્મભાવનું ઉદ્દીપન થાય છે. જાણે કે,

હું ક્યાંક જઈ રહ્યો છું — પાણીની અંદર અંદર થઈને ખૂબ ખૂબ દૂર !'

એ સાંભળીને શારદામાની આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં. એટલે ઠાકુરે કહ્યું :

'તમને ચિંતા શી ? જેમ રહેતાં હતાં એમ રહેજો. આ નરેન વગેરેએ મારી જેવી સંભાળ રાખી છે, તેવી જ તમારી પણ રાખશે.'

અને એ જ રાતે શ્રાવણી અમાસે ઈ. સ. ૧૮૮૬ના ઑગસ્ટની ૧૫મી તારીખે શ્રીરામકૃષ્ણ પરમહંસ મહા-સમાધિમાં લીન થઈ ગયા.

## માતાજીને ઠાકુરનો આદેશ

ઠાકુરની અંતિમ ક્રિયા પૂરી થયા પછી સંધ્યાકાળે માતાજી શારદામા પોતાના શરીર પરથી એક પછી એક અલંકારો કાઢવા લાગ્યાં.

છેવટે જ્યાં હાથમાંથી સોનાનાં કંકણ કાઢવા જાય છે ત્યાં અચાનક ઠાકુર પ્રગટ થયા ! માતાજીનો હાથ પકડીને ઠાકુર બોલ્યા :

'શું હું મરી ગયો છું કે તમે સૌભાગ્યવતીનાં ચિહ્નો હાથમાંથી કાઢી નાખો છો ?'

ત્યાર પછી ઠાકુરના આદેશને માન્ય રાખી માતા-જીએ એ કંકણ છેવટ સુધી હાથમાં રહેવા દીધાં.

માતાજી મોટી લાલ કિનારની સાડી પહેરતાં, પણ

હવે નાની લાલ કિનારની સફેદ સાડી પહેરવા લાગ્યાં.

ઠાકુરે સ્થૂળ દેહ છોડયા પછી પોતે સૂક્ષ્મ દેહે પાસે જ છે એવો પ્રત્યક્ષ પરિચય માતાજીને કરાવ્યો ખરો. પરંતુ કોઈ કોઈ વાર માતાજી એમના વિના ઊંડી વ્યથા અનુભવતાં હતાં.

તે વખતે માતાજીની ઉંમર તેત્રીસ વરસની હતી.

માતાજીએ આખરે મનની શાંતિ મેળવવા તીર્થયાત્રાએ જવા વિચાર્યું. કેટલાંક ભક્ત સ્ત્રી-પુરુષની સંગાથે તેઓ યાત્રાએ નીકળ્યાં. વૃંદાવનમાં એક વરસ રહ્યાં. ઉત્તરથી છેક દક્ષિણે રામેશ્વર સુધીની તીર્થયાત્રા માતાજીએ કરી.

## માતાજીની પ્રાર્થના ફળી

રામેશ્વરમાં બનેલો એક પ્રસંગ જાણવા જેવો છે.

એ સમયે રામેશ્વરનું મંદિર સ્વામી વિવેકાનંદના શિષ્ય રામનદના રાજાને હસ્તક હતું. તેથી રાજાએ તાર કરી મંદિરના અધિકારીઓને જણાવ્યું કે, એમના ગુરુના ગુરુ પરમગુરુ મંદિરમાં પધારવાના છે. માટે તેઓને સારુ બધી વ્યવસ્થા કરી રાખજો.

સામાન્ય રીતે કોઈને ગર્ભ-મંદિરમાં જવા દેતા નથી. પરંતુ માતાજી અને તેમની ભક્તમંડળીને ગર્ભ-મંદિરમાં પૂજારીઓ લઈ ગયા. માતાજી છૂટથી મહાદેવના લિંગ પર અભિષેક, પૂજા વગેરે કરી શકયાં.

રામનદના ભક્તહૃદયી રાજાસાહેબે એમ પણ જણાવ્યું હતું કે, માતાજીને મંદિરનો રત્નભંડાર બતાવજો અને એમાંથી જે કંઈ પણ માતાજીને જોઈતું હોય તે તરત જ આપી દેજો.

મંદિરના અધિકારીઓએ માતાજીને રાજાસાહેબે આપેલી સૂચનાની વાત કરી અને વિનંતી કરતાં કહ્યું :

'માતાજી, એ રત્નભંડારમાંથી આપને જે કંઈ જોઈતું હોય એ ખુશીથી લેશોજી. અમને મહારાજાસાહેબ-નો હુકમ છે.'

એ સાંભળીને માતાજી બોલી ઊઠ્યાં :

'એમાંથી મારે લેવા જેવું શું છે? મને વળી શેની જરૂર હોઈ શકે? અમારી બધી જરૂરિયાતો તો ભક્ત-જનો પૂરી પાડે છે.'

માતાજીની વાત સાંભળીને અધિકારીઓ નિરાશ થઈ ગયા. તેઓની પણ ઇચ્છા હતી કે માતાજી કંઈક લે તો સારું.

તેઓને ખિન્ન બનેલા જોઈને માતાજીએ પોતાના ભાઈની નાની દીકરી રાધુને કહ્યું :

'જો, તને એમાંથી કંઈ જોઈતું હોય, તો લઈ શકે છે.'

એટલે અધિકારીઓએ માતાજી વગેરેને લઈને રત્ન-ભંડાર ખોલીને બતાવ્યો.

રત્નભંડારમાંનાં હીરા-મોતી વગેરે ઝવેરાતનું ઝળહળતું

તેજ આંખને આંજી નાખતું હતું. એ જોઈને માતાજીનું હૈયું ધડકવા લાગ્યું ! તેઓ તરત જ મનોમન ઠાકુરને પ્રાર્થના કરવા લાગ્યાં કે, દીકરી રાધુના મનમાં આમાંનું કશું લેવાની ઇચ્છા ન જાગે તો સારું.

પ્રભુએ માતાજીની પ્રાર્થના સાંભળી ખરી. કારણ, આ બધું ઝગમગતું ઝવેરાત જોઈને નાનકડી રાધુ બોલી ઊઠી :

'આમાં તે લેવા જેવું છે શું ? મારે આમાંથી કંઈ જોઈતું નથી ! પણ મારી પેન્સિલ ખોવાઈ ગઈ છે. મને એક પેન્સિલ વેચાતી લઈ આપો.'

આ સાંભળીને માતાજીએ છુટકારાનો દમ લીધો. બહાર આવીને માતાજીએ રાધુને બે પૈસાની પેન્સિલ વેચાતી લઈ આપી.]

## સંન્યાસી ભક્તો માટે માતાજીનો સદ્ભાવ

માતાજી 'ઉદ્બોધન'માં રહેતાં હતાં. ત્યાં માતાજી સાથે સંન્યાસી ભક્તો પણ રહેતા હતા. માતાજીની ભત્રીજી રાધુ પણ માતાજી સાથે રહેતી હતી.

એક વાર રાધુએ ઝાંઝર પહેર્યાં હતાં. એક દિવસ તે દોડતી દોડતી બીજે માળેથી નીચે ઊતરતી હતી. ત્યારે પહેલે માળે બેઠેલાં માતાજીએ તેને અટકાવીને કડક શબ્દોમાં કહ્યું :

'રાધી, તને શરમ નથી આવતી ? નીચે સંન્યાસીઓ

રહે છે ને તું રૂમઝૂમ રૂમઝૂમ કરતી ઊતરે છે ? છોકરાઓ શું કહેશે ? જરા વિચાર તો ખરી ! ઝાંઝર કાઢી નાખ.

'અહીં' જે છોકરાઓ અને છોકરીઓ રહે છે, તેઓ તમાશો જોવા માટે નથી આવ્યાં. બધાંય સાધના કરવા આવ્યાં છે. એમની સાધનામાં વિઘ્ન આવે, તો શું થશે જાણે છે ?'

રાધુએ તરત જ ઝાંઝર કાઢી નાખ્યાં.

બીજી એક વખત નાહી આવીને વાળ સુંદર દેખાય એ રીતે ઓળતી હતી. એ જોઈને માતાજી નારાજ થયાં. તેમણે એ બાબતમાં ટકોર કરી અને રાધુને ચેતવી.

આમ, માતાજી સાધુ-સંન્યાસીઓને માટે ચારે બાજુ સંયમનું વાતાવરણ રાખવા માટે કડક નજર રાખતાં.

સંન્યાસીઓ પ્રત્યે સન્માન દેખાડવું અને આચાર-વ્યવહારમાં સંયમ રાખવો એના પર બીજાં સ્થળોએ પણ માતાજી ખૂબ કાળજી રાખતાં.

એક વાર માતાજી કોઆલપાડા સ્થળે હતાં. તે વખતે બ્રહ્મચારી વરદા બેઠા બેઠા એક દિવસ બજારમાંથી ખરીદી લાવવાની વસ્તુઓની યાદી કરતા હતા.

તે વેળાએ એક સ્ત્રી-ભક્ત ત્યાંથી પસાર થતાં તેનો પાલવ વરદાના વાંસાને અડકયો. બ્રહ્મચારીજીને એની જાણ પડી ન હતી.

પરંતુ માતાજીની સજાગ નજરે એ પડ્યું હતું. એટલે તેમણે પેલી સ્ત્રીને ઠપકો આપતાં કહ્યું :

'આ છોકરો મારી પાસે બેસીને લખી રહ્યો છે,

એનો તને ખ્યાલ નથી? તું આટલી બેદરકારીથી કેમ ચાલે છે? આ લોકો તો બ્રહ્મચારીઓ છે. એમને સન્માન આપવું જોઈએ. એને પ્રણામ કર.'

એ સ્ત્રી-ભક્તે બ્રહ્મચારી વરદાને પ્રણામ કર્યા.

ગૃહસ્થી ભક્તો અને સંન્યાસી ભક્તો માતાજીનો પ્રેમ સમાન રીતે મેળવતા. પરંતુ સાધુ-સંન્યાસીઓ તેમને સ્વજન જેવા લાગતા. માતાજી ઘણી વાર કહેતાં :

'આ ત્યાગીઓ અહીં ન હોત, તો હું કોની સાથે રહેત?'

એક વાર 'ઉદ્‌બોધન'માં એક ગૃહસ્થ સ્ત્રી-ભક્તે એક વયોવૃદ્ધ સંન્યાસી સાથે તકરાર કરી અને બહાર ચાલ્યા જતાં કહ્યું :

'એ અહીં હશે ત્યાં સુધી હું અહીં નહિ આવું.'

આ વાત માતાજી સાંભળી ગયાં. એટલે ગુસ્સે થઈને બોલી ઊઠ્યાં :

'એ કોણ છે? ગૃહસ્થી! અહીંથી એને ચાલ્યા જવું હોય તો ભલેને ચાલી જાય! સાધુઓ તો મારે માટે સર્વસ્વનો ત્યાગ કરીને અહીં રહે છે.'

એક વાર એક સાધુએ માતાજીને પૂછ્યું :

'મા, જેમણે ઠાકુરનું શરણું લીધું છે, તે પછી ગૃહસ્થી હોય કે સંન્યાસી, પણ બંને સમાન જ કહેવાય ને?'

એ સાંભળીને માતાજી બોલી ઊઠ્યાં :

'એમ તે કંઈ હોય? ત્યાગી અને ગૃહસ્થી કંઈ સમાન કહેવાય? ગૃહસ્થીઓને તો કેટલી બધી વાસનાઓ

હોય છે! ને આ લોકો તો બધું છોડીને આવ્યા છે. ભગવાન સિવાય આ લોકોનું કોણ છે? ગૃહસ્થી સાથે એમની કંઈ સરખામણી કરાય?'

પરંતુ સાથે સાથે માતાજી એ પણ જોતાં કે સંન્યાસી પોતે કરેલા સંસાર–ત્યાગથી અહંકારી ન બની જાય. એક વાર સ્વામીજીએ માતાજી સાથે સંન્યાસી અને ગૃહસ્થી વિશે વાતો કરતાં કરતા કહ્યુ :

'મા, સંન્યાસની સાથે અહંકાર આવે છે.'

માતાજીએ આ વાતને અનુમોદન આપતાં કહ્યું :

'હા, ખૂબ અહંકાર આવે. "મને પ્રણામ ન કર્યા", "માન ન આપ્યું", "પેલું ન કર્યું" વગેરે. એના કરતાં તો હું છું તે જ સારી છું.'

એમ કહીને માતાજીએ પોતાનાં સફેદ કપડાં બતાવ્યાં.

## સંન્યાસીઓની હાઈકોર્ટ

સ્વામી શિવાનંદ એ વેળાએ બેલુર મઠના વ્યવસ્થાપક તરીકે હતા. એક વાર બ્રહ્મચારી નગેને કંઈક ભૂલ કરી. એટલે કેટલાક સંન્યાસીઓએ તેને કહ્યું કે શિવાનંદજી તને મઠમાંથી કાઢી મૂકશે!

એ સાંભળી નગેન ડરી જઈને કોઈને પણ કહ્યા વિના, કપડાંલત્તાં પણ લીધા વિના પગે ચાલતો ચાલતો માતાજી પાસે જયરામવાટી ચાલ્યો ગયો.

માતાજી તે દિવસોમાં જયરામવાટી રહેતાં હતાં.

નગેનનાં મેલાંઘેલાં કપડાં અને લૂખા વાળ જોઈને જયરામવાટીમાં પહેલાં તો કોઈ એને ઓળખી શક્યું નહિ.

નગેને માતાજીને પ્રણામ કરીને પોતાની ઓળખાણ આપી, ત્યારે બધાં એને ઓળખી શક્યાં.

માતાજીએ એને બે ધોતિયાં ને એક ઉપરણું અપાવ્યાં. એટલે તે નાહીધોઈને સ્વસ્થ થયો.

માતાજીએ તરત જ સ્વામી શિવાનંદને બેલુર મઠ પત્ર લખાવ્યો :

'ચિ. તારક, નાના નગેને કંઈક અપરાધ કર્યો છે. તેથી તમે એને કાઢી મૂકશો એ બીકે એ આખે રસ્તે પગે ચાલીને મારી પાસે આવ્યો છે. તો દીકરા, મા કોઈ દિવસ કંઈ દીકરાનો દોષ જુએ ખરી ? એને કંઈ કહેતો નહિ.'

જવાબ આવતાં સુધી એમણે નગેનને પોતાની પાસે જ રાખ્યો.

વળતી ટપાલે સ્વામી શિવાનંદનો જવાબ આવ્યો :

'નાનો નગેન આપની પાસે આવ્યો છે, જાણી મારી ચિંતા દૂર થઈ છે. અમે એને શોધતા હતા કે ક્યાં ગયો. એને મોકલી આપશોજી. હું એને નહિ વઢું.'

માતાજીએ પત્ર વાંચીને નગેનને બેલુર મઠ પાછો મોકલી દીધો.

બેલુર મઠ પહોંચતાં જ સ્વામી શિવાનંદ નગેનને વહાલથી ભેટી પડ્યા અને બોલ્યા :

'બેટા, તું મારી સામે ફરિયાદ કરવા માટે હાઈકોર્ટ

સુધી પહોંચી ગયો હતો ?'

### ઉદારતાભર્યું માતૃહૃદય

માતાજીના કાકા નીલમાધવબાબુ મોટી ઉંમરે કલકત્તામાં માતાજીને ત્યાં ગુજરી ગયા. એમના મૃતદેહને સ્મશાને લઈ જતી વખતે માતાજીના ભક્તો પણ એમાં જોડાયા હતા.

ઠાકુરનાં એક વયોવૃદ્ધ સ્ત્રીભક્ત ગુલાબમા માતાજી સાથે જ રહેતાં હતાં. એમણે જોયું કે, નનામી ઊંચકનારાઓમાં ત્રણ બ્રાહ્મણ હતા અને એક શૂદ્ર ભક્ત હતો.

ગુલાબમાએ એ તરફ માતાજીનું ધ્યાન ખેંચીને કહ્યું:

'મા, શૂદ્ર શા માટે બ્રાહ્મણના શબને અડકે છે ?'

માતાજીએ સહજ ભાવે જવાબ આપ્યો :

'ગુલાબ, શૂદ્ર વળી કોણ છે ? ભક્તોની કંઈ જાત હોય ? બધા જ સરખા.'

માતાજીનો એક ભક્ત વણકર જાતિનો હતો. તેથી એને માતાજીના મકાનમાં હરતાંફરતાં સંકોચ થયા કરતો.

માતાજીના માતૃહૃદયે એ જોઈ લીધું. એટલે માતાજીએ એને વહાલભર્યા શબ્દોમાં કહ્યું :

'દીકરા, તું વણકર છે, એટલે તને સંકોચ થાય છે, ખરું ને ! તેમાં શું દીકરા ? તું તો ઠાકુરનો સ્વજન છે. ઘરનો દીકરો પાછો ઘેર આવ્યો છે.'

આમ કહીને માતાજીએ એને શાંતિથી સમજાવ્યું કે,

દીક્ષા આપતી વખતે એની જાતિ વિશે પૂછ્યું નથી. એ બતાવે છે કે, તે માતાજીના કુટુંબનો જ છે. ગામડાંઓમાં ભલે સામાજિક બંધનો હોય, પણ જયરામવાટી ભલે ગામડું હોવા છતાં અહીં કોઈ એને રોકટોક કરશે નહિ. એણે પણ સામેથી પોતાનો પરિચય આપવાની જરૂર નથી. મુક્ત મને રહેવું અને બધે હરવું ફરવું.

પશ્ચિમ બંગાળના અમુક મુસલમાનો એ દિવસોમાં રેશમની પેદાશ ઉપર નભતા હતા. પરંતુ પરદેશી રેશમની હરીફાઈમાં એ દેશી ઉદ્યોગનો નાશ થયો. તેથી ઘણા મુસલમાનો બેકાર અને ગરીબ થઈ ગયા. ખાવાનાં સાંસાં પડવા લાગ્યાં. બીજો કોઈ ધંધો ન મળવાથી એ લોકો ચોરી અને લૂંટફાટ કરવા તરફ વળ્યા.

જયરામવાટીની આસપાસના પ્રદેશમાં એ લોકોના ત્રાસથી લોકો ડરતા. પરંતુ માતાજીના સમાગમમાં આવવાથી ઘણાબધા ધાડપાડુઓ એમના ભક્ત બની જવા લાગ્યા.

એક દિવસ એક મુસલમાન ભક્તે થોડાં કેળાં લાવીને માતાજીને કહ્યું :

'મા, ઠાકુરની સેવા માટે કેળાં લાવ્યો છું. સ્વીકાર કરશો ને ?'

હાથ લંબાવી માતાજી બોલ્યાં :

'જરૂર લઈશ, દીકરા, આપ. ઠાકુર માટે આણ્યાં છે તો જરૂર લઈશ.'

કેળાં લઈને માતાજી કોઠારમાં ગયાં. એટલે પાસેના ગામમાં રહેતી એક સ્ત્રીભક્ત એમની પાસે આવીને કહે :

'મા, આ લોકો તો ચોર છે. અમે એ લોકોને બરોબર જાણીએ છીએ. એમની વસ્તુ શા માટે ઠાકુરને ધરાવવી જોઈએ?'

માતાજીએ એને કશો જવાબ ન આપ્યો. કેળાં કોઠારમાં મૂકીને માતાજીએ એ ભક્તને મમરા અને મીઠાઈ ખાવા આપ્યાં.

એ ભક્ત ગયા પછી માતાજી ગંભીર અવાજે પેલી સ્ત્રીને કહેવા લાગ્યાં:

'કોણ સારું, કોણ નરસું એ હું જાણું છું.'

માતાજી તો પડેલાંને ઊભાં કરનારાં કરુણામયી માતા હતાં. આવા પ્રસંગે માતાજી કહેતાં:

'દોષ કરવો એ તો માણસનો સ્વભાવ જ છે. પરંતુ ભૂલ કરનારને કેવી રીતે સારો કરવો, એ બહુ થોડા લોકો જ જાણે છે.'

આમજાદ નામનો એક મુસલમાન આમ તો ચોરીનો જ ધંધો કરતો હતો. પરંતુ એને માતાજી પ્રત્યે ભક્તિ-ભાવ હતો.

એક વાર માતાજીએ આમજાદને પોતાના ઘરના ઓટલા પર જમવા બેસાડ્યો. એક બાઈ એમને પીરસતી હતી. પરંતુ એ બાઈ અભડાવાની બીકે નીચે ચોકમાં ઊભી ઊભી દૂરથી ખાવાનું ફેંકતી હોય એમ પીરસતી હતી.

માતાજીનું એ તરફ ધ્યાન ગયું. એટલે એને પાસે બોલાવીને તેમણે કહ્યું:

'આવી રીતે પીરસે, તો કોઈ માણસ સારી રીતે ખાઈ શકે? તું બરોબર ન આપી શકે, તો લાવ હું પીરસું.'

જમવાનું પૂરું થતાં માતાજીએ પોતે જ એઠી જગ્યા સાફ કરી.

આ જોઈને પેલી સ્ત્રીએ કહ્યું:

'મા, તમારી જાત ગઈ!'

માતાજી તેને ઠપકો આપતાં બોલ્યાં:

'શરત્—સ્વામી શારદાનંદ—જેવો મારો દીકરો છે, આ આમજાદ પણ તેવો જ છે. માને મન બધા દીકરા સરખા.'

## સલાહ આપવામાં વિવેક

માતાજીએ કેટલાય છોકરાઓને બ્રહ્મચર્ય અને સંન્યાસની દીક્ષા આપી ગૃહત્યાગી બનાવ્યા હતા.

પરંતુ વિચાર કર્યા વગર વૈરાગ્ય વિશે માતાજી કદી ઉપદેશ કે સલાહસૂચના આપતાં નહિ. જેમ કે, લગ્ન કરવાં કે નહિ એ વિશે તેઓ પાત્રતા પ્રમાણે ઉપદેશ આપતાં.

માતાજીની સલાહ લેવા કોઈ યુવાન આવે અને માતાજીને એની વાત પરથી એમ લાગે કે, લગ્નની બાબતમાં એના મનમાં સળવળ છે, તો માતાજી કહેતાં:

'દીકરા, આ વિશે હું કોઈ અભિપ્રાય ન આપી શકું. લગ્ન કર્યા પછી અશાંતિ ભોગવવી પડે, તો કહેશો

કે, મા, તમે જ લગ્ન કરવાની સલાહ આપી હતી!'

આવી જ દ્વિધા ધરાવતો એક યુવાન છોકરો માતાજીને કહે :

'મા, હું લગ્ન નહિ કરું.'

માતાજી એની દૃઢ મક્કમતા ન જોઈને સલાહ આપતાં હસતાં હસતાં બોલ્યાં :

'દીકરા, એ વળી શું ? સંસારમાં બધાંની જ જોડ છે. આ જોને, બે આંખ, બે કાન, બે હાથ, બે પગ—છે. એ જ પ્રમાણે પ્રકૃતિ અને પુરુષ.'

એક વાર એક યુવકે માતાજીને કાગળ લખી જણાવ્યું:

'મા, મને લગ્ન કરવાની ઇચ્છા નથી. પણ ઘરમાં માબાપ પરાણે પરણાવશે !'

એ વાંચીને માતાજી બોલી ઊઠયાં :

'જુઓ, જુઓ ! કેવો અત્યાચાર !'

એક વાર એક યુવાને માતાજીને કહ્યું :

'મા, આટલો વખત મેં લગ્ન કર્યા વગર રહેવાનો પ્રયત્ન કર્યો. પણ હવે આ રીતે રહી શકાય એમ નથી ! મારે શું કરવું ?'

એનો નિખાલસ એકરાર સાંભળીને એને નિર્ભય બનાવતાં માતાજી કહે :

'દીકરા, બીએ છે શા માટે ? ઠાકુરના કેટલા ગૃહસ્થ ભક્તો હતા ? તારે ડરવાની જરૂર નથી. તું લગ્ન કરજે.'

આમ, માતાજી લગ્ન અંગે શું માને છે, એ કેટલાંક માણસો સમજી શકતાં નહિ. એમનાં એક કુટુંબી બહેને

એટલે જ એક દિવસ માતાજીને કહ્યું :

'મા, આપના બધા જ છોકરાઓ સમાન છે. તોયે જે લગ્ન કરવા માગે છે, તેની આગળ તમે ત્યાગની વાત કરવાને બદલે તેને લગ્ન કરવાની સંમતિ આપો છો અને જે સંસારનો ત્યાગ કરવા માગે છે, તેની આગળ તમે ત્યાગની પ્રશંસા કરી લગ્ન ન કરવાનો ઉપદેશ આપો છો! પરંતુ ખરી રીતે તમારે માટે એ જ યોગ્ય કહેવાય કે, જે માર્ગ શ્રેષ્ઠ છે એ જ માર્ગે બધાંને દોરો.'

એ સાંભળીને માતાજી બોલ્યાં :

'જેનામાં ભોગ ભોગવવાની વાસના પ્રબળ છે, તે કંઈ હું લગ્ન કરવાની ના કહું એ સાંભળશે ખરો? અને જે બહુ જન્મનાં પુણ્યના બળે આ માયાનો ખેલ સમજી શકયો છે અને ભગવાનને જ સાર વસ્તુ તરીકે ગ્રહણ કર્યા છે તેને જરાક મદદ ન આપું, દીકરા? સંસારનાં દુઃખોને કંઈ અંત છે?'

## ધ્યાન-જપ અને કર્મ

માતાજી જપ-ધ્યાન-તપ-ગુરુમંત્રનું મહત્ત્વ સમજતાં હતાં. તેઓ પોતાના જીવનમાં એ મુજબ વર્તતાં હતાં અને ભક્તોને પણ એનું મહત્ત્વ સમજાવતાં હતાં.

એક વાર જપની કાર્યસાધકતા વિશે એક ભક્તને સમજાવતાં માતાજી કહે :

'જપ-તપ કરવાથી કર્મનાં બંધનો કાપી શકાય. પણ

પ્રેમ અને ભક્તિ સિવાય ભગવાન ન મળે. જપ-તપ એ શું છે જાણો છો? એનાથી ઇંદ્રિયોનો પ્રભાવ ઘટી જાય.'

બીજે એક પ્રસંગે માતાજીએ કહ્યું હતું :

'સમયસર આળસનો ત્યાગ કરીને જપ-ધ્યાન કરવાં જોઈએ. રોજ પંદર કે વીસ હજાર વાર જપ કરી શકો, તો કંઈક ફળ મળે. પહેલાં કરો, પછી ફળ ન મળે તો કહેજો. પરંતુ કાળજીથી જપ કરવા જોઈએ. આમ કોઈ જપ કરતું નથી અને બેદરકારી રાખે છે. પછી ફરિયાદ કરે છે કે મને જપનું ફળ કેમ નથી મળતું?'

કેટલાક લોકો એમ જ માનતા હોય છે કે, આખો દિવસ અમે કામકાજમાં એવા ડૂબેલા હોઈએ છીએ, પછી જપ-તપ કરવાનો વખત ક્યાંથી કાઢવો?

આ બાબતને ખ્યાલમાં રાખીને માતાજી ભક્તોને જીવનસાધના વિશે સમજ આપતાં કહેતાં :

'કામકાજ તો કરવાં જ જોઈએ. કામ કરવાથી મન પ્રસન્ન રહે છે. પરંતુ જપ, ધ્યાન, પ્રાર્થના વગેરેની ખાસ જરૂર છે. ઓછામાં ઓછા સવાર-સાંજ તો તે કરવા બેસવું જ જોઈએ. એ જાણે હોડીનું સુકાન છે. સાંજના બેસો તો આખા દિવસમાં સારાં-નરસાં શાં શાં કામ કર્યાં એનો વિચાર આવે. પછી આગલે દિવસે મનની કેવી સ્થિતિ હતી એની સાથે આજની મનની સ્થિતિની તુલના કરવી જોઈએ. પછી જપ કરતાં કરતાં ઇષ્ટ મૂર્તિનું ધ્યાન કરવું જોઈએ.

'કામકાજની સાથે સાથે સવાર-સાંજ જપ-ધ્યાન

નહિ કરો, તો સાધના વગેરે કરો છો કે નહિ એ કેમ સમજી શકશો ?'

જ્યારે કેટલાક લોકો એમ માનતા હોય છે કે જપ-ધ્યાન વગેરે કરવા જ હોય, તો દુન્યવી કામકાજનો સદંતર ત્યાગ જ કરી દેવો જોઈએ. બે ઘોડે સવાર ન થઈ શકાય.

તેથી એક વાર માતાજી પાસે એક ત્યાગી ભક્ત આવીને કહેવા લાગ્યો :

'કેટલાક લોકો કહે છે કે, સેવાશ્રમ, ઇસ્પિતાલો ચલાવવી, ચોપડીઓ છપાવવી-વેચવી, હિસાબ રાખવો વગેરે કામકાજ સાધુજીવનને અનુકૂળ નથી. કારણ કે ઠાકુરે પણ આવું કંઈ કર્યું ન હતું. કામ કરવું જ હોય તો પૂજા, જપ, ધ્યાન વગેરે જ કરવાં જોઈએ. બીજાં બધાં કામો મનને વિષય તરફ ખેંચીને સાધુને ઈશ્વરથી વિમુખ કરે છે !'

એ ભક્તની બધી વાત સાંભળીને માતાજી દૃઢતાથી બોલ્યાં :

'કામ નહિ કરો તો આખો વખત કરશો શું ? ચોવીસ કલાક કંઈ ધ્યાન-જપ કરી શકાય ? ને ઠાકુરની વાત કરો છો ? એમની વાત જ જુદી. એમને મિષ્ટાન્ન મથુર આપતો, જ્યારે તમને અહીં ખાવાનું મળે છે. કારણ તમે કામ કરો છો, નહિ તો એક મૂઠી અન્ન માટે ઘેર ઘેર ભટકતા ફરશો ? પ્રભુ જેમ ચલાવે છે, તેમ જ ચાલવાનું છે. મઠ આ પ્રમાણે જ ચાલશે. જે લોકો આમ ન રહી શકે તે

ચાલ્યા જાય.'

એક દિવસ માતાજીએ જયરામવાટીમાં પણ ભક્તોને કહ્યું હતું :

'આખો વખત જપ-ધ્યાન કેટલાં માણસો કરી શકે ? એના કરતાં મન સ્થિર કરી, ચંચળ ન બની, કામ કરવું વધારે સારું. મનને છૂટું મૂકો તો તે મુશ્કેલીઓ ઊભી કરે. મારા નરેને આ બધું જોઈને જ નિષ્કામ કર્મની શરૂઆત કરી.'

એક વાર એક ભક્તે માતાજીને પૂછ્યું :

'મા, કામ કરતાં કરતાં સાધનામાં આગળ વધવા માટે સરળ માર્ગ કયો ?'

માતાજીએ સામેની ઘડિયાળ બતાવીને સહજ રીતે કહ્યું :

'આ ઘડિયાળ જેમ 'ટિક ટિક' અવાજ કરતું કરતું પોતાનું કામ કર્યે જાય છે, તેમ ભગવાનનું નામ જપ્યે જાઓ. એથી જ બધું થઈ જશે. બીજું કંઈ કરવાની જરૂર રહેશે નહિ.'

## અંતિમ વિદાય

આમ, માતાજી સાધુ-સંન્યાસી વગેરે ભક્તોને માર્ગ-દર્શન આપ્યાં કરતાં હતાં.

આમ તો ઠાકુરના ગયા પછી માતાજીને ઠીક ઠીક વિટંબણા સહવી પડી હતી. તેઓ થોડો વખત કામાર-

પુકુર, તો થોડો વખત જયરામવાટી રહેવા જતાં. શરૂઆતના દિવસોમાં એમને સાથ આપનાર કોઈ ન હતું. પરંતુ માતાજીના નિર્મળ મનને ઠાકુરનું સૂક્ષ્મ સાન્નિધ્ય રહ્યા કરતું. તેથી માતાજીને એ મોટો સહારો હતો.

પછી કેટલાક ભક્તોને માતાજીની મુશ્કેલીની ખબર પડી. એટલે સૌએ આપસઆપસમાં ઠરાવ્યું કે, ગુરુ-પત્ની તરીકે 'મા' ને મહિને દસ રૂપિયા એકઠા કરીને મોકલવા. પરંતુ એ ઠરાવમાં જ રહ્યું. એનો અમલ જ ન થયો !

એ વેળાએ માતાજીના એવા દિવસો ગયા હતા કે, ભાતમાં ભેળવીને ખાવા ઘરમાં મીઠું પણ ન મળે ! આમ ભારે કષ્ટમય દિવસો આવ્યા, છતાં માતાજી બધું શાંતિથી ધીરજપૂર્વક સહન કરતાં અને વધુ ને વધુ સાધના પરાયણ બનતાં ગયાં. માતાજી દિવસનો મોટો ભાગ જપ-ધ્યાનમાં વિતાવતાં.

પછી તો શ્રીરામકૃષ્ણ સેવાસંઘની સ્થાપના થતાં માતાજીને હાથે ઘણા ભક્તો દીક્ષા લેવા લાગ્યા. આમ માતાજી 'સંઘમાતા' બન્યાં અને શ્રીરામકૃષ્ણદેવનું જીવન-કાર્ય આગળ વધારવા લાગ્યાં.

શ્રીરામકૃષ્ણ સંઘના પ્રચાર અને પ્રસારની સાથે માતાજી પાસે વિવિધ દેશોનાં, વિવિધ ધર્મોનાં અનેક નરનારીઓ દીક્ષા લઈને ધન્ય થવા માટે આવવા લાગ્યાં.

પરંતુ માતાજીની તબિયત દિનપ્રતિદિન બગડવા લાગી. માતાજીનું શરીર ઘસાવા લાગ્યું. છેવટે પોતાના ભક્તોને

આશીર્વાદ આપીને મા શારદામણિમા ઈ. સ. ૧૯૨૦ના જુલાઈની ૨૧ મી તારીખે મહાસમાધિમાં શ્રીરામકૃષ્ણ પરમહંસ સાથે એકરૂપ થઈ ગયાં. હે મા !

सर्व मंगल मांगल्ये नारायणि नमोऽस्तु ते ।

## ૨
# રાણી રાસમણિ

સંત તુલસીદાસે કહ્યું છે :

'जेहिके जेहि पर सत्य सनेहू ।
सो तेहि मिलत न कछु सन्देहू ॥'

સંતપુરુષના આ વચનનું સ્મરણ બંગાળના એક નાનકડા ગામમાં એક ગરીબ ઘરની નાનકડી બાળકીનો પ્રસંગ જોઈને થયા વિના રહેતું નથી.

નાનકડી બાળકી. એને ઘરમાં બધાં 'રાણી' કહીને બોલાવતાં. ઘર તો ગરીબ મજૂરનું. પણ આ બાળકી પૂર્વ-જન્મના સુસંસ્કારો લઈને જન્મી હતી.

નાનપણથી જ ધર્મગ્રંથોનું શ્રવણ કરવાનું એને ગમતું. રામાયણ, મહાભારત, ભાગવતની કથા થતી હોય, ત્યાં એ બાળકીના નાનકડા પગ દોડી જતા. ખૂબ ભક્તિ-ભાવથી ધર્મકથા સાંભળે.

દિવસે દિવસે રાણી મોટી થવા લાગી. ધર્મકથાઓના શ્રવણથી એનું હૃદય ભક્તિભર્યું બની ગયું હતું. દિવસમાં બબ્બે વાર નદીએ જઈને સ્નાન કરતી. ઘાટ પર જ કાલી માતાનું મંદિર. રાણી ત્યાં જઈને ભક્તિભાવથી માતાનાં દર્શન કરતી.

માતા પોતાની દીકરીનું આ બધું જોયાં કરે. એક દિવસ બા એની મશ્કરી કરતાં કહે :

'અલી ઓ રાણી! મોટો પૈસાવાળો વર મળે એટલા માટે આટલી બધી તપસ્યા કરે છે કે શું ?'

કિશોર વયની રાણી સહજ ભાવે બોલી :

'બા, મને રોજ થાય છે કે, આપણે માગીએ એટલા પૈસા આપણી આગળ ધરી દે એવો ધનવાન પતિ મળે તો કેવું સારું!'

બા એ સાંભળીને પૂછવા લાગી :

'રાણી તારું નામ, એટલે રાણીની માફક રહેવા માગે છે કે શું? ખૂબ દરદાગીના પહેરીને, કીમતી સાલુશેલાં પહેરીને ઠાઠમાઠમાં રહેવા માગે છે કે શું? વાહ! રાણી, વાહ!'

ત્યાં તો રાણી બોલી ઊઠી :

'ના, બા, ના એવું મારે કશું ન જોઈએ. ખૂબ પૈસા હોય તો કાલીમાતાનું એવું સુંદર મોટું મંદિર બંધાવું કે ન પૂછો વાત! બધાં જોયાં જ કરે.'

બા એ સાંભળીને મનમાં આનંદ પામતી દીકરીને આશીર્વાદ આપતી બોલી :

'દીકરી, તારી મનોકામના પૂરી થાઓ. આપણે રહ્યાં ગરીબ. પણ કાલીમાતા તારી ઇચ્છા જરૂર પૂરી કરશે.'

અને એક દિવસ એ બાળકીની આ મંગળ ભાવના પરિપૂર્ણ થઈ ખરી.

એ બાળકી કોણ?

રાણી રાસમણિ.

સાંભળો, રાણી રાસમણિની પ્રેરક વાતો.

## ગરીબના ઘેર રતન

હુગલી નદીને કિનારે બંગાળ દેશમાં એક નાનકડા ગામમાં એક મજૂર રહે. એનું નામ હરેકૃષ્ણ. એની પત્નીનું નામ રામપ્રિયા.

આ ગરીબ કુટુંબમાં બે પુત્રો પછી દીકરીનો જન્મ થયો.

દીકરીને જોઈને માબાપનો હરખ માય નહિ. કાળા-ભમ્મર વાળ, મોટી મોટી તેજસ્વી આંખો, ઊજળો વાન.

ગરીબના ઝૂંપડામાં જાણે તેજ તેજ ફેલાઈ ગયું. આવી રૂપાળી મીઠડી દીકરીને જોઈને માતા રામપ્રિયા બોલી ઊઠી :

'મારે પેટે કોક રાણી જ અવતરી છે! આપણા ગરીબ ઘરને ઉજાળશે.'

પછી તો એ મીઠડી બાળકીનું નામ 'રાણી' જ પડી ગયું. નામ રાણી અને પહેરવેશ તો ગરીબનો! જાડાં, ખરબચડાં, મેલાંઘેલાં, ફાટેલાં કપડાંમાં પણ રાણી 'રાણી' જેવી જ લાગે!

પ્રેમળ સ્મિત વેરતું એનું નિર્મળ મુખડું જોઈને ગરીબ પિતાનું હૈયું ભીનું ભીનું થઈ જતું. તેને થતું :

'આ તો મારું ચીંથરે વીંટ્યું રતન છે! એ તો

કોઈ ધનવાન રાજાને ત્યાં જન્મી હોત તો સારું. અમારા રંકને ત્યાં એ ભૂલથી જ જન્મી છે કે શું ? ભગવાનની લીલા અપાર છે. એનો મહિમા કોણ પામી શકે એમ છે ? ભગવાન બધું જોશે. મારા મોંઘામૂલા રતનનું એ જ જતન કરશે.'

અને એક દિવસ ગરીબ માતાપિતાની શુભ ભાવના ફળી ખરી.

## સંપત્તિશાળી સાસરું મળ્યું

એક દિવસ ઘરમાં માદીકરી કામ કરતાં કરતાં વાતો કરતાં હતાં. એવામાં પિતા બહારથી આવ્યા. ઘરમાં દાખલ થતાં થતાં તે આનંદભેર બોલી ઊઠ્યા :

'રાણી, રાણી, ક્યાં છે ? જરા અહીં તો આવ, મારી દીકરી ! તારું ભાગ્ય ફળ્યું ! તું તો મહાભાગ્ય-શાળી !'

પિતાને કોઈ દિવસ નહિ ને આજે આટલા બધા હરખઘેલા થયેલા જોઈને માદીકરી ખૂબ નવાઈ પામ્યાં. રામપ્રિયાદેવીએ પતિને પૂછ્યું :

'એવું બધું શું થઈ ગયું કે તમે આટલા બધા આનંદમાં છો ? કહો તો ખરા !'

પિતાએ દીકરીના માથા પર હેતથી હાથ ફેરવતાં કહ્યું :

'અરે, આપણી રાણી દીકરીનું માગું આવ્યું છે.'

પત્નીએ કહ્યું :

'એમાં આટલા બધા હરખાઈ શા માટે જાઓ છો? દીકરી છે ને માગું આવે.'

પતિએ ઉલ્લાસભેર કહ્યું :

'પણ જરા સાંભળ તો ખરી! એ કંઈ આપણા જેવા ગરીબ ઘેરથી નથી આવ્યું. કલકત્તામાં એક ખૂબ પૈસાદાર વેપારી રહે છે. એમનું નામ છે પ્રીતિચંદ્રબાબુ. એ બાબુજીના દીકરા છે રાજચંદ્રબાબુ. પ્રીતિચંદ્રબાબુજી-એ આજે સંદેશો મોકલ્યો છે કે, તેમના દીકરાનાં લગ્ન રાણી સાથે કરવા તેઓ તૈયાર છે.'

એ સાંભળીને રામપ્રિયા ખૂબ જ નવાઈ પામી. તે બોલી ઊઠી :

'તમે આ શું બોલો છો? તમારું મગજ ઠેકાણે-બેકાણે છે કે? એવડા મોટા ઘરમાં આપણા ગરીબની દીકરી! તમારી મશ્કરી કરવા કોઈએ ખોટો સંદેશો તો નથી આપ્યો ને? જોજો, હાં, આપણી હાંસી નહિ થાય! બરાબર તપાસ કરજો. ક્યાં એ મોટા ઘરનો દીકરો અને ક્યાં આપણા ગરીબ ઘરનું રતન!'

હરેકૃષ્ણદાસે મરક મરક હસતાં કહ્યું :

'રાણીની મા, મારું ભેજું ઠેકાણે છે. હું કંઈ એમ ભોળવાઈ જાઉં એવો નથી. આ ચિઠ્ઠી જો. આવા મોટા માણસ કશા લેવાદેવા વગર અમ જેવા ગરીબ પર સામેથી

કાગળ લખી આપણી દીકરીનું માગું ન જ કરે. મા કાલી-ની જ કૃપા સમજો.'

રામપ્રિયા અહોભાવપૂર્વક મનોમન મા કાલીને વંદન કરીને ગદ્ગદ કંઠે બોલી :

'મા, તારો જ આ પ્રતાપ! નહિ તો આવા મોટા મોભાદાર કુટુંબમાં અમ ગરીબનું છોકરું!'

એ સાંભળીને હરેકૃષ્ણદાસની આંખમાં પણ હર્ષનાં આંસુ ઊભરાઈ આવ્યાં. ધોતિયાના છેડાથી આંખો લૂછતાં લૂછતાં તે કહે :

'તું એને રાણી કહે છે ને? એ નામ પણ સાર્થક થવું જોઈએ કે નહિ? આપણી દીકરી ખરેખર રાજાની રાણી થવાની!'

અને થોડા જ વખતમાં રાણીનાં લગ્ન રાજચંદ્રબાબુ સાથે ખૂબ ધામધૂમથી થયાં. આખા ગામે રાણીને ભાવ-ભરી વિદાય આપી.

ગરીબ ઘરની 'રાણી' હવે ખરેખર 'રાણી રાસમણિ' બની ગઈ.

## રાણી નિર્લેપ રાણી

પ્રીતિચંદ્રબાબુ કલકત્તાના એક ધનાઢ્ય વેપારી હતા. એમની સંપત્તિ કેટલી અઢળક હતી, એનો ખ્યાલ પોતાના દીકરા–વહુ માટે જે વિશાળ મહેલ જેવું મકાન બંધાવ્યું હતું એ પરથી સહેજે આવશે.

રાજચંદ્ર અને રાસમણિ માટે બંધાવેલું મકાન એટલે મોટો મહેલ જ સમજી લો. એમાં ત્રણસો ઓરડાઓ હતા! દીવાનખાનું, બેઠક માટે ખંડ, દેવઘર, રસોડું, પુરુષોને રહેવાની જગ્યા, રાજચંદ્ર અને રાસમણિ માટે મહેલ જેવી અલાયદી વ્યવસ્થા, સ્ત્રીઓને રહેવાની જગ્યા એવા એવા કેટલાય વિભાગો હતા.

આટલો વિપુલ વૈભવ જોઈને સામાન્ય જન તો છકી જઈને મદોન્મત્ત જ બની જાય. એમાં ગરીબને જો આટલો વૈભવ મળે, તો શુંને શું જ થઈ જાય. રાણી રાસમણિ ગરીબાઈમાં જન્મી હતી, મોટી થઈ હતી. પરંતુ આટલી બધી સમૃદ્ધિ અને આવું અભૂતપૂર્વ સુખ જોઈને રાણી જરાયે ચલિત ન થઈ. તેને આ બધાં સુખવૈભવનો જરાયે લેપ ન લાગ્યો.

પોતાના પિતાના ગરીબ ઘરમાં જેવી સાદાઈથી તે રહેતી હતી, એવી જ સાદાઈથી તે આ ધનાઢ્ય ઘરમાં રહેવા લાગી. તેનો પહેરવેશ ખૂબ જ સાદગીભર્યો હતો. રાણીની આવી સાદગી જોઈને ઘરનો સ્ત્રીવર્ગ એને કહેતો:

'રાણી, તમે આવા ધનવાન ઘરમાં સામાન્ય સ્ત્રીની માફક પહેરવેશ રાખો એ સારું ન કહેવાય. તમારે તો ઘરનો મોભો જળવાય એ રીતે ઠાઠમાઠથી રહેવું જોઈએ.'

આ સાંભળીને રાણી કોઈ વાર મૌન જાળવતી અને કોઈ વાર સ્મિત ફરકાવતી કહેતી:

'તમારી વાત સાચી છે. પરંતુ સ્ત્રીનું સાચું ભૂષણ એનું શીલ છે. શીલથી જ સ્ત્રી શોભે. એને બહારના

ઠઠારાની શી જરૂર ?'

રાણી રાસમણિ નાનપણથી ભક્તિશીલ હતી. ભગવાનની નિષ્ઠાપૂર્વક પૂજા કરવાનું તેને ખૂબ જ ગમતું. પતિઘેર આવીને પણ તેનો આ ક્રમ ચાલુ જ રહ્યો.

વહેલી સવારે તે ઊઠી જતી. ઘરના મોભાને માન આપી તે દાસદાસી અને નોકરચાકર સાથે જઈને બગીચામાંથી ભગવાનને ચડાવવા માટે ફૂલો ચૂંટી લાવતી.

હજી બધે અંધારું હોય એ વેળાએ તે ગંગામૈયાને તીરે જઈ સ્નાન કરતી. પછી પોતાના આવાસમાં ખાસ બનાવેલા પૂજાઘરમાં તે પૂજા કરવા બેસતી.

એવામાં સૂરજદાદા ગગનમંડળમાં ઉપર આવી બધે અજવાળાં ફેલાવવા લાગે. ઘરનાં બધાં માણસો ઊઠી જાય. એટલે રાણી સાડીનો છેડો માથા, મોઢા પર ખેંચી, લાજ કાઢી સાસુસસરાને પ્રણામ કરવા જાય. પછી પતિને પગે લાગવા જતી.

આવાં ભક્તિમયી રાણી રાસમણિ હતાં.

પતિ રાજચંદ્ર રાસમણિની આવી ભક્તિશીલતા જોઈને મુગ્ધ બની જતા. એક વાર તેમણે રાણીને હસતાં હસતાં કહ્યું :

'રાણી, જેને પગે લાગવા માટે તું રોજ સવારે અહીં આવે છે, તેણે પોતે જ સામે ચાલીને તારું માગું કર્યું અને તને પરણ્યો, એ વાત તું ભૂલી ગઈ છે કે શું ?'

રાણી રાસમણિદેવી વિનમ્ર ભાવે બોલ્યાં :

'એને હું મારું પરમ અહોભાગ્ય માનું છું.'

## રાણીને મૂંઝવતો કોયડો

રાણીને આ વાત સમજાતી ન હતી કે, આવા ધનવાન પિતાના યુવાન પુત્રે ગરીબાઈમાં જીવતી સાવ અભણ અને ગામડિયણ મજૂર-બાલિકાને પોતાની જીવન-સાથી તરીકે કઈ રીતે પસંદ કરી હશે? એમણે મારામાં એવું તે શું જોયું હશે? મેં એમને પહેલાં કદી જોયા પણ ન હતા. તો પછી આવા કુળવાન અને સંપત્તિશીલ કુટુંબના નબીરાએ એમના જેવા જ કોઈ પ્રતિષ્ઠિત કુટુંબ-ની કન્યાને બદલે એક મજૂરની કન્યાનું સામે ચાલીને શા માટે માગું કર્યું હશે?

આ કોયડો રાણીને ઘણી વાર ખૂબ મૂંઝવતો હતો. એક દિવસ તેમણે પોતાના પતિને મનની વાત જણાવતાં પૂછ્યું:

'તમને કેટલાય દિવસથી પૂછું પૂછું એમ મનમાં થયાં કરે છે. મને એક વાત સમજાતી નથી! તમે બહુ મોટા શ્રીમંત ઘરના છો. તમને મનપસંદ સારી છોકરી મળી જાત. તો પછી મારા જેવી સાવ ગરીબ માબાપની સાદીસીધી દીકરીમાં તમે એવું તે શું જોયું કે મારું સામે ચાલીને માગું કરવાનો તમને વિચાર આવ્યો?'

રાજચંદ્રબાબુ મરક મરક હસતાં હસતાં ભાવભર્યા અવાજે બોલ્યા:

'ઓહો! આમ વાત છે? મને શી ખબર કે, રાણી મનમાં આટલું બધું મૂંઝાતી હશે? લે, સાંભળ, મારી રાણી!

'મને તારી આ ભક્તિભીની, સુરેખ, પ્રસન્ન, નિર્મળ મૂર્તિનું દર્શન પ્રથમ વાર હુગલીના ઘાટ પર થયું.

'હું વેપારના કામ અંગે બોટમાં બેસીને જતો હતો. અમારી બોટ તારા ગામ આગળ થોડી વાર થોભી હતી. મને થયું, લાવ, સહેજ બહાર જાઉં અને ગામની શોભા નિહાળું. અને ખરેખર મને ગામની અદ્ભુત શોભાનું અચાનક દર્શન થયું! હું ધન્ય ધન્ય થઈ ગયો.

'એ મનોરમ શોભા કઈ? એ વખતે તું સ્નાન કરીને તરતનાં ભીનાં કપડાં ખભા પર નાખી પૂર્વ દિશા ભણી સૂર્યનારાયણને હાથ જોડી ઊભી હતી. મને થયું કોઈ દેવતા જ ધરતી ઉપર આવીને ખડી છે!

'તું મારા દિલમાં વસી ગઈ. મેં ત્યાર પછી ગામમાં તપાસ કરીને તારું ઘર શોધી કાઢ્યું....'

પતિને વચ્ચેથી અટકાવીને ખૂબ સંકોચ સાથે લજ્જા-ભર્યા અવાજે રાણી બોલી ઊઠયાં :

'બસ બસ, પત્નીની આટલી બધી પ્રશંસા ન થાય. માથે ચડી બેસશે.'

એમ કહીને રાણી ત્યાંથી ઝટ પસાર થઈ ગયાં અને પોતાના નિત્યના ઘરકામમાં લાગી ગયાં. એમના દિલમાં પતિના શબ્દો જાણે ઘર કરી ગયા. રાણીને જીવનની ધન્યતા લાગી. તે મનોમન ભગવાનને અહોભાવથી પ્રાણામ કરવા લાગ્યાં.

## ભોઈઓની સારસંભાળ

રાણી રાસમણિ દરરોજ ગંગાસ્નાન કરવા માટે જતાં હતાં. ધનવાન કુટુંબની વહુ ચાલતી ગંગાસ્નાન કરવા ઓછી જાય ? રાણી પાલખીમાં બેસીને ગંગાઘાટ પર સ્નાન કરવા જતાં હતાં.

એક દિવસ રાસમણિએ પોતાના પતિને ધીમેથી કહ્યું :

'સાંભળો. મારી એક વાત તમને કહેવી છે. હું રોજ ગંગાસ્નાન કરવા પાલખીમાં બેસીને જાઉં છું. ગંગાઘાટ પર જવાનો રસ્તો ખૂબ જ ખરાબ થઈ ગયો છે. હું તો લહેરથી પાલખીમાં બેઠી હોઉં. પણ બિચારા ભોઈઓનું શું ? એ બિચારા ઉઘાડા પગે એ ખરાબ રસ્તે પાલખી ઉપાડીને ચાલતા હોય છે. રસ્તા પરના કાંકરા-પથરા તેમના પગમાં ભોંકાતા હશે ! એ બિચારાઓને કેટલો ત્રાસ થતો હશે ! એનો વિચાર આવતાં મારું મન દ્રવી ઊઠે છે. માટે તમે એ રસ્તો દુરસ્ત કરી આપો તો કેવું સારું ! '

રાણીની આવી કરુણાભરી લાગણી જોઈને રાજચંદ્ર-બાબુ મનમાં ખૂબ આનંદ પામ્યા. રાણી તો સુખેથી પાલખીમાં બેઠી હોય, પણ પાલખીમાં બેઠાં બેઠાં પણ તેને ગરીબ બિચારા ભોઈઓને પડતા કષ્ટનો વિચાર આવ્યો અને એ વિચારે દુઃખ પામી. એટલું જ નહિ પણ એ લોકોનું દુઃખ કેમ દૂર થાય એનો પણ ઉપાય કરવાનું તેને સૂઝ્યું.

રાજચંદ્રબાબુએ રાણીનો પ્રસ્તાવ હર્ષભેર ઉપાડી

લીધો. તેમણે ગંગાઘાટ પર જવાનો રસ્તો મજૂરોને રોકીને દુરસ્ત કરાવી દીધો.

હવે રાણી સુખેથી પાલખીમાં બેસી ગંગાસ્નાન કરવા જવા લાગ્યાં. ભોઈઓ પણ કષ્ટ વેઠ્યા વિના લહેરથી રાણીની પાલખી ખભે ઉપાડી જવા લાગ્યા અને રાણીને આશીર્વાદ આપતાં તેઓ મનોમન પ્રાર્થના કરતા.

'ગંગામૈયા, અમારી રાણીસાહેબાને સદા સુખી રાખજે!'

'એક સરખા દિવસ સુખના કોઈના જાતા નથી.'

આમ રાણી રાસમણિનો સંસાર સુખમાં ચાલતો હતો. ચાર ચાર દીકરીઓનાં રાણી માતા થયાં. ભર્યા-ભાદર્યા ઘરમાં કિલ્લોલ કિલ્લોલ થઈ રહ્યો.

સસરાજી પ્રીતિચંદ્રબાબુને થયું, 'હું હવે ઘરડો થયો. હવે મારે છેવટની મંજિલની તૈયારી કરવી રહી. લાવ, હવે વેપારનો બધો ભાર પુત્રને સોંપી દઈ, નિરાંતે હરિભજન કરું.'

એમ વિચાર કરી તેમણે ધીરે ધીરે વેપાર પુત્રને સોંપવા માંડયો. રાજચંદ્રબાબુએ પણ પોતાની હિસાબ વગેરે કરવાની ચોકસાઈ અને ચીવટથી વેપારી મંડળમાં સારી એવી છાપ પણ પાડી.

આપણા સંસ્કૃત સાહિત્યમાં ગૃહિણીનાં લક્ષણો સૂચવતો એક શ્લોક છે; એમાં જણાવ્યું છે :

'कार्येषु मंत्री, वचनेषु दासी, भोज्येषु माता, धर्मानुकूला, क्षमया धरित्री, भार्या गुणज्ञा भवदुर्लभा सा।'

—'કામકાજમાં મંત્રીની ગરજ સારે, જે આજ્ઞા આપવામાં આવે એનું બરાબર પાલન કરે, માતાની માફક પ્રેમથી જમાડે, ધર્મનાં કાર્યોમાં સાનુકૂળ થાય, ધરતીની માફક ક્ષમાશીલ હોય એવી પત્ની મળવી દુર્લભ છે.'

એ મુજબ રાણી રાસમણિ પણ પોતાના પતિના કારભારમાં ધીરે ધીરે ધ્યાન આપવા લાગ્યાં. આમ સોનામાં સુગંધ ભળે એમ કુટુંબમાં બધે સુખની સૌરભ પ્રસરી ગઈ.

પરંતુ વિધિએ રાણીના ભાગ્યમાં બીજા જ લેખ લખેલા હતા ! પતિ રાજચંદ્રબાબુ એકાએક સખત બીમાર પડી ગયા. વૈદ–દાકતરોએ આકાશપાતાળ એક કરી નાખ્યાં. પણ નિયતિ આગળ કોઈ ઇલાજ કારી ન આવ્યો. રાજચંદ્રબાબુ સૌને રડતાં મૂકીને ચાલ્યા ગયા !

રાણી રાસમણિ ઉપર દુઃખનાં પ્રચંડ વાદળ ઘેરાઈ ગયાં. અફાટ સંપત્તિનો બધો ભાર એકલાં રાણી ઉપર સોંપીને તે વિદાય થઈ ગયા.

એ જમાનામાં પતિ પાછળ સતી થવાનો રિવાજ હજી ક્યાંક ક્યાંક ચાલુ હતો. એટલે મરતાં પહેલાં રાજચંદ્રબાબુ રાણીને કહેતા ગયા :

'રાણી, મારી પાછળ તું સતી થતી નહિ. આપણા દેશમાં અંગ્રેજો રાજ કરે છે. અંગ્રેજ અધિકારીઓની દાનત ચોખ્ખી નથી. તે આપણા વેપારધંધા પર ટાંપીને બેઠા

છે. એ લોકો જો અહીં પગપેસારો કરશે, તો ગરીબ જનતાના કૂતરાના જેવા હાલહવાલ થઈ જશે.

'માટે રાણી, તું દુઃખથી હિંમત હારતી નહિ. હૈયું કઠણ કરજે અને મારું અધૂરું રહેલું કામ પૂરું કરજે. ગરીબ-ગુરબાંની તું મા બનજે. એમનું રક્ષણ કરજે. ધર્માચરણ કરી જીવનને સાર્થક કરજે.'

પતિદેવના આ છેલ્લા શબ્દો રાણીએ હૈયામાં કંડારી રાખ્યા. વૈધવ્યનું કારમું દુઃખ મૂંગાં મૂંગાં સહન કરી તેમણે પોતાના પતિનું બધું કામકાજ જાતે સંભાળવા માંડ્યું.

દેવદેવતાની પૂજા, મહેમાનોની દેખરેખ, રસોડાનું કામ, ગરીબગુરબાંઓને ખેરાત આ બધી જવાબદારીઓ સાથે રાણીએ પોતાના પતિના મોટા વેપારની તથા તેમની મોટી જમીનદારીની બધી જવાબદારી પણ હિંમતપૂર્વક ઉપાડી લીધી. એથી ધીમે ધીમે એમનામાં રહેલી કાર્યદક્ષતા વધારે ને વધારે ખીલવા લાગી. કોઈને રાજચંદ્રબાબુની ખોટ સાલવા ન દીધી.

આ બધું કરવા છતાં રાણીનો ભક્તિ પ્રત્યેનો ઝોક જરાયે ઓછો ન થયો. ઊલટો તે વધતો જ ગયો. કાલી માતા પ્રત્યેનો ભક્તિભાવ વધારે ઊંડો બન્યો.

## ગોરા સાહેબનું ગુમાન ઉતાર્યું

બંગાળના ઘણાખરા લોકો કાલીમાતાના પરમ ભક્ત હોય છે. બંગાળીઓ કાલીમાતાની પૂજા ખૂબ ધામધૂમથી

ઊજવતા હોય છે. દુર્ગાષ્ટમીના દિવસોમાં કાલીમાતાનો ઉત્સવ બંગાળી લોકો ઠેર ઠેર ખૂબ ઠાઠમાઠથી ઊજવે છે.

રાણીમા પણ આ ઉત્સવ વેળાએ લાખો રૂપિયાનું ધર્માદાન કરતાં હતાં અને કાલીમાતાની પૂજા ભવ્ય રીતે કરતાં.

એક વાર રાણીમાના નોકરચાકરોએ એમને કહ્યું :

'રાણીમા, આવતે વરસે આપણે દુર્ગામાતાની ચાંદીના રથમાં વાજતે ગાજતે યાત્રા કાઢીએ.'

રાણી રાસમણિને આ વિચાર ગમી ગયો. તેમણે ઉમંગભેર કહ્યું :

'જરૂર! જરૂર!'

રાણીમાને ધરમના કામમાં ઢીલ કરવી ગમતી નહિ. તેમણે તરત જ પોતાના મુખ્ય કારભારીને બોલાવીને કહ્યું :

'આપણે દુર્ગામાતાની ચાંદીના રથમાં વાજતે ગાજતે યાત્રા કાઢવાની છે. માટે હમણાંથી જ એની તૈયાર કરવી પડશે. સારા કારીગરો પાસે એક સુંદર રથ તૈયાર કરાવો. પૈસાનો વિચાર કરશો મા. જેટલું ખરચ કરવું પડે એટલું ખુશીથી કરજો, સમજ્યા કે?'

અને રાણીમાની ઇચ્છા પ્રમાણે મહાપર્વ દુર્ગાષ્ટમીને આગલે દિવસે એક સુંદર રથ રાણી રાસમણિના નિવાસમાં હાજર થયો.

લોકોના ઉત્સાહ અને આનંદમાં જાણે ભરતી આવી. ઢોલ, નગારાં, મૃદંગ વગેરે વાદ્યોએ આ ભવ્ય નિવાસને ગજાવી મૂકયો.

હવે બન્યું એવું કે, રાણી રાસમણિના નિવાસની સામી બાજુએ એક ગોરો સાહેબ રહેતો હતો. તેનાથી આ સહન ન થયું. પોતાના શાસન નીચે રહેલી પ્રજા આવી ભવ્ય ધામધૂમથી ઉજવણી કરે એ ગોરો શાનો સાંખી લે? તેણે તરત જ ગોરા કમિશનર આગળ આ અંગે ફરિયાદ કરી અને પોલીસ બોલાવી. તેણે પોલીસોને વાજાં બંધ કરવાનો હુકમ અપાવ્યો.

રાણીમા આવો વિરોધ ચલાવી લે એવાં ન હતાં. તેમણે કડક શબ્દોમાં કહી દીધું:

'આ અમારો ઉત્સવ દિન છે. અને તમારી માફક કેવળ મીણબત્તીઓ સળગાવી ઉત્સવ ઊજવતાં નથી. અમે તો ઢોલ, ત્રાંસાં, નગારાં, મૃદંગ વગેરેના અવાજથી આખી દુનિયામાં ચૈતન્ય નિર્માણ કરીએ છીએ. ધર્મની બાબતમાં આવી ડખલગીરી અમે જરાયે સહન ન કરીએ.'

પછી તેમણે પોતાના કારભારીને હુકમ કર્યો:

'આવતી કાલે આ બધાં વાજિંત્રોની સંખ્યા વધારજો, બેવડી જ કરી દેજો. બધાં વાજિંત્રો કાલે હાજર થઈ જાય, એ જોજો.'

અને રાણીની આજ્ઞા અનુસાર બીજે દિવસે ખરેખર બેવડી સંખ્યામાં વાજિંત્રો હાજર થઈ ગયાં. ઢોલ, મૃદંગ, કરતાલ વગેરે વગાડનારા તમામ લોકો રાણીના નિવાસ આગળ મસ્તીમાં આવી જઈ કાલીમાતાના જયજયકારના પોકારો કરતા જોરશોરથી વાજિંત્રો વગાડવા લાગ્યા.

ચાંદીના સુંદર રથમાં દુર્ગામાતાની અલંકારોથી શણગારેલી મૂર્તિને સ્થાપીને વાજતેગાજતે યાત્રા શરૂ થઈ. રાણીના નિવાસેથી નીકળીને પેલા ગોરા સાહેબના ઘર આગળ થઈને યાત્રા આગળ વધી.

પેલો ગોરો કાનમાં આંગળીઓ ખોસી ભવાં ચડાવી કાંઈક બબડતો બબડતો પોતાના ઘરની બારીમાં ઊભો હતો. પરંતુ આવા મોટા શોરમાં એની પિપૂડીનો અવાજ કોને કાને સંભળાય?

આ રીતે પોતાની હાંસી થયેલી જોઈને ગોરો વધારે વકર્યો. તેણે હવે બીજો મોરચો રચ્યો.

ગોરાએ પોતાની બરોબરીના ચારપાંચ ગોરા ભાઈબંધોને ભેગા કર્યા. પછી રાણીએ ગંગા પર જવાનો જે રસ્તો તૈયાર કરાવ્યો હતો એ જ રસ્તે થઈને ગંગાઘાટ પર જઈ ત્યાંનાં મંદિરોમાંનાં પારેવાંને તેઓ પોતાની બંદૂકથી મારવા લાગ્યા. વળી ઘાટ પર જતા-આવતા ગરીબ માણસોને પણ પજવવા લાગ્યા.

રાણીને કાને આ બધી વાતો આવી. રાણીનું મોં ગુસ્સાથી લાલચોળ થઈ ગયું. તેમને થયું : 'આ ઉદ્ધત ગોરાને બરોબર પાઠ ભણાવવો જોઈએ.'

રાણીએ પોતાના કારભારીને બોલાવીને કંઈક વાતો કહી.

બીજે દિવસે પેલો ગોરો હાથમાં બંદૂક લઈ રુઆબભેર રાણીના નિવાસ આગળથી નીકળ્યો. થોડેક ગયો,

ત્યાં તો રસ્તો બંધ! રસ્તા પર દીવાલ ચણી લેવામાં આવી હતી.

આ જોઈને ગોરો રાતોપીળો થઈ ગયો. તેને થયું, આ બાઈ એના મનમાં શું સમજતી હશે? અમે તો એ લોકો પર રાજ કરીએ છીએ. આજે એની સાન ઠેકાણે લાવું તો જ ખરો.

ગોરાએ કોરટમાં જઈને રાણીની સામે ફરિયાદ કરી. રાણી દમામભેર કોરટમાં હાજર થયાં. તેમણે ગોરા ન્યાયધીશને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું :

'આ રસ્તો અમે અમારા ખરચે બંધાવ્યો હતો. એના પર અમારો જ પૂરેપૂરો અધિકાર છે. ત્યાં ભીંત ચણવી કે નહિ એ સવાલ બીજા કોઈનો નહિ પણ અમારો પોતાનો છે. મારી વાત આપને ગેરવાજબી લાગતી હોય, તો જોઈ લો આ બધાં હિસાબનાં કાગળિયાં!'

ન્યાયાધીશ શું કહી શકે? રાણી જીત્યાં અને ગોરાની રેવડી દાણાદાણ થઈ ગઈ!

આખા કલકત્તા શહેરમાં રાણીની વાહવાહ થવા લાગી.

થાય જ ને? એ જમાનામાં ગોરાઓનું રાજ હતું. હિંદીજનની મગદૂર શી કે ગોરા સામે બાથ ભીડે? પણ રાણી તો અબળા હતી. અબળાએ સબળાને છક્કડ ખવડાવી. પછી રાણીમાની વાહવાહ ન થાય તો શું થાય?

## ગરીબ કોળીઓની વહારે

રાણીમાની કાર્યદક્ષતાની સૌને જાણ થવા લાગી. દીન, દુઃખી, મુસીબતમાં આવી પડેલાં ગરીબગુરબાં રાણીમા પાસે દોડતાં પહોંચી જતાં. રાણીમા તો માનતાં હતાં :

'जो जल बाढै नाव में,
घरमें बाढै दाम ।
दोऊ हाथ उलीचिये,
यही सज्जनको काम ॥'

—સંત કબીરસાહેબ કહે છે કે, જો હોડીમાં પાણી વધતું જાય અને ઘરમાં ધન વધતું જાય તો એને બંને હાથે ઉલેચવા માંડવું, એ જ સજ્જનનું કર્તવ્ય છે.

એટલે રાણીમા પોતાના અઢળક ધનનો સદુપયોગ કરવામાં આનંદ માનતાં હતાં. પોતાને બારણે આવેલાં ગરીબગુરબાંઓને તે જમવાકરવાનું આપતાં, કપડાંલત્તાં આપતાં અને જરૂર લાગે તો પૈસા પણ આપતાં. એમના નિવાસસ્થાનેથી પાછાં ફરતાં સૌ યાચકો હસતે મોઢે એમને આશિષ આપતાં પાછાં જતાં હતાં.

રાણીમાનો એવો નિયમ જ થઈ ગયો હતો કે, બપોર પછી રોજ આગળના ભાગમાં આવીને બેસતાં. જે કોઈ યાચક આવે, તેને પ્રેમ–સદ્ભાવથી સહાય આપતાં.

એક દિવસ મંગુ નામના એક કોળી સાથે વીસ-પચીસ કોળીઓનું ટોળું રાણીમા પાસે આવ્યું.

મંગુએ રાણીમાને હાથ જોડીને પ્રણામ કર્યા અને દીન સ્વરે કહ્યું :

‘રાણીમા, અમારી એક અરજી છે.’

રાણીમા બોલ્યાં :

‘બોલ, મંગુ, શું કહેવું છે?’

મંગુ હાથ જોડીને બોલ્યો :

‘રાણીમા, અમ ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા છીએ! અમને થયું કે, આપ જ અમ જેવા દીનજનોને સહાયક છો. એટલે અમે અમારી કથની આપને કહેવા આવ્યા છીએ.

‘અમે બધા કોળી છીએ. રોજ સવારે હોડકાં લઈ દરિયામાં જઈ માછલાં પકડી લાવીએ છીએ. માછલાં વેચી મીઠું ને રોટલો ખાઈએ છીએ.

‘પણ આઠેક દિવસ પર ગોરા સાહેબોએ નવો હુકમ કાઢ્યો છે. અમારા પર હોડી દીઠ બે રૂપિયાનો કર નાખ્યો છે! બે રૂપિયા આપીએ તો જ દરિયામાં અમને જવા દે. એમને બે રૂપિયા કર આપીએ, તો પછી અમે ખાઈએ શું? અમારાં બાળબચ્ચાંને ખવડાવીએ શું?

‘રાણીમા, આ લોકો અમને ખૂબ સતાવે છે! અમારાથી કર ન ભરાય, તો બંદૂકની ગોળી બતાવે છે! અમને તેઓ ધમકાવીને કહે છે કે, કર નહિ આપો તો ગોળીથી ઠાર મારીશું. રાણીમા, અમને આ ભારે ત્રાસમાંથી બચાવો.

અમે આપને શરણે આવ્યા છીએ. આપ જ અમારાં રક્ષણ-હાર છો, રાણીમા !'

આ ગરીબ લોકોની દુઃખભરી કહાણી સાંભળીને રાણીમા સમસમી ગયાં. તે બોલી ઊઠ્યાં :

'એમ વાત છે ? અમારા દેશમાં આવી અમારી પાસે કર માગે છે ? ઠીક છે, મંગુ, તું જા. થોડા દિવસમાં આ વાતનો હું બરોબર નિકાલ લાવું છું.'

કોળીઓ રાણીમાને પગે લાગી નિરાંત અનુભવતા જતા રહ્યા. એટલે રાણીમા એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના તરત જ ગોરા કમિશનર પાસે પહોંચી ગયાં. ધરમના કામમાં વળી ઢીલ શાની ? સંત કબીરસાહેબે કહ્યું છે ને—

'काल करे सो आज कर, आज करे सो अब ।
अवसर बित्यो जात है, फिर करेंगे कब ॥

રાણીમાએ કમિશનરને કહ્યું :

ઘુસુરી–મોતિઆબુર્જ આગળનો પ્રદેશ લાંબી મુદત માટે મારે ભાડે રાખવો છે. આપ માગશો એટલું ભાડું આપવા હું તૈયાર છું.'

કમિશનર રાણીમાના મનની મુરાદ જાણતા ન હતા. એમને તો એમ કે, ચાલો, આપણી કંપની સરકારને ભાડાના એટલા પૈસા મળશે. તેમણે રાણીમાને ઠાવકાઈથી કહ્યું :

'એ પ્રદેશ અમે તમને ખુશીથી ભાડે આપીશું. બોલો, વરસના દસ હજાર રૂપિયા ભાડું આપવા તમે તૈયાર છો ?'

રાણીમાએ તો કશી આનાકાની કર્યા વિના તરત જ એટલી રકમ ભરી દીધી. તેમણે ઘુસુરી–મોતિઆબુર્ઝ આગળના ગંગાના પ્રવાહની માલિક મેળવી લીધી.

રાણીમાએ તે જ દિવસે પોતે મનમાં ધારેલી યોજના અમલમાં મૂકી દીધી. તેમણે પોતાના નોકરોને ભેગા કરી ગંગાના એ વહેણમાં બધે મોટા મોટા પ્રતિબંધો ઊભા કરી દીધા.

ગોરાઓ તો આ જોઈને ખૂબ ધૂંઆંપૂંઆં થઈ ગયા. કારણ કે ગોરાઓની આગબોટોનો જવા-આવવાનો એ વહેણ જ રસ્તો હતો. પ્રવાહમાં પડેલા મોટા મોટા પથરા અને ઝાડનાં થડને લીધે ગોરાઓની આગબોટોને અડચણ પડવા લાગી.

ગોરાઓએ તરજ જ રાણીમા સામે ફરિયાદ કરી. રાણીમા તો આ તકની રાહ જ જોતાં હતાં. તે જરાયે ડર્યા વિના કોરટમાં હાજર થયાં.

ન્યાયાધીશે રાણીમાને પૂછ્યું :

'કંપની સરકારની બોટો માટે તમે જાણીજોઈને અડચણો ઊભી કરી છે. આ આરોપ તમે કબૂલ કરો છો ?'

રાણીએ હિંમતભેર જવાબ આપ્યો :

'જરાય નહિ !'

ન્યાયાધીશે બીજો સવાલ પૂછ્યો :

'તો પછી તમે ગંગાના પ્રવાહમાં મોટા મોટા પથરા, લાકડાનાં મોટાં મોટાં ઢીમચાં વગેરે શા માટે નાખ્યાં છે ? એથી કંપની સરકારના વેપાર ઉપર કેવી માઠી અસર થાય

છે એ શું તમે નથી જાણતાં ? આગબોટનો માર્ગ એથી બંધ થઈ ગયો છે. આ રીતે તમે ઇરાદાપૂર્વક કંપની સરકારને મોટું નુકસાન પહોંચાડો છો. આ સિવાય પ્રવાહમાં અડચણો ઊભી કરવાનું બીજું કોઈ કારણ જણાતું નથી.'

રાણીમાએ આ ઉપરાછાપરી પુછાયેલા સવાલોનો જવાબ પણ જડબાતોડ આપ્યો :

'ન્યાયાધીશ સાહેબ, કોણ કોનું નુકસાન કરે છે એ આપ ન્યાયબુદ્ધિથી જરા વિચારો તો સારું. ઘુસુરી–મોતિ-આબુર્ઝ પ્રદેશ મેં ભાડે રાખ્યો છે અને એનું મેં રીત-સરનું ભાડું સરકારશ્રીને ચૂકવી દીધું છે, એ વાત આપ જાણો તો છો ને ?

'એ પ્રદેશમાં મારા કોળીઓ માછલી પકડવાનું કામ કરે છે. કંપનીની આગબોટો એટલો તો મોટો અવાજ આમથી તેમ ઘૂમે છે કે તેથી માછલીઓ ગભરાઈને આમતેમ ભરાઈ જાય છે. તેથી અમારી માછલીઓની પેદાશ ખૂબ ઓછી થઈ જાય છે. અમારા કોળીઓને દિવસોના દિવસો જાળ નાખી બેસી રહેવું પડે છે. છતાંય તેઓને માછલીઓ મળતી નથી. કંપનીની બોટોને લીધે ઊલટાનું અમને જ નુકસાન થાય છે.

'આ રીતે આપ વિચારશો તો આપને સાચી હકીકત સમજાશે.'

રાણીમાની આ યુક્તિ ફળી. એમની વાત કોરટે મંજૂર કરવી પડી.

પરિણામે મંગુ જેવા સંકડો કોળીઓ પરનો કર કંપની સરકારે રદ કરવો પડ્યો. કર ભર્યા વગર કોળીઓની હોડીઓ દિવસરાત માછલીઓ પકડતી ફરતી થઈ, ત્યારે જ રાણીમાએ પ્રવાહમાં ઊભી કરેલી અડચણો દૂર કરી દીધી.

## ગોરા સિપાઈઓને પાઠ શીખવ્યો

રાણીમાનું ઘર જાણે પરદુઃખભંજન ધામ જેવું બની ગયું હતું. કોઈને જરા ભીડ પડી, એટલે રાણીમા આગળ દોડી આવે.

એક દિવસ એક નિશાળના પાંચ છ શિક્ષકો રાણીમા પાસે ફરિયાદ કરવા દોડી આવ્યા. એ લોકોએ તેમને અરજ કરતાં કહ્યું :

'રાણીમા, આજ પાંચ દિવસ થયાં ત્રીસપાંત્રીસ ગોરા સિપાઈઓ શાળામાં અડ્ડો જમાવીને પડ્યા છે. તેઓ દિવસરાત દારૂ પીને ધાંધલ મચાવે છે. એથી શાળાનું કામકાજ બંધ થઈ ગયું છે. એ લોકો ગોરા સિપાઈઓ હોવાથી અમારી કોઈ ફરિયાદ સાંભળતું નથી !'

આ સાંભળીને રાણીમા ઊંચે સાદે બોલી ઊઠ્યાં :

'શાળાની પવિત્ર જગ્યામાં દારૂ પીવાની હિંમત કરી એ પાજીઓએ ?'

રાણીમાએ પોતાના એક વિશ્વાસુ નોકરને સાદ પાડી બોલાવ્યો :

'શિવરામ !'

શિવરામ દોડતો આવી રાણીમાએ આગળ ખડો થઈ ગયો. રાણીમાએ તેને હુકમ કરતાં કહ્યું :

'શિવરામ, આ માસ્તર સાહેબની શાળામાં ગોરા સિપાઈઓ દારૂ પીને ધાંધલ મચાવે છે. તું, બંસી, રામશરણ બધા જાવ અને એમને સારી પેઠે શુદ્ધિમાં લાવો.'

રાણીમાનો હુકમ, પછી પૂછવું જ શું ? શિવરામ પોતાના સોબતીઓને લઈને હાથમાં ડાંગ લઈ શાળાએ દોડી ગયો. બધાએ મળીને એ પીધેલા ગોરાઓને બરોબર ખોખરા કર્યા.

જોતજોતામાં આ સમાચાર આખા ગામમાં ફેલાઈ ગયા : 'પાંચપચીસ જુવાનોએ ગોરા માથાભારે સિપાઈઓને સારી પેઠે મેથીપાક આપ્યો !'

રાણીમા આ સમાચાર સાંભળીને રાજી થયાં.

બીજે દિવસે રોજની માફક વહેલી સવારે રાણીમા ગંગાસ્નાન કરીને ઘેર પાછાં ફર્યાં હતાં. ત્યાં તો તેમણે બહાર શોરબકોર થતો સાંભળ્યો. આ શાની ધમાલ છે એ જોવા તે બહાર નીકળતાં હતાં, ત્યાં તો તેમના નિવાસસ્થાન ઉપર સળગતા કાકડા, પથરા, બાટલીઓ વગેરેનો જાણે વરસાદ વરસવા લાગ્યો !

શિવરામે હાંફળાફાંફળા દોડી આવીને કહ્યું :

'રાણીમા, રાણીમા, કાલે અમે પેલા ગોરાઓને સીધાદોર કર્યા હતા, તેઓ હમણાં રોષે ભરાઈ આપણા ઉપર બદલો લેવા અહીં ધસી આવ્યા છે !'

રાણીમાએ સ્વસ્થતાથી પૂછ્યું :

'તેઓ કેટલા છે?'

શિવરામે કહ્યું : 'સોએક હશે.'

રાણીમાએ જરાયે ખમચાયા વિના કહ્યું :

'તો પછી તું અને બંસી બધાં બૈરાંને લઈ પાછલે બારણેથી ક્યાંક સુરક્ષિત સ્થળે પહોંચી જાવ.'

શિવરામે મૂંઝાઈને પૂછ્યું :

'અને રાણીમા, આપ એકલાં અહીં રહેશો?'

રાણીમા તો કશો જવાબ આપ્યા વિના ઊઠયાં. પોતાનાં હથિયારો મૂકચાં હતાં એ ઓરડામાં ગયાં અને એક સરસ તેજદાર તલવાર લઈને તે બહાર ધસી આવ્યાં.

આજે રાણીમાનો આવેશ કાંઈ ઓર જ હતો કાલકા-માતાના જેવું ઉગ્ર સ્વરૂપ ધારણ કરીને રાણીમા પોતાના નિવાસસ્થાનના મુખ્ય દરવાજા આગળ ચમકતી તલવાર ઉગામીને ખડાં થઈ ગયાં.

એમનું આવું રુદ્ર સ્વરૂપ જોઈને પેલા ગોરાઓના મોતિયા મરી ગયા!

એટલામાં કેટલાક ઉપરી ગોરા અધિકારીઓ ત્યાં દોડી આવ્યા. તેમણે આ ઉદ્ધત સિપાઈઓની ગેરવર્તણૂક બદલ દિલગીરી બતાવી અને રાણીમાની માફી માંગી.

## હિંમત તો રાણી રાસમણિની!

એક દિવસ કેટલાક કોળી લોકો રાણીમા પાસે ધા નાખતા આવ્યા :

'રાણીમા, રાણીમા !'

રાણીમા એમને સાન્ત્વન આપતાં બોલ્યાં :

'બોલો, ભાઈ ઓ શું થયું છે ? આટલા બધા ગભરાયેલા કેમ છો ?'

કોળીઓ ધીમે અવાજે કહે :

'રાણીમા, એક ગોરો અમને ખૂબ સતાવે છે !'

ગોરાનું નામ સાંભળતાં રાણીમાનો પારો આસમાને ચડી ગયો.

વાત એમ હતી કે, ડોનાલ્ડ નામનો એક ગોરો વેપારી લીલો રંગ તૈયાર કરવા ખાસ જાતનાં આડ રોપવા લાગ્યો હતો. પેલા ગોરા વેપારીએ પોતાની પાસે પરવાનો હતો એના જોરે રાણીમાના કોળીઓને ત્રાસ આપવા માંડચો હતો.

રાણીમાએ કોળીઓને પૂછ્યું :

'એ ગોરો શું કરે છે ?'

કોળીઓએ કહ્યું :

'રાણીમા, અમે બાંધેલા બંધ વગેરે તેણે તોડી નાખ્યા છે. અમારાં ખેતરોની નહેરો–નીકો પણ ખેદાન-મેદાન કરી નાખી છે ! અમને આ ભારે ત્રાસમાંથી બચાવો !

એ રાતે પેલો ગોરો પોતાના મોટા ઘરમાં એકલો બેઠો હતો.

એવામાં તેના બારણે ટકોરા પડચા !

ગોરો અંદર બેઠો બેઠો રૂઆબભેર બોલ્યો :

'કોણ છે ?'

બહારથી એટલા જ રૂઆબમાં જવાબ મળ્યો :

'હું છું', રાણી રાસમણિ. બારણું ખોલો.'

રાણી રાસમણિનું નામ સાંભળતાં જ ગોરો ધ્રૂજી ઊઠયો. તેણે બીતાં બીતાં હળવેથી બારણું ઉઘાડ્યું.

જુએ તો રાણી રાસમણિ એની સામે પિસ્તોલ તાકીને સિંહણની માફક ઊભા હતાં. !

ડોનાલ્ડ થર થર કાંપવા લાગ્યો.

રાણીમાએ ભારવાહી અવાજમાં કહ્યું :

'મેં એવું સાંભળ્યું છે કે, તમે અમારા કોળીઓનાં ખેતરોનો નાશ કરો છો, બંધ વગેરે તોડી નાખો છો, કોળીઓને દમદાટી કરો છો. બોલો, આ વાત ખરી છે કે ?'

ગોરાએ ધ્રૂજતાં ધ્રૂજતાં હકારમાં માથું હલાવ્યું.

રાણીમાએ મોટા અવાજે કહ્યુ :

'મારા હાથમાં શું છે, એ જોયું ?

'તું ફક્ત માટીના બંધ તોડે છે, હું તારા લોહી-માંસની છાતીના બંધ જોતજોતામાં વીંધી નાખીશ, સમજ્યો કે ?'

ડોનાલ્ડ તો ભયભીત બની ખૂબ કાંપવા લાગ્યો. કાકલૂદી કરી તેણે રાણીની માફી માગી.

તેની આવી દીન દશા જોઈને રાણીનો પ્રકોપ જરા શાંત થયો. તેમણે હાથમાંની પિસ્તોલ કમ્મરે ખોસી દીધી અને ઝડપથી તે અંધારામાં અદૃશ્ય થઈ ગયાં.

તે દિવસથી ડોનાલ્ડની દાદાગીરી ઓસરી ગઈ.

## રાણીમાની મનોવાંછના

આમ રાણીમા લોકહૃદયમાં અને ખાસ કરીને દીન દુઃખી-પીડિત જનોના હૃદયમાં વત્સલ માતાનું સ્થાન પામ્યાં હતાં ખરાં. વળી સંસારજીવનમાં તેમને સુખની કમી ન હતી. રાણી રાસમણિની ચારે દીકરીઓને પરણાવી દીધી હતી. દીકરીઓને ઘેર બાળકો પણ થયાં હતાં. ત્રીજી પુત્રી પોતાની પાછળ માત્ર એક દીકરી મૂકીને ગુજરી જતાં, તેના પતિ મથુરબાબુ બીજે લગ્ન કરીને પોતાનાથી છૂટા ન પડે એટલા માટે રાણીમાએ પોતાની ચોથી દીકરી જગદંબાનાં લગ્ન મથુરબાબુ સાથે કર્યાં હતાં. કારણ કે જમીનદારીનો વહીવટ ચલાવવામાં અને બધી વ્યવસ્થા રાખવામાં મથુરબાબુ રાણીમાના જમણા હાથ જેવા થઈ પડ્યા હતા.

આવો બધો સુખવૈભવ હોવા છતાં રાણીમાના અંતરના ઊંડાણમાં એક પવિત્ર ઝંખના છેક બાળપણથી ઘર કરીને બેઠી હતી : ખૂબ પૈસા હોય તો કાલીમાતાનું એવું મોટું સુંદર મંદિર બંધાવું કે ન પૂછો વાત !

અને એ માટે પતિઘેર આવ્યાં પણ રાણીમાએ મનથી એની પૂર્વતૈયારી કરવા માંડી હતી જ. પરંતુ ચાર ચાર દીકરીઓ, મોટી જમીનદારી, ધીકતો વેપારધંધો અને ભર્યુંભાદર્યું કુટુંબ વગેરેનો બોજો પતિ એમના પર નાખીને એકાએક અવસાન પામતાં રાણીમાનું એ દિવ્ય સ્વપ્નું સાકાર પામ્યું નહિ. પરંતુ મનોમન એમણે મક્કમ નિર્ધાર કરી રાખ્યો હતો જ.

નાનપણથી જ રાણીમાની કાલીમાતામાં સવિશેષ ભક્તિ હતી. જમીનદારીના વહીવટી દસ્તાવેજોમાં સિક્કો મારવા માટેની મહોરમાં તેમણે નીચે પ્રમાણે કોતરાવ્યું હતું :

'કાલીપદ અભિલાષી શ્રીમતી રાસમણિ દાસી.'

## સ્વપ્નું સાકાર પામ્યું

કાશી જઈને વિશ્વનાથ અને અન્નપૂર્ણામાનાં દર્શન તથા ઠાઠમાઠથી પૂજા કરવાની ઉત્કંઠા રાણીમાના મનમાં ઘણા વખતથી પ્રબળ થઈ રહી હતી એ માટે તેમણે ઘણી મોટી રકમ એકઠી કરીને બાજુએ રાખી હતી.

હવે વહીવટનું કામકાજ ઠરીઠામ પડ્યું હતું અને જમાઈ મથરબાબુ બધો વહીવટ બરોબર સંભાળવા લાગ્યા હતા. એટલે છેવટે રાણીમાએ કાશીની યાત્રાએ જવાની તૈયારી કરી.

બધું નક્કી થઈ ગયા પછી યાત્રાએ નીકળવાની આગલી જ રાતે રાણીમાને સ્વપ્નું આવ્યું. સ્વપ્નમાં દેવીનાં દર્શન થયાં. માતા એમને આદેશ આપતાં બોલ્યાં :

'રાસમણિ, કાશી જવાની જરૂર નથી. ભાગીરથીને તીરે રમણીય પ્રદેશમાં મારી મૂર્તિની પ્રતિષ્ઠા કરીને પૂજા અને ભોગની વ્યવસ્થા કર. હું એ મૂર્તિમાં પ્રગટ થઈને તારી પૂજા હંમેશાં સ્વીકારીશ.'

એ અદ્ભુત સ્વપ્નથી ચમકી જઈને રાણીમા સફાળાં જાગી ઊઠ્યાં, તેમણે મથુરબાબુ સાથે મસલત કરીને દેવીના

આદેશનો વિના વિલંબે અમલ કરવાનો નિશ્ચય કર્યો. કાશીની યાત્રાએ જવાનું માંડી વાળીને રાણીમાએ એકઠું કરેલું દ્રવ્ય એ જ કાર્યમાં વાપરવું એમ ઠરાવ્યું.

એ હેતુથી ચારે બાજુએ જમીનની શોધ કરતાં છેવટે ઈ. સ. ૧૮૪૧માં સપ્ટેમ્બરની ૬ ઠ્ઠી તારીખે સાઠ વીઘાં જમીનનો એક વિશાળ પ્લૉટ વેચાતો લેવામાં આવ્યો.

પછી એ જગ્યાએ નવચૂડાથી શોભીતું મોટું કાલી-મંદિર, બાર શિવ મંદિરો, રાધાકાંતનું મંદિર વગેરે દેવાલયો, ઘાટો, સભામંડપ, નોબતખાનાં, અતિથિશાળા, વિશાળ ફૂલવાડી વગેરે બાંધીને તૈયાર કરવાના કામનો આરંભ કરી દીધો. એ બધું પૂરું કરતાં દશ વર્ષ લાગ્યાં.

આ સ્થાન તે દક્ષિણેશ્વરનું કાલીમંદિર.

## રાણી રાસમણિ સામે ધર્મસંકટ

સને ૧૮૫૫ના મેની ૩૧મી તારીખે મૂર્તિની પ્રાણ-પ્રતિષ્ઠા કરવાનું નક્કી થયું. એ માટે મોટા પાયા પર રાણી રાસમણિએ ઉમળકાભેર તૈયારીઓ શરૂ કરાવી. એમનું ભક્ત-હૃદય આનંદથી ઊભરાઈ ઊઠ્યું હતું. ભવ્ય દક્ષિણેશ્વર મંદિરમાં કાલીમાતાની મૂર્તિનાં દર્શન કરવા તેમનું હૈયું આકુળવ્યાકુળ થઈ ગયું હતું. નાનપણમાં સેવેલી ઝંખના પૂર્ણ થવાની રાણીમા ઉત્સુકતાથી રાહ જોતાં હતાં.

ત્યાં તો અણધાર્યું ધર્મસંકટ આવીને ખડું થઈ ગયું! ભલભલા માથાભારે ગોરા અધિકારીને જરાયે નમતું

ન જોખનાર રણચંડી જેવાં રાણીમા ધર્મને નામે ઊભી થયેલી મડાગાંઠ આગળ વિમાસણમાં મુકાઈ ગયાં!

વાત એમ હતી કે, રાણી રાસમણિ તે વખતના રૂઢિચુસ્ત બ્રાહ્મણોને મતે જાતે શૂદ્ર હોવાથી એમના મંદિરની પૂજા કરવા માટે કે ત્યાં પ્રસાદ લેવા માટે કોઈ બ્રાહ્મણ તૈયાર થાય એમ ન હતું.

હવે શું કરવું એની ભારે વિમાસણમાં રાણી રાસમણિ પડી ગયાં. જીવનભર સેવેલું સ્વપ્ન નષ્ટ થવાના સંજોગો ઊભા થયા.

પરંતુ રાણીમા આમ હિંમત હારે એવાં ન હતાં. તેમણે આ બાબતમાં ચારે તરફ પંડિતોને લખીને શાસ્ત્ર-સંમત અભિપ્રાય જાણવાનો પ્રયત્ન કર્યો. પરંતુ રૂઢિચુસ્તતાના પ્રભાવે કોઈ પણ પંડિતે અનુકૂળ શાસ્ત્રાધાર બતાવ્યો નહિ!

આવી નિરાશાની પળોમાં આવેલો એક પત્ર આશાનું કિરણ બની રહ્યો.

એ પત્ર હતો કામારપુકુર ગામના એક બ્રાહ્મણ રામકુમારનો. એમણે લખ્યું હતું કે, જો રાણી એ મંદિર કોઈ બ્રાહ્મણને દાનમાં આપી દે, તો એ મંદિરમાં પૂજા કરવામાં કે પ્રસાદ લેવામાં કોઈ બ્રાહ્મણને શાસ્ત્રની દૃષ્ટિએ બાધ આવે નહિ.

આ ઉકેલ જો કે શાસ્ત્રસંમત હતો, છતાં લોકાચાર અને રૂઢિ એટલાં પ્રબળ હતાં કે, અનેક પંડિતોએ આ અભિ-

પ્રાય સામે પણ વિરોધમાં માથાં ધુણાવ્યાં. પરંતુ રામકુમાર હિંમત દાખવીને એ અભિપ્રાયને વળગી રહ્યા.

## રાણીમાની અજોડ ઉદારતા

રાણી રાસમણિને તો કોઈ પણ હિસાબે દક્ષિણેશ્વરમાં કાલીમાતાની પ્રાણપ્રતિષ્ઠા કરીને પૂજા કરવાની અદમ્ય ઝંખના હતી. તેમણે કેટલા ઉત્સાહથી દક્ષિણેશ્વરનાં મંદિરો વગેરે બાંધવામાં પોતાની કમાણીના નવ લાખ રૂપિયા—એટલે આજને હિસાબે જોતાં પાંચ કરોડથી પણ વધારે રૂપિયા—ખર્ચ્યા હતા. વળી દેવસેવા કાજે જે રોજનું ખરચ થાય એ માટે સવા બે લાખ રૂપિયા આપીને એક પરગણું વેચાતું લઈને દાનપત્રથી લખી આપ્યું હતું.

આ બધું ખરચ એળે જાય એ રાણીમા શાનાં સાંખી લે ? તેમણે અજબ ઉદારતા દાખવીને રામકુમારના મતનો સહર્ષ સ્વીકાર કરીને દક્ષિણેશ્વરની તમામ માલમિલક્ત વિધિસર પોતાના આધ્યાત્મિક ગુરુને અર્પણ કરી દીધી.

આમ એક મોટી વિટંબણા દૂર થઈ ખરી. પણ રાણીમા આગળ બીજી મુશ્કેલી આવીને ખડી થઈ ગઈ!

દક્ષિણેશ્વરના મંદિરમાં મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા બહુ ધૂમધામથી ભવ્ય રીતે થઈ ખરી. પરંતુ એક શૂદ્ર સ્ત્રીએ બંધાવેલા આ મંદિરમાં પૂજારી બને એવો કર્મકાંડી બ્રાહ્મણ મેળવવાનું કાર્ય વિકટ હતું. જ્ઞાતિપ્રથા અને રૂઢિનું માળખું ભેદવું એ કંઈ સહેલી વાત ન હતી. કારણ કે જે

કોઈ બ્રાહ્મણ એવા મંદિરમાં પૂજા કરવા માટે તૈયાર થાય તેને પોતાના જ્ઞાતિજનોના રોષનો ભોગ બનવું પડે તેવું હતું.

રાણી રાસમણિની કુશાગ્ર બુદ્ધિએ આ મુશ્કેલીમાંથી મારગ શોધી કાઢ્યો. તેમને રામકુમાર યાદ આવ્યા. તેમણે તરત જ પૂજારીપદ માટે રામકુમારને આમંત્રણ આપતો પત્ર લખી મોકલ્યો :

'કાલીનું મંદિર સમર્પણ કરવાનો અવસર આવ્યો એ આપનાં જ સલાહસૂચનોને આભારી છે. તો હવે એની પૂજા કરવાનું પવિત્ર કાર્ય કોઈ જેવા તેવા બ્રાહ્મણને સોંપાય એમ નથી. એટલે આપના જેવી પવિત્ર અને વિદ્વાન વ્યક્તિની અનિવાર્ય જરૂર છે.'

રામકુમારે શ્રીજગદમ્બાની પૂજા કરવાનું સ્વીકારી લીધું અને આયુષ્ય પૂરું થતાં સુધી કાલીમંદિરનું પૂજારી-પદ સાચવ્યું.

## ભાવિ પરમહંસનું આગમન

બૌદ્ધ અને જૈન ધર્મગ્રંથોમાં એવી માન્યતા દર્શાવી છે કે, બુદ્ધ અથવા તીર્થંકરનું આ ધરતી ઉપર અવતરણ થવાનું હોય એ પહેલાં દેવતાગણ આવીને એમને માટે બધી પૂર્વતૈયારી કરી રાખે છે. એ જ રીતે જાણે દક્ષિણેશ્વરમાં એક ભાવિ મહાપુરુષને માટે સાધના અર્થે અને યુગપ્રવર્તક ધર્મવિચારના પ્રચાર અર્થે પૂર્વભૂમિકા તૈયાર કરવામાં ન આવી હોય ?

બન્યું હતું એવું કે રામકુમારની સાથે એમના નાના ભાઈ ગદાધર પણ કલકત્તામાં આવીને રહ્યા હતા. તે પણ રામકુમારની સાથે દક્ષિણેશ્વર આવ્યા.

આ નવું સ્થળ ગદાધરને સર્વ રીતે અનુકૂળ લાગવા માંડયું. પવિત્ર એકાંત સ્થાન, વડીલ બંધુની પ્રેમભરી કાળજી, રાણી રાસમણિ અને મથુરબાબુનું ભાવભર્યું વર્તન, મા જગદંબા અહીં હાજરાહજૂર છે એવી અચલ શ્રદ્ધા તથા નજીકમાં જ વહેતી પતિતપાવની ગંગામૈયા—આ બધું આ સ્થળ પ્રતિ ગદાધરની પ્રીતિ વધારી રહ્યું.

આ ગદાધર જ આગળ જતાં શ્રીરામકૃષ્ણ પરમહંસ તરીકે જગવિખ્યાત થયા.

## કાલીમંદિરના પૂજારી

રાણી રાસમણિના જમાઈ મથુરબાબુની ચકોર નજર શ્રીરામકૃષ્ણનો સૌમ્ય દેખાવ, કોમળ પ્રકૃતિ, નાની ઉંમર અને ધર્મનિષ્ઠા વગેરે ગુણો તરફ સહજ ભાવે ખેંચાઈ. તેમણે આગ્રહ કરી કરીને શ્રીરામકૃષ્ણને કાલીમાતાના શૃંગાર સજાવનાર તરીકેનું સેવાકાર્ય સોંપ્યું. આ પ્રસંગ ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વનો કહી શકાય, કારણ કે ત્યારથી જ શ્રીરામકૃષ્ણ કાલીમંદિર સાથે પ્રત્યક્ષ રીતે જોડાઈ ગયા.

વખત જતાં રામકુમાર અવસાન પામ્યા. એટલે શ્રીરામકૃષ્ણને મા જગદમ્બાની પૂજા કરવાનું સોંપવામાં આવ્યું.

હવે શ્રીરામકૃષ્ણના જીવનનો એક નવો તબક્કો શરૂ થયો. ભક્ત અને મા ભગવતીના સુભગ મિલન માટે એક નક્કર ભૂમિકાનો પ્રારંભ અહીંથી થયો. એ ભારે કષ્ટમય સાધનાકાળ હતો. જગદંબાને ચરણે બેસીને, આ આતુર સાધકે પોતાનું ભક્તિતરબોળ હૈયું ઠાલવવા માંડ્યું. મા ભગવતીનો સાક્ષાત્કાર કરવા માટે શ્રીરામકૃષ્ણે અદમ્ય ઝંખના સેવી અને છેવટે તેમણે મા જગદમ્બાનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં.

રાણી રાસમણિને સ્વપ્નમાં કાલીમાતાએ કહ્યું હતું: 'હું એ મૂર્તિમાં પ્રગટ થઈને પૂજા ગ્રહણ કરીશ.' એ વાત આખરે સાચી ઠરી. આ જોઈને રાણી રાસમણિના આનંદનો પાર ન રહ્યો. તે શ્રીરામકૃષ્ણનાં પરમ ભક્ત બની ગયાં.

## શ્રી રામકૃષ્ણે ઉપાય સૂચવ્યો

શ્રીરામકૃષ્ણ કાલીમંદિરમાં રામકુમાર સાથે પૂજારી તરીકે રહ્યા, તે વખતની એક ઘટનાને લીધે રાણી રાસમણિ અને મથુરબાબુના શ્રીરામકૃષ્ણ પ્રત્યેના સ્નેહ અને સદ્ભાવ અનેક ગણા વધી ગયા.

દક્ષિણેશ્વરમાં શ્રીરાધાકાન્તનું પણ મંદિર હતું. એક વાર શ્રાવણ વદી આઠમ એટલે કે જન્માષ્ટમીને દિવસે શ્રીકૃષ્ણ ભગવાનનો જન્મોત્સવ વગેરે કાર્ય સારી રીતે પૂરું થઈ ગયું હતું.

બીજે દિવસે નંદોત્સવ હતો. તે દિવસે બપોરે શ્રીરાધાગોવિંદની ખાસ પૂજાવિધિ થઈ રહ્યા પછી એ મંદિરનો પૂજારી શ્રીરાધા અને શ્રીગોવિંદની મૂર્તિઓને પોઢાડવા બાજુના ખંડમાં જતો હતો. એવામાં તે અચાનક લપસી પડ્યો!

એના હાથમાંથી શ્રીકૃષ્ણની મૂર્તિ પડી ગઈ અને મૂર્તિનો પગ ભાંગી ગયો! મૂર્તિ ખંડિત થઈ ગઈ!

આ જોઈ ને રાણી રાસમણિ બહુ દુઃખી થઈ ગયાં. તેમના જમાઈ મથુરબાબુએ પંડિતોને બોલાવીને સલાહ લીધી. પંડિતોએ નિર્ણય આપ્યો કે, ખંડિત મૂર્તિની પૂજા કરવી એ શાસ્ત્રવિરુદ્ધ છે. માટે રાણીમાએ એ મૂર્તિને ગંગાજીમાં પધરાવી દેવી અને એની જગ્યાએ બીજી નવી મૂર્તિની પ્રતિષ્ઠા કરવી.

પંડિતના નિર્ણયને માન આપીને રાસમણિએ નવી મૂર્તિ તૈયાર કરાવવાનો વિચાર કર્યો ખરો, પરંતુ જે મૂર્તિની રાણીમા પહેલેથી પૂજા કરતાં આવ્યાં હતાં તેને ગંગાજીમાં પધરાવી દેવા એમનું મન માન્યું નહિ.

રાણીમાની આવી સ્થિતિ જોઈ ને મથુરબાબુએ શ્રીરામકૃષ્ણનો અભિપ્રાય લેવા તેમને સૂચવ્યું. રાણીમાને આ વાત બરાબર લાગી.

રાણીમાએ શ્રીરામકૃષ્ણ પાસે જઈ ને બધી વાત કરી અને સલાહ માગી.

વાત સાંભળીને શ્રીરામકૃષ્ણ ઈશ્વરીય ભાવની અવસ્થામાં આવી જઈ બોલી ઊઠ્યા:

'રાણીના જમાઈનો પગ ભાંગી જાય, તો એ તેને બદલાવીને તેને સ્થાને બીજો જમાઈ લાવે કે ? એ પોતાના જમાઈની સારવાર ન કરાવે ?

'તો પછી આ બાબતમાં પણ એવું શા માટે ન કરવું ? એટલે આ મૂર્તિની મરામત કરાવો અને પહેલાંની પેઠે એની જ પૂજા ચાલુ રાખો.'

શ્રીરામકૃષ્ણનો આ નિર્ણય ચમકાવે એવો હતો. પંડિતો પણ એ સાંભળીને વિચારમાં પડી ગયા. અંતઃકરણના ઊંડાણમાંથી સ્ફુરેલા નિર્ણયની બાબતમાં એ લોકો પાસે કશો ઉત્તર ન હતો. બધા પંડિતો નિરુત્તર બન્યા.

રાણીમાના આનંદનો પાર ન રહ્યો. એ ખંડિત મૂર્તિની મરામત કરવાનું કામ બીજા કોઈને નહિ પણ શ્રીરામકૃષ્ણને જ સોંપ્યું.

શ્રીરામકૃષ્ણ એ કામમાં કુશળ હતા. એટલે તેમણે એ ભાંગેલો પગ એવી કુશળતાથી સાંધી આપ્યો કે ઝીણવટથી જોનારને પણ એ સાંધો નજરે ન પડે. આજે પણ એ મૂર્તિની પૂજા ચાલુ રહી છે.

## રાણીમાનો ઠાકુર પ્રત્યે ગુરુભાવ

વખત જતાં રાણીમાના શ્રીરામકૃષ્ણ પ્રત્યેના સદ્ભાવ અને આદરભાવ અનન્ય ભક્તિશીલ ગુરુભાવમાં પરિણમ્યા. ઠાકુરની સાધના પણ ઉત્કટ સ્વરૂપ પકડતી ગઈ. શ્રીજગદમ્બાની પૂજા કરતાં ઠાકુરની ભાવાવસ્થા અલૌકિક બની જતી.

કોઈ વાર શ્રીજગદમ્બાની પૂજા માટે આણેલાં ફૂલ પોતાને આખે શરીરે અડાડીને પછી જગદંબાને અર્પણ કરતા. કોઈ વાર અન્નનો કોળિયો લઈને તે ઊભા રહેતા અને માતાના હોઠ પાસે કોળિયો ધરતા. તે ભક્તિના આવેશમાં બોલી ઊઠતાઃ 'વારુ, મા ! તું એમ ઇચ્છે કે હું પહેલાં ખાઉં ? ઠીક, હું એમ કરીશ.' પછી ઠાકુર પોતે એમાંથી થોડુંક આરોગતા અને શ્રીજગદમ્બાને કહેતાઃ 'લે, મેં તો ખાધું. મા ! હવે તારો વારો.'

એક વાર તો પોતાની બાજુમાં 'મ્યાંઉ, મ્યાંઉ' કરતી બિલાડી આવી. તેને માતાનું સાક્ષાત્ સ્વરૂપ માનીને ઠાકુરે માતાજીનું નૈવેદ્ય આપી દીધું હતું ! કેટલીક વાર તો સાંધ્ય-પૂજા વખતે માના ચાંદીના ઢોલિયા ઉપર થોડી વાર સૂઈ જવામાં પણ તે જરાયે આંચકો ખાતા નહિ. કોઈ વાર પૂજા કરતાં માતા સાથે વાતો કરતા, હાસ્યવિનોદ કરતા અને કોઈ વાર એવા ધ્યાનસ્થ થઈ જતા કે બાહ્ય ભાન કશું જ રહેતું નહિ.

પરંતુ પોતાને ડાહી માનતી આસપાસની દુનિયામાં તો ઠાકુરની આવી વિચિત્ર રહેણીકરણીએ ભારે ખળભળાટ મચાવી દીધો. કેટલાક કર્મચારીઓએ રાણીમાને અને મથુરા-બાબુને આ વાત કહી.

એક દિવસ રાણીમા અને મથુરબાબુએ મંદિરની ઓચિંતી મુલાકાત લીધી. તે વખતે ઠાકુરની કાલીપૂજા ચાલુ હતી. તે તો હંમેશની જેમ પોતાનો સમગ્ર આત્મા રેડીને પૂજા કરી રહ્યા હતા.

આવી એકનિષ્ઠ ભક્તિનો પ્રભાવ પડ્યા વગર કેમ રહે ? રાણીમા અને મથુરાબાબુ આ અદ્ભુત દૃશ્ય જોઈને ભાવવિભોર બની ગયાં. તેઓને પ્રતીતિ થઈ કે, જે ભાવનાથી આ મંદિર બાંધવામાં આવ્યું છે એ જ ભાવના ઠાકુર દ્વારા સિદ્ધ થઈ રહી છે. જાણે કે પોતાની સામે રહેલી મૂર્તિમાં સાક્ષાત્ જગદમ્બા પ્રગટ થઈ વસી રહ્યાં છે !

## રાણીમાનો ગુરુ પ્રત્યેનો આદરભાવ

રાણીમાને ગુરુતુલ્ય ઠાકુર પ્રત્યે ઘણો આદરભાવ હતો. ઠાકુરની વિચિત્ર લાગતી ચેષ્ટાઓમાં એમને પાગલપણું નહિ પરંતુ સાચા હૃદયની ભક્તિનાં દર્શન થતાં.

એક દિવસ રાણીમા ગંગાસ્નાન કરીને મંદિરમાં આવ્યાં. તેમણે શ્રીરામકૃષ્ણને કંઈક ભજન ગાવાની વિનંતી કરી. રાણીમા આવી રીતે ક્યારેક ભજન સાંભળતાં.

ઠાકુરે ભજન ગાવાનું શરૂ કર્યું. મધુર કંઠે ભજન શરૂ થતાં મંદિરમાં એક પ્રકારનું દિવ્ય વાતાવરણ ખડું થયું.

થોડી વાર પછી ગાતાં ગાતાં ઠાકુરે જોયું કે, રાણીનું ધ્યાન ભજનમાં ન હતું ! એટલે ઠાકુરે 'અહીં પણ એ જ ચિંતા કે ?' એમ કહીને તમાચો ચોડી દીધો !

આ જોઈને મંદિરના બધા કર્મચારીઓ ખળભળી ઊઠ્યા. તેમને થયું : 'મંદિરના સર્વ કર્તાહર્તા જેવાં રાણીસાહેબનું આવું ઘોર અપમાન તે થાય ? આ શો ગજબ !'

રાણીમા પણ જરા ભોઠાં પડી ગયાં. પરંતુ તે તરત જ સાવધ થઈ ગયાં. તેમને પ્રતીતિ થઈ ગઈ કે, ઠાકુરની ટકોર ખોટી નહોતી. કારણ કે ભજન ચાલતું હતું ત્યારે રાણીના મનમાં પોતાના એક અગત્યના મુકદ્દમાના વિચાર ચાલી રહ્યા હતા. રાણીમાને તો ઊલટું નવાઈ લાગી કે, ઠાકુરને આ વાતની શી રીતે ખબર પડી ગઈ?

રાણીમાએ બધા કર્મચારીઓને તાકીદ આપી કે, ઠાકુરને આ બાબત અંગે કશી કનડગત કરવી નહિ. પછી પોતે શાંતિથી ત્યાંથી ચાલ્યાં ગયાં.

રાણીમાનું આવું વિનમ્ર વર્તન ખરેખર એમના પ્રત્યે માન ઉપજાવે એવું છે. રાણીમા આમ તો ઠાકુર કરતાં ઉંમરે ઘણાં મોટાં હતાં. વળી જેમનાં ધન, કીર્તિ, બુદ્ધિ, ધૈર્ય, સાહસ, પ્રતાપ, દાનેશરીપણું, ઉદારતા વગેરે ગુણોને લીધે કલકત્તામાં બધે આદરને પાત્ર બન્યાં હતાં, એ રાણીમા ઠાકુરના આવા વર્તનથી જરાયે વિચલિત થયાં નહિ, પોતાના અહમ્ ઉપર જબરો ઘા થયા છતાં ક્રોધ, અભિમાન વગેરેને જરા પણ મચક આપી નહિ, એ ખરેખર કંઈ નાનીસૂની વાત નથી.

ખરેખર, સાત્ત્વિક પ્રકૃતિ-સંપન્ન રાણીમામાં દૈવી શક્તિ હોવાને લીધે તથા પોતાના સદ્ગુરુમાં પોતાનું આત્મ-વિલોપન કરવાની ઉચ્ચ અવસ્થા પ્રાપ્ત કરી હોવાને કારણે તે ઠાકુરના ગુરુભાવની કૃપાને આમ સહજ ભાવે સહન કરી શક્યાં.

ઠાકુરે એક વાર રાણીમાના આત્માની ઉચ્ચ અવસ્થા જોઈને કહ્યું હતું:

'રાણી રાસમણિ શ્રીજગદંબાની આઠ સહેલીઓમાંની એક છે. તે તો પૃથ્વીલોક પર શ્રીજગદંબાની પૂજાના પ્રચાર માટે આવેલાં છે.'

પોતાની મોટી જમીનદારીનાં ખતપત્રો ઉપર સિક્કો મારવા માટે જે મહોર કોતરાવેલી, એમાં જે લખાવ્યું હતું કે—'કાલીપદ અભિલાષી શ્રીમતી રાસમણિ દાસી' એ પણ રાણીમાની અતિ ઉત્કટ ભક્તિ ને નમ્રતાની સાક્ષી પૂરે છે.

આવાં રાણી રાસમણિ પોતાના જીવનની ઉચ્ચ અભિલાષા પરિપૂર્ણ કરીને, શ્રીરામકૃષ્ણ પરમહંસ જેવા મહાન સદ્‌ગુરુ પ્રાપ્ત કરીને પોતાના જીવનને સાર્થક કરી શાંતિથી અને પ્રસન્નતાથી આ જગતને છોડીને ચાલ્યાં ગયાં.

રાણીમા ભલે ગયાં, પરંતુ જ્યાં સુધી દક્ષિણેશ્વરની ખ્યાતિ છે અને શ્રીરામકૃષ્ણ પરમહંસના અમર આત્માની સુવાસ કાયમ છે, ત્યાં સુધી રાણી રાસમણિ પણ અમર જ છે.

## ૭
# ભગિની નિવેદિતા

કવિવર રવીન્દ્રનાથ ઠાકુરે પરદેશથી આવીને ભારતમાં વસેલાં એક ભક્તહૃદયી સન્નારી વિષે લખ્યું છે :

'એક દૈવી વ્યક્તિ તરીકેની પ્રતિભા તેમનામાં દેખાતી હતી. તેમણે પોતાનું આખુંયે જીવન ભારતીય બની ભારત માટે ખરચી દીધું છે. એમના જીવનની સૌથી શ્રેષ્ઠ પળો સૌથી શ્રેષ્ઠ ભાવનાઓ અને પોતાનું સર્વસ્વ પોતાના ગુરુના આદેશને સિદ્ધ કરવા માટે તેમણે ભારતને ચરણે ધરી દીધું હતું.

'ભારત માટે તેમની સેવા નિઃસ્વાર્થ હતી. એમાં તેમણે પોતાનાં ભૂખ-તરસ, લાભ યા નુકસાન, ટીકા, વખાણ કે નામના, ભય કે પીછેહઠ, આરામ કે આળસ કશાની જ દરકાર કરી નહોતી.

'તેમનામાં માનવીની અજોડ અને સદા વિજયી કુલીનતાનાં આપણને જાણે પ્રત્યક્ષ દર્શન થાય છે. અને તેથી જ તેમને લોકમાતા કહી શકાય. એક મા તો કદાચ પોતાનાં બાળકો કે કુટુંબથી આગળ વધીને આડોશી-પાડોશીને સ્નેહ અને સેવા અર્પે. પરંતુ તેમણે તો સારાય ભારતવાસીઓને પોતાનાં આપ્તજન બનાવી દઈ સ્નેહ અને

સેવાનો લાભ આપ્યો હતો. અને તેથી જ તે જગજ્જનની મા જેવાં ભારતીય મા બન્યાં હતાં.

'સાધારણ વ્યક્તિઓ દેશસેવા માટે કદાચ સમય, ભણતર અને પૈસો આપે; પણ પોતાનો શુદ્ધ પ્રેમ અને હૃદય આપવું એ ખૂબ જ અઘરું છે. પોતાના સ્વભાવની મીઠાશથી પણ સામાના હૃદયને સ્પર્શવું એ અઘરું છે. પરંતુ તેમના દરેક કાર્ય અને રણકારમાં ભારતવાસી પ્રત્યે પ્રેમ નીતરતો દેખાતો હતો.'

આવાં 'લોકમાતા'નું વહાલસોયું બિરુદ પામનારાં સન્નારી કોણ હતાં?

તે હતાં ભગિની નિવેદિતા.

તે હતાં સ્વામી વિવેકાનંદનાં શિષ્યા.

ભગિની નિવેદિતાને ભારત માટે નિઃસ્વાર્થ અને અજોડ સ્નેહ હતો. તે વખતે આપણો ભારત દેશ ગુલામ હતો. અંગ્રેજ શાસકો દેશનું બધું જ હીર નિચોવી લેતા હતા. દેશ ઘોર નિરાશા, કંગાલિયત અને ગરીબીમાં કચડાઈ ગયો હતો. એ જમાનામાં સ્વામી વિવેકાનંદ જેવા મહાસમર્થ ગુરુના ઉપદેશથી પ્રેરાઈને નિવેદિતા આપણા દેશમાં આવ્યાં હતાં.

પરંતુ તે ભારતવાસીઓનું ભલું કરવા કે તેમને સુધારવા આવ્યાં ન હતાં. તે તો પોતાના આત્મામાં ભારતની હાકલ સાંભળીને એની સેવા કરવા આવ્યાં હતાં. ત્યાગ અને સંયમી જીવન તેમણે હસતે મુખે સ્વીકાર્યાં હતાં.

પોતાનું સ્થૂલ શરીર ભારતવાસીઓની સેવા પાછળ તેમણે ઘસી નાખ્યું હતું. ગુરુને ચરણે પોતાનું સર્વસ્વ અર્પણ કરી દીધું હતું અને ગુરુનો આદર્શ પ્રસારવા ભારતને ખૂણે ખૂણે ભ્રમણ કર્યું હતું.

આ બધા જ ગુણોથી દરેક ભારતવાસી પર ભગિની નિવેદિતાની પ્રબળ છાપ પડી હતી. દરેક ભારતવાસી તેમને 'અમારાં ભગિની' માનતો હતો.

આવાં ભગિની નિવેદિતાનું ભક્તિસભર સેવાનિષ્ઠ જીવન પ્રેરણા આપનારું છે.

### જન્મ અને ઉછેર

ભગિની નિવેદિતાનો જન્મ ઈ. સ. ૧૮૬૭ના ઓક્ટોબર માસની ૨૮મી તારીખે થયો હતો.

ભગિની નિવેદિતાનું મૂળ નામ હતું : માર્ગરેટ એલિઝાબેથ નોબલ. તેમનો જન્મ આયર્લેન્ડના ટાયરોન જિલ્લાના નાનકડા ગામ ડનગાનોમમાં થયો હતો.

તેમના પિતાનું નામ હતું સેમ્યુઅલ રિચમંડ નોબલ અને માતાનું નામ હતું મેરી.

તે સમયમાં આયર્લેન્ડ પર બ્રિટિશ લોકો રાજ કરતા હતા. એટલે આયર્લેન્ડ પોતાની સ્વતંત્રતા માટે ઇંગ્લેંડ સામે લડત ચલાવતું હતું. આ લડતમાં દરેક દેશભક્ત આયરિશ પોતાથી બનતો ફાળો આપતો હતો.

માર્ગરેટના દાદા પાદરી હતા અને પ્રખર દેશભક્ત પણ હતા. તેમના પિતા સેમ્યુઅલે પણ ધર્મગુરુ તરીકે — પાદરી તરીકે કામ કરેલું. તે પણ પોતાના દેશને આઝાદ કરવામાં ભાગ લેતા હતા. માતા મેરી પણ દેશભક્ત પિતાનાં પુત્રી હતાં. આમ ગળથૂથીમાં જ નાનકડી માર્ગરેટને દેશ-ભક્તિના સંસ્કાર મળ્યા હતા.

માતા મેરીને તેમના પ્રથમ સંતાનના જન્મ વખતે મનમાં ભય લાગતો હતો કે, પોતાનું બાળક જીવશે કે કેમ? તે વેળાએ આજના જેવી દાક્તરી સુવિધા ન હતી. તે જમાનામાં ઘણાં બાળ-મરણો થતાં હતાં.

આવા ભયને કારણે માતાએ ઈશ્વર પાસે માનતા લીધી કે, જો મારું બાળક હેમખેમ જન્મશે, તો એ બાળકનું સમર્પણ હું પ્રભુસેવા માટે કરીશ.'

આ જ બાળકી તે માર્ગરેટ.

ભવિષ્યમાં માર્ગરેટે ખરેખર પોતાનું જીવન-સર્વસ્વ પોતાના ગુરુ સ્વામી વિવેકાનંદને ચરણે સમર્પિત કરી પ્રભુસેવામાં — જનસેવામાં વ્યતીત કર્યું. તે ભગિની નિવે-દિતા તરીકે ઝળકી ઊઠ્યાં.

માર્ગરેટના પિતાની એક ટકોર પણ આખરે સાચી પડી હતી. પિતાને જ્યારે માતાએ લીધેલી માનતાની ખબર પડી, ત્યારે તેમણે હસતાં હસતાં મેરીને કહ્યું :

'જો જે ને, તારું બાળક પ્રભુસેવા કરવાને બદલે હાથમાં બંદૂક લઈને અંગ્રેજો સામે લડવા નીકળશે.'

માતા એ સાંભળીને બોલ્યાં :

'ભલેને એ બંદૂક લે. એ તો દેશસેવા ગણાશે. અને દેશસેવા એ પ્રભુસેવા કરતાં કાંઈ કમ ન ગણાય.'

પિતા પાદરીનું કામ કરતા જ હતા. પરંતુ સાથોસાથ દીનદુખિયાંની પણ સેવા કરતા હતા. નાનકડી માર્ગરેટ ઘણી વાર પિતા ગરીબોની, દુઃખીઓની સેવા કરતા હોય ત્યાં જતી અને ગરીબોનાં અનેક દુઃખો સાંભળતી. આના પણ સંસ્કાર માર્ગરેટના જીવન પર પડેલા જોવા મળે છે.

એ દિવસોમાં એક વાર ભારતથી એક પાદરી ધર્મ-ગુરુ સેમ્યુઅલને મળવા આવ્યા. તે વખતે નાનકડી માર્ગરેટ પિતાની પાસે રમતી હતી. બાળકીની તેજસ્વી આંખો અને પ્રેમાળ, મક્કમ ચહેરો તથા ભવ્ય કપાળ જોઈને પાદરી બોલી ઊઠયા :

'સેમ્યુઅલ, તારી દીકરી કોઈ અજ્ઞાત પણ મહાન પ્રેરણાથી દોરાઈને ભારત જશે અને ત્યાં એનું જીવનધ્યેય પૂર્ણ કરશે.'

આ વાતની પિતાના મન ઉપર ઊંડી અસર થઈ. જ્યારે તે આગળ જતાં મરણપથારી પર પડયા હતા, ત્યારે તેમણે મેરીને પાસે બોલાવીને કહ્યું હતું :

'મને વચન આપ કે, કદી પણ ભારતને માર્ગરેટની જરૂર પડે, તો તારે પુત્રીપ્રેમ આગળ કરી તેને ભારત જતાં રોકવી નહિ. તારે રાજીખુશીથી તેને રજા આપવી.'

માતાએ પતિને આપેલું વચન છેવટે પાળ્યું હતું ખરું.

## સ્વામી વિવેકાનંદના સમાગમમાં

મોટપણે માર્ગરેટ ભણીગણીને શિક્ષકા તરીકે કામ કરવા લાગ્યાં. શિક્ષકા તરીકે કામ કરતાં કરતાં તે ગરીબોની પણ યથાશક્તિ સેવા કરતાં હતાં.

પરંતુ એમના મનને એટલાથી સમાધાન થતું ન હતું. જીવનમાં જાણે કે કંઈક ખૂટે છે, એમ તેમને ઊંડે ઊંડે લાગ્યા કરતું હતું. આ જ કારણે છ વરસમાં ચારેક ગામ બદલીને માર્ગરેટ ઈ. સ. ૧૮૯૨માં લંડન શહેરમાં શાળાનું કામ કરવા લાગ્યાં. પરંતુ અહીં પણ તેમના મનની અશાંતિ એટલી ને એટલી જ રહી.

એવામાં માર્ગરેટના જીવનને રાહ ચીંધતો સુઅવસર આવી પહોંચ્યો.

સ્વામી વિવેકાનંદ અમેરિકામાં શિકાગો સર્વધર્મ-પરિષદમાં વિજયડંકો વગાડીને બધે પ્રેરક પ્રવચનો આપતા આપતા ઈ. સ. ૧૮૯૫ની સાલમાં લંડન આવ્યા.

એક વાર લેડી બરજેસને ઘેર, નવેંબર મહિનાના એક રવિવારે સાંજે, પંદર-સોળ જણની એક નાનકડી સભામાં સ્વામી વિવેકાનંદ પ્રવચન આપવા પધાર્યા હતા. સદ્ભાગ્યે માર્ગરેટ એ સભામાં આવ્યાં હતાં.

માર્ગરેટે પ્રથમ વાર સ્વામીજીને જોયા અને સાંભળ્યા. સ્વામીજીનું ઋષિસમું તેજસ્વી મુખારવિંદ, ઘેરગંભીર વાણી અને અગાધ આધ્યાત્મિક જ્ઞાનને જોતાં જ માર્ગરેટના દિલમાં થઈ આવ્યું કે, આ કોઈ મહાન દિવ્યાત્મા માનવ-

જગતને નવસંદેશ આપવા અવતર્યો છે!

માર્ગરેટ ત્યાર પછી સ્વામીજીનાં પ્રવચનો સાંભળવા અચૂક જવા લાગ્યાં અને સ્વામી વિવેકાનંદે લંડન છોડયું એ દરમિયાન માર્ગરેટે એમને 'ગુરુ' તરીકે પોતાના દિલમાં સ્થાન આપી દીધું હતું.

માર્ગરેટને સ્વામીજી સાથે પત્રવ્યવહાર કરી પોતાની મનોવાંછના દર્શાવવાની આતુર ઇચ્છા થઈ આવી. છેવટે તેમણે સ્વામીજીને પત્ર લખી પોતાનું હૃદયમંથન ઠાલવ્યું.

સ્વામી વિવેકાનંદે તેમને જવાબમાં લખ્યું :

'વહાલાં મિસ નોબલ,

'મારો આદર્શ ખરેખર થોડા શબ્દોમાં આમ મૂકી શકાય :

'માનવજાતને પોતાનામાં રહેલી શક્તિઓનો અને જીવનની દરેક પ્રવૃત્તિમાં તેને કેવી રીતે વ્યક્ત કરવી, એનો ઉપદેશ આપવો.

'દુનિયા વહેમની સાંકળે જકડાયેલી છે. દરેક દલિત અને પીડિત સ્ત્રી-પુરુષ તરફ મને દયા આવે છે....

'જે એક વિચાર હું સૂર્યપ્રકાશ જેટલો સ્પષ્ટ જોઉં છું તે એ છે કે, દુઃખ અજ્ઞાનથી આવે છે. બીજા કશાથીય નહિ. દુનિયાને પ્રકાશ કોણ આપશે ? ભૂતકાળમાં આત્મ-ભોગનો નિયમ હતો. અને અફસોસ કે યુગો સુધી તે રહે-વાનો છે. "બહુજનહિતાય, બહુજનસુખાય" દુનિયાના વીર અને શ્રેષ્ઠ લોકોએ પોતાનું બલિદાન આપવું પડશે. અનંત પ્રેમ અને અમાપ કરુણાવાળા બુદ્ધોની જરૂર છે.

'જગતના ધર્મો નિર્જીવ અને હાંસીપાત્ર થઈ ગયા છે. દુનિયા ચારિત્ર્ય માગે છે. જેમનું જીવન એક નિઃસ્વાર્થ જ્વલંત પ્રેમરૂપ છે, તેવા પુરુષોની દુનિયાને જરૂર છે. એવા પ્રેમનો પ્રત્યેક શબ્દ વજ્ર જેવી અસર કરશે.

'....વીરતાભર્યાં વચનો અને એથીયે વધુ વીરતાભર્યાં કાર્યોની જ આપણને જરૂર છે. જાગો, ઓ મહાનુભાવો! જાગો. દુનિયા દુઃખમાં બળી રહી છે. તમારાથી સૂઈ રહેવાય કે?.... જીવનમાં બીજું વધારે છે શું? એથી વિશેષ મહાન કામ છે કયું?...હું તો એટલું જ કહું છું: જાગો બસ જાગો!.....'

સ્વામીજીનો પત્ર વાંચીને માર્ગરેટને શ્રદ્ધા બેઠી કે, સ્વામીજી તેમને સેવિકા તરીકે જરૂર ભારત બોલાવશે.

વળી એક વાર વાતવાતમાં સ્વામી વિવેકાનંદે તેમને કહ્યું હતું:

'મારા દેશની સ્ત્રીઓની ઉન્નતિ કરવા માટે મારી પાસે યોજના ઘડેલી છે. એ પાર પાડવામાં તમે મને મદદ કરી શકશો.'

આ શબ્દો સાંભળીને માર્ગરેટનું હૈયું પુલકિત બની ગયું. જીવનમાં અત્યાર સુધી ઘેરાયેલો અંધકાર દૂર થઈ જશે અને તેમને પ્રકાશ સાંપડશે, એવું તેમને લાગ્યું.

તેમણે મનોમન નિર્ણય કરી લીધો કે, સ્વામીજી જે બતાવે તે સેવામાં પોતાનું સર્વસ્વ અર્પણ કરીને માનવ-જન્મ સાર્થક કરીશ. સર્વધર્મસમન્વયની ભૂમિ ભારતને પોતાનું કાર્યક્ષેત્ર બનાવી ત્યાંની સ્ત્રીશક્તિને જગાડવા, કાર્ય-

દક્ષ કરવા એમની બધી શક્તિ ભારતની સેવામાં સમર્પણ કરી દેવાનો તેમણે દૃઢ સંકલ્પ કર્યો.

સ્વામીજી તેમને ભારત ક્યારે બોલાવે એની આતુરતાથી રાહ જોવા લાગ્યાં.

## ગુરુની કસોટીમાંથી પાર ઊતર્યાં

માર્ગરેટની આતુરતા સ્વામીજી બરોબર સમજતા હતા. પરંતુ માર્ગરેટને ભારત બોલાવવામાં સ્વામીજીને બે મુખ્ય કારણો રોકતાં હતાં :

એક તો ભારતની આબોહવા અને બીજું ભારતમાં વસવા માટેના પ્રતિકૂળ સંજોગો.

સ્વામીજીએ પશ્ચિમના પ્રવાસ દરમિયાન ત્યાંના લોકોની સુગમતાથી રહેવાની કળા જોઈ હતી. તેથી જ ભારતની ગરમ આબોહવા માર્ગરેટને કદાચ માફક ન આવે એવી તેમને બીક હતી.

આથી પણ વધારે અગત્યનું તો એ હતું કે, પશ્ચિમના લોકો ભારતમાં કામ કરવા માટે આવે, તે પરોપકારવૃત્તિથી કે આગંતુક તરીકે નહિ, પણ ભારતીય રીતે રહી શકે, અને એ રીતે જ કામ કરી શકે, તો જ એમનું ભારતમાં આવવું ઇચ્છવાયોગ્ય છે, એમ સ્વામીજી માનતા હતા. તેથી જ માર્ગરેટ જેવી સ્વતંત્ર સ્વભાવવાળી વ્યક્તિ — અને તે પણ સ્ત્રી — વિષે વિચાર કરતાં સ્વામીજી એમને બરોબર ચકાસ્યા વિના એકદમ ભારત બોલાવવા માગતા નહોતા.

પરંતુ માર્ગરેટ એ બધી વિટંબણા સહન કરવા તૈયાર હતાં. પારકા દેશને પોતાનો બનાવવો, પોતાનું સર્વસ્વ છોડી દેવું અને ત્યાં જઈને વસવું, ત્યાંના લોકો કરતાં પણ વધારે ભારતીય બની જવું—આ કંઈ જેવી-તેવી નાની-સૂની વાત ન ગણાય.

માર્ગરેટનો આવો દૃઢ નિશ્ચય જોઈને અને એમનાં મિત્રો શ્રી સ્ટર્ડી તેમજ શ્રીમતી મૂલરની સ્વામીજી પર માર્ગરેટ માટેની આગ્રહભરી ભલામણ જોઈને સ્વામીજીએ છેવટે માર્ગરેટને ભારત આવવા પત્ર લખી જણાવ્યું :

'શ્રી સ્ટર્ડીના પત્ર દ્વારા તમારો ભારત આવવાનો અને જાતે જ અહીંની પરિસ્થિતિ જોવાનો તથા સમજવાનો નિશ્ચય દૃઢ છે તે સમજાયું. થોડીક ચોખવટ હું તમારી સાથે જ સીધી કરી લઉં એ અગત્યનું છે.

'હું તમને બહુ નિખાલસતાથી કહું છું કે, ભારત આવી ભારતમાં કામ કરવા માટે તમારું ભાવિ બહુ ઉજ્જવળ છે. એક પુરુષ કરતાં એક સ્ત્રીની જ અહીં કામ કરવા માટે જરૂર છે. એક સિંહણ સમી નીડર સ્ત્રી જે અહીંની સ્ત્રીઓને જાગ્રત કરી શકે, એવી સ્ત્રીની અમને ખાસ જરૂર છે. ભારત પાસે અત્યારે આવી કોઈ સ્ત્રી નથી. તેથી એને બીજા દેશ પાસેથી આવી સ્ત્રી મેળવવી જરૂરી છે.

'તમારું શિક્ષણ, પવિત્રતા, નિખાલસતા, અનહદ પ્રેમ-ભાવ, દૃઢતા અને ખાસ કરીને મુશ્કેલીઓનો હિંમતપૂર્વક સામનો કરવાનું મનોબળ આ કામ માટે તમને યોગ્ય ગણે છે.

'અહીં મુશ્કેલીઓ તો પારાવાર છે. તમને ભારતની દરિદ્રતા અને તેના વહેમો તથા તેના ગુલામી માનસનો તો સહેજ પણ ખ્યાલ નહિ આવે. કલ્પના પણ નહીં કરી શકો. અર્ધનગ્ન દુર્દશામાં રહેતાં અને વિચિત્ર વહેમોથી ભરપૂર, પોતાની જ ન્યાતજાતના સંકુચિત વિચારોમાં ડૂબેલાં અને ચુસ્ત આભડછેટમાં માનનારાં સ્ત્રી–પુરુષો વચ્ચે તમારે રહેવું પડશે.

'વળી આ લોકો ભયને કારણે કે ગમે તેમ ગોરી ચામડીથી દૂર રહેવાનું માને છે, સાથે સાથે ગોરા લોકોનો ખૂબ તિરસ્કાર કરે છે. તમારા ગોરા લોકો પણ, તમને કોઈ મનસ્વી કે અણસમજવાળાં ગણીને, તમારી દરેકે દરેક હિલચાલ પર વહેમની નજરે જોશે, એ ભૂલશો નહિ.

'અહીંની આબોહવા અસહ્ય ગરમ છે. અમારો શિયાળો તમારા ઉનાળા જેટલો ઠંડો હશે. દક્ષિણ ભારત તો હમેશાં ખૂબ જ ગરમ રહે છે.

'પશ્ચિમના દેશોની એક પણ સુખસગવડ અહીં નહીં મળે. ગામડામાં તો બિલકુલ જ નહીં મળે.

'આ બધા પ્રતિકૂળ સંજોગોમાં પણ તમારી આવવાની ઇચ્છા હોય, તો ખુશીથી આવો. ભલે પધારો! એક વાર નહિ પણ અનેક વાર કહું છું કે, ભલે પધારો!

'...પરંતુ કામમાં ઝંપલાવતાં પહેલાં અને ભારત આવતાં પહેલાં પૂરો વિચાર કરજો. કદાચ અહીં આવ્યા પછી તમને કામ કરતાં અણગમો આવે કે સફળતા નયે મળે, તોપણ હું તમને વચન આપું છું કે, તમે ભારત

માટે કામ કરો યા છોડી દો અથવા વેદાંતધર્મ રાખો કે એનો ત્યાગ કરો, તોપણ મરતાં સુધી હું તમારી પડખે ઊભો રહીશ.

'એક બીજી પણ વાત છે. તમારે તમારા પગ ઉપર જ ઊભાં રહેવું પડશે.'

માર્ગરેટની તો આ માટે પૂરેપૂરી તૈયાર હતી જ. તે તો ઈ. સ. ૧૮૯૮ની શરૂઆતમાં 'મોમ્બાસા' જહાજ મારફતે ભારત આવવા નીકળી પડચાં.

## માર્ગરેટ 'ભગિની નિવેદિતા' બન્યાં

માર્ગરેટ ઈ. સ. ૧૮૯૮ની ૨૮મી જાનેવારીને દિવસે કલકત્તા ઊતર્યાં. બંદર ઉપર સ્વામી વિવેકાનંદ પોતે જ એમને લેવા આવ્યા હતા.

સ્વામીજીએ એમને કહ્યું :

'હમણાં થોડો વખત તમે અહીં રહો. કલકત્તા જુઓ અને હરો-ફરો. લોકોનો પરિચય કરો. એમની રીતભાત જુઓ. થોડા વખત પછી આપણે નક્કી કરીશું કે તમારે શું કરવું ?'

કલકત્તામાં માર્ગરેટે જાણીતા વૈજ્ઞાનિક શ્રી જગદીશચંદ્ર બોઝ, એમનાં બહેન લાવણ્યપ્રભા, રવીન્દ્રનાથ ઠાકુરનું કુટુંબ વગેરેનો પરિચય કર્યો.

થોડા દિવસ પછી સ્વામી વિવેકાનંદનાં બીજાં બે અંગ્રેજ શિષ્યાઓ પણ કલકત્તા આવી પહોંચ્યાં. એકનું

નામ હતું સારાહ બુલ. સ્વામીજી તેમને 'ધીરા માતા' કહેતા. બીજાં કહતાં જોસેફાઈન મેકલાઉડ. સ્વામીજી તેમને 'જયા માતા' કહેતા. પોતાના જ વતનની બે બહેનો મળતાં માર્ગરેટને ઘણી રાહત થઈ ગઈ.

આ ત્રણે બહેનોએ બધે ફરીને કલકત્તા જોયું. સ્વામી વિવેકાનંદના ગુરુ શ્રીરામકૃષ્ણ પરમહંસનો આશ્રમ જોયો. દક્ષિણેશ્વરનાં દર્શન કર્યાં. પરમહંસના અનુયાયીઓની મુલાકાત લીધી. ધર્મસ્થાનો પણ જોયાં. પરંતુ ધર્મસ્થાનોમાં વિધર્મીઓને સનાતની લોકો શાના દાખલ થવા દે? એટલે મંદિરોનાં બહારથી જ દર્શન કર્યાં.

ત્યાર બાદ આ ત્રણે બહેનો શ્રી શારદામણિમાને મળવા ગયાં. શારદામા તે વખતે કલકત્તામાં ૧૦/૨ બોઝપાડા સ્ટ્રીટમાં રહેતાં હતાં.

શ્રી માએ આ ત્રણે બહેનોને 'આવો, દીકરીઓ!' કહી ભાવથી આવકાર્યાં. એ બહેનો સાથે પ્રસાદ પણ લીધો. શ્રી માને અંગ્રેજી ભાષા નહોતી આવડતી. પરંતુ આ અભાવ શ્રી માના પ્રેમભર્યા વાત્સલ્યભાવ આગળ ખૂબ જ ગૌણ બની ગયો.

શ્રી માએ એ પરદેશી બહેનો સાથે પ્રસાદ લીધો, એ તે સમયના રૂઢિચુસ્ત વિચારવાળા હિંદુઓ વચ્ચે એક ખૂબ જ સુધારક અને આવકારદાયક વિચાર ગણાય.

શ્રી માનો આવો વાત્સલ્ય નીતરતો સદ્ભાવ જોઈને ત્રણે બહેનો ખૂબ જ આનંદ પામ્યાં.

શ્રી માએ આ કાર્ય વિવેક ખાતર કે ફક્ત પોતાની ભાવના બતાવવા યા ધાર્મિક મર્યાદા તોડવા નહોતું કર્યું. પણ એમણે તો આ ત્રણે પવિત્ર અને પ્રેમાળ સેવાભાવી બહેનોને તે સમયનો હિંદુ સમાજ આવકારી લે એ માટે જ કર્યું હતું.

શ્રી માએ આ ત્રણે બહેનોને આવકારી અને અપનાવી લીધી, એ વાત સ્વામી વિવેકાનંદે જાણી ત્યારે તે ખૂબ આનંદ પામ્યા. તેમને પણ થયું, માર્ગરેટને બધાં જોડે હેળવવા–મેળવવામાં હવે સુગમતા રહેશે.

થોડા વખત પછી માર્ગરેટ માટે પવિત્ર અને આનંદ-દાયક પ્રસંગ આવી પહોંચ્યો. માર્ગરેટ એ પ્રસંગની કેટલાય વખતથી ખૂબ આતુરતાથી રાહ જોતાં હતાં. એ દિવસ હતો ઈ. સ. ૧૮૯૮ના માર્ચ મહિનાની તારીખ ૨૫મીનો. તે દિવસે શુક્રવાર હતો. ખ્રિસ્તી ધર્મનો કોઈ પૂજાનો દિવસ પણ હતો.

તે દિવસે વહેલી સવારે સ્વામીજી સાથે માર્ગરેટ વગેરે નીલાંબર મુખરજીને બગીચે મઠ હતો ત્યાં ગયાં.

સ્વામીજી માર્ગરેટને મંદિરની અંદર લઈ ગયા. નવા જીવનનું પહેલું પગથિયું ભરાવતા હોય એમ સ્વામીજીએ માર્ગરેટ પાસે શિવપૂજા કરાવી. પછી સ્વામીજીએ તેમને બ્રહ્મ-ચારિણીની દીક્ષા આપી. માર્ગરેટને સ્વામીજીએ નવું નામ આપ્યું.

'નિવેદિતા' — સમર્પણ થયેલી.

તેમની પાસે ભગવાન બુદ્ધને ચરણે ફૂલ ચડાવડાવ્યાં.

ગળગળા અવાજે સ્વામી વિવેકાનંદ બોલ્યાઃ

'જાઓ અને એમને પગલે ચાલો, જેમણે પોતાને બુદ્ધની સિદ્ધિ મળતાં પહેલાં બીજાના ઉત્કર્ષ માટે, હિત માટે પાંચસો વાર પોતાની જિંદગી અર્પણ કરી હતી.'

સ્વામીજી આશીર્વાદ આપીને પછી મંદિરની બહાર આવ્યા.

નિવેદિતા માટે આ પ્રભાત સુંદર અને ચિરસ્મરણીય બની ગયું. તે ધન્ય ધન્ય થઈ ગયાં.

## નિવેદિતાના નવજીવનનું ઘડતર

નિવેદતાને મંત્રદીક્ષા મળી એ તેમના નવા જીવનની શરૂઆતનું પ્રથમ પગથિયું હતું. પરંતુ પાયાનું કામ તો સ્વામીજીએ હવે હાથ ધર્યું. આ બધું જોતાં સ્વામી વિવેકાનંદમાં એક મહાન કેળવણીકારનાં દર્શન આપણને થયા વિના રહેતાં નથી.

દીક્ષા આપ્યા પછી સ્વામીજી એ ત્રણે બહેનોને ગંગાનદીની સહેલ કરવા લઈ ગયા. આ સહેલ દરમિયાન સ્વામીજીએ આ બહેનોને શ્રીરામકૃષ્ણ પરમહંસની વાતો કહી. એ મહાન ગુરુ પાસેથી જે ભગીરથ કાર્ય પૂરું પાડવાની જવાબદારી મળી હતી. એનો ખ્યાલ એ બહેનોને આપ્યો.

સ્વામીજીને નિવેદિતામાં પૂર્ણ વિશ્વાસ હતો. નિવેદિતા પોતાના સંપૂર્ણ ત્યાગ અને સેવાભાવ વડે ખરેખર જ

ભારતની સ્ત્રીઓની જાગૃતિ માટેના સ્વામીજીના કાર્યને પૂરું પાડવા માટે ખૂબ જ લાયક હતાં.

સ્વામીજી ઇચ્છતા હતા કે, જે ભારતીય સ્ત્રીઓને નિવેદિતાએ કેળવવાની હતી, તેમને એ કામ શરૂ કરતાં પહેલાં ઓળખી અને સમજી શકે તો સારું. કારણ કે આ કાર્યમાં કેળવનાર વ્યક્તિ જેમને કેળવવાનાં છે તેમના દૃષ્ટિબિંદુથી જગતને જુએ અને પોતાના જ વિચારો એ વ્યક્તિઓ ઉપર ન લાદી દે, એ વસ્તુ બહુ જરૂરી હતી. તેથી સ્વામીજી બિલકુલ ઉતાવળ કર્યા વગર ધીરે ધીરે નિવેદિતાને કેળવતા હતા.

સ્વામીજીને ભારતના ઉત્થાનની ઉત્કટ ઝંખના હતી. તેમને ભારત દેશ જાગ્રત થશે જ, એવી દૃઢ શ્રદ્ધા હતી. તે માનતા હતા કે, ભારત એ ખખડેલો અને નબળો દેશ નથી; પરંતુ જાગતો, ઊઠતો અને પ્રતાપી દેશ છે.

તે જાણતા હતા કે, એમની આ શિષ્યાઓ એમનાં સ્વપ્નોને સાકાર રૂપ આપવા તૈયાર હતી. અને તેથી જ એ બહેનોએ ભારતને સમજવાની તથા ચાહવાની પ્રથમ જરૂર હતી, એવું તે માનતા હતા. આ બધું તો ખાસ નિવેદિતા માટે હતું. બીજી બે બહેનો તો આર્થિક મદદ કરી યુરોપ પાછી પણ ચાલી જાય, જ્યારે નિવેદિતા તો કાર્યકર્તા હતાં. તેમણે ભારતમાતાની સેવા માટે પોતાનું ઘર, સ્વજન અને સર્વસ્વ છોડ્યું હતું. વળી એમને દીક્ષા પણ અપાઈ હતી.

આમ હોવાથી મઠના બીજા સાધુ ભાઈઓ પણ નિવેદિતા પ્રત્યે લાગણી, મમતા, પ્રેમ દર્શાવવા લાગ્યા હતા.

આ રીતે નિવેદિતા ભાવિનાં કાર્યો માટે તાલીમ પામતાં હતાં. એવામાં કલકત્તામાં ભારે મરકીનો રોગ ફાટી નીકળ્યો ! લોકોમાં બધે ગભરાટ ફેલાઈ ગયો.

આ સમાચાર મળતાં સ્વામીજી દાર્જિલિંગથી કલકત્તા આવી પહોંચ્યા. તેમણે તરત જ રાહતકાર્ય શરૂ કરી દીધું. અંગ્રેજી અને બંગાળીમાં ચોપાનિયાં છપાવી નાગરિકોને ગભરાઈ ન જવાની તથા ઘર છોડી નાસી ન જવાની વિનંતી નિવેદિતા અને સાધુ ભાઈઓ તરફથી કરવામાં આવી. બીમાર લોકોની સારસંભાળ રાખવાની પણ બધી વ્યવસ્થા કરવામાં આવી.

થોડા વખતમાં મરકીનો ઉપદ્રવ કાબૂમાં આવી ગયો. એટલે સ્વામીજી નિવેદિતા, શ્રીમતી બુલ, શ્રીમતી મેકલાઉડ, શ્રીમતી પેટર્સન તથા કેટલાક સાધુ ભાઈઓ સાથે આલ-મોડા જવા ઊપડી ગયા.

આલમોડામાં થોડા દિવસ રહીને પછી સ્વામીજી અને એમનાં ત્રણ શિષ્યાઓએ કાશ્મીર તરફ પ્રયાણ કર્યું. ત્યાંથી ઑક્ટોબર મહિનામાં એ લોકો પાછાં કલકત્તા આવ્યાં. આમ, નિવેદિતાને ઉત્તર ભારતનાં દર્શન થયાં. ભારત દેશની આવી અલૌકિક ભવ્યતા નિહાળીને નિવેદિતા બોલી ઊઠ્યાં :

'શિક્ષિત યુરોપીય લોકોનું ભારત માટેનું અજ્ઞાન... એને ફક્ત અંધ અજ્ઞાન જ કહી શકાય !'

નિવેદિતાએ આ પ્રવાસનું મનોરમ વર્ણન કરતું પુસ્તક 'નોટ્સ ઓન સમ વૉન્ડરિંગ્સ વિથ સ્વામી વિવેકાનંદ' પણ લખ્યું છે.

નિવેદિતા તો દેશપ્રેમી–ભારતમાતાપ્રેમી સ્વામીજી સાથે પ્રવાસ કરતાં હતાં. પ્રવાસ દરમિયાનનાં સ્વામીજીનાં વર્ણનોમાં જણાતો અદમ્ય ઉત્સાહ અને વેગ સાંભળનારાને પણ સ્પર્શી જતો હતો. નિવેદિતાને મન તો આ એક પવિત્ર યાત્રા જ હતી. તેથી આ યાત્રા પર લખાયેલા તેમના પુસ્તકમાં શ્રદ્ધા, આદર અને પવિત્રતાના સૂર પાને પાને અંકિત થયેલા લાગે છે.

વળી આ પ્રવાસમાં સ્વામીજીએ એ બહેનોને ભારતની અવદશાનો પણ તલસ્પર્શી ખ્યાલ આપ્યો હતો. અંગ્રેજ શાસકોએ દેશના લોકોને કેવી કંગાળ દશામાં મૂકી દીધા હતા એનું વર્ણન કરતાં સ્વામીજીનું હૈયું દ્રવી ઊઠતું હતું.

આ પ્રવાસ દરમિયાન નિવેદિતાને એક વિશેષ લાભ મળ્યો. પ્રવાસમાં સાથે આવેલા સ્વામી સ્વરૂપાનંદ નિવેદિતાને બંગાળી શીખવતા હતા અને ધાર્મિક ગ્રંથોનું રહસ્ય સમજાવતા હતા. વળી તે ભારતનું વાતાવરણ, સ્વામી વિવેકાનંદના મનનું વલણ વગેરે બધું જ બહુ સરળ રીતે સમજાવતા. તે નિવેદિતાને શ્રીમદ્ ભગવદ્ગીતાનું રહસ્ય પણ સમજાવતા હતા. એમની જ પાસે નિવેદિતા 'ધ્યાન' કરતાં પણ શીખ્યાં.

નિવેદિતા આ વિશે પોતે જ કહેતાં :

'ધ્યાનમાં મગ્ન થવાનું હું સ્વામી સ્વરૂપાનંદ પાસેથી શીખી અને મને ખૂબ જ શાંતિ મળી. જો મને આ સાધુ ભાઈની મદદ ન મળી હોત, તો મારા સમગ્ર જીવનનો એક ઉચ્ચ લાભ અજાણપણે મેં ગુમાવી દીધો હોત.'

સ્વામી વિવેકાનંદ તથા અન્ય સાધુ ભાઈઓના સમાગમથી આ પ્રવાસ દરમિયાન નિવેદિતાને આધ્યાત્મિક જ્ઞાનનો પણ સારો અભ્યાસ થયો. એ અંગે તે કહે છે:

'હું હવે ઘણું શીખવા લાગી છું. આધ્યાત્મિકતા એ પણ એક ગુણ છે અને તે હોવો જરૂરી છે. જેમ મનુષ્ય-હૃદય પ્રેમ માટે ઝંખે છે, તેમ જીવ પરમેશ્વર માટે ઝંખે છે. અત્યાર સુધી જેને હું નિઃસ્વાર્થીપણું, ઉદારતા, ખાન-દાની વગેરે કહેતી હતી, તે ગુણો તો આ ભવ્ય અને અતિ ઉચ્ચ નિઃસ્વાર્થીપણાના તેજઃપુંજ પાસે ખૂબ જ સ્વાર્થી, નિસ્તેજ અને તુચ્છ લાગે છે...'

[આમ, ઉત્તર ભારતની યાત્રા કરીને અને સ્વામીજી પાસે પ્રેમ, સંયમ, ત્યાગ, અલિપ્તતા વગેરે ગુણોની મહત્તા સમજીને હવે ભારતની સ્ત્રીઓને કેળવણી આપીને જાગ્રત કરવાનું કાર્ય જેમ બને તેમ જલદી અમલમાં મૂકવા નિવેદિતાનું હૈયું અધીરું બની ગયું. કલકત્તા પહોંચીને આ કામ હાથ ધરવા તે અધીરા બની ગયાં.]

## સ્ત્રી-કેળવણીનું કામ ઉપાડયું

ઈ. સ. ૧૮૯૮ના નવેમ્બરની પહેલી તારીખે નિવે-

દિતા વગેરે કલકત્તા પાછાં ફર્યાં. ત્યાર પછી તરત જ તે સ્વામીજીને મળવા ગયાં. નિવેદિતા પોતે કરવાના કાર્યનો એટલો બધો ગહન વિચાર કરતાં હતાં કે, જેમને કેળવવાની હતી એ સ્ત્રીઓની રહેણીકરણી, રીતરિવાજો અને વિચારો સમજવા નિવેદિતા એ સ્ત્રીઓની વચ્ચે જ રહેવા માગતાં હતાં.

સ્વામીજી બરોબર જાણતા હતા કે, એક પરદેશી બાઈને તે જમાનામાં હિંદુ સ્ત્રીઓની વચ્ચે રહેવું બહુ મુશ્કેલ હતું. પરંતુ નિવેદિતાનો ઉત્સાહ જોઈને તેમણે શારદામાની નજીકમાં એમની રહેવાની વ્યવસ્થા કરવાનું વિચાર્યું.

શ્રી મા તે વખતે ૧૦/૨ બોઝપાડા સ્ટ્રીટમાં રહેતાં હતાં. નિવેદિતાની ઇચ્છા તો શ્રી મા સાથે રહેવાની હતી. પરંતુ શ્રી મા સાથે જુનવાણી વિચારોવાળી શ્રીરામકૃષ્ણ પરમહંસની શિષ્યાઓ ગુલાબ મા, જોગીન મા, લક્ષ્મી દીદી, ગોપાલની મા વગેરે રહેતાં હતાં તેઓ આભડછેટમાં ખૂબ જ માનનારાં હતાં. ગોરી ચામડીને તો તેઓ મ્લેચ્છ ગણતાં હતાં. હવે શું થાય?

આમ છતાં સ્વામીજીએ એ બધાંની સાથે સમજૂતી અને સમાધાન કરી શ્રી માના ઘરમાંના નીચેના એક ઓરડામાં નિવેદિતા માટે વ્યવસ્થા ગોઠવી આપી.

નિવેદિતાને આ ગમ્યું તો નહિ. તેમને આ બધી સ્ત્રીઓના આવા વર્તનમાં ફક્ત પોકળ જુનવાણી વિચારો અને પરદેશી તરફની એક જાતની સૂગ દેખાયાં. પરંતુ

કોઈક દિવસ એ બધું સુધરી જશે એવી શ્રદ્ધા તેમને હતી ખરી. એટલે તેમણે આ નિભાવી લીધું. જો કે, શ્રી માએ તો હમેશ મુજબ 'નરેનની દીકરી' તરીકે નિવેદિતાને પ્રેમથી આવકાર્યાં હતાં.

થોડાક દિવસ પછી નિવેદિતા માટે, પડોશમાં જ રસ્તાની સામી બાજુ પર એક ઘર ભાડે રાખવામાં આવ્યું. નિવેદિતા ત્યાં રહેવા ગયાં ખરાં, પણ શ્રી માના આગ્રહથી વધુ સમય તો નિવેદિતા તેમની સાથે જ ગાળતાં હતાં. ગરમીની ઋતુમાં તો શ્રી મા બપોરે પોતાને ત્યાં જ નિવેદિતાને આરામ કરવાનું કહેતાં. બીજી ભક્ત બહેનોની સાથે નિવેદિતા પણ ચટ્ટાઈ અને તકિયો લઈ શ્રી માના ઓરડામાં જ આરામ કરતાં. બધાં ભક્ત બહેનો પણ સમય જતાં નિવેદિતા સાથે પ્રેમથી વર્તવા લાગી ગયાં હતાં.

નિવેદિતાને હિંદુ સ્ત્રીઓની રહેણીકરણીનું ઝીણામાં ઝીણું જ્ઞાન આ સમય દરમ્યાન મળ્યું. ટૂંક સમયમાં જ તે હિંદુઓના રીતરિવાજો અને આચારવિચારને અનુસરતાં થઈ ગયાં.

નિવેદિતા નવા ઘરમાં રહેવા તો ગયાં. પણ ઘરકામ કરવા કોઈ મળ્યું નહિ. ખૂબ પ્રયત્ન પછી એક ઘરડી બાઈ કામ કરવા તૈયાર થઈ ખરી. પણ તેણે એક શરત કરી હતી : નિવેદિતાએ તેને અડકવું નહિ ! નિવેદિતાએ મોટું મન રાખીને એ શરત કબૂલ રાખી.

નવા ઘરમાં ઠરીઠામ થતાં નિવેદિતાને હવે લાગ્યું કે, કન્યાશાળા શરૂ કરી કામનો પ્રારંભ કરી દેવો સારો.

નિવેદિતાને જે વાતાવરણમાં કામ કરવાનું હતું તે જોયા અને સમજ્યા પછી એમને લાગ્યું હતું કે, શિક્ષણ પદ્ધતિ આધુનિક હોવા છતાં સાથે સાથે સર્વસામાન્ય ગુણોવાળી પણ હોવી જરૂરી હતી. કારણ કે એ પદ્ધતિ ભારતીય સ્ત્રીને જીવનમાં હમેશાં ઉપયોગી થઈ પડે તેવી હોવી જોઈએ.

વળી સ્વામીજીએ પણ એક મહત્ત્વની બાબત તરફ તેમનું ધ્યાન દોર્યું હતું :

'જો બાલિકાઓને તેમની પોતાની કે તેમનાં મા-બાપની મરજી વિરુદ્ધનું શિક્ષણ આપવામાં આવશે, તો અસંતોષ ફેલાશે. તેથી શિક્ષણમાં નવીનતા કે નવા વિચારો દાખલ કરવા માટે પણ શરૂઆત તો જૂની પ્રણાલી પ્રમાણે જ કરવી સારી. પછી આગળ જતાં પ્રગતિ કરવી એમાં જ શ્રેય છે.'

આથી નિવેદિતાએ પોતાની આસપાસ રહેતી સ્ત્રીઓ વગેરેનું જીવનધ્યેય અને આશાઆકાંક્ષાઓ વિષે જાણવા પ્રયત્ન આદર્યો હતો. આમ બધી વાતે તે સજ્જ થયાં હતાં.

ઈ. સ ૧૮૯૮ના નવેંબર માસની તેરમી તારીખે કાલી-પૂજાનો દિવસ હતો. શ્રી માએ નિવેદિતાના ઘેર પધારી કન્યાશાળાનું ઉદ્ઘાટન કર્યું. સ્વામી વિવેકાનંદ

સ્વામી બ્રહ્માનંદ, સ્વામી શારદાનંદ, ભક્ત બહેનો વગેરે હાજર હતાં. શ્રી માએ આશીર્વચન ઉચ્ચાર્યા :

'જગજ્જનની મા આ શાળા પર આશીર્વાદ વરસાવે અને અહીં ભણતી બાલિકાઓ શ્રેષ્ઠ આદર્શો ગ્રહણ કરે એવું શિક્ષણ પામે.'

નિવેદિતાએ હવે શાળાના કામમાં ધગશથી ઝંપલાવ્યું. બાલિકાઓને થોડાક વાચન–લેખન સાથે ચિત્રકામ, માટીકામ અને સીવણકામ પણ તે શીખવતાં. પોતાના અગાધ સ્નેહથી નિવેદિતા બાલિકાઓને ખૂબ જ આનંદિત અને ઉત્સાહિત કરતાં. બાલિકાઓને કદી શિક્ષા કરતાં નહિ. કંઈ કહેવું હોય, તો પ્રેમથી, પ્રસંગની ગંભીરતા જાળવીને કહેતાં.

આમ, નિવેદિતાએ પ્રાણ રેડીને કન્યા–કેળવણીનું કામ ઉત્સાહભેર કરવા માંડ્યું.

આમાં સ્વામી વિવેકાનંદનું પ્રોત્સાહન પણ પ્રેરણારૂપ હતું. સ્વામીજીને સ્ત્રીઓ તરફ ખૂબ જ પક્ષપાત હતો. તેમણે એક વાર નિવેદિતાને કહ્યું હતું :

'કદી ભૂલતાં નહિ કે, તમારે સ્ત્રીઓ અને ગરીબ જનતા માટે કાર્ય કરવાનું છે. ભારતમાં બે કલંકો ખાસ નિંદ્ય છે :

'સ્ત્રીઓને કચડવી અને ગરીબોને પીલવા ! જ્યાં સુધી સ્ત્રીઓની ઉન્નતિ અને જનતાની જાગૃતિ નહિ થાય, ત્યાં સુધી દેશમાં બીજી એક પણ ઉન્નતિ સિદ્ધ નહિ થાય. જે દેશની સ્ત્રીઓ દુ:ખ અને વહેમોમાં સબડતી

હોય, તે દેશ સુખી ન જ થાય. તેથી સ્ત્રીઉન્નતિની પ્રથમ જરૂર છે.'

આમ શાળાના કામમાં સ્વામીજી પણ ઊંડો રસ લેતા અને નિવેદિતાને માર્ગદર્શન કરતા જ રહેતા.

## સુખમાં સાથી અને દુઃખમાં બેલી

નિવેદિતાના નિઃસ્વાર્થ અને નિખાલસ પ્રેમભાવને લીધે બાલિકાઓ અને તેમની માતાઓ પણ નિવેદિતાને ચાહવા લાગી. આસપાસનાં અભિમાની, ગંભીર, જૂના વિચારવાળાં અને ઓછાબોલાં બહેનો પણ નિવેદિતાને પોતાનાં સ્નેહીજન માનવા લાગ્યાં. દિવસે કે રાતે, ગમે તે સમયે પણ નિવેદિતાને તેમને ત્યાં ભાવભર્યો આવકાર મળવા લાગ્યો. તેમને કોઈ પણ રીતે ઉપયોગી થવાની તક મળતી, તો એ બહેનો ઉમંગભેર તરત જ ઝડપી લેતી. નિવેદિતા માટે ફળ-ફૂલ કે દૂધ મોકલવાની એ બહેનોની પ્રેમભીની લાગણી તેમના ધ્યાન બહાર પણ નહોતી રહેતી. ભાવથી નિવેદિતા ભેટ સ્વીકારતાં અને તેનાં વખાણ કરતાં.

આમ, શુદ્ધ મનની અને નિખાલસ દિલની, ઓછાબોલી અને શરમાળ એ ગૃહિણીઓ નિવેદિતાને ખૂબ જ વહાલી લાગતી. વાતોમાં કે લેખોમાં આ બહેનોનાં વખાણ કરતાં નિવેદિતા ધરાતાં જ નહિ.

નિવેદિતાના નિઃસ્વાર્થ પ્રેમ અને ઉદારતા આગળ ધર્મભેદ, જાતિભેદ કે સમાજિક ભેદને તો સ્થાન જ નહોતું.

એક રાતે જમવાના સમયે નિવેદિતા જમવાની તૈયારી કરતાં હતાં. ત્યાં તો સામી બાજુના એક ઝૂંપડા-માંથી કોઈના રડવાનો કરુણ અવાજ સંભળાયો!

નિવેદિતા તરત જ બહાર નીકળી ગયાં. ઝડપથી પેલા ઝૂંપડા પાસે જઈ પહોંચ્યાં. જુએ તો એક નાનકડી બાળકી જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતી હતી. માતા બાળ-કીને ખોળામાં લઈ કલ્પાંત કરતી હતી.

તે બાળકી મરણ પામી ત્યાં સુધી નિવેદિતા ત્યાં બેઠાં રહ્યાં. આ પછી પણ હૈયાફાટ રડતી માતા અને બીજી રડતી સ્ત્રીઓને આશ્વાસન આપતાં તે ત્યાં જ બેસી રહ્યાં. બાળકીની મા નિવેદિતાના હાથમાં ફસડાઈ પડી અને રડતી રડતી બોલી ઊઠી.

'હું હવે શું કરીશ? મારું બચ્ચું હવે ક્યાં છે?'

નિવેદિતા તેને માથે હાથ ફેરવતાં ફેરવતાં કરુણાભર્યા સ્વરે બોલ્યાં:

'મા, શાંત થાઓ! શાંત થાઓ! તમારું બાળક જગજ્જનની માની ગોદમાં છે. તે મા કાળી પાસે છે. દુઃખી ન થાઓ, મા!'

અને પળવાર માટે વાતાવરણમાં શાંતિ ફેલાઈ ગઈ. આક્રંદ ધીમું પડી ગયું.

થોડા દિવસો પછી ૧૮૯૯ના માર્ચ મહિનામાં કલકત્તામાં પાછો મરકીનો ઉપદ્રવ ફાટી નીકળ્યો! શ્રીરામકૃષ્ણ મિશને એક પ્લેગ-નિવારણ કમિટી રચી. ભગિની નિવેદિતાને તેનાં મંત્રી બનાવ્યાં.

માર્ચની ૩૧મી તારીખથી રાહત કાર્ય શરૂ થયું. સૌથી પ્રથમ તો તંદુરસ્તીને હાનિકર એવા ગંદવાડને દૂર કરવાનું કાર્ય જરૂરી હતું. સાધુ ભાઈઓ એ કામમાં જોડાયા. નિવેદિતા પણ એ કામમાં ભળ્યાં. આસપાસના લત્તામાં સફાઈકામ શરૂ થઈ ગયું!

મિશનના પદ્ધતિસરના કામથી ડિસ્ટ્રિક્ટ મેડિકલ ઑફિસર વગેરે ખૂબ જ રાજી થયા. ડૉ. રાધાગોવિંદ કાર આ બાબતમાં લખે છે:

'આ પ્લેગના ઉપદ્રવ દરમિયાન દયાળુ ભગિની નિવેદિતા બાગબજાર લત્તાની દરેક વસ્તીમાં દેખાતાં હતાં. પોતાની જાતનો વિચાર તે લેશમાત્ર પણ કરતાં નહિ અને એ એટલે સુધી કે પોતે ફળ ને દૂધ પર જ રહેતાં હોવા છતાં માંદાની માવજત માટે પૈસાની જરૂર પડે, તો પોતે ફક્ત ફળો પર જ રહીને દૂધના બચેલા પૈસા માંદાની માવ-જત માટે વાપરતાં.'

નિવેદિતાને સ્ત્રીઓ માટે એક ઇસ્પિતાલ શરૂ કરવાનું મન થઈ ગયું. હતું પરંતુ તેમની ઇચ્છા સફળ થઈ ન હતી.

પ્લેગનો ઉપદ્રવ વધારે ફેલાતો અટકાવવા નિવદિતાએ ચોખ્ખાઈ અને સ્વચ્છતા જાળવવા માટેના ચાંપતા ઉપાયો લીધા. વળી ઉપદ્રવ પ્રત્યેનું લોકોનું અજ્ઞાન દૂર કરવા મહેનત લેવા માંડી.

એક વાર નિવેદિતા પોતે એકલાં ઝાડુ લઈ એક ખૂબ ગંદી ગલી સાફ કરવા લાગી ગયાં. કહેવા કરતાં કરવું ભલું.

ગલીના જુવાનો આ જોઈને શરમાઈ ગયા. તેઓ બધા તરત જ મદદે દોડી આવ્યા. જોતાજોતામાં આખી ગલી ચોખ્ખીચણાક થઈ ગઈ.

ડૉ. રાધાગોવિંદ કારે તો નિવેદિતાને નજરોનજર દરદીની સેવા કરતાં જોયાં હતાં. એક વાર એક દરદીની માવજત માટે કંઈક પૂછપરછ કરવા અને પોતે જ તેની સેવાચાકરી કરશે એ જણાવવા નિવેદિતા ડૉક્ટરને દવાખાને એમની રાહ જોતાં કેટલોય વખત સુધી બેસી રહ્યાં હતાં.

ડૉક્ટરે આવીને તેમને બધી જ માહિતી આપી અને સાથે સાથે ખૂબ ચેતતાં રહેવાની પણ જરૂર સમજાવી.

બપોરે જ્યારે ડૉક્ટર પોતે પેલા દરદીને જોવા ગયા, ત્યારે નિવેદિતા એ ગંદા અને ભેજવાળા ઝૂંપડામાં દરદી બાળકને ખોળામાં લઈ બેઠાં હતાં! બે દિવસ સુધી ભગિની નિવેદિતા ત્યાં જ ખડે પગે રહ્યાં. છેવટે એ ગરીબ બાળક દયાળુ ભગિનીના ખોળામાં હમેશને માટે પોઢી ગયું!

આવાં હતાં કરુણાળુ ભગિની નિવેદિતા!

## ગુરુ ઘડે છે શિષ્યાને

કબીરસાહેબે કહ્યું છે:

> गुरु कुम्हार सिष कुंभ है,
> गढ गढ काढै खोट।
> अन्तर हाथ सहार दै,
> बाहर बाहै चोट ॥

— ગુરુ એ ઘડનારો કુંભાર છે અને શિષ્ય ઘડો છે. ગુરુ ટીપી ટીપીને શિષ્યની ત્રુટિઓ દૂર કરે છે. ઘડો ઘડતી વખતે એ અંદરની બાજુ—એટલે હૃદયમાં—પોતાના હાથનો અખંડ સહારો આપે છે અને બહારની બાજુ ટપાકા લગાવે છે.

સ્વામી વિવેકાનંદ પણ એવા જ પ્રખર ગુરુ હતા. એટલે તેમણે નિવેદિતાનું બરોબર જીવનઘડતર કર્યું હતું. નિવેદિતા જનસેવા કરે, શિક્ષણનું કામ કરે, ધ્યાન કરે, ધર્મગ્રંથોનું અધ્યયન કરે એટલાથી કંઈ સ્વામીજી સંતોષ માને એવા ન હતા. તેઓ તો નિવેદિતાનું મુખ્યતઃ આધ્યાત્મિક ઘડતર કરવા માગતા હતા.

નિવેદિતા આ સમજતાં હતાં. તેમના મનમાં સ્વામીજીની શિષ્યા તરીકે પોતાને સેવાકાર્યમાં જ સમર્પિત કરી દેવાની ભાવના ન હતી, પરંતુ પોતાના જીવનકાર્યની ખંતથી પૂર્ણાહુતિ આધ્યાત્મિક ધ્યેય સિદ્ધ કરીને કરવાની તમન્ના હતી. 'અંતરતમ અને ઉચ્ચ આધ્યાત્મિક પવિત્રતા પ્રાપ્ત કરવા માટે તો ત્યાગની જ જરૂર છે' એવું તે દૃઢતાથી માનતાં હતાં. તેથી આ અંતિમ ધ્યેયની સાધના કરવાનું તે પળવાર પણ ભૂલ્યાં ન હતાં.

એક શુદ્ધ બ્રહ્મચારિણીની માફક નિવેદિતા ફળ અને દૂધનો જ ખોરાક લેતાં અને પાટ પર જ સૂતાં. મનસા, વાચા, કર્મણા કડક સંયમ પાળતાં. ગરમીની ઋતુમાં પંખો પણ ન વાપરતાં. એમનું મનોબળ સાચા ત્યાગથી કેટલું ભરપૂર હશે! ક્યાં પશ્ચિમનું ભોગવિલાસી જીવન અને ક્યાં આ સાધિકા તરીકેની તપસ્યા!

એક વાર સ્વામીજીએ સાધુભાઈઓ અને નિવેદિતા આગળ મઠ અંગે પોતાનો અભિપ્રાય આપતાં કહ્યું :

'જગતનો ઇતિહાસ મૂઠીભર ઉત્સાહિત અને શક્તિ-પ્રેરક વ્યક્તિઓનો જ બનેલો છે. આમાં એક જ વ્યક્તિ દૃઢ હોય અને માર્ગદર્શન કરાવવા ઉત્સુક હોય, તો જગત એને ચરણે નમે છે.'

એટલે જ સ્વામીજી મઠના સાધુભાઈઓના આદર્શમાં થોડીક પણ નબળાઈ ચલાવવા માગતા નહોતા. તેઓ તો મઠનો આદર્શ સ્પષ્ટ રીતે પળાય એ જોવા માગતા હતા. એમાં જરાયે બાંધછોડ ચલાવી લેતા નહિ.

આ વાત સાંભળીને નિવેદિતાને પણ લાગ્યું કે, શ્રીરામકૃષ્ણ મઠ એ કાચાપોચા સાધુઓનો અડ્ડો નથી; પરંતુ ત્યાગ, સેવા, પ્રેમ અને પવિત્ર આદર્શો પર રચાયેલો નક્કર મઠ છે.

હવે નિવેદિતાએ મઠના સભ્ય બની નૈષ્ઠિક બ્રહ્મચારિણીનું વ્રત ગ્રહણ કરવા વિચાર્યું. તો જ જીવનના ઉચ્ચ આદર્શોની બાબતમાં જાગૃતિ જાળવી શકાય. આ વાત તેમણે સ્વામીજી આગળ રજૂ કરી. સ્વામીજીને નિવેદિતામાં અચળ શ્રદ્ધા હતી. એટલે તેમણે નિવેદિતાને ઈ. સ. ૧૮૯૯ની ૨૫મી માર્ચને દિવસે નૈષ્ઠિક બ્રહ્મચારિણીની દીક્ષા આપી.

સ્વામીજી તો ખૂબ જ કડક ગુરુ હતા. એટલે દીક્ષા આપીને તેમણે નિવેદિતા સમક્ષ નૈષ્ઠિક બ્રહ્મચારિણીનો ભારતીય આદર્શ ધર્યો.

એક વાર સ્વામીજીએ આ બાબતમાં નિવેદિતા આગળ આ માટેની કઠોર તપસ્યાનો ખ્યાલ આપતાં કહ્યું :

'તમારે અમુક વખત બધાંયને મળવા જવાનું બંધ કરવું પડશે. કડક સંયમી જીવન ગાળી એકલાં જ એકાંત-વાસમાં રહેતાં પણ શીખવું પડશે. તમારે તમારા વિચારો, સંકલ્પો, આદતો, જરૂરિયાતો અને આદર્શો ભારતીય જેવાં જ બનાવી દેવાં પડશે. તમારી બાહ્ય અને આંતરિક જિંદગી પણ એક ચુસ્ત બ્રહ્મચારિણી જેવી જ બની જવી જોઈશે.

'જો તમારી આવાં બનવાની પ્રબળ ઇચ્છા હશે, તો તમને માર્ગ જરૂર સાંપડશે. તમારે તમારા ભૂતકાળને પણ સાવ ભૂલી જવો પડશે અને પ્રયત્ન આદરીને બીજાઓ પાસે પણ તે ભુલાવવો પડશે. અરે, તમારા જીવનમાંથી એનું સ્મરણ પણ નાબૂદ કરવું પડશે.'

આવા કડક આદર્શ–પાલનની વાત સાંભળીને કોઈ નબળો–પોચો માણસ તો સાધના પડતી જ મૂકે. ખરેખર, આ માર્ગ તો, 'કઠોપનિષદ'માં કહ્યું છે એમ —

'क्षुरस्य धारा निशिता, दुरत्यया दुर्गं पथः.....'

— એકદમ ધારદાર અસ્તરાની ધાર ઉપર ચાલવા જેવો આ વિકટ માર્ગ છે.....

પરંતુ નિવેદિતાનો તો વેલો જ જુદો હતો. એ કંઈ કઠોર તપસ્યાથી ડરી જાય એવાં કાચી માટીનાં ન હતાં. એમણે તો આ અગ્નિ–પરીક્ષામાંથી પણ પસાર થવા કમર

કસી. તેમણે તો પોતાના મહાન સદ્‌ગુરુ સ્વામી વિવેકા-નંદની માફક પોતના દિલને આદેશ આપી દીધો હતો:

उत्तिष्ठत जाग्रत प्राप्य वरान् निबोधत ।'

—ઊઠો, જાગો અને શ્રેષ્ઠ પુરુષોનો સમાગમ કરીને તેમની પાસેથી જીવનોન્નતિકર જ્ઞાન પ્રાપ્ત કરો.

આમ, સ્વામી વિવેકાનંદે પહેલાં નિવેદિતાને એક સંસ્કારી વ્યક્તિ તરીકેની તાલીમ આપી. ત્યાર પછી માનસિક શિસ્ત અને સંયમ શીખવ્યાં. અને છેવટે સાધિકા તરીકેના કડક સંયમી માર્ગ પર તેમને મૂકી દીધાં.

દુનિયાનાં ચલિત આકર્ષણો આપણને શ્રેયસાધક માર્ગ પરથી પાડનારાં છે. સ્વામીજી એ બધાંથી કેમ દૂર રહેવું એની હમેશાં સજાગતા કેળવવાનું સૌને કહેતા. એ જ રીતે તેમણે નિવેદિતાને પણ કહ્યું હતું:

'વિચારજો. મનને કોઈ જાતનાં પ્રલોભનો આપશો નહિ. જગતની ભભકની અસર મન પર થવા દેશો નહિ. આ બધું જડમૂળથી ઉખેડી નાખજો. આ બધું ફક્ત ઇંદ્રિયોના નશા જેવું છે; લાગણીઓનું ગાંડપણ છે. એ બધુંય તમને ઠગાવવા રંગ, રૂપ, ધ્વનિ અને સમાગમ રૂપે તમારી સમક્ષ આવશે.

'ચેતતાં રહેજો ! એ સૌને ફગાવી દેજો ! એ હળાહળ ઝેર છે ! એને તજી દેજો !'

## મહાન ગુરુનું નિર્વાણ

સમય જતાં સ્વામી વિવેકાનંદનું સ્વાસ્થ્ય ધીમે ધીમે કથળતું ગયું. પરંતુ તેઓ એટલા જ ઉત્સાહથી શ્રીરામકૃષ્ણ મઠનું કામ કરતા રહ્યા. સ્વામીજીના ગુરુભાઈઓ, શિષ્યો વગેરેને તેમની તબિયતની ચિંતા થવા લાગી.

ઈ. સ. ૧૯૦૨ના જુલાઈની બીજી તારીખે ભગિની નિવેદિતા સ્વામીજીને મળવા બેલુડ મઠ ગયાં. સ્વામીજીએ પોતે ઉપવાસ કર્યો હતો. પરંતુ પોતાની શિષ્યા નિવેદિતાને પોતે જ પીરસીને જમાડવાની તેમણે જીદ પકડી.

શિષ્યાને પ્રેમથી જમાડીને તેમણે પોતે જ પાણી રેડી એમના હાથ ધોવડાવ્યા અને ટુવાલથી લૂછી પણ આપ્યા !

નિવેદિતા ખૂબ જ આનાકાની કરતાં જ રહ્યાં. પણ સ્વામીજી શાના માને? નિવેદિતાએ ગળગળા સાદે કહ્યું :

'શિષ્યા તરીકે મારી ફરજ આપની સેવા કરવાની છે, નહિ કે આપે મારી !'

સ્વામીજીએ જવાબ આપતાં કહ્યું :

'ઈસુ ખ્રિસ્તે શિષ્યોના પગ ધોયા હતા ને!'

નિવેદિતાના મુખમાં શબ્દો આવ્યા કે, 'એ તો અંતિમ ઘડીએ.' પણ તેમણે પોતાની જાતને જાળવી લઈને એ શબ્દો ઉચ્ચાર્યા નહિ,

પરંતુ ખરેખર સ્વામી વિવેકાનંદનું આ કાર્ય પણ અંતિમ જ હતું !

નિવેદિતા ત્રણ કલાક ગુરુ પાસે બેઠાં. સ્વામીજીએ પણ જાણે તેમને છેલ્લી મુલાકાત પેટ ભરીને લેવા દેતા હોય તેમ તેમને બેસવા પણ દીધાં.

ઈ. સ. ૧૯૦૨ના જુલાઈની ચોથી તારીખ એ યાદગાર દિવસે સ્વામી વિવેકાનંદે રાતે મહાપ્રયાણ કર્યું.

ભગિની નિવેદિતાને તે રાતે સ્વપ્ન આવ્યું કે, શ્રીરામકૃષ્ણ પરમહંસદેવ પોતાનું સ્થૂળ શરીર બીજી વાર છોડી જાય છે!

વહેલી પરોઢે બેલુડ મઠથી નિવેદિતાને સંદેશો પહોંચ્યો કે, 'સ્વામી વિવેકાનંદે મહાપ્રયાણ કર્યું છે.'

ભગિની નિવેદિતાને આકાશ તૂટી પડ્યા જેવું લાગ્યું. નિવેદિતા તરત જ બેલુડ મઠ ગયાં. તે સ્વામીજીના દેહ આગળ બેસી રહ્યાં. સાયંકાળની આરતી પછી બેલુડમાં બેલના ઝાડની નીચે 'જય શ્રી ગુરુ મહારાજકી જય! જય શ્રી સ્વામીજી મહારાજકી જય!' એવા ધ્વનિ વચ્ચે સ્વામી વિવેકાનંદના દેહને અગ્નિદાહ દેવામાં આવ્યો.

નિવેદિતાએ તે દિવસે પોતાની નોંધપોથીમાં લખ્યું: 'સ્વામીજી ગયા!'

આથી વધુ એક પણ શબ્દ નોંધવાની તેમનામાં શક્તિ નહોતી. દુઃખ તો અસહ્ય હતું. પરંતુ સ્વામીજીના આ શબ્દો તેમના કાનમાં ગુંજવા લાગ્યા:

'તમારામાં મને શ્રદ્ધા છે. તમે ભારતની સ્ત્રીઓને જાગ્રત કરવાનું કામ સિંહણના શૌર્યથી કરી શકશો. હું હંમેશાં તમારી પડખે જ રહીશ. મારા સ્થૂળ શરીરને મારે

એક દિવસ ફેંકી દેવું પડશે. પણ મારું કાર્ય બંધ નહિ થાય. હું જગતભરમાં માનવીને પ્રેરણા પાતો રહીશ...'

## નિવેદિતાએ કાર્યદિશા બદલી

ધીમે ધીમે નિવેદિતાના વિચારોમાં પરિવર્તન થતું જતું હતું. તેમને લાગવા માંડ્યું હતું કે, દશ-પંદર બાલિકાઓને આપેલા શિક્ષણથી કે થોડીક બહેનોએ મેળવેલા વિચારોથી આખોય દેશ બેઠો થાય એમ નથી. એવી જાગૃતિ માટે તો પ્રથમ બ્રિટિશ સલ્તનત સામે આઝાદી મેળવવા સારુ લડત લડવી જરૂરી છે.

સ્વામીજી આગળ પણ એક વાર તેમણે પોતાની આ વાત રજૂ કરી હતી ખરી. પણ સ્વામીજીનો એક જ દૃઢ નિશ્ચય હતો કે, શ્રીરામકૃષ્ણ મિશનને રાજકીય બાબતો જોડે કોઈ પણ જાતનો સંબંધ રહેશે જ નહિ. મિશનનો આદર્શ તો આધ્યાત્મિક વિદ્યાનું અનુશીલન, તેનો પ્રચાર અને જનસેવા જ રહેશે.

હવે સ્વામીજીના મહાપ્રયાણ પછી ભગિની નિવેદિતા મૂંઝવણ અનુભવવા લાગ્યાં. મઠનાં એક શિષ્યા તરીકે તેમણે રાજકીય બાબતમાં જરા પણ ન પડવું જોઈએ એ આવશ્યક હતું. અને સાથે સાથે એમને બીજો કોઈ જ માર્ગ સ્વામીજીએ ચીંધેલા કાર્યની પરિપૂર્ણતા માટે દેખાતો નહોતો !

નિવેદિતાના સ્વભાવનું આ પણ એક પાસું હતું અને તેથી મઠ સાથેનો સીધો સંબંધ છોડવો જરૂરી હતો. એટલે તેમણે શ્રીરામકૃષ્ણ મઠના અધ્યક્ષ સ્વામી બ્રહ્માનંદ અને બીજા સાધુભાઈઓની આ બાબતમાં સલાહ લઈને મઠ સાથેનો-મિશન સાથેનો સીધો સંબંધ છોડી દીધો.

તારીખ ૧૯મી જુલાઈ, સને ૧૯૦૨ના કલકત્તાના 'અમૃત બજાર પત્રિકા' છાપામાં જાહેરખબર પસિદ્ધ થઈ:

'સ્વામી વિવેકાનંદના શોકના દિવસો પૂરા થયા પછી શ્રીરામકૃષ્ણ મઠ-મિશનના બધા સાધુભાઈઓ અને નિવેદિતા વચ્ચે એવી સલાહ થઈ છે કે, હવે પછી નિવેદિતાના કોઈ પણ કાર્ય માટે મઠ યા મિશનની રજા લેવાની તેમને જરૂર નહિ રહે અને નિવેદિતાના કોઈ પણ કાર્ય માટે મિશનની જવાબદારી પણ રહેશે નહિ. નિવેદિતા એ રીતે મઠ યા મિશનથી મુક્ત અને સ્વતંત્ર છે.'

નિવેદિતા આમ તો શ્રીરામકૃષ્ણ મિશનથી છૂટાં પડચાં ખરાં, પણ તેમણે હૃદયનું જોડાણ પ્રથમ જેવું જ રાખ્યું. મઠવાસીઓ પણ તેમને પોતાનાં જ ગણતા હતા. ફક્ત ભગિની નિવેદિતા હવે 'શ્રીરામકૃષ્ણ સંઘનાં નિવેદિતા' એમ સહી નહોતાં કરતાં, પણ 'શ્રીરામકૃષ્ણ-વિવેકાનંદનાં નિવેદિતા' એમ લખવા લાગ્યાં.

## ભારતના નવઘડતરના કાર્યમાં

આમ, નિવેદિતા હવે ભારતનું નવઘડતર કરવાને પંથે વળ્યાં. તેમણે ભારતમાં બધે ભ્રમણ કરવા માંડ્યું. ઠેરે ઠેર ભાષણ કરીને જનતા જનાર્દનને સ્વદેશાભિમાનના પાઠ આપવા માંડ્યા. સ્ત્રીવર્ગને પણ જાગ્રત કરવાનું તેમણે ચાલુ રાખ્યું હતું. 'હિંદુ' નામના છાપામાં તેમણે 'બહેનોને ખુલ્લો પત્ર' એ લેખ પ્રસિદ્ધ કરીને બહેનો આગળ પોતાના દિલની વાત કહી છે :

'પવિત્રતા અને શૌર્ય એ ગુણો મા જ બાળકમાં રેડે છે. સીતા, સાવિત્રી, પાર્વતી વગેરે બધી હિંદુ સ્ત્રીઓ જ હતી.

'સ્ત્રીની તપસ્યાને બળે જ પુરુષ આદર્શ જીવન જીવી શકે છે અને બાળકો દેશાભિમાની બને છે. હિંદુ ધર્મ સ્ત્રીઓની શ્રદ્ધા, વફાદારી અને ઉચ્ચ આકાંક્ષાઓથી જ ટક્યો છે, નહિ કે બીજા દેશો જોડેની લડાઈથી.

'આજે ધર્મ નબળો પડ્યો છે, ત્યારે ભારત સ્ત્રીઓ પાસે આદર્શ માગે છે. એ આદર્શ પોતાનાં બાળકોમાં તપસ્યાનાં બીજ રોપવાનો—વિદ્યાર્થીજીવનમાં અખંડ બ્રહ્મચર્ય જરૂરી છે એવું શીખવવાનો—છે. અને એ બધા આદર્શો માતાઓ જ બાળકને આપી શકે છે.

'જો ભારતમાં જ આ આદર્શોની પડતી આવશે, તો બીજા દેશો ક્યાંથી માર્ગદર્શન મેળવશે? માટે બહેનોએ સ્વદેશાભિમાન કેળવીને જાગ્રત થવાની જરૂર છે.

'અખંડ બ્રહ્મચર્યમાં શૌર્ય અને મહાનતા રહેલાં છે. દરેક માતાએ પોતાના સંતાનને મહાન બનાવવાની આકાંક્ષા સેવવી જોઈએ. સાથે સાથે તેનામાં દયાના અંકુર પણ રોપવા જોઈએ. આ અંકુરથી ચારે બાજુ દેખાતી દરિદ્રતાનો ખ્યાલ આવશે, દેશનાં દુઃખો દેખાશે અને સાચા ધર્મને માટે લડનારા કાર્યકર્તાઓ કોઈ પણ આશા વિના નિઃસ્વાર્થ ભાવથી પ્રેરાઈને કાર્ય કરવા લાગશે.

'દેશ એ આપણી માતૃભૂમિ છે. એણે આપણને સર્વસ્વ આપ્યું છે. તેથી ફરી એક વાર એને महाभारत બનાવવાની જરૂર છે : મારા ગુરુજીનો આ આદેશ હતો.'

સ્વામી વિવેકાનંદે ઈ. સ. ૧૮૯૭માં કહ્યું હતું :

'હવે બીજાં પચાસ વર્ષો સુધી બધા દેવોમાં ભારત-માતા જ આપણી પૂજા માટે અગ્રસ્થાન ધરાવશે...ભારત-માતા જ આપણે માટે જીવતી જાગતી પ્રત્યક્ષ દેવી છે.'

આમ, ભગિની નિવેદિતા ટિળક મહારાજ, ગોખલેજી, ગાંધીજી, શ્રીઅરવિંદ અને બીજા કેટલાય અગ્રગણ્ય રાજકીય નેતાઓના ગાઢ સંપર્કમાં આવ્યાં અને રાષ્ટ્રના નવોત્થાનના કાર્યમાં તેમણે પાયાનું કામ કર્યું.

## અંતિમ વિદાય

ભગિની નિવેદિતાએ દેશોન્નતિના કામમાં પોતાની જાતને ઘસી નાખી. ન જોયો દિવસ કે ન જોઈ રાત. પણ સમય જતાં નિવેદિતાને પણ થાક વર્તાવા લાગ્યો હતો. ઈ. સ. ૧૯૧૦માં તેમણે શ્રીમતી બુલને લખ્યું હતું :

'મારાં ભવ્ય બાર વર્ષ પૂરાં થાય છે. હવે મારો અંધકારમય સમય શરૂ થશે. બહુ બહુ તો હું હવે બીજાં બે વર્ષ જીવીશ, વધુ નહિ.'

ઈ. સ. ૧૯૧૧ના એપ્રિલ માસમાં ભગિની નિવેદિતા બેલુડ મઠ ગયાં હતાં. સ્વામી વિવેકાનંદના ઓરડામાં જઈને તે નમસ્કાર કરી ધ્યાનમાં બેઠાં. નિવેદિતાને હવે પોતાનો અંત ખૂબ જ નજીક લાગતો હતો.

નિવેદિતાએ શ્રીમતી મેકલાઉડને સને ૧૯૦૪માં એક પત્રમાં લખ્યું હતું :

'તમને યાદ હશે કે, જ્યોતિષશાસ્ત્રી કીરોએ મારું મરણ બેંતાલીસ કે ચુંવાલીસની ઉંમરે ભાખ્યું છે. હું હમણાં છત્રીસની છું. આ ગાળો પૂરો કરી હું સને ૧૯૧૨ માં કદાચ નહિ હોઉં....'

ઈ. સ. ૧૯૧૧ માં ભગિની નિવેદિતા આરામ લેવા દાર્જિલિંગ ગયાં. પરંતુ ત્યાં પણ એમની તબિયતે મચક ન આપી. ઑક્ટોબર મહિનાની સાતમી તારીખે તેમની તબિયત વધુ બગડી. તેમણે પોતાની બધી મિલકત ભારત-માતાને અને કન્યાશાળાને અર્પી દીધી.

બુદ્ધ ભગવાનની એક 'વિશ્વશાંતિ અને પ્રેમ'ની પ્રાર્થના તેમણે વંચાવી. પોતે પછી ધ્યાનમાં ઊંડાં ઊતરી ગયાં. તેમની તે વેળાની છેલ્લી સ્તુતિ હતી :

'ॐ असतो मा सद् गमय ।<br>
तमसो मा ज्योतिर्गमय ।<br>
मृत्योर्मा अमृतं गमय ॥'

ઑક્ટોબર મહિનાની ૧૨મી તારીખે ભગિની નિવેદિતાની તબિયત ઘણી જ નાજુક બની ગઈ. રાતની વેળાએ તેઓ મંદ પણ મક્કમ અવાજે બોલ્યાં :

'હું જાઉં છું, પણ સૂર્યપ્રકાશ જોયા વગર નહિ જાઉં !'

અને સાચે જ તા. ૧૩મી ઑક્ટોબર ૧૯૧૧ને રોજ પ્રભાતે સૂરજનાં પ્રથમ કિરણો જોઈને જ ભગિની નિવેદિતાએ પ્રાણત્યાગ કર્યો.

આખુંય દાર્જિલિંગ ભગિનીને અંજલિ આપવા ઊમટયું. ભારતને ખૂણે ખૂણે શોક વ્યાપી ગયો.

સાંજે સવા ચાર વાગ્યે તેમનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

આજે પણ દાર્જિલિંગના સ્ટેશનેથી થોડેક નીચાણમાં ભગિની નિવેદિતાની સ્મારક સમાધિ છે. સમાધિ ઉપર લખેલું છે :

'અહીં સૂતાં છે ભગિની નિવેદિતા, જેમણે ભારતને પોતાનું સર્વસ્વ સમર્પણ કર્યું છે.'

કોટિ કોટિ વંદન હજો 'શ્રીરામકૃષ્ણ–વિવેકાનંદનાં નિવેદિતા'ને !

## ૪

# મીઠુબહેન પીટીટ—'માયજી'

મહાત્મા ગાંધીજીએ એક આશ્રમના ખાતમુહૂર્ત વખતે ભાવભર્યા શબ્દોમાં કહ્યું હતું :

'દશ વર્ષ પહેલાં અહીં વંચાયો તેવો રિપોર્ટ કોઈએ સંભળાવ્યો હોત, તો મને એમ થાત કે, આ બધી વાત જોડી કાઢેલી છે !

'એક મોટા કુટુંબની પારસી બહેન, જેણે કોઈ દિવસ મુંબઈની બહાર પગ દીધો ન હોય, રોજ પાંચ-સાત વિલાયતી સાડીઓ જે બદલે, રોજ જુદે જુદે ઠેકાણે જુદા જુદા વિલાયતી બૂટ પહેરે...એવી એક પારસી બહેન ગામડામાં જાડામાં જાડી ખાદી પહેરી, ઉઘાડે પગે ભટકે; ન જુએ રાત કે ન જુએ દહાડો; ટાઢ, તડકો, પાણી બધું સરખું ગણે; ગરીબ છોકરાંઓ સાથે ખેલે, તેમને કાંતતાં શીખવે, તેમને સારુ પૈસાની ભિક્ષા માગે, એ ભલે સાચું હોત, પણ દશ વર્ષ પહેલાં કોઈ મને આ વાત કરત, તો હું તે ન માનત અને મને શંકા જાત કે એ બાઈ કોઈ ધૂર્ત હોવી જોઈએ !'

પરંતુ ગાંધીજીની આ વાતને સોએ સો ટકા સાચી પુરવાર કરનાર પારસી બાનુને તમે જાણો છો ?

એ હતાં મીઠુબહેન પીટીટ.

તેઓ 'માયજી'ના વહાલસોયા નામે બધે જાણીતાં થયાં છે.

ગાંધીજીના આ ઉદ્ગારો ૧૨મી જૂન ૧૯૩૧ના રોજ સુરત જિલ્લામાં આવેલા મરોલી ગામમાં 'કસ્તૂરબા વણાટ શાળા' જ્યાં ચાલતી હતી ત્યાં આશ્રમના મકાનનો પાયો નાખતી વખતના હતા.

ખાતમુહૂર્ત જે જગ્યાએ કરવાનું હતું એ સ્થાને જતાં ગાંધીજીએ ઓગણચાલીસ વર્ષનાં મીઠુબહેનને પૂછ્યું :

'મારે હાથે પાયો નંખાવો છો, તેની જવાબદારી સમજો છો ?'

આ પ્રશ્નના જવાબમાં મીઠુબહેને સહજ ભાવે કહ્યું :

'હા બાપુ, હું અહીં દટાવાની છું.'

---

આપણી આઝાદીના ઇતિહાસમાં આ સંવાદ અમર થઈ ગયો છે. માયજીએ આ છએક શબ્દોમાં સેવાભાવનો અને સંકલ્પશક્તિનો અર્ક આપી દીધો છે.

આપણા સંસ્કૃત સાહિત્યમાં એક શ્લોકમાં કહ્યું છે :

सद्भिः लीलया प्रोक्तम्
शिलालिखितं वाक्यम् ।

—સજ્જનો સહજ ભાવે રમત રમતમાં વાક્ય ઉચ્ચારે એ પથ્થર પર કોતરવામાં આવતા વાક્યની પેઠે બની જાય છે.

માયજી આગળ ગાંધીજીએ પડકાર ફેંક્યો અને માયજીએ એટલા જ જુસ્સાથી એ પડકારને ઝીલી લીધો.

અરે, એટલું જ નહિ પણ માયજી મરોલીના 'કસ્તૂરબા સેવાશ્રમ'માં સતત એ દિવસથી તે જીવનના અંતકાળ સુધી, એક જ સ્થાને પલાંઠી વાળીને ૪૨ વરસ સુધી સેવા આપીને એ જ ભૂમિમાં દટાયાં.

માયજીએ બાપુને આપેલું વચન શબ્દશઃ પાળ્યું.

આવાં માયજીનું જીવન આપણને સેવાનિષ્ઠા અને અચળ સંકલ્પશક્તિનો પાઠ આપે એવું પ્રેરણાદાયી છે.

## ધનકુબેરને ત્યાં જન્મ

(ભગવદ્‌ગીતામાં લખ્યું છે કે, જેમની સાધના અધૂરી રહી ગઈ હોય એવા આત્મા સાધુચરિત કુટુંબમાં યા શ્રીમંતને ઘેર જન્મ લે છે. આપણાં માયજી પણ એવાં એક મહાન આત્મા હતાં. તેમણે ખૂબ જ ધનાઢ્ય અને સુપ્રતિષ્ઠિત પારસી કોમના પીટીટ કુટુંબમાં જન્મ લીધો હતો.)

માયજીનો જન્મ તા. ૧૧-૪-૧૮૯૨ના રોજ મુંબઈમાં થયો હતો.

પિતાજીનું નામ હતું હોરમસજી કાવસજી પીટીટ અને માતુશ્રીનું નામ હતું પીરોજબાઈ.

મીઠુબહેનના વડદાદા -- દાદાના પિતા -- સર દિનશાજી માણેકજી પીટીટ એ પીટીટ કુટુંબના પહેલા બૅરોનેટ અને પીટીટ ગ્રુપની સાતેક મિલોના માલિક, અનેક ઉદ્યોગોના

અગ્રણી ઉદ્યોગપતિ અને મહાન દાનવીર તરીકે જાણીતા હતા.

મીઠુબહેનને બે ભાઈઓ હતા. બે ભાઈઓ વચ્ચેની આ એક જ અને સૌથી મોટી બહેનનું સ્થાન ઘરમાં મહત્ત્વનું હતું. બાળપણમાં નેતાગીરી કરવાની તેમની આદતને લીધે કુટુંબનાં બાળકોએ મીઠુબહેનનું નામ 'સેન્ટ પીટર' પાડ્યું હતું.

નાનપણથી મીઠુબહેનને શાંતિથી ઘેર રહેવાનું ગમતું. સારાં ભભકાદાર કપડાં પહેરી શ્રીમંત કુટુંબોની પાર્ટીમાં મહાલવાનું તેમને જરાયે ગમતું નહિ. ઘરનાં માણસો એવી મહેફિલમાં આવવાનું દબાણ કરે, તો મીઠુબહેન કહી દેતાં : 'આજે મારી તબિયત સારી નથી. ત્યાં પાર્ટીમાં આચરકૂચર ખાવાથી મારું પેટ બગડશે.'

આવું બહાનું સાંભળીને તેમના ભાઈ હસતા હસતા ટકોર કરતા :

'મીઠીને પાર્ટીમાં જવાને દિવસે જ પેટમાં કોણ જાણે શી રીતે ગડબડ ઊભી થઈ જાય છે! એને આ રીતે બહાનું કાઢતાં સરસ આવડે છે!'

મીઠુબહેનનું હાઈસ્કૂલ સુધીનું શિક્ષણ મુંબઈની સેંટ જેસસ ઍન્ડ મેરી કૉન્વેન્ટ શાળામાં થયું.

યુવાકાળમાં મીઠુબહેન એમના કુટુંબમાં અને સખીઓમાં સૌનું ધ્યાન ખેંચે એવાં તથા સુંદર યુવતી તરીકે જાણીતાં થયાં હતાં. તે પહેરવેશમાં તેમ જ દરદાગીના પહેરવાની બાબતમાં ખૂબ કાળજી રાખતાં. તે જમાનાના

રિવાજ મુજબ મીઠુબહેન એકલાં ક્યાંય જતાં નહિ. તેમની સાથે આયા રહેતી જ.

મીઠુબહેનને ભરતગૂંથણ અને સીવણની સારી આવડત હતી. એ કાળમાં તેમણે કામદાર સ્ત્રીઓ માટે સીવણ, રંગકામ, છાપકામ અને ભરતગૂંથણનો વર્ગ પણ શરૂ કર્યો હતો.

ભરતકામ મીઠુબહેન કઈ રીતે શીખ્યાં એ વિશે તે કહેતાં :

'મુંબઈમાં કૉન્વેટમાં હું ભણતી હતી. ત્યાં જર્મની વગેરે પરદેશોમાંથી સિસ્ટરો આવતી હતી. જેઓ બ્રહ્મચર્ય પાળી શકે તેવી જ બહેનો કૉન્વેન્ટમાં સિસ્ટરો તરીકે આવતી. તેઓના ગાઢ પરિચયમાં હું આવી હતી. ભરતકામનો શોખ મને એ સિસ્ટરોએ જ લગાડેલો બધાં જ્યારે રમવા જાય, ત્યારે હું વર્ગમાં બેસીને ભરતકામ કરતી.'

### મહાત્મા ગાંધીજીના સમાગમમાં

મહાત્મા ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહ ચલાવી રહ્યા હતા. એ લડતને માટે ફંડ એકઠું કરવાનું ભારત-સેવક ગોપાળકૃષ્ણ ગોખલેજીએ શરૂ કર્યું હતું. તેમની સૂચનાથી પીટીટ કુટુંબના શ્રી જહાંગીરજી પીટીટ પણ ફંડ એકઠું કરવા લાગ્યા હતા. તે તથા તેમનાં ધર્મપત્ની જાયજીબહેન ગાંધીજીનાં પરમ ચાહક હતાં.

જાયજીબહેન એ મીઠુબહેનનાં માસી થાય.

ગાંધીજી ઈ. સ. ૧૯૧૫માં દક્ષિણ આફ્રિકા છોડીને ભારતમાં પાછા આવ્યા. તે વખતે મુંબઈમાં 'રાષ્ટ્રીય સ્ત્રી સભા'ની સ્થાપના થઈ હતી. આ વેળાએ જાયજીબહેન ગાંધીજીને મળવા આવતાં માસીની સાથે મીઠુબહેન પણ આવતાં.

ગાંધીજી તે વખતે મુંબઈમાં મણિભવનમાં ઊતરતા. તે સમયની વાત કરતાં માયજી કહેતાં:

'મણિભવનમાં મોટા મોટા આગેવાનો આવે. જવાહર તો પોરિયા જેવો લાગે! હું જાયજીમાસીની સાથે જાઉં એટલે ઘરમાં તોફાન જાગે. કહે કે, ક્યાં ફર્યા કરે છે?

'ઘરમાં હું એક જ છોકરી. મમ્મી જાયજીને દબડાવે. પણ હું જાયજીની સાથે જ જાઉં!

'રાષ્ટ્રીય સ્ત્રી સભા સ્થાપન થઈ. તેનાં પ્રેસિડેન્ટ શ્રીમતી સરોજિની નાયડુ હતાં. રતનબહેન મહેતા, પેરીનબહેન નવરોજજી, જમનાબહેન પુરુષોત્તમ વગેરે બહેનો ગાંધીજીની પાછળ કદમ માંડી રહી હતી. બાપુએ સ્વરાજનું કામ બહેનો મારફત કરાવેલું. મને જે તાલીમ મળી તેથી હું મારી જાતને ધન્ય માનું છું.'

## બાપુએ મીઠુબહેનને પલોટવા માંડચાં

મીઠુબહેન ગાંધીજી પાસે જતાં હતાં એ વખતે તે મોટા શ્રીમંત કુટુંબના રિવાજ મુજબ મખમલનાં બૂટ,

રેશમી મોજાં, કીમતી વિલાયતી સાડી, સોનાનાં બટન, ગળામાં સાચાં મોતીની માળા વગેરે પહેરતાં હતાં.

આ બધો ઠાઠમાઠ જોઈને ગાંધીબાપુને થયું કે, આ છોકરીને સુધારવી પડશે.

એક વખતે મીઠુબહેન બૂટની દોરી છોડી રહ્યાં હતાં. એ જોઈને બાપુએ કહ્યું :

'આ કાઢી જ નાખોને! વારે ઘડીએ બૂટ કાઢવાની ને છોડવાની કેટલી તકલીફ પડે છે!'

અને ત્યારથી મીઠુબહેને એ બૂટની ઝંઝટ હંમેશને માટે છોડી દીધી.

પછી તો આગળ જતાં મોરની કિનારવાળી તેમની પ્રિય સાડીઓ ફેંકી દઈને, મીઠુબહેને ૩૬ ઇંચની પનાવાળી વચલા સાંધાની ખાદીની જાડી સાડી પહેરી.

આગળ જતાં મીઠુબહેનને રાષ્ટ્રીય સ્ત્રી સભાના ખાદી વિભાગના સેક્રેટરી તરીકે કામ કરવાનું આવ્યું.

તે જમાનામાં જે ખાદી બનતી તે ઘણી સામાન્ય કક્ષાની હતી. બાપુએ મીઠુબહેનને ખાદીને સરસ મજાની રંગીન અને કલાત્મક ડિઝાઇનવાળી બનાવવાનું કામ સોંપ્યું. તેમણે એ કામ એટલા પ્રેમભાવ અને ખંતથી કર્યું કે એ ખાદી ઘેર ઘેર લોકપ્રિય બની.

મીઠુબહેનને બાપુની સાથે વારંવાર હિંદના પ્રવાસો કરવાની તક મળી. તે વખતે મીઠુબહેન ખાદીનાં પ્રદર્શનો કરતાં અને ખાદીના કલાત્મક સ્ટૉલ ગોઠવતાં. બાપુની સાથે શ્રી મહાદેવભાઈ દેસાઈ હોય અને સાથે સાથે

મીઠુબહેનની ખાદીના પટારા પણ હોય. બાપુજી એ ખાદીનું જાહેરમાં વેચાણ કરતા અને તેનો હિસાબ મહાદેવભાઈ રાખતા. બાપુજી ખાદી વેચતા હોય, તો પછી પૂછવું જ શું ? એમના હાથે ખાદી વેચાતી લેવાનો લહાવો મળે ક્યાંથી ? એટલે ખાદી ખરીદવા નાનાંમોટાં સૌ પડાપડી કરે. મીઠુબહેનની કલાત્મક ખાદીના ગ્રાહકોમાં પંડિત મોતીલાલજી નેહરુ, જવાહરલાલ, દેશબંધુ દાસ વગેરે કેટલાય દેશનેતાઓ હતા.

## બાપુએ આપેલો પદાર્થપાઠ

આમ, ખાદીનો પ્રચાર સારી રીતે થતો હતો. મીઠુબહેન અને બીજાં બહેનો ઉત્સાહમાં આવી ગયાં. પરંતુ મીઠુબહેને જોયું કે, સ્ત્રી સભાના આ ખાદી વિભાગમાં ખોટ આવી હતી. એનો ઇલાજ શોધવો રહ્યો. એટલે મીઠુબહેનની સરદારી હેઠળ એમનું લશ્કર ગયું બાપુજી પાસે. બહેનોએ બાપુજીને કહ્યું :

'બાપુ, અમે ઘણી મુશ્કેલીમાં આવી પડયાં છીએ ! ખાદી કામમાં અમને ખોટ ગઈ છે. એકાદ નાટક, સિનેમાનો ચેરિટી શો ગોઠવીને આર્થિક તંગી મટાડીએ તો કેમ ?'

ગાંધીજી આ સાંભળીને જરા ગુસ્સે થઈ ગયા. તેમણે કડક શબ્દોમાં કહ્યું :

'ખાદી જેવી પવિત્ર પ્રવૃત્તિ એ કોઈ નાટક-સિનેમાનો શો છે કે અડધા પૈસા આપણે લઈએ ને અડધા પૈસા

સિનેમાવાળાને આપીએ? એના કરતાં એ પ્રવૃત્તિ બંધ કરવી સારી.'

મીઠુબહેનને થયું, ભોગ ફરી વળ્યા! હવે શું કરવું? આ તો કાચું કપાઈ ગયું!

પરંતુ બાપુએ પછી બધું ઠીક કરી આપ્યું. પછી તેમની ખાદી પ્રવૃત્તિ જોરશોરથી ચાલવા લાગી. બાપુજી જ્યાં કોંગ્રેસ અધિવેશનમાં જતા, ત્યાં શ્રી શંકરલાલ બેંકર અને બરજોરજી ભરૂચા સાથે મીઠુબહેન વગેરે બહેનોને પણ લઈ જતા. તેથી એ બહેનોને હિંદમાં ઘણું ફરવાનું મળ્યું, શીખવાનું મળ્યું.

મીઠુબહેને કૉન્વેન્ટ શાળામાં મેળવેલી ભરતગૂંથણની કળા ખાદીમાં ઉતારી.

એક વેળા મદ્રાસમાં ખાદીનું મોટું પ્રદર્શન થયું. તે વખતે શ્રી રાજગોપાલાચારીજીએ ખાદી પરની હસ્તકળા જોઈને ગાંધીજીને કહ્યું :

'બાપુ, તમે ના માનતા કે આ હાથની કળા છે.'

બાપુએ હસતાં હસતાં રાજાજીને કહ્યું :

'રાજાજી, તમે ભલે ન માનો, પણ આ એક બહેનની જ કળા છે.'

પછી તો શંકરલાલ બેંકર આવ્યા અને કહેવા લાગ્યા :

'આ તો અમારી ઇજ્જતનો સવાલ છે. આપ કહો તે ખરચ કરીએ. એ માટે હું તૈયાર છું.'

પછી પેરીનબહેન કૅપ્ટનની સાથે બધી ગોઠવણ કરી દીધી. આબરૂનો સવાલ એટલે મીઠુબહેનની આખી સ્ત્રી-સેના, બધી શાળો, બધા કારીગરો બધું મદ્રાસ પહોંચ્યું. એ સ્ટૉલો આપેલા ને બધી બહેનો કામ કરવા મંડી ગઈ.

રાજાજીએ આ બધું નજરોનજર જોયું. ખુશ થયા ને રૌપ્ય ચંદ્રક આપ્યો. રાજાજીએ બાપુજી આગળ કબૂલ કર્યું :

'હું જૂઠો ને બાપુ, તમે સાચા!'

## રેલ-સંકટ વેળાએ રાહત કાર્યમાં

આગળ જતાં ઈ. સ. ૧૯૨૨માં જ્યારે ગાંધીજી જેલમાં હતા, ત્યારે મીઠુબહેન, દાદાભાઈ નવરોજીનાં પૌત્રી પેરીનબહેન કૅપ્ટન, રતનબહેન મહેતા વગેરે બહેનો ગાંધીજીના પુત્ર રામદાસભાઈ અને બારજોરજી ભરૂચાની સાથે સૂરત જિલ્લામાં આવ્યાં. મીઠુબહેનનો સૂરત અને બારડોલીના ગામડાઓનો આ રીતે પ્રથમ પરિચય થયો.

એવામાં ૧૯૨૭માં ગુજરાતમાં ભારે રેલ-સંકટ આવ્યું. મુંબઈમાં સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસના પ્રમુખપદે રાહત માટેની સમિતિ નીમવામાં આવી. એના પ્રતિનિધિ તરીકે મીઠુબહેન અને રતનબહેનની પસંદગી થઈ.

એ બંને બહેનોને ખેડા જિલ્લાના બોરસદ ગામે જવાનું થયું. એ વખતની વાત કરતાં મીઠુબહેન કહે :

"અમ બેઉને પાસ આપ્યા અને ગાર્ડના ડબ્બાની

પાસે બે બૈરાંને ગાર્ડની દેખરેખ નીચે મૂક્યાં.

"મારાં મમ્મીને તો હિસ્ટિરિયા થઈ આવ્યો કે, આ ક્યાં જઈ રહી છે?

"સ્ટેશન પર શંકરલાલ અમને જોઈ ગયા. કહે, 'ક્યાં જઈ રહ્યાં છો?'

"અમે કહ્યું, 'પૂરના કામ માટે અમે ગુજરાતમાં જઈએ છીએ."

"તેમણે પૂછ્યું', 'કશી ગોઠવણ કરી છે?'

"અમે કહ્યું', 'ના. પણ કશો વાંધો નથી.'

"શંકરલાલે બારડોલીવાળા કલ્યાણજીભાઈ વગેરેને કહ્યું, 'આ બે બહેનો મુંબઈથી આવી છે. તેમને સાંભળજો.'

"એમ અમારી ગોઠવણ કરી. પછી અમને બોરસદમાં ભક્તિબાની સાથે મૂક્યાં. રતનબહેન ઘોડા પર બેસે. આટલા કાદવમાં હું પગે ચાલતી.

"હું આમાંથી પણ શીખી. પગે દીવેલ ચોપડો, તો કશી હરકત ના આવે. કોહ ના લાગે. આ હું ગામડાના વિજ્ઞાનમાંથી શીખી."

આ જ વખતે મીઠુબહેન વલ્લભભાઈ પટેલ, ઠક્કરબાપા, કલ્યાણજી મહેતા વગેરેના પરિચયમાં આવ્યાં.

## કિશોરની નજરે મીઠડાં માયજી

ભક્તિબા અને દરબારશ્રી ગોપાળદાસભાઈના સુપુત્ર મહેન્દ્રભાઈ એ વેળાએ ૧૨-૧૩ વરસના કિશોર હતા.

તે પણ રેલ-સંકટનું રાહતકામ ચાલતું હતું ત્યાં ભક્તિબા સાથે હતા. તેમનું ખાસ ધ્યાન મીઠુબહેન તરફ ગયું. એમનું તેમણે સુરેખ રેખાચિત્ર આલેખ્યું છે :

'રેલ હોનારતમાં લોક-સેવાર્થે કાર્ય કરવા માટે ગુજરાતભરમાંથી કાર્યકરો ખેડા જિલ્લામાં બોરસદ ગામે આવીને કાર્યમાં ગરક થઈ ગયા હતા.

'હું તે વખતે ૧૨-૧૩ વરસનો, ખડતલ બનવા માટેની કેળવણી મેળવી રહેલો કિશોર. કાર્યકરો કાર્ય માટે મહેનત ઉઠાવે તેમાં મને કાંઈ વિશેષ નોંધપાત્ર બાબત નહીં લાગી. પરંતુ નવાઈ લાગી, સૂરતના કાર્યકરો સાથે સેવાકાર્ય માટે બોરસદની છાવણીમાં આવેલાં બહેન મીઠુબહેન પીટીટને જોઈને!

'મીઠુબહેન પીટીટ એક તો પારસી, એટલે આનંદી અને મળતાવડાં તો ખરાં જ. તેમાંય વળી ગોરાં ને ઘાટીલાં, ઉપરાંત ધનાઢ્ય, એટલે રૂપ-પ્રસાધનની પૂરી સગવડ. પછી પૂછવું જ શું?

'ગ્રામ-વિસ્તારમાંથી આવેલા ખડતલ, ઝનૂનભરી ગતિ-રીતિવાળા કાર્યકરો વચ્ચે આ પારસી યુવતીને જોઈ તે દિવસે ૧૨-૧૩ વરસના કિશોરને તો શી કલ્પના આવે? પણ આજે એ દૃશ્ય હજીય દૃષ્ટિગોચર થાય છે અને લાગે છે કે હાથલા થોરના ઝુંડ વચ્ચે જાણે કોઈએ ગુલાબનું ફૂલ મૂકી દીધું!

'માયજી તે વખતે ૩૨-૩૫ વરસનાં હશે. પણ તેમની નાજુકાઈને કારણે એટલાં નાનાં લાગે કે જાણે ૨૦-૨૨નાં!

'ચીપી-ચીપીને બોલે—પારસીશાહી ગુજરાતીમાં. પારસી એટલે ચોખ્ખાઈ અને સુઘડતાની લોહીમાં ઊતરી ગયેલી ટેવવાળાં. અને છતાંય બાવા આદમના જમાનાથી કચરો-ગંદકી કરવાના જન્મસિદ્ધ હક ધરાવતા હોય તેવી વસતિવાળા વિસ્તારમાં અને તેમાંય વળી રેલને કારણે ઘણો વધારો પામેલ ગંદકી, કીચડ અને કોહવાટ વચ્ચે! સૌને આ એક આશ્ચર્યનો વિષય—સ્વાભાવિક રીતે મારો પણ.

'૧૨-૧૩ વરસના મને, આ કારણે કુતૂહલ થયું અને કુતૂહલજન્ય આકર્ષણ. મીઠાં માયજીની નાની મોટી દિન-ચર્યામાં મને કુતૂહલ રસ, નવીનતાનો આનંદ.

'માયજી "સ્વાદિષ્ટ"ને કહે "મજેનું". "સરસ"ને કહે "સોજ્જુ". ફક્ત "ના" કહેવાને બદલે કહે "નહીં રે બાવા!", "કોણે કહ્યું?" એમ પૂછવું હોય તો કહે "કોણને બોલ્યું?", "સાંભળ્યું કે?" ને બદલે કહે "સમજીયું કે?" આવું આવું તો અનેક. સાંભળું ને હસું. હસતો જાઉં ને એ પ્રમાણે બોલવા પ્રયત્ન કરું.

'એક વાર તેમની સાડીમાં એક કાણું પડ્યું. સોયદોરો શોધે. કોઈએ પૂછ્યું, "સોયદોરાને શું કરશો?" તો કહે, "સારીમાં આંધલું પઇર્યું છ, ટેને રીપેર કરવું છ."

'કાણાને "આંધલું" કહે તે સાંભળી સૌ પેટ પકડીને હસેલાં અને પછી તો મીઠાં માયજીની ભાષાએ એવું તો ઘેલું લગાડેલું કે સૌ મીઠાં માયજીની જેમ પારસીશાહી ભાષામાં બોલે—બોલવા પ્રયત્ન કરે."

## માયજી ખીચડી બનાવતાં શીખ્યાં !

મીઠુબહેન બોરસદ ગામમાં સેવાકાર્ય માટે આવ્યાં ખરાં. કયાં મુંબઇનું જીવન અને કયાં રેલસંકટગ્રસ્ત ગામડાનું જીવન ! પરંતુ મીઠુબહેન દૂધમાં સાકર ભળી જાય એમ ભળી ગયાં.

ગ્રામજીવન સાથે ઓતપ્રોત થઈ જવાની તેમની ધગશ સાચા દિલની. વાણી વર્તન પૂરતી મર્યાદિત નહીં, પણ ખાણીપીણી અને રહેણીકરણી પણ અપનાવવાની અંતરતમ ઇચ્છા. મીઠુબહેન નવું જુએ તેને ઓળખવા, સમજવા પ્રયત્ન કરે. નવું ચાખે તેને બનાવવા શીખવા તૈયાર થઈ જાય.

મીઠુબહેને પોતાને ઘેર ખીચડી કદીયે ખાધી નહિ હોય એમ તો કેમ બને ? કદાચ નયે ખાધી હોય—ધનાઢ્ય કુટુંબ, શહેરી ઉછેર અને પાશ્ચાત્ય પદ્ધતિવાળું જીવન. બ્રેડ-બટર, પુલાવ-બિરિયાની, કેક-પુડિંગ એ બધી પાશ્ચાત્ય વાનગીઓમાં 'ગરીબકી ગૌવાં' જેવી ખીચડીને કદીય સ્થાન મળ્યું ન પણ હોય !

એક વાર બોરસદમાં મીઠુબહેને ખીચડી ખાધી. ખાધી ને ભાવી. ભાવી ને સ્વાદ દાઢે વળગ્યો. પછી તો એમને રઢ લાગી કે ખીચડી બનાવતાં શીખી લઉં.

મીઠુબહેન પદ્ધતિસરના જીવનથી ટેવાયેલાં. જ્ઞાન પણ પદ્ધતિસર મેળવવું રહ્યું. તેમણે તો લીધાં કાગળ અને પેન્સિલ. દોડતાં દોડતાં ગયાં ભક્તિબા પાસે. મીઠુબહેન બાળક જેવી ઉત્સુકતા અને સરળતાથી બોલ્યાં :

'મારે ખીચડી બનાવતાં શીખવું છે. મને ખીચડી બનાવવાની રીત લખાવો.'

ભક્તિબા મીઠુબહેનની બાળસહજ ઉત્સુકતા જોઈ હસતાં હસતાં બોલ્યાં :

'લખો ત્યારે એક માપ દાળ...'

ત્યાં તો નવો નિશાળિયો અધવચ્ચે બોલી ઊઠ્યો :

'માપ એટલે ? કેટલા પાઉન્ડ ?'

ભક્તિબા ખડખડ હસી પડ્યાં : ૩૦-૩૨ વરસની યુવતીના જ્ઞાન ઉપર ! એમના દિલમાં માયજી માટે વહાલ ઊપજ્યું. પોતાના અજ્ઞાનને છુપાવવાના માનવસહજ સ્વભાવના અભાવને જોઈને તેમના પ્રત્યે ભક્તિબાને આદર ઊપજ્યો.

પછી તો મીઠુબહેનના સવાલોની ઝડી જ વરસવા લાગી :

'દાળ એટલે શાની દાળ ? તુવેરની, મગની કે લાંગની ?'

'ચોખા એટલે બાસમતિ કે કમોદ ? સાઠી ચાલે કે ?'

'એક માણસ દીઠ કેટલી ખીચડી જોઈએ ?'

ભક્તિબા પણ સમજુ અને પ્રેમાળ શિક્ષકની માફક મરક મરક હસતાં હસતાં બધી સમજ આપે :—

શહેરીને ઓછી અને ગામડાના રહેવાસીને વધારે જોઈએ. એનું ધ્યાન આપણે રાખવાનું. ખીચડી બનાવવામાં ચોખા કેટલા અને દાળ કેટલી લેવી એનો અંદાજ કાઢી લેવો.

દાળ અને ચોખાને વીણીને સાફ કરવાં. તપેલીમાં મૂકી અનાજ ડૂબ્યા ઉપર કેટલું પાણી રાખવું, તેમાં નાખવાના મીઠાનું પ્રમાણ કેટલું રાખવું એની સમજ આપી.

આમ નાની નાની બધી વિગત ભક્તિબા આપતાં ગયાં અને મીઠુબહેન નિખાલસતાથી લખતાં ગયાં.

દરેક માપ વખતે મીઠુબહેન પ્રયોગશાળામાં પ્રયોગ કરતી વેળાએ વાપરવામાં આવતી વસ્તુઓના માપ વગેરેનું ધ્યાન રાખવામાં આવે છે તેમ વચ્ચે વચ્ચે પૂછતાં ગયાં.

ચાલો ! ખીચડી બનાવવાની રીત બરોબર લખાઈ ગઈ. કુશળ શિક્ષક અને જિજ્ઞાસુ વિદ્યાર્થી હોય, પછી પૂછવું જ શું ?

ભોળાં મીઠુબહેનને તો લાગ્યું કે, મને હવે ખીચડી બનાવતાં આવડી ગઈ. મન ફાવે ત્યારે ખીચડી એકલાં એકલાં બનાવીને ખાઈ લેવી. કોઈના પર આધાર તો ન રાખવો પડે ! મીઠુબહેને એકલાં એકલાં આખી રીત ધ્યાનપૂર્વક વાંચી લીધી.

મીઠુબહેનને બધું લખાવી દીધા પછી ભક્તિબા પોતાના કામ અંગે બહાર ગયાં હતાં. મીઠુબહેન એકલાં જ બેઠાં હતાં. તેમને થયું, 'લાવને, હું આજે ખીચડી બનાવું ભક્તિબા આવશે એટલે મારા હાથની પહેલી વારની ગરમ ગરમ ખીચડી ખવડાવીશ. તે રાજી થશે અને મને પાસ થયાનું સર્ટિફિકેટ આપશે.'

મીઠુબહેન તો ઉત્સાહમાં ને ઉત્સાહમાં દાળ, ચોખા વગેરે લઈને ખીચડી બનાવવાની તૈયારી કરવા લાગી ગયાં.

બેએક કલાક બાદ ભક્તિબા કામકાજથી પરવારીને મીઠુબહેન પાસે આવ્યાં.

પરંતુ આ શું ? મીઠુબહેન તો બધા પસારા વચ્ચે કાંઈક ઊંડા વિચારમાં ડૂબેલાં બેઠાં હતાં !

આ જોઈને ભક્તિબા પણ વિમાસણમાં પડી ગયાં. તેમણે ધીમેથી પૂછ્યું :

'કેમ મીઠુબહેન, શા વિચારમાં પડી ગયાં છો ?'

મીઠુબહેને એક બે વાર ભક્તિબા તરફથી કાગળ તરફ અને કાગળ તરફથી ભક્તિબા તરફ જોયું. પછી કાગળ ભક્તિબા તરફ ધરીને પૂછ્યું :

'ખીચડી બનાવવાની આ રીત તો તમે જાણે લખાવી. પણ એને પકવવા માટે કેટલાં લાકડાં બાળવાં એ તો તમે લખાવ્યું નથી ! પછી ખીચડી કરું શી રીતે ?'

એમ કહીને મીઠુબહેન પોતે જ હસી પડ્યાં.

ભક્તિબા અને સાંભળનારાં સૌ પણ ખડખડાટ હસી પડ્યાં.

માયજીની ખીચડી બન્યા વિના અને ચાખ્યા વિના જ સૌની દાઢે વળગી ગઈ !

## નવી નવાઈનું પ્રાણી !

રેલ-રાહત છાવણીનું મકાન ગામ બહાર ખેતરમાં હતું. મકાનને છેડે એક ઓરડાની બનાવેલી બાથરૂમ. એને બે બારણાં, એક બારણું મકાનમાં જવા–આવવા માટે

અને બીજું બારણું બહારથી પાણી લાવવા માટે.

એક દિવસ મીઠુબહેન નાહવા ગયાં. બહાર રાખેલી મોટી પવાલીમાંથી પાણી લેવા માટે તે ડોલ લેવા ગયાં. જુએ તો એમાં નવી નવાઈનું પ્રાણી!

વાત એમ હતી કે, નજીકના ખેતરમાંથી કાચીંડો આવ્યો હશે. તે ડોલમાં પડી ગયો હતો. ઊંચી ડોલ એટલે તેનાથી બહાર નીકળી શકાયું નહિ હોય. એટલે ડોલમાં પડી રહ્યો હતો.

મીઠુબહેન મુંબઈમાં મોટી મહેલાતમાં રહેલાં. ગીલોડી-ગરોળી બહુ બહુ તો જોયેલી. પરંતુ કાચીંડો કદી જોયેલો નહિ. તેમને થયું કે, ડોલમાં ગરોળી પડી છે. ગામડામાં ગરોળી આવડી મોટી થતી હશે!

મીઠુબહેને ગરોળીને તગેડી મૂકવા શીતકારો કર્યો. કાચીંડો અંદર ને અંદર કૂદ્યો. પણ તે બહાર નીકળી શક્યો નહિ.

મીઠુબહેન શીતકારો કરે ને કાચીંડો બહાર નીકળવા કૂદે. દશ–પંદર વાર એમ થયા કર્યું.

આ જોઈ ને મીઠુબહેન નવાઈ પામ્યા. આ ગરોળી તો ખરી છે! તે તરત જ ભક્તિબા પાસે ગયાં. પોતાનો એક હાથ ઊંચો કરીને બીજો હાથ પહેલા હાથની કોણીએ મૂકીને ગરોળીની સાઈઝ બતાવીને ફાટી આંખે મીઠુબહેન બોલ્યાં:

'આવરો મોટ્ટો ગીલોરો! શું એની હિમ્મટ! મેં

શીસ્ કરિયું તો મારી સામ્મે ટઇયો !'

પહેલાં તો કોઈને સમજાયું નહિ કે માયજી શું કહેવા માગે છે ? પણ ડોલ પાસે જઈ ને જોયું તો કાચીંડો!

બધાં તો એ જોઈને હસી પડચાં.

આવાં હતાં ગ્રામજીવનથી અણજાણ મોટા ઘરનાં મીઠુબહેન !

## સેવાકાર્ય માટેની માયજીની ધગશ

તે વખતનાં સુકોમળ મીઠુબહેનને જોતાં કોઈને પણ થઈ આવતું કે, સાહ્યબીમાં ઊછરેલાં પારસી બાનુને આવા ગામડા-ગામમાં, તેયે રેલમાં સપડાયેલા ગામમાં આવવાનું મન શી રીતે થયું હશે ?

પરંતુ માયજી તો જુદી માટીનાં જ હતાં. તેમનામાં તો આપણા ઋષિઓએ સેવેલી ભાવના સહજ ભાવે વિકસેલી હતી :

'न त्वहं कामये राज्यम्
न स्वर्गं ना पुनर्भवम् ।
कामये दुःखतप्तानाम्
प्राणीनाम् आर्ति-नाशनम् ॥'

—'નથી મને કામના રાજ્યની વા,
ના સ્વર્ગની, ના ભવ છૂટવાની;
છે કામના એક ખપી જવાની
પીડિતનાં દુઃખ નિવારવામાં.'

માયજી પણ એ જ ભાવનાથી પ્રેરાઈને બધાં સુખ-વૈભવ અને સગવડોને બાજુએ મૂકી દઈને સંકટગ્રસ્તોની વહારે દોડી આવ્યાં હતાં.

મીઠુબહેન શહેરી અને વળી સુકોમળ, છતાંય સેવાની સાચી ધગશવાળાં હતાં. આજકાલના, પાવડો હાથમાં લઈ ફોટો પડાવી શ્રમયજ્ઞનું ઉદ્ઘાટન કરીને વિદાય થનાર મહાનુભાવો જેવી સેવાભાવના તે જમાનામાં હતી જ નહિ. કાર્યકર એટલે કાર્યકર. શ્રમશીલ, ખડતલ અને ભાવનાશાળી. મીઠુબહેન પણ એવાં જ એક કાર્યકર બનવા માટે આવ્યાં હતાં. સાચી ભાવનાથી, સાચા દિલની દાઝથી, સાચી ને પૂરી સમજથી સેવાની તાલીમ લેવા આવ્યાં હતાં.

પરંતુ માયજીને ભારે કસોટીમાંથી પસાર થવાનો વારો આવ્યો. પરંતુ માયજી તો હતાં શૂરાં. સંત કબીરસાહેબે ગાયું છે ને—

'शूर संग्रामको देख भागे नहीं,
देख भागे सोई शूर नाहीं।'

મીઠુબહેન પણ એવાં જ શૂરાં હતાં.

તે વખતની જરા પરિસ્થિતિ તો જુઓ! મીઠુબહેન આવ્યાં ત્યારે ચારે બાજુ પાણી જ પાણી. પાણી ન હોય ત્યાં કાદવ. જવા–આવવા માટે ન મળે કોઈ સાધન કે વાહન. રાહત-કાર્ય માટે ગામે ગામ જવું હોય, તો જવું શી રીતે? મોટરો તો તે વખતે મોટાં શહેરોમાં. ગામડામાં તો એ જોવાય ન મળે. કોઈ વાર મોટર આવી ચડે તો

એ કુતૂહલનો વિષય બની જાય. ઘોડાગાડીઓ ખરી, પણ કાચે રસ્તે કાદવ-કીચડમાં એ પણ કેમ ચાલી શકે?

વળી મીઠુબહેનને ચાલવાની બિલકુલ ટેવ નહિ. સૂકી સડક પર લાંબે સુધી ન ચલાય, તો પછી કાદવ-કીચડ ખૂંદતાં જવાની તો વાત જ ક્યાં?

પરંતુ મીઠુબહેનથી એક ઠેકાણે ઘરમાં બેસી કેમ રહેવાય? ઠેઠ મુંબઈથી સુખ-સાહ્યબી છોડીને સેવાકાર્ય માટે તો ગામડામાં આવ્યાં હતાં. ભયંકર પૂરે કરેલા ભારે નુકસાન અને ગ્રામવાસીઓને પડતી હાડમારી નજરોનજર જોવા માટે તો આવ્યાં હતાં.

વિચારતાં વિચારતાં દૂર દૂર ચરતાં ગધેડાંઓને જોઈને તેમણે નક્કી કર્યું કે, બીજું કશું સાધન ન મળે તો ગધેડા પર બેસીને પણ ગામમાં જવું!

મીઠુબહેનનો આ ક્રાંતિકારી વિચાર સાંભળીને સૌ કોઈ ખડખડાટ હસી પડ્યાં. પરંતુ દુઃખી માણસોની સ્થિતિનો ખ્યાલ કરવા અને બને તેટલી તેમની સેવા કરવા મીઠુબહેનની ઉત્સુકતાનો વિચાર કરતાં સૌને તેમના પ્રત્યે માન ઊપજ્યું. કોઈ દુઃખી માણસની વહારે ધાવા સાધનસગવડની રાહ ન જોવાય, હાથ આવ્યું તે હથિયાર!

## માયજીનું અથાણું!

મીઠુબહેન શહેરમાં ઊછરેલાં. મરચાં મસાલા વગરનું બાફેલું જમેલાં. છાવણીમાં તો ગામડાના જીવનને અનુરૂપ

તીખું તમતમતું રંધાય. એવું મીઠુબહેનને જરાયે ફાવે નહિ, એ સૌ કોઈ જાણે-સમજે. એટલે તેમને માટે અનુકૂળ ખોરાક આપવાનું સૌએ વિચારેલું.

પરંતુ મીઠુબહેન એ શાનાં કબૂલ કરે? તેમણે ચોખ્ખી ના પાડી દીધી. બધાં કાર્યકરોની જેમ જ તે પણ રહેવા વર્તવા ઇચ્છતાં હતાં. એટલે બધાંને માટે જે કંઈ રસોઈ થાય એ જ લેવાનો તેમણે આગ્રહ રાખ્યો. માત્ર મરચું મસાલા ઓછાં લેવાનું રાખ્યું હતું. તેથી બધી જ રસોઈ મોળી કરવાનું રાખવામાં આવ્યું. જેને તીખું જોઈએ તે ઉપરથી મરચું લઈ લે કે અથાણું લે.

અથાણા વિશે વાતચીત થતાં મીઠુબહેનને થયું: 'હું પણ કાંઈ કહું-કરું.'

પોતે કાંઈ કરેલું તો નહિ. પરંતુ જોયું હશે એ પ્રમાણે કરવાથી અથાણું બનાવી શકાશે એમ તેમણે માની લીધું. એટલે તેમણે પોતે નવી જાતનું અથાણું બનાવતાં જાણે છે, એમ જાહેર કર્યું.

અને એ અથાણું શાનું? ડુંગળીનું!

સૌને આ વાતમાં રસ પડ્યો. એક તો નવી વાનગી અને તેમાંય પાછી ડુંગળીની.

સૌની ઇંતેજારી જોઈને મીઠુબહેન ઉત્સાહમાં આવી ગયાં. તેમણે ખાસ મુંબઈથી મંગાવ્યો સરકો. ડુંગળી છોલી તેમાં ચારે બાજુ સોયાથી કાણાં પાડી એક બાટલામાં મૂકી ઉપર સરકો રેડી દીધો.

પાંચ પંદર દિવસ પછી અથાણું મજાનું તૈયાર થઈ ગયું હશે એમ માની બાટલો ખોલ્યો. સૌ નવી નવાઈનું અથાણું ખાવા ઉત્સુક.

પણ આ શું? અથાણું ચાખવાની વાત તો દૂર રહી, પણ ગંધથી આખું ઘર ભરાઈ ગયું! ચારે બાજુ તીવ્ર ગંધ, ગંધ ને ગંધ!

મીઠુબહેનનું મોં જોવા જેવું થઈ ગયું!

છેવટે એ ડુંગળીના અથાણાને બાટલા સહિત જમીન-માં ઊંડું દાટ્યું, ત્યારે સૌને હાશ થઈ!

આવાં હતાં પહેલાંનાં માયજી! બાળક જેવાં સરળ હૃદયા!

એટલું ખરું કે, આ રેલ-સંકટના રાહતકાર્યને લીધે માયજી અણજાણ રીતે ગુજરાતની પ્રજાના દિલમાં આદર-પાત્ર સ્થાન પામી ગયાં અને માયજીના દિલમાં પણ ગરવી ગુજરાત વસી ગઈ. પછી તો માયજી ગુજરાતનાં જ બની ગયાં.

### અદ્ભુત ત્યાગ

પછી ૧૯૨૮ની સાલમાં સરદાર વલ્લભભાઈ પટેલની સરદારી હેઠળ ગાંધીજીએ બારડોલી સત્યાગ્રહ શરૂ કર્યો. એ લડતમાં મીઠુબહેને ઉત્સાહભેર ઝંપલાવ્યું. ભક્તિબા મણિબહેન પટેલ, શારદાબહેન મહેતા એ બધાં પણ મીઠુ-બહેનની સાથે હતાં. તે વખતે ત્રણ ભાઈઓ અને ત્રણ

બહેનોનું એક પ્રતિનિધિ મંડળ વલ્લભભાઈ પટેલની આગેવાની હેઠળ સુરતના કિલ્લામાં ગવર્નરને મળવા ગયું. એમાં મીઠુબહેન પણ હતાં.

બારડોલી સત્યાગ્રહમાં મીઠુબહેન જોડાયાં, એ વાત જાણીને મુંબઈનું સુપ્રતિષ્ઠિત અને અંગ્રેજ સરકારના ટેકેદાર તરીકે જાણીતું એમનું પીટીટ કુટુંબ ખળભળી ઊઠ્યું. કેટલાક વડીલોને તો એમનું આ પગલું જરાયે ગમ્યું નહિ. પોતાના કુટુંબની દીકરી આમ આંધળિયાં કરીને રાજદ્રોહ કરે છે અને પોતાના કુટુંબનું નાક કપાવે છે એમ એ સૌને લાગ્યું.

વડીલોએ ગાંધીજી, સરદાર, કલ્યાણજીભાઈ, કુંવરજીભાઈ વગેરેને મીઠુબહેનને સમજાવવા અને અંગ્રેજ સરકાર સામેની લડતમાં ભાગ ન લેવાનું કહેવા જણાવ્યું. ભલે તે ખાદી, રાહતકાર્ય જેવાં રચનાત્મક કામ કરે. એમાં વડીલો એમને ના નહિ પાડે. પરંતુ રાજકારણના ક્ષેત્રથી તે દૂર રહે એ કુટુંબની આબરૂ અને સ્થિરતા માટે જરૂરી છે એમ જણાવ્યું.

ગાંધીજી અને સરદારે જોયું કે, આવા સમૃદ્ધ અને સુખસંપન્ન કુટુંબની ખફગી વહોરીને મીઠુબહેન પોતાને માટે ભારે વિટંબણા ઊભી કરશે. હમણાં જોશમાં ને જોશમાં ભલે તે માબાપ વગેરે વડીલોની અવગણના કરે, પરંતુ ઊભરો શાંત થઈ જતાં તેમને પસ્તાવાનો પણ વારો આવે. એટલે મીઠુબહેનને બધી પરિસ્થિતિનો ખ્યાલ આપીને માતાપિતાની વાત માન્ય કરવા જણાવ્યું :

'દેશ ખાતર ફના થવું એ કંઈ નાનીસૂની વાત નથી. એ તો શિરતણું સાટું છે. એમાં મોટું જોખમ છે. માટે તમારે મુક્ત થવું હોય તો થઈ શકો છો.'

પરંતુ મીઠુબહેનનો નિર્ણય મક્કમ અને અડગ હતો. 'ડગલું ભર્યું તો ના હઠવું, ના હઠવું' એ કવિ નર્મદના વાક્યને તેમણે આત્મસાત્ કર્યું હતું. તેમણે બાપુજીને અને સરદારને મક્કમતાથી કહી દીધું:

'બારડોલીના ખેડૂતો કરોડોની જમીન જતી કરવાનું જોખમ ખેડે છે, ત્યારે જો વારસા ખાતર હું પાછી પડું, તો લડતમાં જોડાવાને હું યોગ્ય જ ન હતી એમ ગણાય.'

છેવટે પરિણામ પણ એવું જ આવ્યું. વડીલોના વધારે દબાણનો જવાબ પણ તેમણે સાફ સાફ શબ્દોમાં આપી દીધો:

'સરકાર સાથે બેસવાનું કામ તમારું છે, તો દેશ સાથે રહેવાનું કામ મારું છે.'

પિતા પોતાની દીકરીની આવી હઠ જોઈને ખૂબ રોષે ભરાયા. તેમણે પોતાની અઢળક મિલકતમાંથી મીઠુબહેનનો વારસો રદ કર્યો.

પરંતુ મીઠુબહેને તો મીરાંબાઈની માફક સહજ ભાવે ક્યારનો ભેખ લઈ લીધો હતો. તેમણે લાખોનો વારસો જતો કર્યો, પણ દેશસેવાના કાર્યને ન છોડ્યું તે ન જ છોડ્યું.

## સ્ત્રીશક્તિએ પરચો બતાવ્યો

૧૯૩૦ની સાલમાં મહાત્મા ગાંધીજીએ મીઠા સત્યાગ્રહ આદર્યો. એ માટે સાબરમતી આશ્રમથી દાંડી સુધી પગે ચાલીને કૂચ કરી. દાંડીકૂચ સુરત જિલ્લામાં પ્રવેશી. તે વખતે મીઠુબહેને જિલ્લા કોંગ્રેસ સમિતિનાં ઉપપ્રમુખ તરીકે ગાંધીજીનું સ્વાગત કર્યું.

દાંડી પહોંચ્યા પછી તા. ૧૩-૪-'૩૦ને રોજ ગાંધીજીએ સ્ત્રીઓની સભા ભરી.

આ સત્યાગ્રહમાં બહેનોને સામેલ કરવામાં આવી ન હતી. એટલે દાદાભાઈ નવરોજીનાં પૌત્રી ખોરસેદબહેન વગેરેએ ગાંધીજીને સવાલ પૂછ્યો :

'બાપુજી, તમે સ્ત્રીઓ અને પુરુષોના સરખા અધિકાર ગણો છો. તો પછી આ વખતે અમને બાકાત કેમ રાખ્યાં છે? આવો ભેદભાવ શાને?

ગાંધીજીએ જવાબમાં કહ્યું :

'આ અંગ્રેજ સરકાર ભલે શેતાની હોય, પણ એ સભ્યતાવાળી છે. જો બહેનોને આ સત્યાગ્રહમાં સામેલ કરીએ, તો કૂચમાં બહેનોને જોઈને એ સરકાર લાઠી નહિ ચલાવે કે ગોળી નહિ ચલાવે. મારે પ્રજાનો ભય ટાળવો છે ને માથાં ફોડાવવાં છે. માટે હું આ સત્યાગ્રહમાં બહેનોને નથી લેતો.'

પરંતુ બહેનોમાં ભારે ઉત્સાહ દેખાતો હતો. એ લોકોનો આગ્રહ જોઈને ગાંધીજીએ બહેનો માટે નવો કાર્ય-

ક્રમ ઘડચો. બહેનોને દારૂતાડીનાં પીઠાં આગળ પિકેટિંગનું કામ સોંપવામાં આવ્યું.

કસ્તૂરબા, જાનકીબહેન બજાજ, મીઠુબહેન વગેરે બહેનોને સુરત જિલ્લો અને નવસારી પ્રાંત સોંપાયા.

બહેનોને દારૂતાડીનું પિકેટિંગ સોંપવાથી જવાહરલાલજી ઉશ્કેરાઈ ગયા અને બોલી ઊઠયા :

'અરે, તમે આ શું કરો છો, બાપુ ? ગુંડાઓ અને દારૂડિયાઓ બહેનોને પજવશે, તેમની મશ્કરી ઉડાવશે અને એલફેલ બોલશે ! કંઈ અજુગતું પણ કરી બેસશે ! એ પાગલોનો શો ભરોસો ?'

ગાંધીજી એ સાંભળીને કહે :

'એમ કરવાની તાકાત નથી કોઈ ગુંડાની ! મેં મુક્તિફોજની બહેનોને આવાં કામ કરતાં જોઈ છે. તો પછી આપણી બહેનો કેમ ન કરે ?'

સુરત જિલ્લો દારૂતાડીનાં પીઠાંનો મજબૂત ગઢ હતો. બાપુએ પીઠાં ઉપર પિકેટિંગ કરવાનું કામ બહેનોને સોંપ્યું, ત્યારે ભલભલા મહારથીઓ ચોંકી ઊઠેલા. પરંતુ સ્ત્રીશક્તિ ઉપરનો બાપુનો ભારે વિશ્વાસ એ વીરાંગનાઓએ સિદ્ધ કરી બતાવ્યો.

કસ્તૂરબા સાથે મીઠુબહેન મરોલી ગામની છાવણીમાં કામ કરવા લાગ્યાં. દારૂબંધી સાથે વિદેશી કાપડની દુકાનો પર પણ પિકેટિંગ કરવાનું ગોઠવાયું હતું. ઠેર ઠેર બહેનોની ટુકડી દારૂતાડીનાં પીઠાં અને વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ કરવા લાગી ગઈ.

બહેનોની શાંત, અહિંસક અને વિવેકભરી ચોકીથી પીઠાં તરફ ચકલુંયે ફરકતું નહિ. આ બહેનો નહોતી તોફાન કરતી કે કરાવતી. તેઓ ઉશ્કેરણીભરી ભાષા પણ વાપરતી ન હતી.

આવી બહેનોને કેમ દૂર કરવી એ પોલીસો માટે મોટો સવાલ થઈ પડ્યો ! એમની કસોટી કરવા પોલીસોએ છાવણી પર દરોડો પાડીને ખાટલા, ગાદલાં, વાસણ તેમ જ બીજું બધું રાચરચીલું જપ્તીમાં લઈ લીધું.

બીજે દિવસે લોકોએ બધી વસ્તુઓ લાવી આપી. એટલે ફરી પાછી જપ્તી થઈ.

આમ કેટલોક વખત ચાલ્યું. બહેનોએ આ જોઈને રાહ બદલ્યો. ખાટલા, ગાદલાં પર નહિ પણ ચટાઈ પર સૂવું; તાંબા-પિત્તળનાં વાસણને બદલે માટીનાં હાંડલાંમાં રાંધવું, ઠોબલાંમાં ખાવું અને ચડવામાં પાણી પીવું—એમ નક્કી કરવામાં આવ્યું. સુખી ઘરની અને ભણેલીગણેલી બહેનોએ પણ રાજીખુશીથી ઝાડની છાયામાં કે માંડવામાં વાસો કર્યો.

બીજે દિવસે પોલીસો જપ્તી કરવા આવ્યા. ત્યાંનો બધો રંગઢંગ જોઈને ભોંઠા પડી ગયા ! આમાંનું જપ્તી કરવા જેવું શું હતું ? તેઓ વીલે મોંએ પાછા ફર્યા. આમ બહેનોએ પોલીસોને ઠીક ઠીક હંફાવ્યા. આસપાસના લોકો પણ આ નવી નવાઈની રમત જોઈને હર્ષઘેલા બની ગયા. આવી ત્યાગી અને બહાદુર બહેનોના ભક્ત બની ગયા.

## મરોલી આશ્રમનાં મંડાણ

થોડા વખત પછી સરકાર સાથે સંધિ થતાં સત્યાગ્રહની છાવણીઓ સમેટી લેવામાં આવી. એટલે કસ્તૂરબા અને મીઠુબહેન પણ મરોલી ગામની વિદાય લેવાની તૈયારી કરવા લાગ્યાં.

પરંતુ લડત દરમિયાન બા અને મીઠુબહેને મરોલીની ગ્રામપ્રજાનો પ્રેમ એટલો જીતી લીધો હતો કે, ગ્રામલોકો બા અને મીઠુબહેનને મરોલીમાંથી જવા દેવા તૈયાર ન થયા. બાને તો બાપુની સેવામાં જવું પડે. પણ તેઓ મીઠુબહેનને મરોલીમાં જ રાખવા ઇચ્છતા હતા. એટલે છાવણીની જગ્યાએ કાયમી આશ્રમ સ્થાપવા લોકોએ ૮ વીઘાં જમીન ભેટ આપી.

ગ્રામલોકોનો અતિઆગ્રહ જોઈને મીઠુબહેને બાની સંમતિથી ૧લી ડિસેંબર ૧૯૩૦ના રોજ 'કસ્તૂરબા વણાટશાળા'ની સ્થાપના કરી. છ માસમાં તો એ સંસ્થામાં રાનીપરજ, હળપતિ, કોળી, હરિજન, પારસી, અનાવિલ અને પાટીદાર મળીને કુલ પચાસ માણસોનું વિશાળ કુટુંબ વસતું થઈ ગયું. ખાદી, શિક્ષણ, મોચીકામ, દુગ્ધાલય અને દવાખાનાની વિવિધ પ્રવૃત્તિઓથી વાતાવરણ ગુંજવા લાગ્યું.

સોનામાં સુગંધ મળે એમ કલ્યાણજીભાઈ મહેતા પણ મીઠુબહેન સાથે અહીં આવીને રહ્યા. થોડા જ વખતમાં તેઓ 'કાકા' અને 'માયજી'નાં વહાલસોયાં નામે બધે જાણીતાં થઈ ગયાં અને સૌનાં આદરપાત્ર બની ગયાં.

પછી ૧૨મી જૂન ૧૯૩૧ને શુભ દિને મહાત્મા ગાંધીજીના પવિત્ર હસ્તે એ સંસ્થાના પહેલા મકાનનું ખાતમુહૂર્ત થયું. તે વેળાએ માયજીએ બાપુજીને વચન આપ્યું હતું કે, 'હું અહીં જ દટાવાની છું.'

એ મુજબ માયજી અહીં જ સ્થાયી રહ્યાં. કેટકેટલી મુશ્કેલીઓ આવી, આર્થિક ભીંસ આવી. પરંતુ માયજી અડગ જ રહ્યાં. એમાં કાકાની પણ એટલી જ હૂંફ હતી. આમ કાકા અને માયજીના સાથ સહકારથી આગળ જતાં મરોલીનો એ 'કસ્તૂરબા સેવાશ્રમ' વટવૃક્ષ સમો વિકાસ પામ્યો.

આજે એ વડલો સુરત, ભરૂચ અને વલસાડ જિલ્લાની ભૂમિમાં દૂર સુદૂર વિસ્તર્યો છે. આશ્રમશાળા, કુમાર છાત્રાલય કન્યા છાત્રાલય, ઉત્તર બુનિયાદી આશ્રમશાળા, સાર્વજનિક દવાખાનાં, માનસિક ચિકિત્સાલય, ખાદી વણાટ કેન્દ્ર, બહેનોના સીવણવર્ગો બાલવાડીઓ વગેરે શિક્ષણ, સંસ્કાર, ઉદ્યોગ, આરોગ્ય, ખેતી, પશુપાલન વગેરે પ્રવૃત્તિઓથી ગુંજી રહ્યાં છે.

માયજીનો કાયમી વસવાટ મરોલી આશ્રમમાં જ રહેતો. તબિયત જરા સારી ન હોય તો વચ્ચે વચ્ચે ભરૂચ જિલ્લાના જંગલ વિસ્તારમાં આવેલા તેમના કેવડી આશ્રમ-માં તેઓ થોડો વખત રહેવા જતાં. માયજીનું 'કાશ્મીર' એટલે કેવડી આશ્રમ.

એક વાર કલ્યાણજીકાકા કામ અંગે મુંબઈ ગયા હતા. ત્યાં તેમને ઇંદુમતિબહેન ચીમનલાલભાઈ શેઠ મળ્યાં.

વાત વાતમાં ઇંદુબહેને માયજીના ખબરઅંતર પૂછ્યા :

'માયજી કેમ છે ? તબિયત તો સારી છે ને ?'

કાકાએ કાંઈક ચિંતા અને જરા હસીને કહ્યું :

'માયજી તો તેમના કાશ્મીરમાં જઈને બેઠાં છે.'

ઈંદુબહેનને એ સાંભળીને નવાઈ લાગી. માયજી તો તેમના આદિવાસી, હળપતિ વગેરેને મૂકીને કાશ્મીર કે સીમલા હવાફેર માટે કદી જાય નહિ. એટલે તેમણે પૂછ્યું : 'એ વળી શું ?'

કાકા હસતા હસતા કહે :

'કેવડી ગામે આદિવાસી કન્યાઓ માટે નવી આશ્રમ-શાળા માયજીએ ગયે વર્ષે શરૂ કરી છે. દૂર જંગલમાં છે અને શાળાનું મકાન સહેજ ઊંચાણ ઉપર અને નદીને કિનારે બાંધેલું છે. તેથી માયજીએ એનું નામ "કાશ્મીર" પાડ્યું છે.

'ત્યાં જઈને રહેવું તેમને બહુ ગમે છે. અને ખૂબીની વાત એ છે કે, આટલા તાપમાં પણ તે ત્યાં જઈને રહે છે, તો તેમને પોતાની તબિયત સુધરતી લાગે છે ! તે માંદાં હતાં કે છે એ સંદતર ભૂલી જાય છે અને ત્રીસ–પાંત્રીસ વરસ પહેલાંનાં આશાભર્યાં સ્ફૂર્તિવાળાં યુવાન હોય એવાં મીઠુબહેન બની જાય છે.'

પછી થોડી વાર થોભીને કાકા કહે :

'અમે તેમને ઘણું કહીએ છીએ કે, મુંબઈમાં સારા નિષ્ણાત ડૉક્ટરોને બતાવીને સારા હવાફેરના સ્થળે થોડા

દિવસ રહી આવો પણ અમારું સાંભળે કોણ? માયજી તો કહે છે કે, કેવડી મારું "કાશ્મીર" અને કન્યાઓ મારી ડૉક્ટર, નર્સ જે કહો તે.

'અને સાચે જ બને છે પણ તેવું ! માયજી તેમના કાશ્મીર પહોંચે, એટલે જાણે સાજાંસમાં—તેમની દીકરીઓ મળે એટલી જ વારમાં—તેમનો રોગ ક્યાંનો ક્યાં ગચ્છંતી કરી જાય છે ! આવાં છે આપણાં માયજી !'

## ગાંડાંનું ગામ

'આપણામાં એક કહેવત છે :

'ગાંડાંનાં તે કાંઈ ગામ વસતાં હશે ?'

પરંતુ મરોલી આશ્રમમાં ચાલતી ગાંડાંની હૉસ્પિટલના કૅમ્પસમાં આપણે જઈએ, તો આપણને ખ્યાલ પણ ન આવે કે, આ ગાંડાંની હૉસ્પિટલ છે ! આપણને તો એમ જ લાગે કે આ નાના નાના બ્લૉકમાં આશ્રમના કાર્યકરો રહે છે.

માયજીએ આ હૉસ્પિટલના આયોજનમાં માતૃ-વાત્સલ્યભરી પ્રેમાળ દૃષ્ટિ રાખી છે. ગાંડું માણસ એ પણ કોઈનું વહાલું સ્વજન જ છે. સ્વજનોને પોતાના જ એક કુટુંબીજનની આવી અસહાય અવસ્થા જોઈને કેટલી વ્યથા થતી હશે ? માણસ બીજા કોઈ રોગથી પીડાતું હોય, તો સ્વજનોને એટલું બધું દુઃખ ન થાય. પરંતુ સાજુંસમું માણસ મગજ પરની સમતુલા ગુમાવી બેસે અને સાવ

અસાવધ માણસની માફક જેમ તેમ વર્તે, ત્યારે વહાલાં સ્વજનોને ભારે ચિંતા થાય. આવા માણસને ગાંડાંની હૉસ્પિટલમાં એકલા છોડી આવવાનું મન કોને થાય ?

આ બધાંનો ખ્યાલ કરીને જ માયજીએ મરોલીમાં નવી જ વ્યવસ્થા ઊભી કરી છે. અહીં આવા રોગીનાં સ્વજનો ઓરડી રાખીને સાથે રહી શકે એવું ગોઠવવામાં આવ્યું છે. એ માટે મકાનો પણ બાંધ્યાં છે. એ આખો વિભાગ જોઈને આપણને એમ જ લાગે : આ તો ગાંડાંઓનું ગામ જ માયજીએ વસાવ્યું છે !

માયજીને બાપુજીની પ્રેરણાથી દરદીઓ પ્રત્યે ઊંડી હમદર્દી હતી. આવા દરદીઓ માયજીને હાથે સાજા થઈ જતાં. એવામાં વખત જતાં માયજીને બીજી જ જાતના દરદીઓને પણ જાણે ભગવાને મોકલી આપ્યા !

કાકાસાહેબ કાલેલકરે યોગ્ય જ કહ્યું છે :

'હું નથી માનતો કે માનસ રોગનો ઇલાજ કરવાની પ્રવૃત્તિ માયજી મીઠુબહેન ક્યાંયે શોધવા ગયાં હોય. ભગવાને એ કામ એમની પાસે સૂક્ષ્મ રૂપે મોકલી દીધું. અને આસ્તિક શિરોમણિ શ્રદ્ધાધન માયજીએ એ કામ વધાવી લીધું.'

આ વાત સાચી છે.

મીઠુબહેનની વેસુ ગામની છાવણીના કાર્યકર્તા ગોરધનબાબા અને કરાડીના પરભુભાઈ નામના જુવાનિયા યરોડા જેલમાંથી મગજ પરનો કાબૂ ગુમાવેલી દશામાં

છૂટેલા. તેમને માયજીએ મરોલી આશ્રમમાં રાખીને સાજા કર્યા હતા.

હવે થોડા વખત પછી એવું બન્યું કે, ગુજરાતના એક આગેવાન કાર્યકર્તા મણિલાલ કોઠારી જે બાપુના અને સરદારના જમણા હાથ જેવા હતા, તેમને લડતમાં સરકારે પકડ્યા નહિ. એટલે તેમને એવો આઘાત લાગ્યો કે તે મગજની સમતુલા ગુમાવી બેઠા.

સરદારે સારવાર માટે તેમને મુંબઈની સર હરકીશન-દાસ હૉસ્પિટલમાં રાખવાની ગોઠવણ કરી. ત્યાં એમના બંને હાથ ખાટલા સાથે બાંધી રાખવાની ફરજ પડી.

એ દૃશ્ય જોઈને સરદાર હાલી ઊઠ્યા. તેમને એકાએક માયજી યાદ આવી ગયાં. એટલે તેમણે કુંવરજીભાઈને અને માયજીને બોલાવ્યાં. તેમણે માયજીને મણિલાલભાઈની સ્થિતિ સમજાવીને પૂછ્યું :

'એમને સારવાર માટે મરોલી લઈ જઈ શકો ખરાં ?'

માયજીએ ખુશીથી હા. પાડી. એટલે માયજી એમને રાખવાની તૈયારી કરવા માટે મરોલી ગયાં અને બીજે દિવસે મણિભાઈને હાથે દોરડાં બાંધીને કુંવરજીભાઈ વગેરે ભાઈઓ ટ્રેનમાં મરોલી લઈ આવ્યા.

માયજી સ્ટેશને લેવા આવ્યાં હતાં. તેમણે આ જોઈને અકળાઈ જઈ કહ્યું :

'આઈ શું ? બિચારાને ઢોરની કાની કાંઈ બાંધી રાખ્યા છે ? દોરડાંઓ છોડી નાખો અને એમને છૂટા કરો.'

તરત જ તેમ કરવામાં આવ્યું. આભારવશ થઈને મણિભાઈએ માયજીને પ્રણામ કર્યા. એમને આશ્રમમાં લઈ જવામાં આવ્યા.

ઉનાળાના દિવસો હતા. તાપ કહે મારું કામ. રાતે મણિભાઈને સુવાડવા કયાં? રાતની વખતે તે નાસી જાય તો શું થાય? એટલે કેટલાક ભાઈઓએ એમને ઓરડામાં પૂરી દઈ બહારથી બારણું બંધ કરવાની માયજી આગળ દરખાસ્ત મૂકી.

માયજી ખુલ્લામાં આકાશ નીચે સૂવાને ટેવાયેલાં. એટલે ઉનાળામાં ઓરડામાં પૂરવાની સૂચના તેમને જેલની સજા જેવી લાગી. માયજીએ તો મણિભાઈનો ખાટલો ખુલ્લામાં જ આંગણામાં નંખાવ્યો અને એક બાજુએ માયજીનો તથા બીજી બાજુએ કલ્યાણજીકાકા વગેરેના ખાટલા નંખાવ્યા. આ મમતાભર્યા વર્તાવની મણિભાઈ પર સારી અસર થઈ. તે શાંતિથી ઊંઘ્યા.

પછી તો માયજીએ પોતાના ઉપાયો શરૂ કરી દીધા. ઠંડા પાણીમાં કટિસ્નાન, બપોરે પેઢા ઉપર અને માથા ઉપર કાળી માટીની લેપડી, બ્રાહ્મીનું સેવન અને ડૂસ અપાવીને આંતરડાંની કરેલી મળશુદ્ધિ વગેરે પ્રયોગોથી મણિભાઈ થોડા વખતમાં સાજા થઈ ગયા.

આ બધા પ્રસંગોએ માયજીને મરોલીમાં માનસિક રોગની હૉસ્પિટલ શરૂ કરવાની પ્રેરણા આપી. એમાંથી આજની જાણીતી હૉસ્પિટલ ઊભી થઈ ગઈ.

## ખરાં શૂરાં !

માયજી તો હતાં શૌર્યની પ્રાણવંત પ્રતિમા. નિર્ભયતા તો એમની રગેરગમાં વ્યાપ્ત હતી. આ માટે અહીં એકાદ બે પ્રસંગ પૂરતા થશે.

માયજીને ખુલ્લા આકાશ નીચે એકલાં સૂવાનું ગમે. આ જોઈને એક ભાઈએ માયજીને પૂછ્યું:

'માયજી, આમ એકલાં ખુલ્લામાં સૂઓ તે તમને બીક નથી લાગતી ?'

માયજી મસ્તીભર્યું હસતાં કહે:

'ખાટલા નીચે દંડૂકો રાખીને સૂઈ જાઉં છું, પછી કોની બીક ?'

કેવડી આશ્રમ સ્થપાયો તે વખતે શરૂઆતના દિવસોની આ વાત છે:

કેવડી આશ્રમની જમીનમાં કોઈ માથાભારે માણસે ગેરકાયદેસર ખેતી કરવા માંડી.

આશ્રમના લોકોએ માયજી આગળ આ અંગે ફરિયાદ કરી અને સાથે સાથે જણાવ્યું કે, પેલો માણસ એવો માથાભારે છે કે તેને છંછેડવામાં કંઈ સાર નથી. એ માણસ ગામ આખાને હેરાન કરે છે ! પોતાનું ધાર્યું જ કરે છે. કોઈની તાકાત નથી કે, એની સામે કંઈ કહે.

માયજીએ શાંતિથી બધી વાત સાંભળી લીધી. તેમના પેટનું પાણી પણ હાલ્યું નહિ.

આ જોઈને લોકોને નવાઈ લાગી કે, માયજી કેમ કંઈ બોલતાં નથી કે કોઈ રસ્તો પણ કાઢતાં નથી?

કોઈ માણસ જરા અકળાઈને પૂછે, તો માયજી શાંતિથી જવાબ આપે:

'જરા થોભો. શી ઉતાવળ છે?'

આમ કરતાં કરતાં પેલા ખેતરમાં પાક તૈયાર થઈ ગયો.

એટલે માયજી તો ગાડાં લઈને હાથમાં મોટી ડાંગ સાથે આશ્રમના લોકોને લઈને ત્યાં પહોંચી ગયાં. માયજીએ લોકોને હુકમ કર્યો:

'માંડો પાક વાઢવા અને ભરો ગાડાંમાં.'

લોકો થોડીવાર ખંચકાયા કે હમણાં પેલો આવી પહોંચશે તો કોઈની ખેર નહિ રહે! અહીં ને અહીં લડાઈ થઈ જશે. બે ચારનાં માથાં ફૂટશે!

ત્યાં તો માયજી ઘાંટો પાડીને બોલી ઊઠયાં:

'તમે ગભરાઓ છો શું કામ? કશા ભય વિના કામ ચાલુ કરો. હું બેઠી છું ને! તમારો વાળ વાંકો નહિ થાય.'

લોકોમાં એ સાંભળીને હિંમત આવી. જોતજોતામાં પાક વઢાઈ ગયો. ગાડાંમાં ભરાવીને બધાં હેમખેમ આશ્રમમાં પહોંચી ગયાં.

એટલામાં બહારગામ ગયેલો પેલો માણસ આવી પહોંચ્યો. એને ખબર પડી કે પાક તો બધો કચારનો વઢાઈને આશ્રમભેગો થઈ ગયો છે! એટલે ગુસ્સાથી લાલ-

પીળો થતો હાથમાં મોટી કુહાડી લઈને તે આશ્રમમાં આવી ચડચો.

આશ્રમના લોકો તો એનું રૌદ્ર સ્વરૂપ જોઈને ફફડી ઊઠચા! કોઈનાં માથાં ભાંગવાનો વારો આવશે કે શું?

પરંતુ માયજી તો નિરાંતે પોતાની બેઠક પર વિરાજમાન હતાં. તેમની પેલી ડાંગ પણ સાથે જ હતી.

પેલાએ ત્રાડ પાડી કે, કોની હિંમત છે કે મારો પાક વાઢીને લઈ જાય?

માયજી પણ ડાંગ લઈને સામે ધસી આવ્યાં અને પૂછવા લાગ્યાં:

'એ જમીન તારા બાપની હતી કે ત્યાં વાવણી કરી દીધી? તે આશ્રમને પૂછ્યું હતું કે? અમારી રજા લીધી હતી? તારો શો અધિકાર હતો કે ત્યાં વાવણી કરી દીધી? બોલ, જોઉં?'

પેલો તોરીમાં બોલ્યો:

'મને મન ફાવે ત્યાં હું વાવણી કરીને પાક લઈ શકું છું. મને રોકનાર કોણ છે?'

માયજીએ પણ એવા જ કડક અવાજે સામો ઘાંટો પાડચો:

'તારી આવી આડોડાઈ બીજે ચલાવજે, અહીં નહિ ચાલે. આ તો આશ્રમની જમીન છે. જો વધારે વાત કરી છે તો તારું માથું જ ભાંગી નાખીશ."

માયજીનું આવું સાક્ષાત્ ચંડિકાસ્વરૂપ જોઈને અને તેમનો મક્કમ અવાજ સાંભળીને પેલો માણસ પાછો પડચો.

પોતાના અવાજમાં બની શકે તેટલી નરમાશ લાવીને તે કહે :

'પણ હવે મારું શું ? મેં પણ મહેનત કરી છે. મારે પણ પેટ છે, બૈરી-છોકરાં છે. મને ન્યાય આપો.'

માયજીએ એને ચોખ્ખુંચટ કહી દીધું.

'ન્યાયની વાત ન કરતો પારકાની જમીનમાં પૂછ્યા-ગાછ્યા વિના વાવીને પાક લઈ લેવો એ તો હડહડતો અન્યાય છે.

'પણ માનવતાની ભૂમિકા પર વાત કરવી હોય, તો આપણે સમાધાન પર આવી શકીએ છીએ. તારા આ ગુનાની સજા તરીકે આખો પાક તારે આશ્રમને આપી દેવાનું જાહેર કરવાનું છે. અને પછી તેમાંથી મને ઠીક લાગે તો અને તેટલો હિસ્સો તારે માટે નક્કી કરશું. તારો કોઈ હકલાગો ન રહે. બોલ, છે કબૂલ ?'

પેલાએ પગમાં પડીને એ શરત કબૂલ કરી.

આ પ્રસંગ પછી પેલાને સારો પાઠ મળ્યો અને તેનામાં મોટું પરિવર્તન આવ્યું. માયજીનાં રૌદ્ર અને કરુણામય એમ બેઉ સ્વરૂપોનાં દર્શન કરીને તે પાવન થયો હોય તેમ લાગ્યું. આ અનુભવ પછી તેના જીવનમાં ક્રાંતિકારી પલટો આવ્યો અને બીજાને રંજાડવાનું છોડીને એક શાંત ખેડૂત તરીકેનું જીવન વિતાવવા કેવડી છોડીને પોતાને ગામ જતો રહ્યો.

## માયજીનો પ્રાણીપ્રેમ

માયજીની સેવાવૃત્તિનો ઝરો અને પ્રેમ એકલા મનુષ્ય તરફ જ વહેતો હતો એવું નથી. આશ્રમમાં કૂતરાં, બિલાડાં, ગાય, બળદ, મરઘાં એમ બધાંની એક સૃષ્ટિ માયજીએ ઊભી કરી હતી. માયજીને બિલાડાં અને કૂતરાં પાળવાનો ખાસ શોખ.

માયજીના પલંગની આસપાસ બિલાડાં, કૂતરાંની આખી દુનિયા પથરાયેલી રહેતી. એમના જમણા હાથે નાની ખુરશીઓ, નાના ખાટલાઓને પારણા જેવા આકારના ખાટલાઓ હતા, જેમાં એમનાં લાડકાં કૂતરાં–બિલાડાં રાત-દિવસ મોજથી પડ્યાં રહે. જાણે માણસ માટે પાથરી હોય એવી એ પથારીઓ હતી. ખૂબી તો એ હતી કે, ડઝનબંધ કૂતરાં-બિલાડાં આ પથારીઓનો, ખુરશીઓનો ઉપયોગ કરે, પણ કોઈ દિવસ પથારી બગાડતાં નહિ.

માયજી એ બધાંની એટલા પ્રેમથી સંભાળ રાખે અને એમને કેળવે કે, બિલાડાં અને કૂતરાં એકસાથે ભોજન કરે. એમનાં કૂતરાં, બિલાડાં, મરઘાં સ્વભાવગત વેર ભૂલીને સાથે રમે, રહે અને ખાય.

માયજીને કૂતરાં-બિલાડાં એટલાં વહાલાં કે માયજીનું ચિત્ર કૂતરાં-બિલાડાં વિના અધૂરું જ લાગે.

## હસમુખાં માયજી

સામાન્ય રીતે પારસી કોમની એક આગવી ખાસિયત હસમુખાપણું છે. કેવીય પરિસ્થિતિમાં તેઓ ક્યાંયથી

પણ હાસ્ય ઊભું કરી દે અને કેવાય ગંભીર વાતાવરણને હળવું હળવું કરી દે.

માયજી પણ એવાં હસમુખાં હતાં. કેવીય ગંભીર માંદગી વેળાએ અથવા ભારે મુશ્કેલીમાં પણ માયજીના ચહેરા પર પ્રેમાળ, નિર્દોષ બાળક જેવું સરળ હાસ્ય ફરકતું જ હોય.

અહીં એક પ્રસંગ પૂરતો ગણાશે.

માયજીની છેલ્લે છેલ્લે તબિયત સારી રહેતી ન હતી. એક વાર તેઓ સુરતની હૉસ્પિટલમાં સારવાર માટે રહ્યાં હતાં.

એક મુરબ્બી ભાઈ તેમને જોવા-મળવા રોજ હૉસ્પિટલમાં જતા હતા. માયજી મીઠી પિશાબના રોગથી પીડાતાં હતાં.

એક દિવસ એ ભાઈએ માયજીને પૂછ્યું :

'માયજી, હવે સુગરનું પ્રમાણ કેટલું ઘટ્યું ?'

માયજી ખડખડાટ હસીને પિશાબની ટેસ્ટટ્યુબ તરફ આંગળી ચીંધીને બોલ્યાં :

'જુઓ, આ છેલ્લો ટેસ્ટ. બ્રિક કલર — પાકી ઈંટનો રંગ ! ભારી સુગર ! પેન્ક્રિયાસ ખલાસ થઈ ગયું છે !'

આમ બોલીને તાળી પાડીને પાછાં ખડખડાટ હસી પડ્યાં.

આવાં હસમુખાં માયજીનું જોતાં ગીતાજીનું પેલું સુવચન યાદ આવી જાય છે :

'दुःखेषु अनुद्विग्नमनाः...'

—'દુઃખે ઉદ્વેગ ના ચિત્તે....'

## છેલ્લે વચન પાળ્યું

સમય જતાં '૭૨ના અંતિમ દિવસોમાં માયજીના સેવાકાર્યના વડીલસમા સાથી કલ્યાણજીકાકાને ફેફસાંનું કેન્સર થયું! એ દિવસોમાં માયજીની તબિયત પણ ખૂબ નબળી રહેતી હતી.

પરંતુ કાકાની દુઃખદ ચિંતાજનક વ્યાધિથી માયજી પોતાનું બધું દુખ દિલમાં સમાવી દઈને કાકાની સરભરા કરવામાં મંડી પડચાં. ન જોયો દિવસ કે ન જોઈ રાત. નવ માસ સુધી કાકાને મરોલી આશ્રમમાં પોતાની નિગાહ નીચે રાખીને માયજીએ અથાક સેવા કરી. પરંતુ કુદરત આગળ માણસનું શું ચાલે? છેવટે ૧૧મી જુલાઈ ૧૯૭૩ ને દિવસે કાકાએ દેહ છોડચો.

કાકા અઠવાડિયા પહેલાં પૂરા ભાનમાં હતા. પણ તેમની ટિકિટ રિઝર્વ થઈ ચૂકી હતી, એની તેમને ખાતરી હતી. તે વેળાએ એક દિવસ મોં પર હંમેશનું સ્મિત ફરકાવતાં કાકાએ માયજીને પ્રણામ કરી છેલ્લી વિદાય માગી!

માયજીનું દિલ અંદરથી ભાંગી ગયું હતું! છતાં સામું સ્મિત ફરકાવતાં માયજી બોલ્યાં:

'તમારી પાછળ, બાર દિવસ પૂરા થાય તે પહેલાં હું આવી રહેવાની છું. મારી જગ્યા ત્યાં રાખજો!'

અને ખરેખર માયજીએ ટૂંકી માંદગી ભોગવીને કાકાના પછી પાંચ દિવસ બાદ પોતાની જીવનલીલા સંકેલી લીધી! તા. ૧૬-૭-'૭૩ને રોજ માયજી ૮૧ વર્ષનું દીર્ઘ

સેવાજીવન જીવીને પોતાની સેવાની સુગંધ મૂકીને ચાલ્યાં ગયાં.

ગાંધીબાપુને તેમણે વચન આપ્યું હતું કે—

'બાપુ, હું અહીં દટાવવાની છું.'

એ જ મુજબ પૂજ્ય માયજીનો મરોલી આશ્રમમાં જ તા. ૧૭–૭–'૭૩ને રોજ દફનવિધિ કરવામાં આવ્યો.

આજે પણ મરોલી આશ્રમમાં જતાં આપણને ઘડીભર થઈ આવે છે કે, માયજી ક્યાંય ગયાં નથી, એમની કર્મભૂમિમાં જ શાંતિથી સૂતાં છે!

આ વખતે ગાંધીબાપુના આ ઉદ્ગારો આપણને યાદ આવી જાય છે:

'તમે ગરીબોની જે સેવા કરી રહ્યાં છો એનો બદલો તો ઈશ્વર જ આપી શકે. પણ તમારા જેવી ત્યાગી બહેનોની સેવા દેશ પણ ભૂલી તો નહિ જ શકે. દેશ તેની સારામાં સારી કદર તો તમારાં જેવાં કામોને વધારી, અપનાવી, તમારી સેવાશક્તિ વધારીને જ કરી શકે.'

## ૫

# અનસૂયાબહેન સારાભાઈ

મહાત્મા ગાંધીજી તો સૌના પૂજ્ય મહાત્મા. પરંતુ ગાંધીજી નામના 'મહાત્મા'ન હતા. તેઓનો આત્મા ખરેખર મહાન હતો.

એક બહેન. ગાંધીજી કરતાં વયમાં નાનાં. પરંતુ ગાંધીજી તેમને પત્ર લખે એમાં સંબોધન કરે 'પૂજ્ય'!

આવું સંબોધન વાંચીને ખૂબ સંકોચ થતો. તેમણે ગાંધીજીને 'ચિ.' કે એવું કોઈ બીજું સંબોધન લખવા સૂચવ્યું.

એ પત્રના જવાબમાં એ બહેનને તેઓ 'પૂજ્ય' કેમ લખે છે એ જણાવતા પત્રમાં ગાંધીજીએ તેમને લખી જણાવ્યું:

'મને જે સરળ ચિત્ત, નિખાલસ, નમ્ર, શીલવતી, દૃઢ, નિર્ભય, સત્યવાદિની જણાય છે એ બહેનો "પૂજ્ય" છે.

'આ બધા ગુણો મેં તમારે વિષે પ્રથમથી જ આરોપ્યા છે. તેથી તમને "પૂજ્ય" કહેતો આવ્યો છું.

'મારો પ્રેમ બાપનો દીકરી પ્રત્યે હોય તે તમારે વિષે રહ્યો છે. પણ તમે ઉંમરે ઠીક અને ધનિક કુટુંબનાં, એટલે તમને યોગ્ય અને પ્રિય વિશેષણ તમારે વિશે

વાપરતાં મારી હિંમત નથી ચાલી. પણ તમને "પૂજ્ય" લખવાની ના પાડો, તો "ચિ." (ચિરંજીવી) અને તેમાં જે સમાયેલું છે તે તો છે જ. હવે કોઈ વેળા એક, તો કોઈ વેળા બીજું એમ પોતાની મેળે વિશેષણો વપરાયાં કરશો ને છેવટે જે પરવડશે તે વપરાશે. અંતે તો હૃદયમાં જે હોય તે જ હોય.'

વળી બીજા એક પત્રમાં મહાત્માજીએ લખ્યું હતું :

'....તમારી ઉપર મારો આટલો બધો પ્રેમ છે તેમાં તમને શા માટે આશ્ચર્ય થાય છે? તમારી ઉપર મને ભારે વિશ્વાસ છે. જ્યારે બધા પડી ગયા હશે, ત્યારે પણ તમે જરૂર ઊભાં રહેશો.

'હું સ્વચ્છતા, વીરતા, સત્ય ઇત્યાદિને પૂજનારો છું. એ બધું તો તમારામાં આરોપ્યું છે.'

ગાંધીજી તો હતા ભારે કડક નાડપારખુ. તેમનો સ્નેહભાવ જીતવો એક કંઈ નાનીસૂની વાત ન હતી. આટલો બધો ભાવ પ્રાપ્ત કરનાર બહેન ખરેખર 'પૂજ્ય' જ હતાં. તેમના સમાગમમાં આવનાર નાનાં મોટાં સૌને તે વંદનીય 'મા' જેવાં જ લાગતાં. ગમે તે એમની પાસે જાય, ગરીબ હોય કે તવંગર, મજૂર હોય કે મોટો અધિકારી, અજાણ્યો હોય કે જાણીતો — સૌને તે એટલા જ ઉમળકાથી, મીઠાશથી, વાત્સલ્યથી આવકારે, એની સુખ-દુઃખની વાતો સહાનુભૂતિથી સાંભળે.

આ બધું જોઈને ગાંધીજીની વાત કેટલી તથ્યવાળી, વજૂદભરી છે એનો સહેજે ખ્યાલ આવશે.

આપણા સંસ્કૃતમાં એક સુવચન છે :

'गुणाः पूजास्थानं गुणिषु.
न च लिङ्गं न च वयः।'

— ગુણવાન માણસના ગુણો જ પૂજાને સ્થાને છે. તે સ્ત્રી હોય કે પુરુષ, નાનું હોય કે મોટું, એ જોવાનું ન હોય.

મહાત્મા ગાંધીજીનો આ ભાવ પ્રાપ્ત કરનારાં બહેનને ઓળખ્યાં ?

તેઓ હતાં અનસૂયાબહેન સારાભાઈ.

ખરેખર, અનસૂયાબહેનનું જીવન સૌને પ્રેરણા આપનારું છે. ખૂબ ધનવાન છતાં વિનમ્ર, ખૂબ માનપાન મળે એવી સ્થિતિ છતાં અદના સેવક જેવી ઋજુતા, અને પ્રતિષ્ઠાના શિખરે બેસવા જેવી યોગ્યતા છતાં સામાન્ય જનસમાજમાં ભળી જવાની સરળતા — આ બધું દેખીને આપણને એમ જ લાગે કે, સ્વામી વિવેકાનંદે સંન્યાસીઓને દીક્ષા આપતી વેળાએ જે આદેશ આપેલો એનું અક્ષરશઃ પાલન અનસૂયાબહેન કરતાં ન હોય ?

'अभिमानं सुरापानं
गौरवं घोररौरवम्।
प्रतिष्ठा सुकरीविष्ठा,
त्रीणि त्यक्त्वा सुखी भवेत्॥'

— ધન, કુળ, જાતિ વગેરેનાં અભિમાનને મદ્યપાન સમજજો. મોટાઈના ખ્યાલને ભયંકર રૌરવ નરક સમાન જાણજો. લૌકિક કીર્તિને, પ્રતિષ્ઠાને ભૂંડણની વિષ્ટા સમાન ગણજો. એ ત્રણનો ત્યાગ કરશો તો સુખી થશો.

એટલું તો સાચું છે જ કે, અનસૂયાબહેનને સૌ પ્રથમ પ્રેરણા સ્વામી વિવેકાનંદના લખાણથી જ મળી હતી.

## માતા-પિતાની શીળી છાયા

અનસૂયાબહેનનો જન્મ ઈ. સ. ૧૮૮૫ના નવેંબરની ૧૧ મી તારીખે અમદાવાદમાં થયો હતો.

તેમના પિતાશ્રીનું નામ સારાભાઈ હતું અને માતુશ્રી-નું નામ ગોદાવરીબા હતું.

સારાભાઈ અમદાવાદની જાણીતી કેલિકો મિલના માલિક અને જાણીતા સુપ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ હતા.

સારાભાઈને બગીચાને ઘણો જ શોખ હતો. મિલમાંથી આવ્યા પછી કેટલીક વાર પોતે જ ખૂરપી લઈ બગીચામાં કંઈ ને કંઈ કામ કરવા લાગી જતા.

એક વાર મજાનો પ્રસંગ બન્યો. એક દિવસ સાંજની વેળાએ સારાભાઈ શેઠ બગીચામાં કામ કરી રહ્યા હતા. એ સમયે એક ભાઈ સારાભાઈને મળવા આવ્યા. તેમણે પૂછ્યું :

'માળી, સારાભાઈ શેઠ ક્યાં મળશે ?'

સારાભાઈ ઊભા થઈ હસતા હસતા બોલ્યા :

'હું જ સારાભાઈ છું !'

સારાભાઈનો બગીચાનો શોખ તેમનાં સંતાન અનસૂયાબહેન અને અંબાલાલભાઈમાં ઊતર્યો હતો.

અંબાલાલભાઈનો શાહીબાગનો બગીચો આ વાતની સાક્ષી પૂરે છે.

સારાભાઈને ગોદાવરીબાથી ચાર સંતાનો થયાં હતાં: સુરેન્દ્ર, જેનું એક વરસની ઉંમરે જ અવસાન થયું હતું, ત્યાર પછી અનસૂયાબહેન. ત્રીજા સંતાન અંબાલાલભાઈ ઈ. સ. ૧૮૯૦માં જન્મ્યા હતા. ત્યાર પછી ઈ. સ. ૧૮૯૪માં કુમુદકિશોરીનો જન્મ થયો.

સારાભાઈ પોતાનાં બાળકોની કેળવણી સારી રીતે થાય એ માટે સદા જાગ્રત રહેતા. તેમને ઘોડેસવારીનો, રમતોનો શોખ લાગે એ પણ જોતા. જાતે નિશાળે જઈ અભ્યાસ વિશે પૂછપરછ કરતાં.

ગોદાવરીબા અંબાજી માતાનાં પરમ ભક્ત હતાં. અંબાલાલભાઈનું નામ પણ ગોદાવરીબાએ એ દીકરો અંબા માતાજીનો પુત્ર છે એવી શ્રદ્ધાથી પાડ્યું હતું.

ત્યાર પછી દર વરસે મહા મહિનામાં ઘરનાં સૌ અંબાજી યાત્રાધામે જતાં. ભક્તિશીલ ગોદાવરીબા બાળક અંબાલાલભાઈને હાથમાં લઈને મંદિરે જતાં અને ગભારાની બહાર પાર પાસે જમીન સાફ કરીને પોતાના એકના એક દીકરાને સુવાડી દેતાં. પછી હાથ જોડીને ગદ્ગદ કંઠે કહેતાં:

'મા, આ તારો પુત્ર છે તેને સાચવજે ને તેનું કલ્યાણ કરજે.'

આમ આખું કુટુંબ સુખ શાંતિથી રહેતું હતું. એવામાં કુટુંબ પર ભારે આફત આવી પડી! અનસૂયાબહેન નવેક વરસનાં હતાં તે વખતે સારાભાઈ શેઠનું દુઃખદ અવસાન થયું!

હવે બાળકોના ઉછેરની બધી જવાબદારી ગોદાવરીબા અને અનસૂયાબહેનના કાકા ચિમનભાઈ શેઠને માથે આવી પડી.

પરંતુ ગોદાવરીબાને પતિના અવસાનથી ભારે આઘાત લાગ્યો હતો. દસેક દિવસમાં તે પણ ગંભીર માંદગીમાં પટકાઈ પડ્યાં. ત્રણેક માસની માંદગી ભોગવીને ગોદાવરીબા પણ પતિની પાસે ચાલ્યાં ગયાં!

આમ, ત્રણે બાળકો બહુ નાની વયમાં માબાપવિહોણાં બની ગયાં!

## વિદ્યાભ્યાસ

પિતાજી સારાભાઈ સુશિક્ષિત અને સુસંસ્કારી હતા. તે કન્યા કેળવણીમાં માનતા હતા. એટલે અનસૂયાબહેનને શિક્ષણ સારી રીતે મળે એ બાબતમાં તે સજાગ હતા.

ચોથા ધોરણ સુધી ઘેર ભણાવવાની ખાસ વ્યવસ્થા કરી હતી. ત્યાર પછી મહાલક્ષ્મી ટ્રેનિંગ કૉલેજમાં તેમને દાખલ કરવામાં આવ્યાં. અનસૂયાબહેનનાં સહાધ્યાયી તરીકે પાછળથી ગુજરાતના સામાજિક જીવનમાં આગળ પડતો ભાગ લેનાર શારદાબહેન મહેતા પણ હતાં.

આમ એમનું શિક્ષણનું કામ બહુ સારી રીતે ચાલતું હતું. પરંતુ તે જમાનાના રિવાજ પ્રમાણે અનસૂયાબહેનનો નવમે વરસે વિવાહ કરવામાં આવ્યો અને અગિયારમે વરસે તો માબાપ અવસાન પામ્યાં!

જે ભાઈ સાથે તેમનો વિવાહ થયો હતો એ તેમના કરતાં એક વરસ મોટા હતા અને ભણવામાં હોશિયાર ન હતા. એટલે તે નાપાસ પણ થતા. તેથી તે અનસૂયાબહેન કરતાં ભણવામાં પાછળ પડી ગયા હતા.

આ જોઈને અનસૂયાબહેનના કાકા ચિમનભાઈએ અનસૂયાબહેનને નિશાળેથી ઉઠાડી લીધાં. આમ તેમના તેજસ્વી શાળાજીવનનો અંત આવ્યો. પરંતુ તેમની અભ્યાસ-વૃત્તિ બંધ પડી નહિ. ઘેર રહીને તેમણે સારાં સારાં પુસ્તકોનો અભ્યાસ જારી રાખ્યો. આ વિદ્યારસ જીવનભર કાયમ રહ્યો.

### જીવનનો રાહ બદલાયો

અનસૂયાબહેનના વિવાહ થઈ ગયા હોવાથી તેમને વચ્ચે વચ્ચે સાસરે રહેવા જવાનું થતું હતું. પછી સાડાબાર વર્ષની ઉંમરે એમનાં લગ્ન થઈ ગયાં. સાસરે રહેવા ગયાં ખરાં, પણ સંસારી જીવનમાં તેમને જરાયે રસ હતો નહિ. એટલે તેમને સાસરિયામાં જરાયે ગોઠે નહિ.

છેવટે એમને આ સાંસારિક જીવન પરથી મન ઊઠી ગયું અને જીવન ઉપર એવો વૈરાગ્ય આવી ગયો કે એમનું મન ધર્મસાધના તરફ વળવા લાગ્યું. તે ઉપવાસ વગેરે કરતાં અને પ્રતિક્રમણ ક્રિયાઓ પણ નિયમિત કરવા લાગ્યાં. સંસાર ઉપરથી તેમનું મન સમૂળગું ઊઠી ગયું, ત્યારથી

તેમણે ધાર્મિક ગ્રંથો અને સદ્બોધપ્રેરક સારાં સારાં પુસ્તકોનો અભ્યાસ કરવા માંડ્યો.

સત્તરેક વરસની વયે તેમના હાથમાં સ્વામી વિવેકાનંદનું 'રાજયોગ' આવ્યું. એ પુસ્તકમાં શરૂમાં 'સંન્યાસીનું ગીત' નામનું પ્રેરણાદાયી કાવ્ય છે. એ કાવ્યની અનસૂયાબહેનના ચિત્તતંત્ર પર ખૂબ ઊંડી અને ચિરસ્થાયી અસર થઈ. પછી તો એમણે એ ગીત ધીરે ધીરે કંઠસ્થ પણ કરી દીધું. વારંવાર એનું તે રટણ કરવા લાગ્યાં. તેમના અંતરતમ હૃદયસ્થાને 'ॐ तत् सत्'નું ધ્રુવવાક્ય દિવ્ય સ્પંદનો જગાવવા લાગ્યું.

ત્યાર બાદ અનસૂયાબહેને સ્વામીજીનાં બધાં લખાણો આદરભાવથી વાંચ્યાં. તેમનું મન ત્યાગ અને વૈરાગ્યની ભાવનાથી પ્લાવિત બની ગયું. સ્વામી વિવેકાનંદને તેમણે મનોમન પોતાના માર્ગદર્શક તરીકે સ્વીકારી લીધા. છેક વૃદ્ધાવસ્થા પર્યંત સ્વામીજીનાં પ્રેરક આધ્યાત્મિક લખાણોનું અનયસૂયાબહેન અનુશીલન કરતાં રહ્યાં.

'उत्तिष्ठत, जाग्रत, प्राप्य वरान् निबोधत ।' એ સ્વામીજીનું વાક્ય એમના જીવનનો ધ્રુવમંત્ર જેવું જ જાણે બની ગયું હતું. તેથી નમ્ર શિષ્યભાવ કેળવીને અનસૂયાબહેન ગુરુજનનો, સંતોનો, નિષ્ઠાવાન સેવકોનો, સંસ્કારી સજ્જનોનો સમાગમ ખૂબ સદ્ભાવ અને ઉમળકાથી કરતાં અને તેઓની પાસેથી જીવનપોષક, આત્મોન્નતિકર ભાથું મેળવી લેતાં.

તદુપરાંત તેમણે અંગ્રેજી ભાષાનાં ઉત્તમ પુસ્તકોનો પણ ઊંડો અભ્યાસ કર્યો. સેમ્યુઅલ સ્માઇલ્સનાં 'કેરેક્ટર,' 'ડ્યુટી,' 'સેલ્ફ હેલ્પ' વગેરે પુસ્તકોનો, શેક્સપિયરનાં કેટલાંક નાટકોનો તથા ટેનિસન વગેરે કવિઓનાં કાવ્યોનો રસપૂર્વક આસ્વાદ માણ્યો હતો.

પરંતુ ધીમે ધીમે તેમનું ચિત્ત સંસાર પ્રત્યે વધારે ને વધારે ઉદાસીન થતું ગયું. ઈ. સ. ૧૯૦૬ના અરસામાં તો અનસૂયાબહેને હંમેશને માટે સંસાર છોડી જૈન સાધ્વી થવાનો વિચાર કર્યો. દર્શનવિજયજી મહારાજશ્રીના શિષ્ય દેવેન્દ્રવિજયજી પાસે ભાગવતી દીક્ષા લેવાનું પણ તેમણે વિચાર્યું. સાધ્વી થવાનો પોષાક તથા પાત્રો પણ તેમણે ઘરમાં વસાવી લીધાં હતાં.

પણ નિયતિએ એમને માટે વધારે વ્યાપક સેવાક્ષેત્ર નિર્માણ કરી રાખ્યું હતું. એટલે એમનો આ વિચાર અમલમાં મૂકી શકાયો નહિ.

એ અરસામાં પિતા સારાભાઈના પરમ મિત્ર અને કુટુંબના હિતેચ્છુ સર ચિનુભાઈને ત્યાં મુંબઈથી ડૉ. એરૂલકર આવ્યા હતા. અનસૂયાબહેન પણ તે વખતે ચિનુકાકાને ત્યાં ગયાં હતાં.

અનસૂયાબહેનના ત્યાગપ્રધાન વિચારો જાણીને ડૉ. એરૂલકરે તેમને સલાહ આપતાં કહ્યું :

'બહેન, તું આ બધી વાત જવા દે અને વિલાયત જઈ દાક્તરીનો અભ્યાસ કર. તું દાકતર થઈને હિંદુસ્તાન આવીશ, તો આપણા દેશમાં સ્ત્રી દાક્તરો નહિવત્ છે,

એટલે લોકોની અને ખાસ કરીને બહેનોની ઘણી સારી સેવા થઈ શકશે.'

અનસૂયાબહેનને વડીલ જેવા દાક્તરસાહેબની વ્યવહારુ સલાહ યોગ્ય લાગી. તેમણે દાક્તરીનો અભ્યાસ કરવા વિલાયત જવા નક્કી કર્યું. અંબાલાલભાઈને મોટાંબહેનનો આ વિચાર ગમી ગયો. તેમણે આ બાબતમાં ખુશીથી સંમતિ આપી.

## વિધાતાની અદ્‌ભુત કરામત

એ દિવસો દરમિયાન બનેલો એક આકસ્મિક પ્રસંગ ભગવાનની અકળ કળાનો અનુભવ કરાવે એવો છે.

એક દિવસ એક વિદેશી સજ્જન અંબાલાલભાઈને ત્યાં આવી ચડ્યા. તે વખતે અનસૂયાબહેન ઘેર હતાં. તેમણે એ ભાઈનું સ્વાગત કર્યું. પછી કેલિકો મિલમાં તેમના ભાઈ અંબાલાલભાઈને સંદેશો મોકલ્યો, એટલે તે પણ તરત ઘેર આવી ગયા.

એ વિદેશી ભાઈ બીજું કોઈ નહિ પણ મિ. પોલાક હતા. તે ઈ. સ. ૧૯૧૦માં દક્ષિણ આફ્રિકામાં મહાત્મા ગાંધીજીના મદદનીશ હતા. ત્યાં ગાંધીજીએ સત્યાગ્રહ કર્યો હતો એમાં તેમણે પણ ભાગ લીધો હતો.

મિ. પોલાક ભારત આવ્યા હતા. એ વખતે તે અમદાવાદ પણ આવ્યા હતા. એમને અમદાવાદમાં જાણીતા

સમાજસુધારક અંબાલાલ સાકરલાલ દેસાઈને ત્યાં જવાનું હતું.

અમદાવાદ સ્ટેશને તેમણે ટિકિટ કલેકટરને અંબાલાલભાઈના રહેઠાણ વિષે પૂછ્યું.

ટિકિટ કલેકટરે એમ માની લીધું કે આ વિદેશી ભાઈ અંબાલાલ સારાભાઈને ત્યાં જવા માગે છે. એટલે તેમણે શાહીબાગનું સરનામું આપ્યું. મિ. પોલાક ઘોડાગાડીમાં બેસી શાહીબાગ અંબાલાલભાઈ સારાભાઈને ત્યાં ભૂલમાં આવી ચડ્યા !

પરંતુ છેવટે આ ભૂલ શુભ હેતુરૂપ જ ભવિષ્યમાં બની ગઈ. આ કુટુંબને મહાત્મા ગાંધીજી સાથેના નિકટના પરિચયમાં આવવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું.

અનસૂયાબહેન અને અંબાલાલભાઈએ ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહના કામ વિષે સાંભળ્યું હતું. એમના એક નિકટના સાથી પોતાને ઘેર આપમેળે આવી ચડ્યા, એથી એ ભાઈબહેનને ખૂબ આનંદ થયો. બંનેએ પોલાકની ખૂબ પ્રેમભાવથી આગતાસ્વાગતા કરી.

પોલાક અંબાલાલભાઈને ત્યાં ચાર પાંચ દિવસ રહ્યા. પોલાકે ગાંધીજી વિષે જાતે જોયેલી અને અનુભવેલી ઘણી ઘણી વાતો કરી અને અનસૂયાબહેન ગાંધીજીનાં મનોમન પ્રશંસક બની ગયાં.

બે ત્રણ દિવસ પછી પોલાકે પોતાની થતી મૂંઝવણ જણાવતાં ખુલાસો કરતાં કહ્યું :

'મને તો અંબાલાલ સાકરલાલ વિષે એમ કહેવામાં આવ્યું હતું કે, તેઓ તો આધેડ વયના છે અને ત્રણ-ચાર બાળકોના પિતા છે. પણ તમે તો યુવાન છો! એટલે મારી કંઈ ભૂલ તો નથી થઈ ગઈ ને?'

આ વાત સાંભળીને અનસૂયાબહેન અને અંબાલાલભાઈ આનંદવિભોર થઈ ગયાં. તેમણે પોલાકને પ્રેમથી કહ્યું :

'એ અંબાલાલ સાકરલાલ અન્ય વ્યક્તિ છે. તેઓ મારા કરતાં ઘણા મોટા છે. તમે એમને ત્યાં જવાને બદલે અનાયાસે અમારે ત્યાં પધાર્યા છો, તેથી અમે ખરેખર સદ્ભાગી થઈ ગયાં. અમને એથી ખૂબ જ આનંદ થયો છે. ઈશ્વરે જ તમને અહીં મોકલ્યા છે.'

પછી તો પોલાકનો સારાભાઈ કુટુંબ સાથે હંમેશનો સંબંધ બંધાઈ ગયો.

ગાંધીજીને માટે અનસૂયાબહેન અને અંબાલાલભાઈને ખૂબ માન ઊપજ્યું હતું. પછી જ્યારે દક્ષિણ આફ્રિકાથી ગાંધીજી પાછા ભારત આવી અમદાવાદ પધાર્યા હતા, ત્યારે અંબાલાલભાઈએ ગાંધીજીને અને કસ્તૂરબાને પોતાને ત્યાં બોલાવ્યાં હતાં.

તે વખતથી સારાભાઈ કુટુંબ ગાંધીજીનું પરમ ભક્ત બની ગયું. અનસૂયાબહેનના મહાત્મા ગાંધીજી જીવનભરના રાહબર જ બની ગયા.

## વિલાયતમાં વિદ્યાભ્યાસ

અનસૂયાબહેન દાક્તરીનો અભ્યાસ કરવા ઈ. સ. ૧૯૧૧માં વિલાયત ગયાં. તેમનો શાળાનો અભ્યાસ કૉલેજ-પ્રવેશ પૂરતો થયો ન હતો. તેથી મેડિકલ કૉલેજમાં પ્રવેશ મેળવવા માટે તેમણે કેમ્બ્રિજ એટલે કે મેટ્રિક સુધીનો અભ્યાસ કરવાનું શરૂ કર્યું.

લંડનમાં પોલાક સાથે થયેલી ઓળખાણ ખૂબ કામમાં આવી. અનસૂયાબહેન તો નિરામાંસાહારી હતાં. તેથી તેમની રહેવા, ખાવાની વ્યવસ્થા શ્રીમતી ઍની બેસેન્ટની સૂચનાથી લંડનની થિયૉસૉફિકલ સોસાયટી દ્વારા ચાલતા નિરામાંસાહારી છાત્રાલયમાં કરી આપવામાં આવી.

આ છાત્રાયલમાં ભારતીય વિદ્યાર્થીઓ રાતે જમ્યા પછી ભેગા મળી વાર્તાવિનોદ કરતા. કોઈ વાર ખાસ વિષયની ચર્ચા-વિચારણા કરતા. એમાં મુખ્ય વિષય રહેતો આપણા ભારત દેશની પરતંત્રતા. સૌને પોતાના દેશની પરાધીનતા ખૂબ સાલતી અને વહેલામાં વહેલી તકે આઝાદ કેમ થવું એવી ભાવના સૌના દિલમાં જાગી હતી.

એ દિવસોમાં લાલા લજપતરાય, બિપિનચંદ્ર પાલ વગેરે દેશનેતાઓ લંડન આવતા. આ ભારતીય વિદ્યાર્થીઓના મંડળમાં આવીને તેઓ ભાષણો આપતા. આ પ્રેરક પ્રવચનો સાંભળીને વિદ્યાર્થીઓનો ઉત્સાહ ઓર વધી જતો. તેમનું યુવાન લોહી દેશ માટે ફના થઈ જવા ઊછળી ઊઠતું.

આ છાત્રાલયના બધા છાત્રો માંસાહાર કરતા ન હતા, એટલું જ નહિ પણ દારૂ, બીડી વગેરેનું પણ વ્યસન કોઈને ન હતું.

વિલાયતના લોકોનાં દેશપ્રેમ, નિયમિતતા, સ્વચ્છતા, કર્તવ્યદક્ષતા, પરિશ્રમપ્રેમ વગેરેનાં તેઓ વખાણ કરતા. પરંતુ બધી બાબતોમાં તેઓ અંજાઈ જતા નહિ. આવી બાબતમાં તેઓ વિવેક જાળવતા. આપણા ઉપનિષદમાં કહ્યું છે ને —

'श्रेयस् च प्रेयस् च मनुष्यम् एतद्
तौ संपरित्य विविनक्ति धीरः।'

— શ્રેય શું અને પ્રેય શું એ બાબતમાં સમજુ માણસ વિવેક વાપરીને વર્તે છે.

એ જ મુજબ આ સજાગ વિદ્યાર્થીઓ યુવાકાળમાં પણ સાવધપણે વર્તતા હતા.

આવા વાતાવરણમાં અનસૂયાબહેનનો સારો વિકાસ થયો. તેમના વિચારોએ નવો વળાંક લીધો. તે વ્યક્તિલક્ષી વિચારમાંથી સમષ્ટિના — માનવસમાજના હિતના વિચાર કરતાં થયાં.

એવામાં એક પ્રસંગે એમના અભ્યાસની દિશા પણ સાવ બદલી નાખી.

એક દિવસ અનસૂયાબહેન બહાર ક્યાંક ફરવા નીકળ્યાં હતાં. ત્યાં એક કસાઈની દુકાનમાં વાછરડાનું માથું લટકતું જોયું ! આ જોઈને તેમનું હૈયું કંપી ઊઠ્યું.

દાક્તરી અભ્યાસમાં તો મડદાં ચીરવાનાં હોય, લોહી–માંસ વગેરે ચૂંથવાનાં હોય. એ ખ્યાલથી તેમને કમકમાટી છૂટી ગઈ. વળી જૈન સંસ્કારમાં તે ઊછરેલાં હતાં. એટલે તેમણે આવી વાઢકાપ કરવાનો દાક્તરી અભ્યાસ ન કરવાનો નિર્ધાર કર્યો. તેમણે સમાજશાસ્ત્રનો અભ્યાસ કરવા તરફ પોતાના મનને વાળ્યું.

## ઉદ્યોગપતિની દીકરી મજૂર ચાલમાં

અનસૂયાબહેનને હવે વિલાયતમાં રહેવાનું બહુ મન ન થયું. એટલે તે પાછાં અમદાવાદ આવી ગયાં.

વિલાયતમાં તેમણે જોયું હતું કે, તે જમાનામાં ત્યાં પણ સ્ત્રીઓની સ્થિતિ પુરુષો કરતાં ઘણી ઊતરતી હતી. એની સરખામણીમાં આપણા દેશની સ્ત્રીઓની દશા તો ખૂબ જ કફોડી અને દયાજનક હતી. તેથી અનસૂયાબહેનને આપણા દેશની ગરીબ તેમ જ મધ્યમ વર્ગની બહેનોમાં સુધારાનું કાર્ય કરવાની ખૂબ ઇચ્છા હતી. પરંતુ એ માટે તે વખતે આપણા દેશમાં સાનુકૂળ પરિસ્થિતિ ન હતી. ક્યાંય પણ સ્ત્રી-ઉન્નતિના કામનાં મંડાણ જોવા મળ્યાં ન હતાં.

એટલે અનસૂયાબહેને અંબાલાલભાઈ આગળ પોતાના મનની મૂંઝવણ ઠાલવીને પૂછ્યું :

'આવું બધું છે, તો પછી હવે મારે શું કરવું ?'

અમદાવાદમાં દિલ્હી દરવાજા બહાર આવેલી જ્યુબિલી મિલની પાસે અમરપુરામાં મજૂરો માટે અંબાલાલ-

ભાઈની એક ચાલ હતી. ત્યાં મજૂરો, મજૂર સ્ત્રીઓ અને બાળકોમાં સેવા કરવાનો પૂરતો અવકાશ હતો. એટલે અંબાલાલભાઈએ અનસૂયાબહેનને કહ્યું:

'બહેન, તમે આ ચાલીમાં મજૂરોનાં બાળકોમાં શિક્ષણનું કામ ચાલુ કરો. હું તમને બધી વ્યવસ્થા કરી આપીશ.'

તે જમાનામાં અમદાવાદ આજના જેવું ક્યાંથી હોય? તે વખતના મજૂરોનો દેખાવ, વર્તન વગેરે એવાં હતાં કે, સારાં ઘરનાં બહેનો એમની વચ્ચે જતાં ભય જ પામે. એટલે અનસૂયાબહેને કહ્યું:

'ત્યાંના લોકોમાં કામ કરતાં મને તો બીક જ લાગે! તેઓ મને કંઈ કશું કરી બેસે તો? હું એકલી શું કરું?'

એટલે અંબાલાલભાઈએ જણાવ્યું:

'મારી મિલના પહેરાવાળાઓ તમને પૂરેપૂરું રક્ષણ આપશે.'

સદ્‌ભાગ્યે અનસૂયાબહેનને એમની નાનપણની બહેનપણી જશોદાબહેનનો સાથ મળી ગયો. જશોદાબહેન બાળવિધવા હતાં. એમને આ કામમાં જોડાવાની ઇચ્છા થઈ અને તે અનસૂયાબહેન સાથે કામ કરવા લાગ્યાં.

એ લત્તામાં તે વખતે નિર્જન જેવું હતું. એ રસ્તે થઈને જવું ભયંકર હતું. ૩૬-૩૬ કલાક કામ કરી ઘેર જતા તાણાવાળાઓ ઉજાગરાને લીધે લાલ આંખોવાળા પણ દેખાય અને કોઈએ વળી દારૂ પણ પીધો હોય. છતાં આ બહેનોએ ડર્યા વગર અમરપુરામાં શાળા કાઢવાનો

દઢ નિશ્ચય કર્યો. તેમણે ૧૯૧૪ ના માર્ચની ૧૫મીએ બાળકો માટેની શાળાનો પ્રારંભ કર્યો. મજૂર બાળકો માટે આવી શાળા આખા ભારત દેશમાં પ્રથમ વાર શરૂ કરવાનું શ્રેય અનસૂયાબહેનને ફાળે જાય છે.

એ દિવસને યાદ કરીને ૧૯૩૫ની ચોથી ડિસેંબરને રોજ મજૂર દિનની સભામાં અનસૂયાબહેને કહ્યું હતું :

'મજૂર વર્ગ સાથેનો મારો પરિચય ૧૯૧૪ના માર્ચ મહિનામાં થયો, એને પણ ૨૨ વરસ પૂરાં થવા આવ્યાં. તમારામાં કામ કરવાની પ્રેરણા જે ક્ષણે મારામાં ઉદ્ભવી એ ક્ષણને હું મારા જીવનની ધન્ય ઘડી સમજું છું.

'અમરપુરામાં એક નાનકડી નિશાળ કાઢી તમારાં બાળકોને ભણાવવાનું મેં શરૂ કરેલું. ત્યાં કામ કરતાં કરતાં તમારી વિકટ સ્થિતિ સમજાવા લાગી. ૨૪ અને ૩૬ કલાક મિલમાં કામ કર્યા પછી ઘેર જતાં સ્ત્રીપુરુષોનું દૃશ્ય અત્યારે પણ મારી આંખ સામે ખડું થાય છે. કુમળાં બાળકો પાસે પણ બે નામથી બાર કલાક કામ લેવાતું....'

અમરપુરાની બાળ-શાળા કેવા સંજોગોમાં શરૂ થઈ, એનું વર્ણન સાંભળતાં માતાસમાં અનસૂયાબહેન પ્રત્યે આદરભાવ થયા વિના રહેતો નથી. અમરપુરાની શાળાના પ્રથમ દિવસોમાં આવેલાં બાળકોનું વર્ણન કરતાં અનસૂયા-બહેન કહેતાં :

'અમે શાળા ખોલી તો ખરી, પણ શરૂઆતમાં બાળકો બીને પાસે આવે નહિ અને નાસી જાય. પછી પિપરમીટ કે એવું કંઈક આપીએ ત્યારે આવે.

'મેલાંઘેલાં, નાગાંપૂગાં, સુઘરીના માળા જેવાં માથાં, નાક દદડતાં હોય, આંખો આવેલી હોય, દુર્બળ અને સાવ હતાશ થઈ ગયાં હોય તેવાં બાળકો અમે જોયાં અને તેમનામાં અમે કામ શરૂ કર્યું.

'અમે એમનું માથું ચોળીએ, નવરાવીએ અને તેલ નાખી માથું ઓળીએ, ત્યારે માથામાંથી અસંખ્ય જૂઓ નીકળી હોય; એટલે અમારે તે વખતે એપ્રન પહેરવો પડે. ઘરના પડદા ફાડી તેમને માટે કપડાં તૈયાર કર્યાં અને આમ આ બાળશાળાની શરૂઆત કરી.'

વહાલસોયી માતાના સહજ હેત અને વાત્સલ્યથી અનસૂયાબહેન અને જશોદાબહેને આ બાળગોપાળની સેવાનું તેમ જ બાળકેળવણીનું પવિત્ર કાર્ય શરૂ કર્યું અને એમાં પોતાના જીવનની સાર્થકતા અનુભવી. આ બાળશાળા અમદાવાદ અને હિંદની રાષ્ટ્રીય મજૂર પ્રવૃત્તિનું ઉદ્ગમ સ્થાન બની ગઈ.

આ બાળશાળાનું કામ દિવસે દિવસે વિકસતું ગયું. શાળા સવારે બે કલાક અને સાંજે બે કલાક ચાલતી. જેમ જેમ એનું કામ વધતું ગયું તેમ તેમ એક મુખ્ય શિક્ષક અને બે મદદનીશ એને માટે રાખવામાં આવ્યા. એનું માસિક ખર્ચ આશરે સો રૂપિયા અનસૂયાબહેન પોતે આપી દેતાં.

ઈ. સ. ૧૯૧૬ની નવેંબરની બીજી તારીખે ગાંધીજી, કસ્તૂરબા, પોલાક આ શાળા જોવા ગયાં હતાં. ગાંધીજીએ

શાળાનું કામકાજ બહુ ઝીણવટથી જોયું હતું. તેમણે નોંધ-પોથીમાં લખ્યું હતું :

'આ નિશાળની મુલાકાત લીધા પછી અનસૂયાબહેનના કાર્ય ઉપર મારો પ્રેમ વધ્યો છે.

'છોકરાંઓને સારુ પ્રતિકૂળ સંજોગોમાં જે ગોઠવણ કરવામાં આવી છે એ ખરેખર વખાણવા લાયક છે. છોકરાં-ઓની પાસે આવા લત્તામાં નાનીસરખી વાડી બનાવડાવી છે એ દાખલો અનુકરણ કરવા યોગ્ય છે. છોકરાંઓની સુઘડતા તરફ તથા તેમના શરીર તરફ વધુ ધ્યાન આપવાનું બને, તો વધારે ઠીક પરિણામ આવશે એમ જણાય છે.'

## મજૂરોની હાઈકોર્ટ

ધીમે ધીમે અનસૂયાબહેનની નિર્મળ સેવાની સુવાસ ફેલાવા લાગી. મજૂર સમાજમાં અને અમદાવાદના ઔદ્યોગિક ક્ષેત્રમાં દીનદુખિયાનાં બેલી તરીકે અનસૂયાબહેન જાણીતાં થઈ ગયાં. મજૂરોને મન તે નિરાધારના આધારસમાં, તેમની ભીડ વખતે વહારે ધાનાર માતા સમાન જ તે બની ગયાં. એથી પોતાનું સાંભળનાર પણ કોઈક છે એવી હૈયાધારણ મજૂરોને મળતાં તેમનામાં નવું ચેતન આવવા લાગ્યું.

એ અરસામાં ૧૯૧૭ની સાલમાં અમદાવાદમાં ભયંકર પ્લેગ ફાટી નીકળ્યો. લોકો ગભરાટના માર્યા શહેર છોડીને પોતપોતાને ગામ ચાલ્યા જવા લાગ્યા.

હવે મજૂરો જો આમ ચાલ્યા જાય, તો મિલો બંધ જ પડી જાય એટલે મિલ-માલિકોએ મજૂરોને પગારના ૭૫ ટકા સુધી બોનસ આપવા માંડ્યું.

પરંતુ બન્યું એવું કે તાણાવાળા મજૂરો ઘણું કરીને અમદાવાદના જ રહેવાસી હતા. તેઓ શહેર છોડીને બીજે ક્યાં જાય? એટલે તેમની લાચારીનો લાભ ઉઠાવીને માલિકોએ એ લોકોને બોનસ આપવાનું રાખ્યું ન હતું.

આથી તાણાવાળા મજૂરોની સ્થિતિ કફોડી થઈ ગઈ. એક બાજુ પ્લેગનો ભય અને બીજી બાજુ પહેલા વિશ્વ-યુદ્ધને લીધે મોંઘવારી ખૂબ વધી ગઈ હતી. તેથી તાણા-વાળાઓને જે પગાર મળતો હતો, એમાંથી તેમનું પૂરું થતું ન હતું. એટલે એ લોકોએ ૨૫ ટકા વધારો માગવાનો વિચાર કર્યો.

તે વખતે દર હજાર તારે તેમને ૧૨ પાઈ મળતી, એને બદલે તેમણે ૧૫ પાઈ માગવાનું નક્કી કર્યું. આ માગણી ઓછામાં ઓછી, વાજબી અને માલિકોથી સ્વીકારી શકાય તેવી હતી. પરંતુ માલિકો એ આપવા તૈયાર નહિ થાય એવો તાણાવાળાઓને ભય હતો. તેઓ જો સીધે-સીધા માલિકો પાસે જાય, તો કદાચ તેમને ધુત્કારી કાઢવામાં અને આગેવાનોને દાઢમાં રાખી વહેલામોડા તેમની સામે પગલાં પણ ભરવામાં આવે. તો પછી કરવું શું?

વિચાર કરતાં એ લોકોને અનસૂયાબહેન યાદ આવી ગયાં. એમની આગળ કેસ રજૂ કરવામાં આવે તો તે કોઈ

સરળ માર્ગ કાઢી શકે ખરાં. એટલે તે લોકોએ જીવતી-જાગતી હાઈકોર્ટસમાં અનસૂયાબહેન આગળ પોતાની મુશ્કેલી રજૂ કરી.

અનસૂયાબહેન માટે તો આ એક સાવ નવી બાબત હતી. શિક્ષણના અને સમાજસેવાના કાર્યમાંથી ઔદ્યોગિક ક્ષેત્રે એક નવા માર્ગે જવાનું હતું. એનો તેમને જરાયે અનુભવ ન હતો.

પરંતુ મજૂરોને થતા અન્યાય માટે જરૂર પડે તો લડી લેવું અને તેમને નિર્ભય કરવા એ ભાવના તેમના દિલમાં હોવાથી તેમને વિચાર કરતાં માર્ગ જડી ગયો. તેમણે મજૂરોને કહ્યું :

'ભાઈઓ, તમારી માગણી જો માલિકો માન્ય ન કરતા હોય, તો તમારે લડત આપવી જોઈએ અને જરૂર પડે, તો હડતાળ પાડવી જોઈએ.'

આજ સુધી મજૂરોએ સુવ્યવસ્થિત હડતાળ પાડી ન હતી. પોતાને કંઈ અન્યાય થાય, ત્યારે તે ખાતાના મજૂરો એકઠા થઈ કામ ઉપરથી ઊતરી જતા. તે વેળાએ ખાતા-અધિકારીઓ તેમની પાસે જઈ થોડુંઘણું આપીને તેઓને સમજાવી પાછા કામે ચડાવી દેતા. પરંતુ આમ કામ ઉપરથી ઊતરી જવું એ હુલ્લડ જેવું લેખાતું અને એ લોકોના આગેવાનોને વહેલું-મોડું વેઠવું પડતું અને કોઈક વખતે તેમને કાઢી પણ મૂકવામાં આવતા !

આ વેળાએ તો જુદી જ પરિસ્થિતિ હતી. અમદાવાદના મિલમાલિક મંડળના પ્રમુખ શેઠ અંબાલાલભાઈનાં

જ મોટાં બહેન આ નવા હુલ્લડની આગેવાની લેવા તૈયાર થયાં હતાં. એટલે આ વખતનું મજૂર આંદોલન અભૂતપૂર્વ તથા નવો ચીલો પાડે એવું હતું.

અનસૂયાબહેને મજૂરોને પ્રથમથી જ ખાસ સલાહ આપી હતી કે, આપણે લડત કે હડતાળ કરવી હોય, તો તે કાયદેસર અને સુવ્યવસ્થિત રીતે શરૂ કરવી જોઈએ. સામા પક્ષને અંધારામાં કે ભુલાવામાં રાખીને કશું અજુગતું પગલું ભરવું ન જોઈએ. લડત ખેલદિલીભરી હોવી જોઈએ.

એટલે અનસૂયાબહેનની સૂચનાથી ૧૯૧૭ના ડિસેંબર-ની બીજી તારીખે સાબરમતી નદીને તીરે તાણાવાળાઓની એક સભા ભરવામાં આવી. પ્રમુખ તરીકે અનસૂયાબહેનને બેસાડવામાં આવ્યાં.

અનસૂયાબહેને મજૂરોને બધી સ્થિતિ સારી રીતે સમજાવી. જો લડવું પડે તો પણ કાયદાની રૂએ અને વિવેક તરીકે પણ માલિકોને ૪૮ કલાકની લેખિત નોટિસ આપવી જોઈએ.

એ સમય દરમિયાન જો માલિકો વાટાઘાટ અને સમાધાન માટે તૈયાર થાય, તો પછી હડતાળ પાડવાની જરૂર ન રહે. તેથી અનસૂયાબહેને માલિકોને નોટિસ આપવાનો વિચાર કર્યો અને એ જ સભામાં બધી મિલોને આ અંગે નોટિસ લખી. આ સભાના પ્રમુખ તરીકે અન-સૂયાબહેને તેના પર સહી કરી. પછી એ બધી મિલોને નોટિસ મોકલી આપવામાં આવી.

## ધર્મયુદ્ધનાં મંડાણ

મિલમાલિકો માટે આવી રીતે મજૂરો તરફથી માગણી અને લડત માટે લેખિત નોટિસ મેળવવાનો આ પહેલો પ્રસંગ હતો.

આ નોટિસને માલિકોએ હસી કાઢી. તેમને થયું, મજૂરિયા તે વળી આપણને શું કરવાના હતા? તેમણે એ નોટિસને ફાડીને કચરાપેટીમાં નાખી દીધી!

પરંતુ માલિકો ખરેખર થાપ ખાઈ ગયા હતા. તેમને ક્યાં ખબર હતી કે, હવે જૂનો કાળ આથમી ગયો છે અને અમદાવાદના મજૂરોની શક્તિને ઢંઢોળનાર રણચંડી-સમાં અનસૂયાબહેન નવા યુગનો નવસંદેશ લઈને આવ્યાં છે?

ચોથી ડિસેંબરની સવારે નોટિસના ૪૮ કલાક પૂરા થતા હતા. પરંતુ માલિકો તરફથી કશો ઉત્તર મળ્યો નહિ. એટલે મજૂરોએ અનસૂયાબહેનના પ્રમુખપદે ફરી ભેગા થઈ એવો દૃઢ નિશ્ચય કર્યો કે, જ્યાં સુધી પોતાની માગણી ન સંતોષાય ત્યાં સુધી કામે ન ચઢવું અને હડતાળ ઉપર ઊતરવું.

આમ ૧૯૧૭ની ચોથી ડિસેંબરનું એ પ્રભાત કેવળ અમદાવાદના મિલ-મજૂરો માટે જ નહિ પણ દેશભરના મજૂરો માટે નૂતન પ્રભાત હતું.

આ એલાનથી મજૂરોના પ્રથમ નેતા તરીકે અનસૂયાબહેનનો મજૂર જગતમાં પ્રવેશ થયો.

અંબાલાલભાઈ આ હડતાળ શરૂ થઈ તે વખતે મુંબઈ હતા. તેમને પણ પોતાનાં મોટાં બહેન અનસૂયાબહેનના આ સાહસનું શું પરિણામ આવશે તેનો જરાયે ખ્યાલ ન હતો. એટલે અંબાલાલભાઈ કેલિકો મિલના મૅનેજરને સાથે લઈ અનસૂયાબહેન પાસે ગયા અને તેમણે આશ્ચર્ય વ્યક્ત કર્યું. પરંતુ મોટાંબહેનની મક્કમતા જોઈ ને છેવટે તેમણે અનસૂયાબહેનને એમના રાહે જતાં રોક્યાં નહિ.

આમ મજૂરોની આ લડત એક નવો ચીલો પાડતી આગળ ધપવા લાગી.

## લડતમાં ગાંધીજીનું માર્ગદર્શન

ગાંધીજીની નજર દૂરથી પણ આ લડત પર ઠરેલી હતી. આ અંગે તેઓ અવારનવાર સમાચાર પણ મેળવતા હતા. આ લડતનો વહેલો સુખદ અંત આવે એ માટે અંબાલાલભાઈ ને એક બહુ નમ્ર, પ્રેમભર્યો, મહત્ત્વનો પત્ર લખી ગાંધીજીએ જણાવ્યું હતું:

'...આપના વેપારી કામમાં જરાયે વચમાં આવવાની ઇચ્છા થતી નથી. છતાં મારાથી લખ્યા વિના રહેવાય એવું નથી.

'અનસૂયાબહેનને ખાતર પણ તાણાવાળાઓને સંતોષવા જોઈએ એમ મને લાગે છે. એકને સંતોષવાથી

બીજા વળગશે એમ માનવાનું કારણ નથી. વળગે તો પણ તે સમયે યોગ્ય પગલું ભરી શકાય.

'માલિકો મજૂરોને બે પૈસા આપીને કેમ રાજી ન થાય? તેઓનો અસંતોષ દૂર કરવાનો રાજમાર્ગ એક જ છે: એમના જીવનમાં પ્રવેશ કરો અને પ્રેમરૂપી હીરની દોરીથી તેઓને બાંધો. હિંદુસ્તાને સારુ આમાં જરાયે અતિશયતા નથી.

'પૈસાનો ઉપયોગ પણ છેવટે તો દેશને ખાતર જ છે. તેઓને ખાતર ખરચશો તો જરૂર ઊગી નીકળશે.

'બહેનની આંતરડીને ભાઈ કેમ દૂભવે? અને તે પણ અનસૂયાબહેન જેવી બહેનને? મને તો તેમનો આત્મા અતિ પવિત્ર જણાયો છે. તેમનું વચન તમને કાયદારૂપ હોય, તો પણ વધારે પડતું નથી. આમ આપની ઉપર તો બેવડો બોજો છે. નોકરોને રીઝવવા અને બહેનનો આશીર્વાદ મેળવવો...'

ગાંધીજીએ સુલેહભર્યું સૂચન કર્યું છતાં પણ મિલ-માલિકોએ કોઈ વાટાઘાટો કરવાનું કે આનો ઉકેલ લાવવાનું યોગ્ય ન ધાર્યું અને આ હડતાળ તોડી નાખવા માટેના પ્રયત્નો કરવા માંડ્યા.

પરંતુ મજૂરો મક્કમ હતા. આ લડત ત્રણેક મહિના ચાલી છેવટે મજૂરોની માગણી મોટે ભાગે સંતોષાઈ ગઈ એટલે મજૂરોમાં શ્રદ્ધા, વિશ્વાસ, હિંમત અને નિર્ભયતાનો સંચાર થયો. એ સારુ અનસૂયાબહેનને જશ ઘટે છે.

આમ ૧૯૧૭ની લડતે મજૂરોમાં નવું જોમ પૂર્યું. ત્યાર બાદ ૧૯૧૮માં સાળ ખાતાની લડત શરૂ થઈ. આ લડતમાં અનસૂયાબહેન વગેરેને ગાંધીજીએ સક્રિય માર્ગ-દર્શન આપ્યું હતું.

તે દિવસોમાં શાહપુર દરવાજાની બહાર સાબરમતી નદીને કાંઠે આવેલું બાવળનું એક ઝાડ 'અમર બાવળિયા' તરીકે ઇતિહાસ પ્રસિદ્ધ બની ગયું.

આ અમર બાવળિયા નીચે રોજ સાંજે સૌ મજૂરો દૂર દૂરથી ચાલીને આવી એકઠા થતા. ગાંધીજી, અનસૂયા-બહેન, શંકરલાલ બેંકર તથા બીજા આગેવાન ભાઈબહેનો એ સૌને મળતાં; તેઓને માર્ગદર્શન આપતાં.

આ લડતની એક ખૂબી અને વિશેષતા તો એ હતી કે, મજૂર પક્ષે અનસૂયાબહેન હતાં અને માલિકોના પક્ષે અંબાલાલભાઈ હતા !

એ બંને સગાં ભાઈબહેન સિદ્ધાંત અને લડત અંગે પૂરેપૂરાં મક્કમ હોવા છતાં તેમના સ્નેહભાવમાં જરાપણ ક્ષતિ આવી ન હતી.

કેટલાક માલિકો એમ કહેતા કે, જો અંબાલાલ-ભાઈ પોતાની બહેનને જીવનનિર્વાહ વગેરે સગવડો આપવાની બંધ કરે અને પોતાનો વિરોધ દર્શાવે, તો બહેનબા આપમેળે ઠેકાણે આવી જાય.

પરંતુ અંબાલાલભાઈને મન એ મોટાંબહેન સદ્ગત માતાને સ્થાને હતાં. એટલે તેમની આમન્યા તે બરોબર જાળવતા હતા. વળી અંબાલાલભાઈ એમ પણ માનતા

હતા કે, જેમ મને સ્વતંત્ર વિચાર કરવાનો અને કાર્ય કરવાનો અધિકાર છે, તેમ મારાં મોટાંબહેનને પણ છે. એટલે એમની સ્વતંત્રતામાં મારાથી વિક્ષેપ ન થઈ શકે.

આમ છતાં ગાંધીજી એ અંગે બહુ સચેત હતા. એટલે તેમણે અંબાલાલભાઈ, અનસૂયાબહેન અને શંકરલાલ બેંકરને રોજ આશ્રમમાં જમવા માટેનું આમંત્રણ આપ્યું. એટલે અંબાલાલભાઈ રોજ જમવા જતા અને ત્યાં અનસૂયાબહેન તેમને પીરસતાં.

આ અંગે ગાંધીજીએ લખ્યું છે:

'અંબાલાલભાઈ આ લડતમાં સામા પક્ષના છે છતાં કાલે જમવા આવ્યા હતા; અને મેં પાછું કહ્યું કે, કાલે તમારે અહીં જ જમવાનું છે, ત્યારે તે સ્થિતિ સમજી ગયા. હું જમવાનું શા માટે કહું છું, તે સમજી ગયા અને તરત જ કબૂલ થયા. આનાથી વધુ સુંદર શું હોઈ શકે ?'

આમ ગાંધીજીએ પ્રેમભરી રીતિથી બંને ભાઈબહેનને નજીક આણ્યાં.

ગાંધીજીએ આ ભાઈ–બહેનની જોડીની યોગ્ય પ્રશંસા કરતાં લખ્યું છે:

'હું બે જણનાં નામ જણાવવા ઇચ્છું છું. તેમને માટે હિંદને મગરૂર થવા કારણ છે.

'રા. અંબાલાલભાઈ સારાભાઈ મિલમાલિકોના પ્રતિનિધિ હતા. તે એક લાયક ગૃહસ્થ છે અને ઘણા જ

કેળવાયેલા તેમ જ બાહોશ માણસ છે. આ ઉપરાંત તેઓ દૃઢ મનના છે.

'તેમનાં બહેન અનસૂયાબહેન મિલમજૂરોના પ્રતિનિધિ હતાં. તેમનું હૃદય કંચન જેવું નિર્મળ છે અને ગરીબો પ્રતિ અતિ માયાળુ છે. મિલમજૂરો તેમને પૂજે છે અને તેઓ ઉપર તો તેમના શબ્દની અસર કાયદા સમાન છે.

'મેં કોઈ એવી લડત સાંભળી નથી કે જેમાં ખટાશ માત્ર નામની જ હોય અને બંને પક્ષ વચ્ચે આટલો બધો વિનય હોય. આવું સુંદર પરિણામ મુખ્યત્વે રા. અંબાલાલ સારાભાઈ અને અનસૂયાબહેનના લડત સાથેના સંબંધને લઈને આવ્યું છે.'

## જ્યાં ધર્મ ત્યાં જય

ઈ.સ. ૧૯૧૮ની મજૂર લડતને ગાંધીજીના અંતેવાસી શ્રી મહાદેવભાઈ દેસાઈએ 'ધર્મયુદ્ધ' કહ્યું હતું, એ ખરેખર યથાર્થ જ હતું.

આ લડત વેળાએ ગાંધીજીએ સમસ્ત જગતની આગળ મજૂર આંદોલનનો આદર્શ મૂર્તિમંત કરી બતાવ્યો હતો. આ મજૂર આંદોલન માત્ર પગાર-વધારા પૂરતું મર્યાદિત રહ્યું ન હતું. ગાંધીજી તો હતા ધર્મપુરુષ. આ ચળવળને નિમિત્ત બનાવી તેઓ તો મજૂરોને પોતાનો માનવધર્મ સમજાવવા માગતા હતા.

એટલે જ ગાંધીજીએ અનસૂયાબહેન વગેરે આગેવાનો-ને તેમ જ મજૂર વર્ગને સ્પષ્ટ કહી દીધું હતું કે, તેઓ મજૂરોને કોઈની દયા ઉપર જીવીને સત્યાગ્રહની લડત ચલાવવા માગતા ન હતા.

મજૂરો પોતાના પગ ઉપર ઊભા રહે, ધીરજથી બધાં કષ્ટ સહન કરે, પૈસા કે આજીવિકાની જરૂર પડે તો લડત દરમિયાન કંઈક ને કંઈક વ્યવસાય કે મજૂરી કરી તે મેળવી લે એવો ગાંધીજીનો મક્કમ ખ્યાલ હતો.

આમ થાય તો જ મજૂરો ઊંચે ચઢી શકે અને ભવિષ્યમાં ગાંધીજીનું જે સ્વપ્નું હતું કે, 'મજૂરો પણ ઉદ્યોગના સહમાલિક બને' એ સિદ્ધ થાય.

તેથી આ ચળવળમાં બહારની કોઈ આર્થિક મદદ ન લેવાનો ગાંધીજીએ સૌની પાસે સ્વીકાર કરાવ્યો અને મજૂરી કરવાનો રાહ બતાવ્યો.

સાથે સાથે અનસૂયાબહેનને પણ ગાંધીજી સેવાનો આદર્શ સમજાવતા ગયા. એક દિવસે ગાંધીજીએ અનસૂયા-બહેનને પૂછ્યું :

'તમે મજૂરોનું કામ કરો છો તે કેવળ સેવાવૃત્તિ માટે કે સરદારી સારુ ?'

અનસૂયાબહેન ગાંધીજીની આ વાત સમજી શક્યાં નહિ. એટલે સ્પષ્ટતા કરવા ખાતર તેમણે સામો સવાલ પૂછ્યો :

'બાપુ, આપ આ સવાલ કેમ પૂછો છો ?'

એટલે ગાંધીજીએ ગંભીર ભાવે કહ્યું :

'જો સરદારી માટે મજૂરોનું કામ કરતાં હોઈએ, તો મજૂરોને રાજી રાખવા માટે તેઓ ઇચ્છે એ પ્રમાણે અજુગતું કરવા ખેંચાવું પડે. પણ જો શુદ્ધ સેવાની ભાવનાથી કામ કરતા હોઈએ, તો તેમને અન્યાયી અને અજુગતે માર્ગે આપણે ન જ જવા દઈએ અને તેમના દોર્યા માર્ગે ન દોરાઈએ.'

વળી ગાંધીજીએ અનસૂયાબહેનને એક પત્રમાં મજૂરોના જીવન-ઘડતરની ચાવી સમજાવતાં લખ્યું હતું:

'વહેલાંમોડાં આપણે તો બને તો મજૂરોને સ્વતંત્ર અને સ્વાવલંબી બનાવવા છે. તેઓને ભિક્ષુક ન બનાવતાં, ગરીબડા ન રાખતાં, પાવરધા કરવા એ આપણું કામ છે. તે મુશ્કેલ છે. તેમાં તાત્કાલિક યશ નથી. તેમાં ત્યાગ થાય એ બધાં જોખમો છે. તે સહન કરવા પણ જે આપણે યોગ્ય જાણીએ છીએ તે જ કરવું આપણો ધર્મ છે.'

આમ ગાંધીજીએ મજૂર લડતને ધર્મયુદ્ધનું સ્વરૂપ આપ્યું અને ભાવિમાં મજૂરોને સાચો રાહ બતાવી શકાય એવી તાલીમ પણ સાથોસાથ અનસૂયાબહેનને આપી.

આ લડતમાં ગાંધીજીએ જોયું કે મિલમાલિકો આ લડત પાછળનો શુદ્ધ હેતુ સમજી શકે એમ નથી. એટલે તેમણે અનિશ્ચિત મુદતના ઉપવાસ કરવાનો પોતાનો વિચાર સૌની આગળ રજૂ કર્યો.

આનું અદ્ભુત પરિણામ આવ્યું. છેવટે બંને પક્ષોએ મળીને સમાધાન કર્યું. આમ આ મજૂર લડતે જગત આગળ નૂતન આદર્શ રજૂ કર્યો.

ગાંધીજીએ તે વખતનું પ્રેમભર્યું ચિત્ર રજૂ કરતાં જણાવ્યું હતું :

'ત્યાં હજારો માણસો હતા. એમની આંખમાં ચોધાર આંસુ વહેવા લાગ્યાં. તેમને તેમના આત્માનું ભાન થયું. તેમનામાં ચૈતન્ય જાગ્રત થયું. તેમની પ્રતિજ્ઞા પાળવાનું તેમને બળ મળ્યું. મને એકદમ ખાતરી થઈ કે, હિંદુસ્તાનમાંથી ધર્મનો લોપ થયો નથી. માણસો આત્માને ઓળખી શકે છે.'

આમ આ લડતનું સુખદ પરિણામ આવ્યું. સાથોસાથ એટલું પણ આપણે સ્વીકારવું રહ્યું કે, જો બંને પક્ષે અનસૂયાબહેન અને અંબાલાલભાઈ જેવાં ભાઈબહેન ન હોત, તો આનું પરિણામ બહુ સુખદ ન આવ્યું હોત.

## મજૂર મહાજન સંઘની સ્થાપના

આમ દિન પ્રતિદિન અનસૂયાબહેન મજૂર જગતમાં માતાતુલ્ય પૂજ્ય સ્થાન મેળવતાં ગયાં. મજૂરોને કંઈ ભીડ પડે કે તરત તેઓ અનસૂયાબહેન પાસે દોડી આવતા.

આ જોઈને અંબાલાલભાઈ તેમ જ અનસૂયાબહેનને પણ લાગવા માંડ્યું કે મજૂરોનું યુનિયન જેવું સ્થપાય, તો મજૂરોના પ્રશ્નોનું નિરાકરણ કરવાનું સરળ બને. આ પ્રસ્તાવ એ સૌએ ગાંધીજી આગળ રજૂ કર્યો હતો.

પરંતુ ગાંધીજી કહેતા :

'એવા મંડળની સ્થાપનાની જવાબદારી સારી રીતે ઉપાડી શકે તેવા કાર્યકર્તાઓ ન મળે ત્યાં સુધી એ સાહસ કરવું યોગ્ય નથી.'

છેવટે ૧૯૨૦ના ફેબ્રુઆરીની ૨૫મી તારીખે મજૂર મહાજનની સ્થાપના મહાત્મા ગાંધીજીના વરદ હસ્તે કરવામાં આવી. તે વખતે આ હકીકતની રજૂઆત કરતાં તેમણે કહ્યું હતું:

'પૂજ્ય અનસૂયાબહેને વણકરોનું મહાજન સ્થાપવાનો વિચાર કરેલો અને એ હિસાબે કંઈક કામ પણ કરેલું.

'પણ તે વખતે મારી સલાહ એવી હતી કે, આ ભારે જવાબદારીભર્યું કામ છે અને મજૂરોની સેવા કરવાના હેતુથી તેમાં આપણે ભળીએ, તો પણ એ જોખમદારી પાછળથી બરોબર ઉપાડી ન શકાય, તો એમાં મજૂરોની સેવાને બદલે તેમનું પાર વગરનું નુકસાન થઈ બેસવાનો વખત આવે.

'હું એમ પણ નથી કહેતો કે, આજે મને એ ભય નથી. પણ હું જોઈ રહ્યો છું કે, હિંદુસ્તાનની દશા સૂક્ષ્મ રીતે જોઈ–સમજી તેને સંભાળવી જોઈએ.

'આવા જ કંઈક બંધારણનો વહીવટ કરવા શુદ્ધ માણસો, શુદ્ધ હેતુવાળા ને કાર્યની પૂરી સમજણવાળા માણસો આપણી પાસે ન હોય, તો તેઓ આપણા જ પગ ઉપર કુહાડારૂપ થઈ પડે. આવા માણસો આપણી પાસે ન હોય, તો આપણે મહાજનની જંજાળમાં ન પડીએ

એ વરસ ઉપર મેં આમ જ કહેલું અને આજે પણ હું એ જ કહું છું.'

'મજૂર મહાજન સંઘ'ની સ્થાપનાનો દિવસ એક રીતે જોઈએ તો જગતના ઇતિહાસમાં એક મહાન ક્રાંતિકારી દિવસ હતો.

'મજૂર મહાજન સંઘ' એ શબ્દ પ્રયોગ અને નામમાં યુગાંતર સમાયેલો છે. જે ભાવના અને ગૌરવ 'મહાજન' શબ્દમાં રહેલાં છે તે 'મંડળ' કે 'યુનિયન' શબ્દમાં નથી. ગામડાનો સુતાર, લુહાર, કુંભાર, હજામ, ઢોલી વગેરે વસવાયાં તરીકે ઓળખાય અને મોટા ગામ કે શહેરના સામાન્ય મજૂરને વૈતરો કે મજૂરિયા તરીકે બોલાવાય. એવી આ બધા વર્ગોની તુચ્છ ને તિરસ્કૃત ગણતરી થતી હતી. પરંતુ 'મહાજન' તો વાણિયા-બ્રાહ્મણનાં હોય. બીજા કોઈની 'મહાજન' કહેવડાવવાની ગુંજાયશ પણ નહિ.

પરંતુ મજૂર સંસ્થાને 'મહાજન' નામ આપી મહાત્મા ગાંધીજીએ મજૂરી તેમ જ મજૂર વર્ગના ગૌરવની પ્રાણ-પ્રતિષ્ઠા કરી.

આ વસ્તુ સમજાવતાં ગાંધીજીએ જ કહ્યું હતું :

'વાણિયા-બ્રાહ્મણોનાં મહાજનો તો આપણે ત્યાં છે જ. ક્ષત્રિયોનાં પણ જુદી જાતનાં છે.

'હવે મજૂરોનાં પણ મહાજન જેમાં વણકર, લુહાર, ત્રાંસળ વગેરે ભેગા થઈ પોતાનો સંઘ જમાવી શકે એવાં બનાવવાનો વખત આવી લાગ્યો છે.'

મહાજનની સ્થાપના તો થઈ પરંતુ એના સંચાલનની જવાબદારી મુખ્યત્વે અનસૂયાબહેન પર જ આવી પડી. સ્થાપનાના દિવસથી જ અનસૂયાબહેનને તેના પ્રમુખ નીમવામાં આવ્યાં. તે ઘડીથી જીવ્યાં ત્યાં સુધી 'મજૂર મહાજન સંઘ'નું તેમણે બાવન વરસ સુધી પ્રમુખપદ સંભાળ્યું, સંસ્થાને સ્થિર બનાવી, સંગીન બનાવી, મજૂરોને ઉન્નતિને માર્ગે વાળ્યાં. સાથે સાથે મજૂરોમાં સંસ્કારબળ આવે, તેમની સમજશક્તિ વધે, તેઓ સમાજના જાગ્રત માનવી બને, તેમનો ઘરસંસાર રૂડો અને સુખી બને એ માટે મજૂરોને જાગ્રત કર્યા.

મહાજનના કામને સુવ્યવસ્થિત અને નિષ્ઠાપૂર્ણ બનાવવામાં ગાંધીજી અનસૂયાબહેનને હમેશ માર્ગદર્શન આપતા રહેતા હતા તેથી બહેન પણ ખંતથી પોતાનું કામ આગળ ધપાવ્યે જતાં હતાં. ગાંધીબાપુના પુણ્યે અને ઈશ્વરકૃપાએ અનસૂયાબહેનને નિષ્ઠાવાન, સુપાત્ર અને ત્યાગી સહકાર્યકર્તાઓ મળતા રહ્યા. એથી અનસૂયાબહેનને મોટો સહારો મળી ગયો અને સંઘ પ્રગતિને પંથે વળ્યો. દેશભરમાં મજૂર મહાજનનું કામ પ્રશંસા પામવા લાગ્યું.

ગાંધીજી તો અમદાવાદના મજૂર મહાજન સંઘને પોતાની 'પ્રયોગશાળા' કહેતા. વળી તેઓ નમ્રપણે અને મક્કમતાથી કહેતા કે, પોતાના સિદ્ધાંતો પર ભારતની પરિસ્થિતિ ને પરંપરાને અનુકૂળ તથા પરદેશોને પણ અનુકરણ કરવા યોગ્ય આ મહાજન છે.

અનસૂયાબહેનને પણ મહાત્મા ગાંધીજીમાં અનન્ય ગુરુભક્તિ હતી. એમના ગાંધીજી પથદર્શક હતા. એટલે જ અનસૂયાબહેન પોતાનો એ ભાવ વ્યક્ત કરતાં મજૂરોને કહેતાં:

'આપણી સંસ્થાની સર્વ પ્રવૃત્તિ સત્ય અને અહિંસાના સિદ્ધાંત પર રચાયેલી છે. એ સિદ્ધાંતોનું સંપૂર્ણપણે પાલન થાય એ જોવાની આપણી ફરજ છે.

'આ સિદ્ધાંતનો પાઠ તો ગાંધીજીએ આપણને આપ્યો છે અને મહાજને તમને એ સમજાવવા તથા તમારા જીવનમાં એ રેડવા વર્ષો થયાં પ્રયત્નો કર્યા છે. એ સિદ્ધાંતને એકનિષ્ઠાથી વળગી રહેશો, તો ઈશ્વર તમારે માટે સારું જ પરિણામ લાવશે એનો મને વિશ્વાસ છે.'

તા. ૩૦-૪-૪૫ને રોજ 'મજૂર મહાજન સંઘ'ના નવા મકાનના ખાતમુહૂર્ત વેળાએ પણ મહાત્મા ગાંધીજીને યાદ કરીને અનસૂયાબહેને પોતાના વ્યાખ્યાનમાં કહ્યું હતું :

'આ મહાજનની સ્થાપનાને ૨૭ વર્ષ થઈ ગયાં છે. એ મહાન પુરુષ ગાંધીજીએ એના પાયામાં સત્ય, અહિંસા અને સર્વોદયની પરિપૂર્ણ ભાવનાઓ મૂકી એમનું સતત સિંચન કર્યું છે.

'અનેક તોફાનો, વંટોળિયા, પ્રલોભનો અને વિકટ પરિસ્થિતિમાં એના પાયા સબળ અને સુદૃઢ રહ્યા છે. એ એમની પ્રસાદી, મહાજનના સભ્યો તથા અન્ય મજૂર ભાઈબહેનો તેમ જ એના કાર્યકર્તાઓની એ સિદ્ધાંતો માટેની વફાદારી અને પરિશ્રમનું ફળ છે.'

આજે મહાત્મા ગાંધીજી પણ નથી અને અનસૂયાબહેન પણ નથી. છતાં આ પ્રયોગશાળાસમું મજૂર મહાજન ગાંધીજીના સિદ્ધાંતો પર મક્કમ રહી કાર્ય કરી રહ્યું છે અને દુનિયાભરમાં મજૂરસેવકોને તથા મજૂરવર્ગને પ્રેરણારૂપ થવા ભાગ્યશાળી બન્યું છે, એમાં અનસૂયાબહેનનનું અમાપ તપ તથા મહાત્મા ગાંધીજીના અંતરના આશીર્વાદ રહેલાં છે.

## અનસૂયાબહેનમાં માતૃદર્શન

અનસૂયાબહેનના જીવનનું હાર્દ જોઈએ તો એમનામાં ભારોભાર માતાનું ભાવનીતરતું વાત્સલ્ય જ જોવા મળે. તે માતૃત્વની પ્રતિમાસમાં જ હતાં. એમનીએકેએક પ્રવૃત્તિ–અંગત કે જાહેર–માતાના વાત્સલ્યમાંથી જ ઉદ્દભવેલી દેખાશે.

નાનપણથી જ એમના પર માતાની જવાબદારી આવી પડી હતી.

અનસૂયાબહેને માતાપિતાની શીળી છાયા ગુમાવી ત્યારે તેમની ઉંમર નવ વરસની હતી. એમના નાનાભાઈ અંબાલાલભાઈની ઉંમર પાંચ વરસની અને નાનકડી બહેન કુમુદકિશોરી ઉર્ફે કાંતાબહેનની ઉંમર એક જ વરસની હતી.

આમ નવ વરસનાં અનસૂયાબહેન બંને નાનકડાં ભાંડુઓનાં મોટાંબહેન તો હતાં જ, માતા પણ બન્યાં. માતાની અવેજીમાં મોટાંબહેનમાં આ રીતે માતૃત્વ અને વાત્સલ્ય સહેજે ઊગી નીકળ્યું.

જીવનમાં માતાની ખોટ કોણ પૂરી શકે એમ છે? એટલે જ અનસૂયાબહેન અને તેમનાં નાનાં બહેન સદ્ગત માતાને યાદ કરીને ભીનાં હૈયે ઘણી વાર ગાતાં:

'આખા જગતમાં ત્રણે જગ ફરે,
પણ માના જેવો પ્યાર કંઈ ન મળે!
જગતનું બધું ધન કદાપિ મળે,
પણ માના જેવો પ્યાર ક્યાંય ન મળે!'

અનસૂયાબહેનને માતાના વહાલની જે અધૂરપ સાલતી હતી, એ તેમણે પોતાના સમગ્ર જીવનમાં વ્યાપ્ત કરીને એની ઊણપ પૂરી દીધી હોય એમ એમનું વાત્સલ્ય સભર માતૃહૃદય જોતાં સહેજે જણાઈ આવે છે.

૧૯૧૪ માં મજૂર બાળકોની શાળા અમરપુરામાં શરૂ કરી તે વખતે તે ઇચ્છત તો પગારદાર શિક્ષક-શિક્ષિકાને રોકી શકત. પરંતુ એમ ન કરતાં તેમણે પોતે જ શાળા ચલાવવા માંડી અને તે પણ ગંદાં-ગોબરાં બાળકોની માતાથીયે અધિક વહાલપથી સંભાળ લઈને.

તે વખતે બે મિલોમાં કામ કરતાં માસૂમ બાળ-મજૂરોને તથા મહોલ્લાઓમાં જ્યાં ત્યાં રવડતાં છોકરાંઓને જોઈને તેમનું માતૃહૃદય ઘવાતું. વળી મિલમાં જતી સ્ત્રીઓ પોતાનાં નાનાં બાળકોને સાથે લઈને જતી, તેમને મશીનો વચ્ચે સુવાડચાં હોય ને તેમના ઉપર રૂની પૂમ, ધૂળ વગેરે ઊડતાં હોય એ જોઈને પણ તેમનું હૃદય દ્રવી ઊઠતું.

પાછળથી અનસૂયાબહેને મિરજાપુરના બંગલાના કંપાઉંડમાં બાળમંદિર શરૂ કર્યું, મજૂર લત્તાઓમાં બાલમંદિરો ને પ્રાથમિક શાળાઓ ચલાવી. કન્યાગૃહનું કામ ખુદ પોતાની દેખરેખ નીચે ઉપાડી લીધું. એની પાછળ માતૃત્વ અને વાત્સલ્યનો કોમળ ભાવ હતો.

આ ભાવના તેમના કાર્યના સંપર્કમાં આવનારાં સહેજે જોઈ શકતાં અને તેથી તેમનું સમગ્ર કામ ઝીણવટથી જોનાર તેમને સહેજે મજૂરોનાં માતા ગણવા અને કહેવા પ્રેરાયાં હતાં.

એટલે જ પચાસ પચાસ વરસ સુધી અનસૂયાબહેન સાથે એકતાન થઈ કામ કરનાર શ્રી ખંડુભાઈ દેસાઈએ યોગ્ય જ કહ્યું હતું :

'ગરીબ જનતાના ઉત્કર્ષ માટે સમગ્ર જીવન અર્પણ કરનારાં અનસૂયાબહેન મજૂરોનાં અને અમારાં મા જેવાં પ્રેરણામૂર્તિ બન્યાં એમાં શી નવાઈ છે ?'

અમેરિકાની હાવર્ડ યુનિવર્સિટીના પ્રાધ્યાપક ડૉ. એરિક એરિક્સન અમર બાવળિયાના ધર્મયુદ્ધના ઐતિહાસિક પ્રસંગનો અભ્યાસ કરવા માટે ત્રણ વાર હિંદ આવ્યા હતા. તે અમદાવાદમાં અંબાલાલભાઈને ત્યાં જ મહેમાન તરીકે રહ્યા હતા. અનસૂયાબહેનના પણ સારા પરિચયમાં આવ્યા હતા.

તેમણે અનસૂયાબહેન વિષે લખ્યું છે :

'ભક્ત અનસૂયા.'

આ વિષે સ્પષ્ટતા કરતાં તેમણે જણાવ્યું છે:

'ભક્ત શબ્દ મેં કસ્તૂરબા અને અનસૂયા એ બે જ જણ માટે વાપર્યો છે.'

આ અભ્યાસી પ્રાધ્યાપકની તીક્ષ્ણ નજરે અનસૂયા-બહેનમાં રહેલું માતૃત્વ અને વાત્સલ્ય પડ્યા વિના રહે ખરું ? તેમણે લખ્યું છે:

'અનસૂયાનું જીવન માતૃત્વ અને વાત્સલ્યથી ઉત્તમ રીતે સભર ભરેલું છે. હવે તો લોકો તેમને મજૂર મહાજનનાં મા કહે છે. મજૂર બાળકોની કારમી દુર્દશા નિહાળીને અનસૂયાએ મજૂરોનાં માતાની માફક સેવા કરવા માંડી હતી.'

છેલ્લાં વરસોમાં અનસૂયાબહેન જેમને પોતાના ગુરુ ગણતાં હતાં તે મહારાજશ્રી ઈશ્વરાનંદગિરિજી પણ તેમને પત્ર લખતા ત્યારે 'અમ્મા' તરીકે સંબોધતા હતા.

અનસૂયાબહેનનું માતૃહૃદય કેવું કરુણાપૂર્ણ હતું એનું દર્શન તો મજૂર–સ્ત્રીઓ માટેની એમની મનોવ્યથામાં થયા વિના રહેતું નથી.

અનસૂયાબહેનને દલિતો, હરિજનો અને ગરીબ મજૂરોની કંગાળ સ્થિતિનાં આબેહૂબ દર્શન કરવાની ઘણી ઉત્કંઠા હતી. એમાંય મજૂર–સ્ત્રીઓની વિટંબણા જાણવાની અને જોવાની તીવ્ર ઉત્કટતા હતી. એ માટે તે શું કરતાં એ જાણવા જેવું છે. એ જાણીને આપણું મસ્તક આ સાધુ-ચરિત માતાને નમ્યા વિના રહેતું નથી.

ભાવિક ભક્ત સ્ત્રીઓ વહેલી ઊઠીને ભગવાનનાં દર્શન કરવા મંદિરે જાય છે. અનસૂયાબહેન પણ ખૂબ વહેલાં ઊઠતાં હતાં અને તે પણ દર્શન કરવા જતાં હતાં. પણ કોનાં દર્શન કરવાં ? આ વાત જાણવા જેવી છે.

એ દિવસોમાં મિલો બાર બાર કલાક ચાલતી હતી. મજૂર-સ્ત્રીઓ ખૂબ વહેલી ઊઠીને રોટલા ઘડી લઈ તેમાં ડુંગળી અને વાટેલું મરચું મૂકીને ભાતું બાંધીને મિલમાં જતી હતી.

તેમનું ભાતું રસ્તામાં છોડાવી તપાસવા માટે અનસૂયા-બહેન પણ વહેલાં ઊઠી મિલના રસ્તા ઉપર ઊભાં રહેતાં અને મજૂર-બાઈઓનાં ભાતાં છોડાવીને તપાસતાં હતાં.

બાર બાર કલાક ખડે પગે તનતોડ મહેનત કરનાર મજૂરને આવી જાતનું ખાવાનું મળે, તેથી તે ખૂબ દુઃખી દુઃખી થઈ જતાં.

આવા દરિદ્રનારાયણોનાં દર્શન કરીને શ્રીમંત વર્ગનાં પાપોનું પ્રાયશ્ચિત્ત જાણે કરતાં હોય એમ અનસૂયાબહેન છાનાં આંસુ વહાવી દેતાં.

ગુરુદેવ રવીન્દ્રનાથના એક કાવ્યમાં પ્રભુ વિષે જે ભાવ વ્યક્ત કરવામાં આવ્યો છે એ જ ભાવ અનસૂયાબહેન જાણે પ્રત્યક્ષ અનુભવતાં હતાં :

'ચરણ આપનાં ક્યાં વિરાજે
ચરણ આપનાં ક્યાં ?

સૌથી દલિત, સૌથી પતિત,
રંકનાં ઝૂંપડાં જ્યાં,
નીચામાં નીચાં,
ગરીબ બાપડાં જ્યાં,
વિરાજે ચરણ આપનાં ત્યાં.'

પરંતુ અનસૂયાબહેનનો વેલો જ જુદો હતો. તેઓ આમ દુઃખી થઈ ને કપાળે હાથ દઈ 'આપણે આમાં શું કરીએ ?' એમ કહી બેસી રહે એવાં ન હતાં.

એટલે મજૂરોની ગરીબી દૂર કરવા, તેમના પગારમાં વધારો કરાવવા અને મિલના કલાક ઘટાડવા તેમણે અથાક પરિશ્રમ કર્યો. આ અંગે તેમના સાથી કાર્યકરોને પણ સાબદા કર્યા. તેમની આ ઝુંબેશને પરિણામે અમદાવાદની મિલોના આઠ કલાક કરવામાં આવ્યા અને હિંદભરની મિલોના–મજૂરો કરતાં અમદાવાદના મિલ મજૂરોની સ્થિતિ સુધરી.

આમ, દલિત, પીડિત, ગરીબ અને મજૂર વર્ગનાં ભાઈબહેનોનાં જીવનમાં અનસૂયાબહેન વહાલસોયાં 'મોટાં-બહેન' તથા વાત્સલ્યમયી 'માતા' સમાં અમર સ્થાન પામી ગયાં છે.

## નામ નહિ પણ કામ

અમદાવાદમાં હાઉસિંગ બોર્ડ મારફત જુદા જુદા મજૂર વિસ્તારોમાં હાઉસિંગ કૉલોનીઓ બાંધવામાં આવી છે.

રખિયાલ વિસ્તારમાં જે મોટી હાઉસિંગ કૉલોની છે એનું નામ મજૂરોએ 'બાપુનગર' આપ્યું છે. તેવી જ ખોખરા મહેમદાવાદમાં આવેલી કૉલોનીને 'સર્વોદય નગર' નામ આપવામાં આવ્યું છે.

એ પછી ચમનપુરા અને ન્યુ મેન્ટલ હૉસ્પિટલ પાસે નવી મજૂર કૉલોની બાંધવામાં આવી. એ નવી કૉલોનીનું નામ નક્કી કરવા માટે ત્યાંનાં સેવામંડળો ભેગાં થઈ વિચાર કરવા લાગ્યાં. તેઓ બધાં સર્વાનુમતે એવા નિર્ણય પર આવ્યાં કે, આ નવી કૉલોનીનું નામ 'અનસૂયા નગર' પાડવું.

આ પ્રશ્ન મજૂર મહાજન આગળ રજૂ કરવામાં આવ્યો. સંઘના મંત્રીમંડળને પણ આ પ્રસ્તાવ ગમી ગયો. પરંતુ આ અંગે અનસૂયાબહેનની સંમતિ લેવી જરૂરી હતી. એટલે મંત્રીમંડળે અનસૂયાબહેનનો આ પ્રશ્ન અંગે વિચાર જાણી લેવાનું કામ શ્રી મનહરલાલભાઈ શુક્લને સોંપવામાં આવ્યું.

મનહરલાલભાઈએ કૉલોનીઓ વિષે સામાન્ય વાતચીત કરીને મૂળ વાત જણાવતાં કહ્યું કે, નવી કૉલોનીનું નામ મહાજનના પ્રમુખના નામ ઉપરથી 'અનસૂયા નગર' રાખવું એવો સૌએ સર્વાનુમતે રાજીખુશીથી ઠરાવ કર્યો છે.

આ સાંભળીને અનસૂયાબહેન જરા ગંભીર બની ગયાં. તેમણે મક્કમ અવાજે કહ્યું :

'મજૂરો તો લાગણીને લીધે આવું કહે. પરંતુ તમારે કાર્યકર્તાઓએ આવા લાગણીના પૂરમાં ખેંચાવું જોઈએ નહિ.

'શું નગરનું નામ આપવાથી વ્યક્તિ મોટી થઈ જાય છે? નામ આપ્યાથી શું વળે?'

થોડી વાર થોભી જઈને અનસૂયાબહેન બોલ્યાં:

'મજૂરોને તમારે કહેવું જોઈએ કે એ કૉલોનીનાં જે નામો પાડ્યાં છે, તે કૉલોનીમાં રહેતા મજૂરો જે તે નામને અનુરૂપ વર્તન કરે છે?

'શું બાપુનગરના મજૂરો મહાત્મા ગાંધીજીએ બતાવેલ સિદ્ધાંતો મુજબ જીવન જીવે છે?

'ખોખરા મહેમદાવાદમાં શું સર્વોદયના સિદ્ધાંતો અમલમાં મુકાયા છે?'

આ વાત સાંભળીને મનહરલાલભાઈ સ્તબ્ધ જ થઈ ગયા. આ વાત તેમના ધ્યાનમાં જ આવી ન હતી.

અનસૂયાબહેને ઊંડાણમાં ઊતરી જઈ બોલતાં હોય તેમ વાતનો દોર આગળ ચલાવતાં કહ્યું:

'તમે તમારી જાતને અને નામને હમેશાં પાછળ રાખી કામને આગળ વધારશો, તો જ તમે દીપી શકશો.

'નામ નાશવંત છે, કામ શાશ્વત છે.'

પછી તેમણે મનહરભાઈને સીધો સવાલ પૂછ્યો:

'મનહરભાઈ, આ કૉલોનીના મજૂરો શું ખરેખર અસૂયા–દ્વેષ–વિનાનું જીવન જીવશે?'

મનહરભાઈએ જવાબ આપ્યો:

'મોટાંબહેન, એનો તો હું શો જવાબ આપી શકું? ત્યાંના મજૂરો જ એનો જવાબ આપી શકે.'

એટલે અનસૂયાબહેને ગંભીર બની જઈને એ કૉલોની-માં સ્ત્રીઓની સ્થિતિ વિશેની તેમની પાસે જે હકીકત આવી હતી તેનો ઉલ્લેખ કર્યો.

મનહરભાઈ મૂંગા બની ગયા. તેમને પણ લાગ્યું કે મોટાંબહેનની વાત સાચી છે. જો કૉલોનીને 'અનસૂયા નગર' નામ આપવું હોય, તો ત્યાં અસૂયાનું — અદેખાઈનું જે વાતાવરણ છે તે દૂર થાય ત્યારે જ નામ આપવાનો વિચાર કરી શકાય.

આવાં સજાગ હતાં, અનસૂયાબહેન!

## મજૂરોના 'મોટાંબહેન'ની વિદાય

આમ અનસૂયાબહેન છેલ્લા દિવસો સુધી સેવાકાર્ય નિષ્ઠાપૂર્વક કરતાં રહ્યાં. પરંતુ એક રીતે જોઈએ તો એમના આંતરિક જીવનનો ઝોક આધ્યાત્મિકતા તરફ મુખ્યતઃ હતો.

આપણામાં એક સુવચન છે ને—

'સંસારમાં સરસો રહે;
મન સદા પ્રભુની પાસ.'

એવું જ વલણ અનસૂયાબહેનના ચિત્તનું હતું.

નાનપણથી અનસૂયાબહેનને આધ્યાત્મિક બાબતો અંગે ખૂબ જ ઊંડી ભાવના અને લગની હતી. જન્મે જૈન હોઈ નાની ઉંમરમાં તે જૈન સાધુઓ પાસે જઈ પ્રાર્થના, ચિંતન, મનન અંગે માર્ગદર્શન મેળવતાં હતાં

અને સાથે સાથે એ અંગેનાં ધાર્મિક પુસ્તકોનું વાચન તથા અભ્યાસ કરતાં હતાં.

અનસૂયાબહેને પછીનાં વર્ષોમાં જે જે પ્રવૃત્તિઓ હાથ ધરી એ બધામાં તેમણે હમેશાં પ્રાર્થના, ભજનો, નીતિ અને આધ્યાત્મિક વિચારણાને પ્રમુખસ્થાન આપ્યા કર્યું હતું. પોતે પણ આધ્યાત્મિક બાબતો અંગે સતત વાચન, વિચાર અને ચિંતન કરતાં હતાં.

મહાત્મા ગાંધીજીના આશ્રમમાં સવારે અને સાંજે પ્રાર્થના થતી. આ પ્રાર્થના અંગે ગાંધીજીએ ખાસ પસંદ કરેલાં ભજનોની પુસ્તિકા — 'આશ્રમભજનાવલિ' છપાવી હતી. આ પ્રાર્થના પ્રવૃત્તિની અનસૂયાબહેન ઉપર ઊંડી અસર પડી હતી.

તેઓ સ્વામી અદ્વૈતાનંદજી, સ્વામી ઈશ્વરાનંદજી વગેરે સ્વામી – સાધુ – સંતોનો સમાગમ કરવાનું કદી ચૂકતાં નહિ.

સ્વામી અદ્વૈતાનંદજી પાસેથી તેમણે એક વાત સમજી લીધી હતી :

'બને તેટલે અંશે ઇચ્છાઓ, આકાંક્ષાઓથી મુક્ત થવા પ્રયત્ન કરવો.'

અને એ માર્ગે તેમનો પ્રયાસ સતત ચાલુ રહ્યો હતો.

સ્વામી ઈશ્વરાનંદજીના સંપર્કમાં આવ્યા બાદ બીજો એક વિચાર તેમના મનમાં દૃઢ થયો :

'અહંભાવથી મુક્ત થવું.'

આ માટે પણ અનસૂયાબહેન સતત પ્રયત્ન કરતાં હતાં.

આમ નિર્મળ જીવન જીવતાં જીવતાં અનસૂયાબહેને પ્રભુ પાસે જવાની તૈયારી કરવા માંડી.

ઈ. સ. ૧૯૭૨ના સપ્ટેમ્બરની અગિયારમી તારીખ હતી. બપોરે ૧૨–૩૦ વાગ્યે આરામ કરવા ઊઠચાં.

આરામ કરી ઊઠચા પછી થોડો વખત ખુરશીમાં બેઠાં, ત્યાં તો છાતીમાં ગભરામણ જણાવા લાગી.

તુરત જ શંકરલાલભાઇ બેંકર અને ભાભી શ્રીમતી સરલાદેવીબહેનને ખબર આપી. અનસૂયાબહેનને પથારીમાં સુવાડવામાં આવ્યાં. ડૉકટરને બોલાવવાની તરત વ્યવસ્થા કરી.

પરંતુ ડૉકટર આવી પહોંચે એ પહેલાં ભક્તિશીલ અનસૂયાબહેને રામનામનું સ્મરણ કરતાં કરતાં શાંતિથી દેહ છોડચો !

આવાં માતૃહૃદયા સેવાનિષ્ઠ મોટાંબહેનને આપણાં ભાવભર્યાં વન્દન હજો !

હરિઃ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ



## માતૃભક્તિનો હેતુ

મા તે મા જ છે, મા તોજગજજનની છે. મા સર્વવ્યાપ્ત છે. મા જગતમાં ન હોત તો જગતમાં જે ચેતના, પ્રાણ, સ્ફૂર્તિ ને રસ છે, તે ન હોત. માના દિલનો ઊછળતો ઉમળકો ને તેના હૈયામાંથી નિર્ઝરતી મધુથીય વધારે મધુતર મીઠાશ, જયાં જયાં કઠણાશ છે, પારુષ્ય શુષ્કતા છે ત્યાં ત્યાં કોમળતા, પ્રેમ, સહાનુભૂતિ–તેવું તેવું, પ્રવર્તાવે છે જયાં જયાં શુષ્કતા છે, ક્રુરતા છે, ભિન્નતા છે, અભાવ છે ત્યાં ત્યાં તે રસ, શાંતિ, હમદર્દી, સદ્‌ભાવ ને પ્રેમનું વાતાવરણ ફેલાવે છે. મા કદીક ભવાં ચડાવે છે ખરી, પરંતુ એ ભવાંની પાછળનું રહસ્ય ને હાર્દ કલ્યાણની ભાવના કાજે જ છે. મા સર્જન કરે છે, તે જીવનને જીવતું રાખવા, માની સર્જનાત્મક શકિત અનેક આત્માઓના આંતરિક સ્ફુલિંગને આત્મભાવમાં ઉદ્દીપન કરાવવાને માટે પણ હોય છે.

માનો વહાલભાવ જીવનમાં માણવાનો તો છે જ, પણ તે ઊર્ધ્વગામી થવા માટે. મા આનંદસ્વરૂપ છે, કલ્યાણમયી છે, પરંતુ સાથે સાથે ચંડિકાસ્વરૂપ ને કાલિકા પણ છે. તો પણ માના દિવ્ય ભાવને જો આપણે ખરેખરી પ્રેમભકિતથી આકાર પમાડી શકીએ, તો તેમાંથી જીવનને ઉન્નયન કરવામાં જે મોટી ફલાંગો ભરાવવાનું બની શકે છે, તે સાધનાના પ્રચંડ પુરુષાર્થથી પણ બની શકતું નથી. મા પ્રત્યક્ષ છે એ હકીકતે તદ્દન સાચું છે. સાધનાના પ્રદેશની અમુક ભૂમિકાઓ વટાવ્યા બાદ અને જીવનની ઉત્ક્રાંતિ અમુક તબક્કામાં પ્રવેશ્યા પછી માનું સાચું સ્વરૂપ ને તેની મહત્તાનું ભાન કૃપાથી પ્રગટે છે. મા તે મા છે.

—શ્રી મોટા

[જીવનદર્શન ચોથી આવૃત્તિનાં પાનાં ૨૮૧-૮૨-૮૩ પરથી સંકલિત કરીને]

આવરણ •દીપક પ્રિન્ટરી • અમદાવાદ ૩૮૦ ૦૦૧